પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય
શ્રી કૌશલેન્દ્રપ્રસાદ મહારાજશ્રીની આજ્ઞા

પરિવારની સાપ્તાહિક

# ઘર સત્સંગ સભા

| | |
|---|---|
| પ્રાર્થના | ૫ મીનીટ |
| ધુન્ય | ૫ મીનીટ |
| સભા-૧ વાંચન | ૧૫ મીનીટ |
| આજ મારે ઓરડે પદ-૧ | ૫ મીનીટ |

સભાનાં અંતમાં બાળકોએ માતા પિતાને
પગે લાગીને જય સ્વામિનારાયણ કહેવા.

પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી
મહંત સ્વામી શ્રી કૃષ્ણપ્રકાશદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ

**સંકલન :** શાસ્ત્રી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજી, જેતલપુરધામ

**પ્રકાશન તીથિ :** ૧૭, જુન-૨૦૧૫, અષાઢ સુદ-૨ (રથયાત્રા)

**સૌજન્ય :**

પિતાશ્રી અ.નિ. પટેલ રણછોડભાઈ સોમદાસ ડેરીવાળા
માતુશ્રી અ.નિ. પટેલ અમથીબેન રણછોડભાઈ
પટેલ રમેશચંદ્ર રણછોડલાલ (ડીંગુચા) Canada
પટેલ તરૂલતાબેન રમેશભાઈ
પટેલ દર્શિવ રમેશભાઈ, પટેલ મેઘના દર્શિવ
પટેલ મનીષકુમાર જોઈતારામ (પલીયડ) U.S.A.
પટેલ રીનાબેન મનીષકુમાર
પટેલ નીતીનકુમાર કાન્તીલાલ (મોખાસણ) U.S.A.
પટેલ મોનાબેન નીતીનકુમાર
પટેલ હીતેષકુમાર રમણલાલ (જોરણંગ) U.S.A.
પટેલ અમીબેન હીતેષકુમાર
પટેલ કામાશ્રી નીતીનકુમાર, પટેલ જૈની મનીષકુમાર
પટેલ માલવ નીતીનકુમાર, પટેલ વ્રજ મનીષકુમાર
પટેલ એના હીતેષકુમાર, પટેલ ઓમહીતેષકુમાર

**પ્રત :** ૨૫૦૦

**કિંમત :** ૩૦/-

**પ્રાપ્તિ સ્થાન :** શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ

**મુદ્રક :** હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા.લી. - અમદાવાદ
ફોન : ૦૭૯-૨૬૪૨ ૧૦૦૮, મો. ૯૮૭ ૯૯૬૧ ૭૮૯

# આચાર્ય મહારાજનો પત્ર

# કોરલની ફાઈલ લેવી

# નિવેદનમ્

ગઢપુરના એભલ ખાચરના નિવાસમાં કારીયાણીના માંચા ભક્ત એકાદશીની સાંજે આવ્યા ત્યારે ઘરમાં સત્સંગ સભા થતી હતી જે ઘરમાં સત્સંગ નિત્ય થાય ત્યાં દાદાખાચર જેવા પુત્રો અને જીવુબા-લાડુબા જેવી પુત્રીઓ જન્મે. સત્સંગમાં પહેલા અને હાલ એકાંતિક ભક્તોને સત્સંગનુ પોષણ ઘરથી જ મળેલ છે. ઘર સત્સંગ સભાથી સત્સંગનો પાયો તૈયાર થાય છે. મંદિર અને સંત સમાગમથી એકાંતિકની ઈમારત બને છે.

પૂર્વજોથી વારસામાં મળેલ સત્સંગથી નિત્ય સત્સંગ સભાના અભાવથી ભગવાનનું મહાત્મ્ય જ્ઞાન ચાલ્યું જતાં ભગવાન પ્રત્યેનુ આકર્ષણ ઘટી જાય છે. જેના કારણે સાધના દૈહિક ક્રિયાની જેમ શુષ્ક બની સ્વાદ વિહોણી થઈ જાય છે. અને સત્સંગમાં સતત અભાવ અવગુણ દેખાયા કરે છે.

પરિવારમાં પરસ્પર આધ્યાત્મિક આત્મીય સબંધોની આવશ્યકતા છે. તે માત્ર ઘર સત્સંગ સભાથી સાકાર બને છે. તેથી ભજન અને ભોજન સાથે બેસીને કરવું. આપણા સંપ્રદાયનો આધ્યાત્મિક સંસ્કારનો વારસો ઘરથી જ મળેલો છે. તેમાં ઘરનું વાતાવરણ પ્રથમ જવાબદાર છે. ઘરના વડીલો એભલ ખાચર બને તો દાદાખાચર જેવા પુત્રો અને જીવુબા-લાડુબા જેવી પુત્રીઓની અપેક્ષા સત્ય થાય.

આજના આધુનિક વિજ્ઞાન યુગમાં પરિવારના બધાજ સભ્યોની વ્યસ્તતા વધતી જાય છે. સાથે સાથે અશાંતિ, ઉદ્વવેગ, અસંતોષ, પરસ્પર શંકાઓ એટલીજ ઝડપે વધતી જાય છે, તેવા સંજોગોમાં જ્યાં જ્યાં ઘરમાં સત્સંગ સભાઓનો પ્રાચિન વારસો જળવાઈ રહ્યો છે. ત્યાં ત્યાં દુષણોને ઘરમાં આવવાની તક મળી નથી.

પરિવાર વ્યવહારિક રીતે ધનાઢ્ય હોય કે સામાન્ય હોય સૌને સત્સંગ વિના સુખી થવાનો બીજો વિકલ્પ નથી. ચક્રવર્તી રાજા જેવો હોય તોય પણ જેને



ભગવાનનો ખપ અને મુક્તિની તિવ્ર મહેચ્છા હોય તેને સમય સહજ મળે છે. અને જેને સત્સંગનો ખપ ન હોય તેને સમય મળતો નથી.

વ્યવહારમાં બધુજ સમય સર તો જીવના મોક્ષને માટે કેમ પ્રમાદ ? એક દિવસ પણ જો સત્સંગ ન થાય તો તેની ખોટ બીજા કોઈ સાધનથી પુરાતી નથી.

ઘરમાં ભક્તિમય વાતાવરણથી શણગારીએ તથા પરિવારમાં પરસ્પર આત્મીય ભાવ વધે તે હેતુથી નિત્ય અથવા સાપ્તાહિક ઘર સત્સંગ સભા અવશ્ય કરો. જેની સમજણ મોટી તેજ મોટો એન્યાયે ઘર સત્સંગ સભા જેના ઘરમાં થાય તેજ મોટો અને ઘરમાં સત્સંગ સભાની જવાબદારી સંભાળનાર ઘરમાં આધ્યાત્મિ રીતે મોટો તેના પર શ્રીહરિ ખૂબજ પ્રસન્ન થશે.

ઘર સત્સંગ સભામાં કથા વાંચવા માટે શ્રીહરિની પરાવાણી વચનામૃત તથા સ.ગુ. ગોપાળાનંદસ્વામીની વાતો સ.ગુ. ગુણાતીતાનંદસ્વામીની વાતો તથા નંદસંતોની વાતોનું સંકલન કરવામાં આવ્યુ છે. આ ગ્રંથનું પ્રકાશન કરવા પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી, તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામને આજ્ઞા પત્ર આપેલ છે.

ધન્યવાદ

લી. સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ

જેતલપુરધામ

# મંગલાચરણ

વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા,
ત્રાતા તમે સકળ મંગળ શાંતિદાતા;
માટે તમારૂં કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ.
અજ્ઞાનપાશ કરૂણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ.

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુંસમા બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ
આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દિલે ધરીને દયા;
કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા જેણે કરુણા કરી,
વંદુ મંગળ મૂરતિ ઉર ધરી સર્વોપરી શ્રી હરિ

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લૈ તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી;
અન્તર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી



## સભા - ૧

પછી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યું જે ‘‘સર્વે સાધનમાં કયું સાધન કઠણ છે?’’ ત્યારે સર્વે બ્રહ્મચારી, સાધુ તથા ગૃહસ્થ તેમણે પોતાની સમજણ પ્રમાણે ઉત્તર કર્યો પણ થયો નહિ. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ‘‘લ્યો અમે ઉત્તર કરીએ જે, ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઇ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી. કાં જે ભગવાનની મૂર્તિ છે તેતો ચિંતામણી તુલ્ય છે, જેમ ચિંતામણી કોઇક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે, તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહેછે તે તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઈચ્છે, તો તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ છે તેને પણ દેખે છે. માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઇ કઠણ સાધન પણ નથી અને તેથી કોઇ મોટી પ્રાપ્તિ પણ નથી.’’

ત્યાર પછી **હરિભક્ત શેઠ ગોવર્ધનભાઈએ શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યુ જે** ‘‘જેને ભગવાનની માયા કહે છે તેનું રૂપ શું છે ?’’ પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ.’’

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યું જે ‘‘ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતના દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે તે કેવા દેહને પામે છે?’’ ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે ‘‘ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે. અને જ્યારે દેહને મુકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે ત્યારે કોઇક તો ગરુડ ઉપર બેસીને જાય છે અને કોઇક તો રથ ઉપર બેસીને જાય છે અને કોઇક તો વિમાન ઉપર બેસીને જાય છે, એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે, તેને યોગસમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે.’’

પછી વળી હરિભક્ત ઠક્કર હરજીએ શ્રીજીમહારાજને પૂછ્યું જે "કેટલાક તો ઘણા દિવસ સુધી સત્સંગ કરે છે તો પણ તેને જેવી પોતાના દેહ અને દેહના સંબંધીને વિષે ગાઢ પ્રીતિ છે, તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે "એને ભગવાનનું માહાત્મ્ય સપુર્ણ જાણ્યામાં આવ્યું નથી. અને જે સાધુને સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મુકી શકતો નથી અને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે, તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી, કાં જે, અન્ય સ્થળને વિષે જે પાપ કર્યા હોય તે સંતને સંગે કરીને જાય અને સંતને વિષે જે પાપ કરે છે તે પાપ તો એક સંતના અનુગ્રહ વિના બીજા કોઇ સાધને કરીને ટળતાં નથી, તે શાસ્ત્રમાં કહ્યું છે જે "**अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनष्यति । तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥**"તે માટે સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં દ્રઢ પ્રીતિ થાય. ઈતિ વચનામૃતમ્ ॥૧॥

પ્રથમ તો સર્વે સંકલ્પને પડ્યા મૂકીને **એકાગ્રચિત્ત થઈને શ્રીજી મહારાજ** પુરુષોત્તમને સંભારીને એમ ધારવું જે, સ્વામી વાતું કરે છે ને આપણે સાંભળીએ છીએ. એમ સાંભળીને તે પ્રમાણે પોતાના અંતરમાં તપાસ કરતાં જાવું ને કહ્યુ છે તેમ સમજીને વર્તવું.

અને સ્વામીએ શ્રીહરિજીના મહિમાની વાત કરી જે, જેમ સોનામહોર મૂકી હોય ને તેને બે પડખે બે કાંકરા મૂક્યા હોય, તે એક ધોળો ને એક કાળો હોય; ત્યારે તે સોનામહોરને મૂકીને બે કાંકરામાં મન લોભાય નહિ તેમ શ્રીહરિજીનો મહિમા સત્પુરુષને સંગે કરીને યથાર્થ સમજાણો હોય તથા આત્મારૂપે વર્તતો હોય, તે માયિકભાવને વિષે સુખબુદ્ધિયે કરીને બંધાય નહિ ને તે નાશવંતને દુઃખરૂપ જ જણાયા કરે.

અને જેને પુરુષોત્તમ ભગવાન મળ્યા હોય તેને કોઈક કસર ટાળવાને અર્થે જન્મ ધરવો પડે તો પણ એના જીવમાંથી તે જ્ઞાન જાય નહિ. ને કોઈક



ઉપરથી ત્યાગી જેવો જણાય પણ માંહી બળ ન હોય ને કોઈક ઉપરથી તો ન જણાય પણ માંહી બળિયો બહુ હોય, તે જેમ જેમ સત્સંગ કરતો જાય તેમ તેમ વધતો જાય.

અને જે પૂર્ણપુરુષોત્તમનો અવતાર જીવના કલ્યાણને અર્થે દયાયે કરીને થાય છે. તેમનું સામર્થ્ય, વાર્તા તથા ભક્ત ઈત્યાદિક સર્વે તે બીજા જે આવિર્ભાવ તે થકી વિલક્ષણ હોય છે. તે ઉત્તમ મુમુક્ષુના જાણવામાં આવે છે.

અને શ્રીહરિજીનો મહિમા એમ સમજવો જે, જેની બીકે કરીને સૂર્ય, ચંદ્રમા, અગ્નિ, વાયુ, ઈંદ્ર, સમુદ્ર તથા કાળાદિક સર્વે થરથર કંપ્યા કરે છે, એવા શ્રીહરિજીના આ સંત છે એવો મહિમા અંતઃકરણમાં સદાય વરત્યા કરે તો માન ન આવે તથા જડભરત, નારદ, શુકાદિકના માર્ગમાં રહ્યા છીએ એમ સમજે તો પણ માન ન આવે ને લોભ કામાદિકના સ્વાર્થને અર્થે પણ સર્વ મનુષ્ય માનને મૂકી દીએ છે તો કલ્યાણને અર્થે માનને મૂકી દીએ એમાં શું કહેવું !

અને ગોલોક, વૈકુંઠ તથા બ્રહ્મપુરને વિષે જેવાં ઐશ્વર્ય, પાર્ષદ તથા શક્તિએ યુક્ત શ્રીજી મહારાજ છે તેવા ને તેવા જ પૃથ્વીને વિષે છે અને જેવા પૃથ્વીને વિષે છે તેવા ને તેવા જ બ્રહ્મપુરને વિષે છે. એવી રીતે મનુષ્યભાવ અને દિવ્યભાવને વિશ્વાસે સહિત યથાર્થપણે સત્પુરુષને સંગે કરીને શીખવો અને પોતાના જીવાત્માને અક્ષર સંગાથે એક કરવો. અને જેમ પાયો કાચો હોય તો તે ઉપર ઈમારત થાય નહિ તેમ જેટલી સમજવામાં કાચ્યપ રહેશે તેટલી તો દેહ મૂક્યા પછી પણ નડશે એ વાત સત્ય છે.

અને જેમ ઔષધને લઢી લઢીને અતિશે ઝીણું કર્યું હોય તો આંખમા નાખે તો પણ ખટકે નહિ તેમ સત્પુરુષને સંગે કરીને ધર્મ, જ્ઞાન શીખીને સત્સંગની સમજણ પકવ કરી હોય તો દેશકાળાદિકે કરીને પણ મતિ ફરે નહિ.

અને કસર માત્ર ટાળ્યાનો એક એવો કયો જબરો ઉપાય છે ? એ પ્રશ્નનો ઉત્તર જે સત્પુરુષનો સર્વ પ્રકારે વિશ્વાસ રાખીને સમાગમ કરવો. એક એ

ઉપાય અતિશે બળવાન છે. તે ભાગવતમાં કહ્યું છે જે :

શ્રીહરિજી મહારાજની પ્રાપ્તિ થઈ એતો બહુ મોટું કામ થયું છે પણ લોભ, કામાદિક અંતર શત્રુ જ્યાં સુધી રહ્યા છે ત્યાં સુધી તો શ્રીહરિજીને વિશે પણ દોષ પરઠે છે. માટે સત્પુરુષનો સમાગમ કરીને દેહાભિમાનરૂપ દોષને ટાળીને ધર્મ જ્ઞાનાદિક શીખીને એકાંતિક ભક્ત થાવું.

અને વચનામૃતમાં પણ મહારાજે કહ્યું છે કે જે, મુક્તાનંદસ્વામી જેવા જો પંચવિષયની આસક્તિને ખોદવા માંડે તો જેને વિષયને વિષે આસક્તિ હોય તે મુક્તાનંદ સ્વામી જેવાનું પણ માથું કાપવાને તૈયાર થાય છે માટે અંતઃશત્રુને ટાળ્યાનો ઉપાય શીખવો.

ભગવાનની મોટાઈ જેનાં અંતરમાં સમજાણી હોય, તેને **ગમે તેવા દેશકાળની અવળાઈ થાય અથવા દેહમાં ગમે એવો રોગ થઈ આવે,** ઈત્યાદિકમાં પણ એમ સમજે જે ભગવાનના કર્યા વિના પાંદડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી.' એમ સમજીને સુખી રહે ને એમ ન સમજે તેને કોઈ પ્રકારનો દેશકાળ આવે તો સત્સંગ ચૂંથાઈ જાય.

**કરોડ કામ બગાડીને પણ મોક્ષ સુધારવો; ને કદાપિ કરોડ કામ સુધાર્યા ને એક મોક્ષ બગાડ્યો તો શું કર્યું ?**

ભગવાન તો પોતાના ભક્તની રક્ષા કરવામાં જ બેઠા છે. કેની પેઠે ? તો જેમ પાંપણ આંખની રક્ષા કરે છે, ને હાથ ડોકની રક્ષા કરે છે, ને માવતર છોકરાંની રક્ષા કરે છે, ને રાજા પ્રજાની રક્ષામાં છે; તેમજ ભગવાન આપણી રક્ષામાં છે.



## સભા - ૨

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ''જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય, તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું. અને એ સર્વેને સંભારી રાખવા. તે શા સારુ જે, કદાપિ દેહ મુક્યા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય, તો પણ ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે, તો એને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે, અને તેનું ઘણું રૂડું થાય, તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ; તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ ને તેમાં બ્રહ્મચારી, સાધુ , સત્સંગીને ભેળા કરીએ છીએ, અને જો કોઈક પાપી જીવ હોય ને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.''

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ''આ સત્સંગમાં જે વિવેકી છે, તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન અને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાનાં હિતકારી માને છે અને દુઃખ નથી લગાડતો, તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટ્યપને પામે છે અને જે અવિવેકી છે, તે તો જેમ જેમ સત્સંગ કરે છે અને સત્સંગની વાત સાંભળે છે તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે. અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લે છે. તે તો દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠા હીન થઈજાય છે. માટે પોતાને વિષે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન અને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે અને સત્સંગમાં મોટ્યપને પામે છે.''

**મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે.** ને વૈરાગ્ય તે તો વિષય સાથે વૈર કરાવે, પણ ભગવાનનું કામ ન કરે, ને આત્મનિષ્ઠા છે તે સર્વેમાંથી પ્રીતિ તોડાવે, પણ ભગવાનનું કામ ન કરે. ને ધર્મ છે તેણે કરીને સુખી રહે, પણ ભગવાનનું કામ ન કરે; માટે મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે; માટે એનો અવગુણ ન લેવો.

પાંચ દશવાર **સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ જાણે અજાણે લેશે, તેનું પણ** આપણે **કલ્યાણ** કરવું પડશે; ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે. આથી કરોડ ગણો સત્સંગ થાશે ને આથી કરોડ ગણાં મંદિર થાશે; પણ આ વાતું ને આ કથા નહિ મળે. ને વ્યવહાર પ્રધાન થઈ જાશે; માટે સહેજે સહેજે કરવું ને આ કારખાનાં તો બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી ચાલશે; માટે કથા વાર્તા કરવા સાંભળવાનો અભ્યાસ રાખવો. ને આપણે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારે વાત રાખવી, પણ એકજ મુખ્ય ન કરવું.

ત્યાગ, વૈરાગ્ય, નિયમ ને ધર્મની કેટલીક વાત કરીને બોલ્યા : જે ત્યાગ વૈરાગ્યને શું કરવાં ? ગમે એવો જીવ હશે પણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગી છે. ને તે વિના તો ગમે તેટલી ભક્તિ કરે તોપણ શું ? ને કૃપાએ કરીને અખંડ મૂર્તિ દેખે તોપણ શું ? **માટે ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે.** ને સત્સંગ તો રાત્રિપ્રલય સુધી કરશું ત્યારે થાશે; પછી તેને દેશકાળ નહિ લાગે; એવો સત્સંગ કરવો છે.

વચનામૃત વંચાવીને તેની વાત કરી, જે કદાપિ ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાય, તોપણ કેટલુંક ચોખ્ખું કેમ સમજાય ? માટે સર્વ કરતાં સમજણ અધિક છે. પછી નાડીયું તણાઓ કે ન તણાઓ; અને સાંખ્ય ને યોગ કરતાં પણ ભગવાનનું સર્વોપરિપણું સમજવું તે શ્રેષ્ઠ છે.

અને તપાસીને જોયું, તો આ જીવ કોઈ દિવસ ભગવાનને માર્ગે ચાલ્યો નથી; સાવ **નવો જ આદર** છે. જીવ માત્રને ખાવું, સ્ત્રી અને ધન એ ત્રણનું જ ચિંતવન છે, ને એનું મનન, એની જ કથા, એનું જ કીર્તન, એની જ વાતું ને એનું જ ધ્યાન છે. તેમાં પણ દ્રવ્યનું તો એક મનુષ્ય જાતિમાં જ છે; બાકી



ખાવું ને સ્ત્રી એ બેનું તો જીવ પ્રાણીમાત્રને ચિંતવન છે. કેમ જે ભગવાને માયાનો ફેર ચડાવી મૂક્યો છે, ને એનું ચિંતવન ન થાય એ તો દેવનો દેવ છે; પણ એ મનુષ્ય નથી. ખાવું, સ્ત્રી ને ઊંઘવું એ ત્રણ વાતમાં ગુરુ કરવો પડતો નથી; જેમ નદીયુંના પ્રવાહ સમુદ્ર સંમુખ ચાલે છે એમ જીવને વિષય સંમુખ ચાલવાનો ઢાળ છે; અને તેમાંથી પાછું વળાય એ તો સાધુનું છે.

અને ઉપાસનાએ કરીને કલ્યાણ તો થાય છે પણ ત્રણ અંગ વિના નિર્વાસનિક થઈને શ્રીહરિજીના એકાંતિક ભક્ત થવાતું નથી.તે ત્રણ અંગનાં નામ જે, **દાસત્વ, આત્મનિષ્ઠા અને પતિવ્રતાપણું; એ ત્રણ અંગ જો પક્વ કરે તો આત્યંતિક કલ્યાણ થાય છે** ને તૃષ્ણારૂપી ડબી નાશ પામે છે. નહીં તો ગોરખ જે જીવ તેની તૃષ્ણારૂપી ડબી તે કોઈ કાળે ભરાય નહિ.

શ્રીહરિજીની કથાવાર્તાનું શ્રવણ કરીને મનન તથા નિદિધ્યાસ કર્યાનો અભ્યાસ અતિશે રાખવો ને ગમે તેવી મોટપને પામ્યો હોય તોપણ અધિક અધિક સમજ્યાની દૃષ્ટિ હોય તો તે કોઈ ઐશ્વર્યમાં બંધાય નહિ ને મોટાઈ બહુ આવે.

ઈંદ્રિયું, અંતઃકરણ, દેવતા અને જીવ. એ સર્વે જે તે, જેમ નેત્રમાં સૂર્યની આવ્યા ગયાની ગતિને જાણતાં નથી તેમ અક્ષરાદિક સર્વે મુક્ત પુરુષોત્તમની ગતિને નથી જાણતા.

અને જેમ ચંદ્રમા રાહુએ ગ્રહ્યો થકો ઉગે છે ને આથમે છે તેમ હરિભક્ત હરિકથાનું શ્રવણ મનનાદિક સર્વે ક્રિયા કરે છે, તે દેહાભિમાનરુપ રાહુએ ગ્રહ્યા થકા કરે છે. માટે વિવેક કરીને કરવું તે વિવેક વચનામૃતમાં કહ્યો છે જે, નાહીધોઈને પૂજા કરવી.

અને આ દેહમાં ઉત્તમ રુચિ પક્વ કરે તો હવે જે દેહ આવશે તેમાં ઐશ્વર્ય, સામાર્થિ ને તેજ બહુ આવશે, તે ઉત્તમ રુચિની વિગત જે જીવથી લઈને પુરુષોત્તમ સુધી યથાર્થ સમજીને ઉત્તમ રુચિ રાખવી. 'તે કેમ સમજવું? એ પ્રશ્ન, તેનો ઉત્તર જે જીવ તો મલિન રજ, તમ ને સત્ત્વ તેણે કરીને યુક્ત વર્તે

છે ને કર્મવશ છે ને જે જે યોનિમાં જાય છે ત્યાં તેવો થઈ જાય છે અને જે ઈશ્વર તેતો શુદ્ધ સત્ત્વગુણમય જે દૃઢ ગ્રંથી તેણે યુક્ત વર્તે છે, ને જે મૂળપુરુષ છે તેતો ક્યારેક જુદા વર્તે છે ને ક્યારેક મિશ્રિતભાવે વર્તે છે પણ ચોખ્ખું[૪] જુદું વર્તાતું નથી અને જે માયા છે તે જડચૈતન્યમય છે ને જે અક્ષરધામના મુક્ત છે તે તો ગુણાતીત વર્તે છે તે ગીતામાં કહ્યું છે જે :–

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।

आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ गीता-२-५५

અને જે પુરુષોત્તમ છે તેતો અક્ષરાદિક સર્વેના નિયંતા છે ને પ્રકાશક છે ને એ સર્વેને વિષે શક્તિયે કરીને અન્વયપણે રહ્યા છે ને પોતે તો પોતાના ધામને વિષે સ્વતંત્રપણે રહ્યા છે. અને જાણપણા રૂપે વરત્યાનો ને શ્રીહરિજીનો મહિમા સમજ્યાનો અતિ આગ્રહ રાખવો ને શુદ્ધ બ્રહ્મરુપ થઈને શ્રીજીને ભજવા પણ બગડેલ થઈને ન ભજવા, તે શ્રીજીએ આ શ્લોકમાં કહ્યું છે જે, **धर्मस्थितैस्प्रगतैर्बृहतानिजैक्यं**[૩]ને જે સત્તારૂપ થઈને ધ્યાન કરે છે તેને જ્ઞાન વૃદ્ધિ પામે છે ને દેહરુપ થઈને કરે છે તેને તો ઈંદ્રિયુંનું જ્ઞાનવૃદ્ધિ પામે છે. ને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ એ જેમ કઠણ છે. તેમ ધર્માદિક પણ અતિ કઠણ છે. અને પ્રથમ સત્સંગમાં આવે ત્યારે દેહનું માન હોય છે પછી ભક્તિનું માન આવે છે ને પછી આત્મજ્ઞાનનું માન આવે છે ને પછી ઉપશમે કરીને એ સર્વેનું માન ટાળે છે. તે કહ્યું છે જે :

त्यज धर्मधर्मं च उभेसत्यानृते त्यज ।

उभे सत्यानृते त्यक्ता येन त्यजसि तत्त्यज ॥ ભારત મોક્ષ. ૩૩-૪૦



## સભા - 3

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો હોય અને તેમની ભક્તિ કરતો હોય અને તેમના દર્શન કરતો હોય તો પણ જે પોતાને પૂર્ણકામ ન માને અને અંતઃકરણમાં ન્યૂનતા વર્તે જે, ગોલોક, વૈકુંઠાદિક ધામને વિષે જે આ ને આ ભગવાનનું તેજોમય રૂપ છે તે મને જ્યાં સુધી દેખાણું નથી, ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી'' એવું જેને અજ્ઞાન હોય તેના મુખથી ભગવાનની વાત પણ ન સાંભળવી, અને જે પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે અને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે અને બીજું કાંઇ નથી ઇચ્છતો, તેને તો ભગવાન પોતે બળાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે અને પોતાની મૂર્તિયો છે તેને દેખાડે છે, માટે જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઇ ઇચ્છવું નહિ.

સંવત્ ૧૮૭૬ ના માગશર વદી ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઇને બેઠી હતી.

માટે અસત્ય સંકલ્પ થાય તો સત્તારુપે થઈને ટાળવા ને નિયમ, વિચાર તથા ઉપશમે કરીને સ્થૂળાદિકનું માન ટાળવું ને જુવાનને તો યુક્ત ભોજન કરવું ને નવધા ભક્તિ આળસ મેલીને કરવી ને ઉપશમનો અભ્યાસ પ્રમાદ મૂકીને કર્યા કરવો ને સત્પુરુષનો સંગ રાખવો ને માંદાને ને વૃદ્ધને તો યુક્ત આહાર, ઉપશમ અને સમાગમ કરવો.

આ દેહમાં ને આ લોકમાં આપણે ચોંટશું તો ભગવાન ચોટવા નહિ દે. જેમ રવજી સુતારને સ્ત્રી પરણાવીને સંસારનું સુખ લેવા દીધું નહિ; ને પછી સંસારમાંથી તોડીને છેલ્લી વારે સાધુ કર્યો; એમ ભગવાન બંધાવા નહિ દીયે.

આ સર્વે કામ મૂકી મૂકીને આવીને નવરા બેસીને વાતું સાંભળીએ છીએ, તે એમ સમજવું જે **કરોડ કામ** કરીએ છીએ; તે શું ? જે **જમપુરી, ચોરાશી ને ગર્ભવાસ એ સર્વને માથે લીટા તાણીએ છીએ** પણ

નવરા બેઠા છીએ એમ ન સમજવું.

આ કર્મક્ષેત્ર છે તે અહીં એક ઉપવાસ કરે ને બદરિકાશ્રમમાં સો ઉપવાસ કરે ને શ્વેતદ્વીપમાં હજાર ઉપવાસ કરે તે બરોબર થાય છે.

ચિંતામણિ કાંઈ રૂપાળી ન હોય, તેમ ભગવાન અને સાધુ મનુષ્ય જેવા જ હોય, પણ એ દિવ્ય છે ને કલ્યાણકારી છે. ને મનુષ્યનું દેહ ચિંતામણિ છે.

અને બીજા દોષને **મહારાજ** ગણતા નથી. પણ **ચાર દ્રોહને ગણે છે;** તે એક ભગવાન, બીજા આચાર્યજી, ત્રીજા સાધુ ને ચોથા સત્સંગી છે; માટે એ ચારનો દ્રોહ ન કરવો.

અને બાજરો ખાવો ને પ્રભુ ભજવા; બીજું કાંઈ કરવું નથી. ને રોટલા તો ભગવાનને દેવા છે તે દેશે દેશે ને દેશે.

અને આ વાતુ તો જાદુ છે; તે જે સાંભળે તે ગાંડો થાય. તે ગાંડો તે શું? તો જે જગત ખોટું થઈ જાય; પછી તેને કોણ ડાહ્યો કહે ?

અને મોર્ય તો ભગવાનને મુમુક્ષુ ખોળતા ને **આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે.**

અને ભગવાન ભજીએ છીએ તેમાંથી બહુ જ મોટો લાભ થાશે; તે એક બ્રહ્માંડ જેટલો ન કહેવાય ને સો બ્રહ્માંડ જેટલો પણ ન કહેવાય.

આ કારખાનાં તો એક વર્ષનું કરીએ તો બે વર્ષનું ઊભું થાય, ને બે વર્ષનું કરીએ તો ચાર વર્ષનું ઊભું થાય છે. ને સૌ મંડીએ તો જૂનાગઢથી વડતાલ સુધી સડક બાંધી દઈએ તો છાંયડે ચાલ્યા જાય ને તડકો જ ન લાગે; પણ વાતું કરવાનું ને સમજવાનું છે તે રહી જાય; ને ભગવાન વિના તો આત્મજ્ઞાન, વૈરાગ્ય ને ધર્મ એ સર્વે અભદ્ર છે; પણ એ કોઈ કલ્યાણકર્તા નથી.

અને તપ કરીને બળી જાય તો પણ જો ભગવાનનો આશરો ન હોય તો ભગવાન તેડવા ન આવે; અને હિંડોળા ખાટમાં સૂઈ રહે ને



દૂધ સાકર ને ચોખા જમે ને સેવાના કરનાર ને રળનાર બીજા હોય, તો પણ તેને અંત સમે વિમાનમાં બેસારીને ભગવાન તેડી જાય; જો ભગવાનનો દૃઢ આશરો હોય તો. માટે **મોક્ષનું કારણ આશરો છે.**

નવરાશ હોય ત્યારે ભગવાનની મૂર્તિને લઈને બેસવું. તે મૂર્તિ તે શું ? જે **ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ધ્યાન એ ભગવાનની મૂર્તિ છે** ને દેહ હોય ત્યાં લોભ, કામ, ક્રોધ, સ્વાદ, સ્નેહ, માન, નિદ્રા એ સર્વે હોય, તેને તો દેહ ભેળાં કરી રાખવાં; તે તો જેમ કોઈક અફીણનું વ્યસન રાખે છે તેમ. તે સુખ જેવાં જણાય છે, પણ એ તો દેહને દુઃખ દે એવાં છે એમ સમજવું.

અને આપણે તો છેલ્લો જન્મ થઈ રહ્યો છે, તે છેલ્લો જન્મ તે શું ? જે પ્રકૃતિના કાર્યમાં મને કરીને માલ ન માનવો એ જ છેલ્લો જન્મ છે.

કોઈક માણસનું કોઈકે જરાક રાખ્યું હોય તો તે પણ નથી ભૂલતો, તો ભગવાનને અર્થે આપણે કાંઈક કર્યું હોય કે કરીએ તે કેમ ભૂલે ? એ ભગવાન તો કાંઈ ભૂલે એવા નથી ને ભગવાનની દયા તો અપાર છે. સર્વે ઠેકાણે ત્યાંથી જ દયા આવી છે.

અને **સ્વભાવ ટાળીને સત્તારૂપે વર્તવું** એમ વર્તવે કરીને કારણ આદિક શરીરનો નાશ થઈ જાય છે અને એમ ન વર્તે તો વૃદ્ધપણામાં ઠા રહે નહિ ને વૈરાગ્યવાનને તો સહેજે નિયમ રહે છે ને મંદ વૈરાગ્યવાળાને તો નિયમ દૃઢપણે રાખવા અને ઈંદ્રિયોની જે વૃત્તિ છે તે તો ઘોડા જેવી બળવાન છે. તે જેમ ઘોડાને દાડી ફેરવ્યા કરે તો વશ રહે છે ને યથાર્થ તો ચાલાક અસવાર વશ કરે છે. તેમ **ધર્મમાં રહેવે કરીને ઇંદ્રિયું વશ થાય છે** ને યથાર્થ **વશ તો ઉપશમે કરીને થાય છે.** તેતો જાણે જે 'નવરા રહીએ તો શીખવાનો અભ્યાસ કરીએ' એમ કાંઈ થાતું નથી ને મૂળગી આળસ પેસે છે. માટે શ્રીહરિની નવધા ભક્તિ કરતાં કરતાં જે અભ્યાસ થાય છે તેજ ખરો છે તે ઉપર

પાણીયારીના અને ઘોડેસ્વારના દૃષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી.

અને યુવાન, વૃદ્ધ, ને રોગીને વર્ત્યાની વિક્તિના ભેદ જે ચાર પ્રકારનાં ભોજન મનુષ્ય નિત્ય જમે છે તોપણ નવું અને નવું રહે છે. પણ નિત્ય જમીએ છીએ તેનાં તે જ છે એમ થાતું નથી. તે કહે છે જે, 'આજ તો જેવી રોટલી થઈ છે એવી તો કોઈ દિવસ થઈ જ નથી ને શાક પણ આજના જેવું તો થયું જ નથી. તથા વસ્ત્રનું પણ એમજ રહે છે એનું નામ ભેદ છે, અને તેથી પંચવિષય સંબંધી કલેશ થાય છે. માટે **વિષયની આસક્તિ ટળી જાય તો કલેશ માત્રની નિવૃત્તિ થઈ જાય છે.**

ને વચનામૃતમાં નિરભે રહ્યાનું કહ્યું છે તેનું કેમ સમજવું ? એ પ્રશ્નનો ઉત્તર જે એક તો આત્મનિષ્ઠા પક્વ હોય અને શ્રીહરિજીનું માહાત્મ્યે સહિત યથાર્થ જ્ઞાન હોય તો શ્રીજી મહારાજ જેમ કહે તેમ વિશ્વાસપૂર્વક પ્રતીતિ આવે ને માર્ગમાં સિંહ કે સર્પ મળે તેમ હોય અથવા **ઓગણોતેરા જેવો કાળ** પડ્યો હોય તેવા સમામાં મહારાજ કહે જે, નિરભે રહેજો કાંઈ ફીકર કરશોમા.' એવાં વચનમાં જેને યથાર્થ પ્રતીતિ હોય તેને તો લેશ માત્ર ભય આવે જ નહિ પણ જીવને પ્રાપ્ત પદાર્થોની પ્રતીતિ તરત આવી જાય છે. જેમ સિંહની બીક લાગતી હોય ત્યાં બે શૂરા બે કોરે રક્ષા કરતા જાતા હોય ને કાળ પડ્યો હોય તે સમે કોઈક હજાર રૂપિયા આપે તો જેવો નિરભે ને આનંદ થાય છે, તેવો શ્રીહરિજીનાં વચનને વિષે નિરભે ને આનંદ આવતો નથી. માટે એ પ્રકારે સત્સંગ સમજાયો નથી તે સારુ સત્પુરુષનો સમાગમ કરીને કસર માત્રને ટાળીને સાધુ થાવું ને એથી કોઈ અધિક પ્રાપ્તિ નથી.

લિંગદેહ (કારણ શરીર) કેમ નાશ પામે ? એ પ્રશ્નનો ઉત્તર જે, સત્તારૂપ થઈને શ્રીહરિજીનું ધ્યાન કરે તો કાળે કરીને લિંગદેહનો નાશ થઈ જાય છે.



## સભા - ૪

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે ''જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે ભગવાન તથા સંત તે મને જેજે વચન કહેશે તેમજ મારે કરવું છે,'' એમ તેના હૈયામાં હિંમત્ય રહે અને ''આટલું વચન મારાથી મનાશે અને આટલું નહિ મનાય'' એવું વચન તો ભૂલ્યે પણ ન કહે, અને વળી ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે અને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તો પણ કાયર ન થાય અને નિત્ય નવી શ્રદ્ધા રાખે અને મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટસંકલ્પ થાય અને તે હઠાવ્યા હઠે નહિ તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે, તે ધારતાં ધારતાં દશ વર્ષ થાય અથવા વીશ વર્ષ થાય અથવા પચીશ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મુકી દે નહિ, કેમ જે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે, ''**अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ।**'' તે માટે એમ ને એમ ભગવાનને ધારતો રહે એવું જેને વર્તતું હોય, તેને એકાંતિક ભક્ત કહીએ.'' ઈતિ વચનામૃતમ્ ॥૧૫॥

અને **સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી.** એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઉડી જાય છે ને બ્રહ્મરૂપ થાય છે ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું.

અને અમદાવાદમાં નટવા રમાડ્યા ત્યારે મહારાજ કહે જે 'અમે તમારો તમાસો જોવા નથી રમાડતા, પણ સૌને એમ દેખાડીએ છીએ જે આમ પેટને અર્થે અતિશે પુરુષ પ્રયત્ન કરે છે માટે ઈશ્વરને અર્થે કરે તો શું ન થાય ? જે કરે તે સર્વે સાધન સિદ્ધ થાય છે. જો જીવ એવો સાચો થાય તો.'

અને શ્રીહરિજીનું ભજનસ્મરણ કેમ કરવું ? એ પ્રશ્નનો ઉત્તર જે, અક્ષર અને અક્ષરના મુક્ત છે તે તો અક્ષરરૂપ થઈને ભજન કરે છે

અને શ્વેતદ્વીપના મુક્ત તો કારણ ભાવને ટાળતા થકા ભજન કરે છે ને બદ્રિકાશ્રમના મુક્ત તો સત્તારુપે રહીને સ્થૂળ સૂક્ષ્મના ભાવને ટાળતા થકા ભજન કરે છે ને આપણે સર્વે તો સ્થૂળના ભાવે વર્તતા થકા ભજન કરીએ છીએ. તેમાં પણ કેટલાક તો અક્ષરના ભાવે વર્તે છે, ને કેટલાક તો સત્તારૂપપણે વર્તે છે ને સર્વ કરતાં અનુવૃત્તિમાં રહેવું કઠણ જણાય છે. કેમજે બીજાના મનના ગમતા પ્રમાણે વર્તવું, માટે સ્વરૂપમાં રહેવા કરતાં પણ એ કઠણ છે.

ભગવાનના ધામમાં સુખ છે તેમાંથી છાંટો નાખ્યો તે પ્રકૃતિ પુરુષમાં આવ્યું, ત્યાંથી પ્રધાનપુરુષમાં આવ્યું, ત્યાંથી વૈરાટપુરુષમાં આવ્યું, ત્યાંથી દેવતામાં આવ્યું ને ત્યાંથી અહીં મનુષ્યમાં આવ્યું છે, તે સુખમાં જીવ માત્ર સુખિયા છે. માટે સુખ માત્રનું મૂળ કારણ તો ભગવાન છે. તેને સુખે સુખિયા થાવું.

**આપણું કલ્યાણ તો પ્રત્યક્ષ ભગવાનને આશરે કરીને છે.** ને શાસ્ત્ર પ્રમાણે વર્તવું એ તો બીજાના કલ્યાણને અર્થે છે; કેમ જે આપણો ગુણ આવે તેનું પણ કલ્યાણ થાય.

કેટલાક ધર્મમાં આકરા હોય, પણ સમજણ થોડી હોય; ને કેટલાક ધર્મમાં સામાન્ય હોય, તો પણ સમજણ સારી હોય; માટે **સમજણ હોય તે વૃદ્ધિ પામે.**

**સર્વ કરતાં ભજન કરવું તે અધિક છે;** ને તે કરતાં સ્મૃતિ રાખવી તે અધિક છે; ને તે કરતાં ધ્યાન કરવું તે અધિક છે, ને તે કરતાં **પોતાના આત્માને વિષે ભગવાનને ધારવા તે અધિક છે.**

આપણને જ્ઞાન તો આવડે નહિ ને વૈરાગ્ય તો છે નહિ; માટે "હું ભગવાનનો ને એ મારા" એમ સમજવું ને હેત તો પંદર આના સંસારમાં છે ને એક આનો અમારામાં છે; ને કલ્યાણ તો એને શરણે ગયા એટલે એ સમર્થ છે તે કરશે; એ એની મોટાઈ છે.

અને વણથળીમાં વાત કરી જે, આ વણથળી ગામ કોઈકને આપે તો તે



ગાંડો થઈ જાય; ને વળી વડોદરું આપે તો વાત જ શી કહેવી ! ને આપણને તો કરોડ કરોડ વડોદરાં મળ્યાં છે; તે એમ પણ કહેવાય નહિ. હવે તો દેહ રહે ત્યાં સુધી **બાજરો ખાવો ને પ્રભુ ભજવા.** ને રોટલા તો ભગવાનને દેવા છે ને સાધુને દેવા છે તે આપશે. ને દેહ પડશે કે ભગવાન પાસે જઈને બેસવું છે; તે જેમ અંગરખું ઉતારી મૂકે તેમ દેહ પડ્યું રહેશે એમ વાત કરી.

જેમ ગૃહસ્થ પોતાની મા, બેન, દીકરીને ઉઘાડી દેખે, તો અવળું જોઈ જાય પણ સામું ન જુએ, તેમ **ભગવાન પણ પોતાના આશ્રિતના દોષ સામું જોતા નથી.**

અને ભગવાનનું ને આવા સાધુનું જ્ઞાન જેને થયું છે તેને કાંઈ કરવું રહ્યું નથી; તે તો આંહિ છે તો પણ અક્ષરધામમાં જ બેઠા છે. માટે પાંચ માળા વધુ ઓછી ફરશે તેની ચિંતા નથી. તે તો સામર્થ્ય પ્રમાણે વર્તવું; પણ ભગવાન ને આ સાધુ એ બેને જીવમાં રાખવા. ને આપણે સાધનને બળે મોટાઈ નથી; આપણે તો ઉપાસનાના બળથી મોટાઈ છે.

અને **જ્ઞાને કરીને સ્થિતિ કરવી તે દેખવા કરતાં પણ અધિક છે.** પર્વતભાઈ, કૃપાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી એમને સમાધિ નહોતી; ને મૂર્તિ દેખતા પણ ખરા. ને પર્વતભાઈ હમણાં આપણે સમજીએ છીએ તેમ સમજતા. માટે **બ્રહ્મરૂપ માનીને ભગવાન માંહી રહ્યા છે. એમ માનવું એ જ્ઞાનની સ્થિતિ છે.** તે અધિક છે; ને તેમાં વિઘ્ન નથી. ને તે વિના તો સચ્ચિદાનંદ સ્વામી સમાધિવાળાને પણ દુઃખ આવતાં; માટે પ્રેમી ન થાવું. ને જ્ઞાની થાવું ને પોતાની સમજણને છુપાવી રાખવી, કૃપાનંદ સ્વામીની પેઠે.

શ્રીહરિજીને પુરુષોત્તમ સમજીયે છીએ તેનો ઠેરાવ કરવો ને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા મહાત્મ્યે સહિત ભક્તિ; તેનો પણ ઠેરાવ કરવો ને જે સત્પુરુષને ગુરુ જેવા માનવા તેનો પણ નિરધાર કરવો. કેમ જે, નિરધાર કર્યા વિના દેશકાળાદિકે કરીને એક સ્થિતિ રહેતી નથી ને શ્રીજીના ભક્તની સેવાચાકરી, નમસ્કાર, પૂજા, આદિક જે જે કરવું તેનો પણ ઠેરાવ કરવો ને એમ કર્યા વિના તો શ્રીહરિજીને અર્થે

યજ્ઞ આદિક કરતા હોઈએ તે બીજા દેવને અર્થે પણ થઈ જાય. તે સારુ દૃઢ વિચાર કરીને કરવો ને એ વાર્તાનો તલતુંબડીની પેઠે શ્રદ્ધા સહિત અતિશે શ્રવણ, મનનાદિક અભ્યાસ કર્યા કરે તો સાક્ષાત્કાર થાય.

અને વિશલ્યકરણીના વચનામૃતમાં અહંમમત્વ ટાળ્યાની વાર્તા આવી ત્યારે પ્રશ્ન પૂછ્યું જે, 'એ અહંમમત્વ કેમ ટળે ?' ત્યારે તેનો ઉત્તર કર્યો જે, જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે અને અતિશે હેત છે તેમ શ્રીહરિજીને વિષે થાય તથા મોટા સંતને વિષે થાય તો અહંમમત્વ ટળે માટે આત્મવિચારનો ને શ્રીહરિજીના મહિમાનો વેગ જીવમાં અતિ બળવાન લગાડી દેવો. જેમ મંદવાડ હાડમાં પેસી જાય છે, ને જેમ વૈરીનો વેગ પેસી જાય છે તેમ.

**દેહને પોતાનું રૂપ માને તો તેમાં બધાંય દુઃખ** રહ્યાં છે. ને દેહને ન માને તો તેમાં દુઃખ નહિ. ને શાસ્ત્રમાં બહુ પ્રકારના શબ્દ છે તે સાંભળીને ભ્રમી જવાય છે; ને માથું ફરી જાય છે ને બ્રહ્મરૂપ મટીને દેહરૂપ મનાઈ જાય છે. ને શાસ્ત્રમાં તો બધાય શબ્દ સરખા હોય નહિ; બે આમ હોય ને બે આમ હોય પણ એકધારા હોય નહિ. ને જ્ઞાન થયું છે તે કેનું નામ ? જે શાસ્ત્ર સાંભળીને તથા કોઈની વાતે કરીને અંગ ફરી જાય નહિ, તે પાકું જ્ઞાન કહેવાય.

**અને મુક્તાનંદ સ્વામીને મહારાજ વઢીને ક્યારેય પ્રસાદીનો થાળ કે વસ્ત્ર દેતા નહિ ને સહેજે તો દાડી પ્રસાદી ને વસ્ત્ર આપતા;** ને બીજાને તો વઢે ત્યારે પ્રસાદી તથા વસ્ત્ર આપ્યા વિના રહેજ નહિ. તે શું જે, મુક્તાનંદ સ્વામીને મૂંઝવણ થાતી નહીં એટલે ન દેતા. 'તે કેમ સમજતા જે મૂંઝવણ જ આવતી નહિ ?' એ પ્રશ્નનો ઉત્તર જે, 'તે પોતાને ત્રણ ગુણ અને ત્રણ શરીર થકી રહિત સમજતા ને શ્રીજી મહારાજની મોટપ ને મહાત્મ્ય અતિશેપણે સમજતાં ને તેમજ વર્તતા ને હિતકારી પણ અતિશે જાણતા, તેણે કરીને મૂંઝવણ ન આવતી.



## સભા - ૫

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે ''જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તો પણ તેનું અકલ્યાણ થાય નહિ, તેની તો ભગવાન રક્ષા કરે છે. અને જે ભગવાન થકી વિમુખ છે તે તો બોલતાં ચાલતાં દેહ મુકેછે તો પણ તેનું કલ્યાણ થાતું નથી અને મરીને યમપુરીમાં જાય છે. અને કેટલાક પાપી કસાઈ હોય તે બોલતાં ચાલતાં દેહ મુકે છે અને ભગવાનનો ભક્ત હોય અને તેનો અકાળ મૃત્યુ થયો તે માટે શું તેનું અકલ્યાણ થાશે ? અને તે પાપીનું શું કલ્યાણ થાશે ? નહિ જ થાય. ત્યારે એ શ્રુતિનો અર્થ એમ કરવો જે, જેવી હમણાં એને મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે.'' માટે તે જે ભક્ત છે તેની મતિમાં એમ રહ્યું છે જે ''મારું કલ્યાણ તો થઈ રહ્યું છે'' તો તેનું કલ્યાણ અંતકાળે થઈ રહ્યું છે, અને જેને સંતની પ્રાપ્તિ નથી થઈ અને ભગવાનના સ્વરૂપની પણ પ્રાપ્તિ નથી થઈ તેની મતિમાં તો એમ વર્તે છે જે ''હું અજ્ઞાની છું અને મારું કલ્યાણ નહિ થાય.'' તો જેવી એની મતિ છે તેવી એની અંતકાળે ગતિ થાય છે. અને જે ભગવાનના દાસ થયા છે તેને તો કાંઈ કરવું રહ્યું નથી; એનાં દર્શને કરીને તો બીજા જીવનું કલ્યાણ થાય છે તો એનું કલ્યાણ થાય એમાં શું કહેવું ? પણ ભગવાનનું દાસપણું આવવું તે ઘણું કઠણ છે કેમ જે, ભગવાનના દાસ હોય તેનાં તો એ લક્ષણ છે જે ''દેહને મિથ્યા જાણે અને પોતાના આત્માને સત્ય જાણે અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાનાં જે પદાર્થ તેને પોતે ૧ભોગવવાને અર્થે ઈચ્છે જ નહિ અને પોતાના સ્વામીનું ગમતું મુકીને બીજું આચરણ કરે જ નહિ, એવો હોય તે હરિનો દાસ કહેવાય અને જે હરિનો દાસ હોય ને દેહરૂપે વર્તે તો તે પ્રાકૃત ભક્ત કહેવાય.'' ઈતિ વચનામૃતમ્. ॥૧૪॥

અને એક હરિજન તો સત્સંગ સંબંધી ભીંસણ ખમે છે ને એક નથી ખમી શકતો; એ બેમાં શું ગુણદોષ હશે ? એ પ્રશ્નનો ઉત્તર જે, જે ભીંસણ ખમતો નથી તેમાં એ દોષ છે જે, એ શ્રીજી મહારાજનો ને મોટા સંતનો મહિમા સમજતો નથી ને શ્રદ્ધા પણ અલ્પ છે ને

દેહાભિમાન પણ બહુ છે માટે સત્સંગ એના જીવને વિષે પેસતો નથી. એટલે વૃદ્ધિ પણ પામતો નથી.

અને ચાર પ્રકારની અનુવૃત્તિયે કરીને તો અતિશે મોટા થવાય છે, તેની વિગતિ જે, પ્રથમ તો હરિભક્તની અનુવૃત્તિમાં વર્તે તો સત્સંગી થવાય, તે કેડે સંતની અનુવૃત્તિમાં વર્તે તો સાધુ થવાય, તે કેડે એકાંતિકની અનુવૃત્તિમાં વર્તે તો એકાંતિક થવાય ને પછી શ્રીજી મહારાજની અનુવૃત્તિમાં વર્તે તો ભગવદ્‌ભાવને પામે છે ને એમ ન વર્તે તો અસત્ દેશકાળાદિકે કરીને જો મોટા પુરુષને વિષે અસત્ બુદ્ધિ થઈ જાય, તો આસુરભાવને પણ પામી જવાય. માટે જ્ઞાનાંશનો અભ્યાસ પ્રમાદ મૂકી દઈને કરવો. ને અતિશે બીક રાખીને વર્તવું પણ નિર્ભય ન થાવું.

અને વાચકૂટના પ્રશ્નની વિગત જે, 'ધર્મદેવ જે તે અધર્મના સર્ગને દોરડામાં નાંખીને તાણે છે, કલંગીવાળા દેવ જે તે ચારે કોરેથી માર મારીને અધર્મના લશ્કરને ગળાંને વિષે દોરડાં બંધાવે છે ને નારાયણ મુનિનું ચક્ર જે તે ચારે પાસથી બાળે છે, તેને જોઈને ધર્મદેવને વળી દયા આવે છે. ને તે અતિ દયાળુ છે એ વાચકૂટ પ્રશ્ન. તેનો ઉત્તર જે ધર્મદેવને ઠેકાણે તો આચાર્યજી મહારાજ છે, ને અધર્મના સર્ગને ઠેકાણે તો જે ધર્મમાં યથાર્થ નથી વર્તતા એવા ત્યાગી તથા ગૃહસ્થ છે, ને કલંગીવાળાને ઠેકાણે તો જે શ્રીહરિના ભક્ત ધર્મમાં યથાર્થ વર્તે છે ને બહુ બુદ્ધિવાળા છે, તે છે, ને નારાયણ મુનિના ચક્રને ઠેકાણે તો તેમનું જે વચન શિક્ષાપત્રી, ધર્મામૃત, વચનામૃત, નિષ્કામશુદ્ધિ તે છે. એ ચારેકોરથી બાળે છે. એટલે જે ધર્મને વિષે મોળો વર્તે છે. તેને સત્‌શાસ્ત્ર, શ્રીજી તથા સંત; સર્વ ઠબકો દીએ છે એથી તે નિરંતર બળ્યા કરે છે ને સુખીયો રહેતો નથી.'

અને હરિમંદિર સંબંધી કામ કરતો હોય તે ઓથ લઈને કાંઈક વધું ઓછું વર્તાય તો શ્રીજી મહારાજ રક્ષા કરે કે ન કરે ? કેમ કે



આજ્ઞાએ કરે છે, માટે એ પ્રશ્ન છે. તેનો ઉત્તર જે, જો પુરુષપ્રયત્ને કરીને સાવધાન વર્તતો હોય, ને અજાણમાં જો આડું અવળું થઈ જાય તો રક્ષા કરે ને જાણી જાણીને પ્રકૃતિ વધારે, તો રક્ષા ન કરે, ને તેનો દંડ ભોગવવો પડે. એક ભક્તે પ્રશ્ન પૂછ્યું : જે ''શૂળીએ ચડાવ્યો હોય તો પણ કેમ સમજે તો સંકલ્પ ન થાય જે ભગવાન મુકાવે તો ઠીક, એવી શી સમજણ છે ?'' તેનો ઉત્તર કર્યો જે, એ તો ભગવાનને સર્વકર્તા જાણે જે **ભગવાન વિના બીજા કોઈનું કર્યું થાતું નથી; એમ સમજે તેને સંકલ્પ ન થાય ને ધીરજ રહે.** ને એમ ન સમજે તે તો થોડાકમાં અકળાઈ જાય ને ધીરજ રહે નહિ. આ લોકમાં મહારાજને પણ વગર વાંકે દુઃખ આવતાં; તે આ લોક જ એવો છે તેનું રૂપ જાણી રાખવું. અને આટલી વાત તો સો જન્મે પણ ન સમજાય; માટે આ વાત સહુ રાખજો; ને **બે સારા સાધુ ને ત્રણ સારા હરિભક્તની સાથે જીવ બાંધવો તો સત્સંગમાંથી ન પડાય** ને કદાપિ કામ, લોભ થોડા ઘણાં રહી ગયા હશે તો ફીકર નથી. તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે ''કદાપિ કામ લોભનો સંકલ્પ નહિ હોય પણ ભગવાનના ભક્તમાં જીવ ન બંધાણો તો શું થયું ? એવાને અભાવે અસુર થાશે.'' માટે સમજવાની વાત તો **સારા ભગવાનના ભક્તમાં જીવ બાંધવો એટલું જ કરવાનું છે.** ને ઝાઝી વાતનું ડોળ કરીએ તેનું તો એ પ્રયોજન છે, જે આ પ્રથા ચલાવવી છે ને નિયમ પળાવવાં તે સારુ કરવી પડે છે.

**''દાસના દુશ્મન હરિ કદી હોય નહિ, જેમ કરશે તેમ સુખ થાશે.''**

અને ભગવાન જેવું તો કોઈ પદાર્થ નથી તે આપણને મળ્યા છે; ને જેણે દાંત આપ્યા તે ચાવવાનું નહિ આપે ? ને આપણા કપાળમાં કાંઈ રોટલા નહિ લખ્યા હોય ? ને આપણે કાંઈ પ્રભુ વેચી ખાધા છે ? માટે ભગવાન ભૂખ્યા ઉઠાડે પણ ભૂખ્યા સુવાડે નહિ. ગમે તેવી રીતે પણ ખાવા આપે છે; ને પ્રભુ ભજાય તે સારુ ગરીબ રાખ્યા છે. કદાપિ પૃથ્વીનું રાજ આપ્યું હોત તો નરકમાં

પડી ચૂક્યા હોત; માટે આપણને આપ્યું નથી. ને **આ દેહ તો પત્રાવળાને ઠેકાણે છે** તેમાં લાડવા જમી લેવા; તે શું ? જે આ દેહે ભગવાનને મળી ચૂક્યા પછી દેહને ગમે તેમ થાઓને !

ને અમને તો હેત આવે છે તે વાત કરીએ છીએ; **જે સ્વામિનારાયણ નામનો મંત્ર બહુ બળિયો છે, માટે ભજન કર્યા કરવું.**

અને જેનું કર્યું થાય છે તે તો જાણીએ કાંઈ જાણતાં જ નથી; ને વચમાંથી બીજા કેટલાક મનસૂબા કરે છે.

નિત્યે લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે; ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય તો તેની ચાકરી હું કરાવું એવો મારો સ્વભાવ છે.

અને **દેહ મૂકીને પામવા છે તે જ આ પ્રગટ વાતો કરે છે,** પણ સર્વેને સમજાય નહિ ને જે ત્યાગ વૈરાગ્યની વાતો કરીએ છીએ તે તો માર્ગે ચડાવવા સારું કરીએ છીએ; પણ સમજવાનું આટલું જ છે.

**વચનામૃતના અર્થ સમજાય એવા નથી, પણ બહુ અભ્યાસ રાખે તો પોતાની મેળે સમજાય** એવો મહારાજનો વર છે. ને આ જ્ઞાન મહારાજને સર્વેને આપવું છે.

અને હરિભક્તને વાતો કરવાની આજ્ઞા કરી કે, વાતો કરજો તે વાતો તે શું ? જે **''સ્વામિનારાયણ ભગવાન છે, સ્વામિનારાયણ ભગવાન છે.''** એમ વાતો કરજો.

અને મૂંઝવણ આવે તો કેમ કરવું ? એ પ્રશ્ન પૂછ્યું, તેનો ઉત્તર કર્યો: **જે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું તેથી મૂંઝવણ ટળી જાય.**

આ લોકમાં સર્વે ક્રિયા તે છોકરાંની રમત જેવું સમજવું, પણ તેમાં માલ માનવો નહિ. એમ નિરંતર જોયા કરવું.



## સભા - ૬

પછી સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ બોલ્યા જે, 'સાંભળો સર્વેને એક પ્રશ્ન પુછીએ છીએ.'' ત્યારે સર્વે હરિભકતે હાથ જોડીને કહ્યું જે '' પુછો'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે ''અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની તે કોણ છે ?'' પછી તો સર્વે વિચારી રહ્યા પણ ઉત્તર કરી શક્યા નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે; ''લ્યો અમેજ ઉત્તર કરીએ.'' ત્યારે સર્વેએ રાજી થઈને કહ્યું જે, ''હે મહારાજ ! તમથી જ યથાર્થ ઉત્તર થશે માટે કહો'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુવે છે, અને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુએ છે, એવાં અનંત પદાર્થને જુએ છે પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્ય દષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો, એજ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે તેમજ શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વે ઈંદ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી, એજ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે અને એજ ઘેલામાં અતિશે ઘેલો છે અને એજ મૂર્ખમાં અતિશે મૂર્ખ છે અને એજ સર્વે નીચમાં અતિશે નીચ છે.''

ત્યારે શુકમુનિએ આશંકા કરી જે,''પોતાનું સ્વરૂપ જોવું તે શું પોતાના હાથમાં છે ? અને જો પોતાના હાથમાં હોય તો જીવ શીદ અતિશય અજ્ઞાની રહે?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને સત્સંગ થયોછે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે અને કે દહાડે પોતાના સ્વરૂપને જોયાનો આદર કર્યો ને ન દીઠું ? અને એ જીવ માયાને આધીન થકો પરવશ થઈને તો સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં અંતર્દષ્ટિ કરીને જાય છે પણ પોતે પોતાને જાણે કોઈ દિવસ પોતાના સ્વરૂપને જોવાને અંતર્દૃષ્ટિ કરતો નથી. અને જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે તેતો પોતાના સ્વરૂપને અતિશે ઉજ્જ્વળ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુવે છે અને નારદ-સનકાદિક જેવો સુખીયો પણ થાય છે

માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને રહે છે.'' ઈતિ વચનામૃતમ્ ॥૨૦॥

કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી છે, તેનાં લુગડાં મારે ધોવરાવવાં છે, ને તેને મારે બેઠા બેઠા ખાવા દેવું છે.

અને શ્રીજી મહારાજનો મહિમા એમ સમજવો જે, 'જેમ નવસો ને નવાણું નદીયુંનું પુર ભેળું વહેતું હોય તો લાખ મણના પાષાણાદિક તણાઈ જાય પણ કોઈ ટકી શકે નહિ. તેમ પુરુષોત્તમની મોટપ સર્વ કરતાં અધિક જાણવી જે બ્રહ્માદિક સર્વે દેવતા તથા કાળાદિક તે થકી તથા અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા જે અનંતકોટિ મુક્ત તથા અક્ષર એ સર્વ થકી મહારાજ પર વર્તે છે, અને એ સર્વના પ્રેરક, પ્રવર્તક ને નિયંતા છે ને જ્ઞાન તથા ઐશ્વર્યના આપનારા છે, ને સેવ્ય છે ને સ્વામી છે ને ભજનીય છે. એવી રીતે શ્રીહરિજીનો મહિમા યથાર્થપણે સમજે ને જીવાત્માને ત્રણ દેહ, ત્રણ અવસ્થા ને ત્રણ ગુણ તથા પંચપ્રાણ, પંચભૂત ને પંચવિષય, તથા ચાર અંતઃકરણ તથા દશ ઈંદ્રિયો તથા ચૌદ દેવતા એ સર્વે માયાના ટોળા થકી અતિ વિલક્ષણ અને અતિ પૃથક્ જાણીને તેને અક્ષર સાથે મનન દ્વારાએ કરીને નિરંતર જોડ્યા કરેતો સંકલ્પ વિકલ્પ કાંઈ ટકી શકે નહિ ને સર્વે શમી જાય.

સમૈયામાં જઈને સત્પુરુષની સોબત કરીને કમાણી કરવી ને તેને વધારવી. તે કોઈક તો વધારે છે અને કોઈક તો ઘટાડી પણ દીએ છે ને કેટલાક તો બરોબર પણ રાખે છે તે કમાણી શી ? તો શ્રીહરિજીને વિષે માહાત્મ્યે યુક્ત ને ધર્માદિક અંગે સહિત ભક્તિ કરવી, ને તેને વધારવી તે મહત્પુરુષના સંગે કરીને શીખવું એ કમાણી સમૈયામાં કરવી.

અને બે પ્રકારની બુટ્ટીની વાર્તા કરી જે, 'એક બુટ્ટી તો ત્રાંબા આદિકને સોનું કરી આપે છે, ને એક બુટ્ટી તો સોનાને રાખ કરી નાખે છે. તેમ બહુ બુદ્ધિવાન સંતને સંગે કરીને એકાંતિક ભક્ત થાય છે ને અલ્પ બુદ્ધિવાનના સંગે તો ડોળિયા થઈ જાય છે. માટે **સારા નરસા થવાનું કારણ તો સંગ કુસંગ જ છે.** અને ભજન સ્મરણ જે કરતો હોય તેણે ત્રણ અવસ્થા તથા તેના જે ગુણ તે ઓળખવા ને દેહરુપ થઈને ભજન સ્મરણ કરે તો તત્કાળ વાસનામય દેહ નાશ પામે નહિ.



અને મને મહારાજે કહ્યું જે 'આકારે રહિત વર્તવું' ત્યારે મેં શંકા કરી જે, મૂર્તિ ભૂલી જવાશે,' તે સાંભળીને મહારાજ બહુ દિલગીર થઈ ગયા ને નેત્રકમળ સજળ થઈ ગયાં ને એમ બોલ્યા જે, 'જેને રાજી કરવાને અર્થે પ્રયત્ન કરે છે તેને કેમ ભૂલી જવાશે ? તે દિવસથી મારા હૃદયને વિષે એ વચન અચળ ખુંતી રહ્યું  છે ને તેમજ વર્તાય છે ને શ્રીજીને એમ વર્તવું ગમે છે. માટે અનેક યુક્તિએ કરીને એ વાર્તા કરીએ છીએ. અને એવી સ્થિતિવાનને તો અન્ય સંકલ્પ થાય જ નહિ ને કદાચિત અસત્ દેશાદિકે કરીને થાય તો જેમ દેહે કરીને પ્રાયશ્ચિત્ત કર્યે સંતોષને પામે છે તેમ એ જ્ઞાની ન પામે. એતો ઉપશમરૂપી પ્રાયશ્ચિત કરીને સંતોષને પામે છે. તે શ્રુતિમાં કહ્યું છે જે ''**यस्य ज्ञानमयं तप**'' માટે સવાસનિક ને નિર્વાસનિક હરિભકતના પ્રાયશ્ચિતને વિષે બહુ ફેર છે ને જ્ઞાનીમાં ને ભગવાનમાં એટલો ફેર છે જે, 'સ્થિત્યાદિક[1] એથી ન થાય.' ત્યારે સંતે પૂછ્યું જે, 'કોઈકને તો ભજન કરવું ને કોઈકને તો મૂર્તિમાં જ રહેવું ને કોઈકને નવધા ભક્તિ કરવી ઈત્યાદિક શ્રીજી સંબંધી ક્રિયા તે જુદી જુદી ગમે છે ને કોઈકને તો એ સર્વે ગમે છે તે કેમ હશે ?' તેનો ઉત્તર જે, **શ્રીજી મહારાજને વિષે જેવા જેવા ભાવે યુક્ત હમણાં અથવા મોર્યે વર્તતા હોય તેવા તેવા ગુણ એ ભક્તને વિષે આવે છે.** તે ઉપર ગુણાતીતાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીના દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી.

અને ભગવાનની મૂર્તિને ચિંતામણિ કહી છે. તે એમ સમજાણું છે, કે નથી  એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે ચિંતામણિ તો ખરી પણ બાળકના હાથમાં છે.

અને **કથાવાર્તા** બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, અક્ષરધામ ને આ લોકમાં

મોટા એકાંતિક પાસે એ ચાર ઠેકાણે થાય છે ને બીજે ક્યાંય થાતી નથી; ને જ્યાં વિષય છે ત્યાં કથા વાર્તા નથી.

અને આપણે કાંઈક કામ સારું કર્યું હોય ને તેનું આપણને માન આવતું હોય, તે સારુ મોટા કહે જે આ કામ બગાડ્યું, તો પણ રાજી રહેવું; કેમ જે આપણને તો પૂર્વાપર સૂઝે નહિ ને મોટા તો દીર્ઘદર્શી છે તે આગળ થાવાનું દેખે છે.

આપણે તો ભગવાન મળ્યા છે તે પોતાને અક્ષર માનવું એમ બોલ્યા, તે ઉપર પ્રશ્ન પૂછ્યું : જે, વિષય પરાભવ પમાડતા હોય ને અક્ષર કેમ માનવું ? તેનો ઉત્તર કર્યો : જે, વિષય તો દેહના ભાવ છે તે એક પડખે રહ્યા છે; તો પણ અક્ષર માનવું; પણ આત્માને નરકનો કીડો માનવો નહિ. ને આપણે તો જેમ વામનજી ભેળી લાકડી વધી તેમ વધતા જઈએ છીએ.

અને ભગવાનને જેની કસર ટાળવી હોય તેને આ લોકમાં જન્મ ધરાવીને અજ્ઞાની કરી નાખે; ને તે અતિ દીન થઈ જાય. પછી તેને એવું થાય; જે 'મારું કલ્યાણ શી રીતે થાશે ?' એવું કરાવીને કસર ટળાવે.

એક હરિજને પૂછ્યું : જે, આવો યોગ ન રહે ને કસર રહી જાય તો કેમ થાશે ? તેનો ઉત્તર : જે, જેણે આવો યોગ આપ્યો છે તેના તે જ કસર ટળાવશે.

કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટી વ્રત કરીને, કોટિ દાન કરીને, કોટિ યજ્ઞ કરીને પણ જે ભગવાનને અને સાધુને પામવા હતા તે આજ આપણને મળ્યા છે.

અને **આપણે તો અક્ષરધામમાં જાવું છે** એવો **સંકલ્પ રાખવો.**

**આ લોકમાં અક્ષરનું સુખ તે શું ? જે શુભ સંકલ્પ થાય ને અંતરમાં સુખ વર્ત્યા કરે એ જ. ને જમપુરીના જેવું દુ:ખ તે શું જે અંતરમાં ભૂંડા ઘાટ થાય ને પીડા થાય એ જ.**



## સભા - ૭

તે સમે શ્રીજી મહારાજ બોલ્યા જે " જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય, તેને અસદ્વાસનાની વૃદ્ધિ થાય છે ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગી માત્રનો અવગુણ આવે છે ને પોતાના હૈયામાં એમ જાણે જે 'સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજુ છું ' એમ સર્વેથી અધિક પોતાને જાણે અને રાત્રિ દિવસ પોતાના હૈયામાં મૂંઝાયા કરે અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહિ, અને રાત્રિમાં સુવે તો નિદ્રા પણ આવે નહિ અને ક્રોધ તો ક્યારેય મટેજ નહિ અને અર્ધબળેલા કાષ્ટની પેઠે ધુંધવાયા કરે. એવું જેને વર્તે ત્યારે તેને એમ જાણીએ જે 'એ સત્સંગમાંથી પડવાનો થયો છે.' અને એવો હોય અને તે જેટલા દિવસ સત્સંગમાં રહે પણ તેને હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહિ અને અંતે પાછો પડી જાય છે. અને સત્સંગમાં જેને વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે ત્યારે તેને દિવસે દિવસે સત્સંગી માત્રનો હૈયામાં ગુણજ આવે અને સર્વે હરિભક્તને મોટા સમજે અને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે. એવાં લક્ષણ જ્યારે હોય ત્યારે જાણીએ જે 'શુભ વાસના વૃધ્ધિ પામી છે,' અને તે જેમ જેમ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ સમાસ થતો જાય અને અતિશે મોટપને પામી જાય છે." એવી રીતે શ્રીજી મહારાજ વાત કરીને જય સચ્ચિદાનંદ કહીને પોતાને આસને પધાર્યા. ઈતિ વચનામૃ. ॥૨૮॥

કોટિ કલ્પ થયાં ભગવાન ખાવા આપે છે તોપણ જીવને ખબર ન મળે એ અજ્ઞાન છે; તે મહારાજ કહેતા : જે ''અમને **અન્નદાતા** તો જાણજો વધારે મહિમા તો તે પછી.''

અને કારિયાણીનું સાતમું વચનામૃત વંચાવીને વાત કરી : જે **નિશ્ચય છે એ જ આત્યંતિક કલ્યાણ છે; ને નિશ્ચય છે** એ જ સિદ્ધ દશા છે, ને દેખવાનું કહ્યું છે તે પણ જ્ઞાને સહિત જાણવું તેને જ કહે છે; ને તે વિના તો દેખાય છે તો પણ ન્યૂન છે. ને વિષય ખોટા કરવા એ તો સાંખ્ય સમજવું. ને 'એક ભગવાન ભાસે' કહ્યું છે, તે પણ

નિર્વિકલ્પ નિશ્ચયરૂપે ભાસે.

**અને કોઈક વાતની ચિંતા આવે તો ભગવાનને માથે નાખી દેવી;** ને આપણે તો બળિયા નહિ ને એ તો બળિયા તે એને રક્ષા કરતાં આવડે; જેમ પ્રહ્‌લાદની રક્ષા કરી તેમ અનેક પ્રકારે રક્ષા કરે.

અને સાધુનો ને સાધુના સમાગમનો મહિમા બહુ કહ્યો; ને બોલ્યા જે હવે એથી આઘી વાત નહિ ચાલે. ને જેમ ભગવાનના ગુણનો પાર ન આવે તેમ સંતના ગુણનો પણ પાર નહિ. એમ કહીને તે ઉપર ગુરુનું અંગ બોલાવ્યું ને પોતે પણ ભેળા બોલ્યા.

અને વિજયાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'જેવા તેવા જીવને શ્રીહરિજી મહારાજનો જોગ થઈ જાય છે ને મુમુક્ષુને થાતો નથી તેનું શું કારણ હશે ?' ત્યારે સ્વામી બોલ્યા, જે શ્રીહરિજીને જે દેશને વિષે ધર્મ સ્થાપન કરવો હોય તથા જે દેશને વિષે મુમુક્ષુ બહુ હોય તે દેશમાં શ્રીજીનું વિચરવું હોય એટલે તે દેશમાં મુમુક્ષુના તથા બીજા પણ સર્વેના મોક્ષ સહેજે થઈ જાય છે ને મુમુક્ષુ હોય પણ તેનો દૂર દેશને વિષે જન્મ હોય તે રહી જાય છે **માટે મુમુક્ષુએ કોઈ દેશની વાસના તથા નાતજાતની પણ વાસના ન રાખવી. ને પ્રકૃતિ પુરુષથી લઈને સર્વ પદાર્થને નાશવંત ને કાખના મુવાળા જેવા અતિ તુચ્છ ને સ્વપ્ન તુલ્ય જાણવા ને શ્રીજી તથા તેમના મોટા સંત તથા જીવાત્મા; તે વિના બીજે ક્યાંય પ્રીતિ ન રાખવી.** અને મહારાજની સેવા વિના શ્વેતદ્વીપાદિક ધામને વિષે પણ વાસના ન રાખવી, અને શ્રીજી તો ગમે ત્યાં રાખીને પણ કસર માત્ર ટાળી નાખવાને સમર્થ છે માટે સત્તારુપે રહીને તેમના એકાંતિક ભક્તનો સમાગમ અતિશે રાખવો ને તે અર્થે શીત, ઉષ્ણ, ભૂખ, તરસ, માન, અપમાન, હર્ષ, શોકનું સહન કરવું ને એને વિષે વૈરાગ્ય પામવો નહિ ને વિષયની પ્રાપ્તિને અર્થે જે ઉદ્યમ કરવો તેમાં વૈરાગ્ય પામવો. એમ કહી મોકાખાચરનું દૃષ્ટાંત આપી કહ્યું જે આવી રૂડી ભગવત્ વાર્તા છે



પણ તે કેટલાકને ગમતી હશે ને કેટલાકને તો નહિ ગમતી હોય. અને જ્ઞાન, વૈરાગ્ય વિના સૂક્ષ્મ ને કારણ શરીર ટળે નહિ ને એકલી ભક્તિએ કરીને તો ટળે પણ ખરાં, ને ટળે પણ નહિ.

અને હરિભક્તે પૂછ્યું જે, 'જગત્ ખોટું કેમ થાય ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'જેમ બાળક રમત કરે છે. તેમાં કેટલાક તો સૂર્ય ને કેટલાક તો ચંદ્ર થઈને આવે છે ને વળી ધૂળનાં વરકન્યા ને ધૂળનો કંસાર તે વળી મૂત્રના ઘીમાં પલાળે છે ને ધૂળના મગ ચોખા કરે છે, એ સર્વે જેમ સત્ય નથી તેમ સંસાર વ્યવહાર પણ અસત્ય છે પણ તેને બાળકની પેઠે સત્ય માન્યો છે. માટે એ પણ બાળક છે. એમ કહી ભવાયાને દૃષ્ટાંતે બહુ વાર્તા કરી.'

આપણે તો સો બસો માણસને પાંખમાં લઈને ઊડી જઈએ એવા છીએ; ને તે કરતાં બ્રહ્માંડ આખાના જીવને લઈને ઊડી જઈએ એવા છીએ; ને તે કરતાં અનંતકોટિ બ્રહ્માંડને પણ લઈ જઈએ એવા છીએ; પણ એવું મનાય નહિ; તે શાથી જે મનુષ્યાકૃતિ છે. ૩૧૨

અને જીવની અવળાઈ તે શું કહીએ, જીવ તે જીવ જ. તે કહ્યું છે જે 'ઊંટ તો સર્વે અંગે વાંકું' એવો જીવ અવળો, વળી લંબકર્ણ જેવો જીવ તેનું પણ ભગવાનને સારું કરવું.

અને ભગવાનનો ને મોટા સાધુનો નિશ્ચય જેને થયો હોય તે પોતાને પૂર્ણકામ માને; ને તેને બીજાના સંગની અપેક્ષા ન રહે. તેમાં દૃષ્ટાંત : જે, જેના ઘરમાં સો કરોડ મણ દાણા હોય તથા સો કરોડ રૂપિયા હોય તેને કાળ પડે, તોપણ મરવાની બીક ન લાગે. વળી બીજું દૃષ્ટાંત : જે, બે હજાર બખતરિયા ભેળા હોય તેને લૂંટાવાની બીક ન લાગે; તેમજ **મહિમા સહિત નિશ્ચયવાળાને બીક નહિ.**

અને એક દિવસ શ્રીજી મહારાજે તે વ્યાપકાનંદ સ્વામીને કહ્યું જે, ''ઈન્દ્રલોકમાં જાઓ.' ત્યારે તેણે કહ્યું જે, 'જઈ આવ્યો' ત્યારે ફરીને આજ્ઞા કરી જે, 'બ્રહ્માના કમળના નાળનો પાર લઈ આવો'

ત્યારે તે કહે જે ‘લઈ આવ્યો.’ વળી આજ્ઞા કરી જે, ‘ગોલોક, વૈકુંઠ ને બ્રહ્મધામને વિષે જાઓ.’ ત્યારે કહે ‘જઈ આવ્યો.’ વળી આજ્ઞા કરી જે, ‘ભૂમાપુરુષ પાસે જાઓ.’ ત્યારે કહે જે, ‘ત્યાંતો હજાર માથાનો દૈત્ય માર્ગ રોકીને રહ્યો છે. ત્યારે શ્રીજી કહે ‘તમે પણ તેવા રૂપે ધારીને તેને જીતીને જાઓ.’ ત્યારે તેમ કર્યું ને ફરી કહ્યું જે, બીજો દશ હજાર માથાનો દૈત્ય આગળ છે.’ ત્યારે મહારાજ કહે, તમે પણ તેથી મોટું રુપ ધારીને તેને જીતીને જાઓ.’ પછી તે તેમ કરીને ભૂમાપુરુષ પાસે ગયા ત્યારે તેમણે કહ્યું જે, ‘પુરુષોત્તમનો પ્રગટપણે પૃથ્વીને વિષે અવતાર થયો ?’ ત્યારે સંત કહે ‘હા થયો.’ એ વાત સાંભળીને અતિશે ગદ્‌ગદ્‌ કંઠ થઈને ભૂમાપુરુષ રાજીરાજી થઈ ગયા. ને તે સંતને સરસ સિંહાસન ઉપર બેસારીને અતિશે સુગંધીમાન અને અતિશે સરસ પુષ્પ ચંદનાદિકે કરીને અતિશે ભારે પૂજા કરી ને અતિશે આનંદ સોતા શ્રીજી મહારાજના સમાચાર પૂછીને બોલ્યા જે, ‘મને મહારાજે કહ્યું હતું જે, અમો જ્યારે બ્રહ્માંડને વિષે પધારશું ત્યારે તમારી પાસે સંતને મોકલશું; તે વચન આજ સત્ય કર્યું.’ એવી રીતે પરસ્પર બે જણે મહારાજની વાર્તા સારી પેઠે કરી. પછી તે સંતે એ લોકના ચાર ભુજાવાળા મુક્તોને શ્રીહરિજીની વાતો કરીને પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવીને બ્રહ્મપુરને વિષે મોકલી દીધા. પછી શ્રીજી પાસે આવીને પોતાનું વૃત્તાંત જેમ થયું તેમ કહ્યું. તે વાત સાંભળીને શ્રીજીને વિચાર થયો જે ‘જ્યારે બાદશાહ ગાદીએ બેસે ત્યારે બંધીવાન માત્રને છોડી મૂકે છે તેમ અમારે પણ અનેક જીવનાં કલ્યાણ કરવાં છે,’ એમ વિચારીને સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, ‘સર્વે નરકકુંડના જીવમાત્રને ચતુર્ભુજ રૂપ ધરાવીને ભુમાપુરુષના લોકમાં મોકલો’ ત્યારે તે સંતે તેમ કર્યું. એમ સર્વે વાર્તા જે તે શ્રીહરિજીએ બેઠા બેઠા સહેજે કરી. એવી રીતે પોતાના પુરુષોત્તમપણાનું પ્રગટપણું અતિશે જણાવ્યું.



## સભા - ૮

તે સમે યોગાનંદમુનિએ પ્રશ્ન પૂછ્યું જે “હે મહારાજ ! ભગવાનના ભક્ત બે હોય, તેમાં એક તો નિવૃત્તિ પકડીને બેસી રહે ને કોઇને વચને કરી દુઃખવે નહિ અને એક તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેની અન્ન વસ્ત્ર પુષ્પાદિકે કરીને સેવા કર્યા કરે પણ વચને કરીને કોઇને દુઃખવાય ખરું, એવી રીતના બે ભક્ત તેમાં કયો શ્રેષ્ઠ છે ?” પછી શ્રીજીમહારાજે એનો ઉત્તર કર્યો નહિ અને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને તેડાવીને એ પ્રશ્ન સંભળાવ્યો ને પછી કહ્યું જે, “એનો ઉત્તર તમે કરો” ત્યારે એ બે જણે ઉત્તર કર્યો જે, “વચને કરીને કોઇને દુઃખવે છે પણ ભગવાન અથવા સંતની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે, અને નિવૃત્તિને વિષે રહે છે ને કોઇને દુઃખવતો નથી ને તેથી ભગવાનની તથા સંતની કાંઇ સેવા થતી નથી તેને અસમર્થ સરખો જાણવો અને જે સેવા ચાકરી કરે તેને તો ભક્તિવાળો કહીએ, તે ભક્તિવાળો શ્રેષ્ઠ છે.” પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “એ ઉત્તર ઠીક કર્યો. અને એવી ભક્તિવાળો હોય ને ભગવાનના વચનમાં દૃઢપણે રહ્યો હોય ને તેને વિષે કાંઇક અલ્પ સરખો દોષ દેખાય તે સામું જોઇને તેનો અવગુણ લેવો તે મોટી ખોટ છે, અને એવી રીતે દોષ જુવે ત્યારે તો પરમેશ્વરે જીવના કલ્યાણને અર્થે દેહ ધર્યો હોય તેમાં પણ દોષના જોનારાને ખોટય દેખાય ખરી અને અતિ મોટા ભગવાનના ભકત હોય તેમાં પણ ખોટ દેખાય ખરી, અને તે દોષને જોનારે ખોટય કાઢી તેણે કરીને પરમેશ્વરના અવતાર અથવા સંત તે શું કલ્યાણકારી નહિ ? તે તો કલ્યાણકારી જ છે, પણ જેને અવળી બુદ્ધિ હોય તેને અવળું જ સૂઝે; જેમ શિશુપાળ એમજ કહેતો જે “પાંડવ તો વર્ણસંકર છે ને પાંચ જણે એક સ્ત્રી રાખી માટે અધર્મી પણ છે અને કૃષ્ણ છે તે પણ પાખંડી છે, કેમ જે જન્મ થયો ત્યાંથી પ્રથમ તો એક સ્ત્રી મારી, ત્યાર પછી બગલો માર્યો, વાછડો માર્યો ને મધના પૂડા ઉખેડ્યા તેણે કરીને એને મધુસુદન કહે છે, પણ એણે કાંઇ મધુ નામે દૈત્ય માર્યો નથી, ને વર્ણસંકર એવા જે પાંડવ તેણે પૂજ્યો તેણે કરીને શું એ ભગવાન થયો ?” એવી રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આસુરી બુદ્ધિવાળો શિશુપાળ તેણે લીધો, પણ ભગવાનના ભક્ત હતા તેણે એવો અવગુણ કાંઇ ન લીધો. માટે

એવી જાતનો જેને અવગુણ આવે તેને આસુરી બુદ્ધિવાળો જાણવો.'' ત્યારે ફરીને તે મુનિએ પુછ્યું જે, ''હે મહારાજ ! મોટા જે પ્રભુના ભક્ત હોય તેનો તો અવગુણ આવે નહિ પણ જેવો તેવો હરિભક્ત હોય તેનો અવગુણ તો આવે ખરો.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ તમે સમજો છો તેમ નાન્નપ મોટપ નથી, મોટપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે, અને એ બે વાનાં જેને ન હોય ને તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તો પણ એ નાનોજ છે, અને પ્રથમ કહી એવી મોટપ તો આજ આપણા સત્સંગમાં સર્વે હરિભક્તને વિષે છે કેમજે આજ જે સર્વે હરિભક્ત છે તે એમ સમજે છે જે ''અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ'' એમ સમજીને પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞામાં રહ્યા થકા તે ભગવાનની ભક્તિ કરે છે માટે એવા જે હરિભક્ત તેનો કાંઇક દેહસ્વભાવ જોઇને તેનો અવગુણ લેવો નહિ અને જેને અવગુણ લીધાનો સ્વભાવ હોય તેની તો આસુરી બુદ્ધિ થઇ જાય છે.'' ઇતિ વચનામૃતમ્ ॥૩૧॥

અને નાનું છોકરું હોય તેને ભય આવે તો પોતાનાં માવતરને કોટે બાઝી પડે. તેમજ આપણે **હરકોઈ દુઃખ આવે તો ભગવાનનું ભજન કરવું; સ્તુતિ કરવી; તે ભગવાન રક્ષા કરે.**

અને આજ દિન સુધી તો કારખાનાં કરાવ્યાં ને હવે તો જ્ઞાન દેવું છે તે ફરે જ નહિ; ને વળી કહ્યું જે સર્વેનાં સુખ જોવાં ને સર્વેનાં રૂપ જાણવાં; ને **એક ભગવાન વિના બીજામાં માલ નહિ એવું જ્ઞાન શીખવું.** ને વળી કહે કે ગિરનાર જેવડો કામ, મેરુ જેવડું માન, ને લોકાલોક જેવડી વાસના એ સર્વેના મૂળ ઉખાડી નાખવાં છે એવું જ્ઞાન આપવું છે.

અને આપણા દેહમાં જીવ ભેળો કોટાન કોટિ સૂર્યનો પ્રકાશ છે પણ તે હમણાં જો દેખાય તો કોઈની ગણતી ન રહે. એમ મહિમા કહ્યો.

અને મુક્તાનંદ સ્વામી જેવા સાધુ વાત કરે, તે બે હજાર માણસોની સભા બેઠી હોય તે સહુના સંકલ્પના ઉત્તર થાતા જાય, એમ મહારાજના સાધુ તો જાણે ને વાત કરે.



અને મહારાજનો મત તો **કથા, કિર્તન, વાર્તા, ધ્યાન** એ જ કરાવવું છે. ને માણસને તો સ્વભાવ પડી ગયા તે બીજું કર્યા વિના રહેવાય નહિ; ત્યારે હવે આપણે શું કરીએ ? ને આવો યોગ છે તેમાં નહિ સમજાય ને સ્વભાવ મૂકીને મોટા સાથે નહિ જોડાય તો તે મોડો ધામમાં જાશે; એમાં કાંઈ ભગવાનને ઉતાવળ નથી. ને આ કારખાનાં તો દહાડે દહાડે વધતાં જાશે.

અને આ સાધુ જેવા છે એવા જણાય, તો તેને મૂકીને છેટે ખસાય નહિ; ને કાંઈક ચમત્કાર જણાવે, તો તો વ્યાપકાનંદ સ્વામીની પેઠે બંધીખાનાં થાય; માટે કાંઈ નથી દેખાડતાં તે પણ ઠીક છે.

અને આ જીવને કોઈ દહાડો ઘડપણ આવતું હશે કે નહિ ? એમ કહીને વળી કહ્યું : જે **જીવને જ્ઞાન થાય ત્યારે ઘડપણ આવે પણ તે વિના તો ઘડપણ આવે નહિ.**

અને ભગવાનને અર્થે આપણે જે જે કર્યું છે ને કરીએ છીએ તે સર્વે જાણે છે. ને જેને ખોળે માથું મૂક્યું છે તે રક્ષા કરશે; ને આપણું તો ભગવાન બહુ માની લે છે.

'દૃઢ ઉપાસનાનું શું રૂપ છે ?' એ પ્રશ્નનો ઉત્તર જે, એક તો સ્થાનકને ઓળખે. તે જે સ્થાનકને વિશે શ્રીજી મહારાજે પોતાનું કરીને ઘણા વરસ સુધી નિવાસ કર્યો હોય તેનું કોઈ ઘસાતું બોલે તો ખમી શકે નહિ ને જેમ છે તેમ યથાર્થ ઉત્તર કરે. ને આજ્ઞાએ કરીને બીજે ઠેકાણે રહેતો હોય તોપણ ત્યાં હેત વધુ રાખ્યા કરે ને સંભાર્યા કરે ને જે શ્રીજી મહારાજ છે તે તો સર્વ કર્તા છે ને સર્વ નિયંતા છે ને સર્વ સુખમય છે ને સર્વ અંતર્યામી છે. એવા જે શ્રીજી તે જે તે સત્સંગને વિષે કોઈક મહત્ વિક્ષેપ આવીને પડ્યો હોય તેને ટાળવાને અર્થે કોઈક હરિભક્ત દ્વારાએ વાર્તા કરીને તેને ટાળી નાખે ને સંપ કરાવી દીએ તો તેને સત્ય જાણવું. જેમ શુકજી સર્વ વૃક્ષરૂપે બોલ્યા તે સત્ય મનાય છે તેમ માનવું ને એતો યોગેશ્વર છે ને સર્વ કળાના ને સર્વ

વિદ્યાના નિધિ છે માટે તેના ઐશ્વર્યને વિષે શંકા જ નથી. અને ઐશ્વર્યવાનનું ધ્યાન ન થાય ને ધ્યાન તો પ્રત્યક્ષ મૂર્તિનું જ થાય. એમ શ્રીજીને મહિમા સોતો યથાર્થ સમજે ને તેમના એકાંતિક ભક્તને ઓળખે ને એમનો વિશ્વાસપૂર્વક મન, કર્મ, વચને કરીને સમાગમ કર્યા કરે એ ત્રણ પ્રકારની સમજણની જે અતિશે દૃઢતા તેણે કરીને ઉપાસના પક્વ થાય છે.

અને જ્ઞાની ભક્ત હોય તે તો અતિ શ્રેષ્ઠ હોય ને તેનાં વચન પણ ધર્મજ્ઞાનાદિકે કરીને યુક્ત હોય માટે બળવાન બહુ હોય. તેનાં વચનને વિષે વિશ્વાસપૂર્વક ત્વરાવાન થઈને મુમુક્ષુ જો શ્રવણ કરે તો સત્ અસત્‌ની વિક્તિ તથા બહુ બુદ્ધિવાન ને અલ્પ બુદ્ધિવાન; હરિભક્તની વિક્તિ જણાય આવે છે. ને શ્રવણ મનનાદિકે કરીને જ્યારે જ્ઞાનાંશ પક્વતાને પામે છે ત્યારે સર્વે વક્તાનાં વચન પ્રમાણે થઈ આવે છે માટે ગમે તેવો પંડિત હોય ને ગમે તેવો ડાહ્યો હોય ને ગમે તેવો મોટેરો હોય ને ગમે તેવો વાચાળ હોય તે સર્વેની પરીક્ષા આવી જાય છે. જે આ બહુ બુદ્ધિવાન ભક્ત છે ને આ નથી. માટે મુમુક્ષુને સંગ, સોબત, વાતચીત ઈત્યાદિક સર્વે સત્પુરુષનું જ ગમે છે. ને એમનાં વચનને વિષે જ બળ છે, ત્યાં દૃષ્ટાંત જે, શ્રીજી મહારાજની મરજી પ્રમાણે વર્તતા ને ધર્મવાળા ને ગરીબ એવા જે સપ્તઋષિ; તેનાં વચનનો ઉપરિચરવસુએ જો અનાદર કર્યો તો વિમાનમાંથી નીચે પૃથ્વી ઉપર પડી ગયો. ને વળી પાતાળમાં પણ પેસી ગયો. ઈન્દ્રે જો એમનું અપમાન કર્યું તો ધાન ને દાંતને હજારું વરસ સુધી વેર રહ્યું. એવું મહત્પુરુષનાં વચનમાં બળ છે અને શ્રીરામચંદ્રજીએ પરશુરામને રાંક બ્રાહ્મણ કરી મૂક્યા. એમ મોટાના સંકલ્પમાં પણ અપાર બળ રહ્યું છે. એમ કહી હરજી ઠક્કરને દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી.



## સભા - ૯

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘હવે તો પ્રશ્ન ઉત્તર કરો.’’ પછી દીનાનાથ ભટ્ટે તથા બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ‘‘કોઇ સમે તો ભગવાનના ભક્તના હૃદયમાં આનંદથી ભગવાનનું ભજન સ્મરણ થાય છે ને ભગવાનની મૂર્તિનું ચિંતવન થાય છે અને કોઇ સમે તો અંતર ડોહાળાઇ જાય છે ને ભજન સ્મરણનું સુખ આવતું નથી તેનું શું કારણ છે?’’

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘એને ભગવાનની મૂર્તિ ધાર્યાની યુક્તિ આવડતી નથી.’’ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે ‘‘કેવી રીતે યુક્તિ જાણવી?’’ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, યુક્તિ તો એમ છે જે, અંતઃકરણને વિષે ગુણનો પ્રવેશ થાય છે તે જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે અંતઃકરણ નિર્મળ વર્તે ને ભગવાનની મૂર્તિનું ભજન સ્મરણ સુખેથી થાય અને જ્યારે રજોગુણ વર્તે ત્યારે અંતઃકરણ ડોળાઇ જાય ને ઘાટસંકલ્પ ઘણા થાય ને ભજન સ્મરણ સુખે થાય નહિ અને જ્યારે તમોગુણ વર્તે ત્યારે તો અંતઃકરણ શૂન્ય વર્તે, માટે ભજનના કરનારાને ગુણ ઓળખવા, અને જે સમે સત્ત્વગુણ વર્તતો હોય તે સમયે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું, અને તમોગુણ જ્યારે વર્તે ત્યારે કશો ઘાટ થાય નહિ ને શૂન્ય સરખું વર્તે, તેમાં પણ ભગવાનનું ધ્યાન ન કરવું અને જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે ઘાટ સંકલ્પ ઘણા થાય માટે તે સમે ભગવાનનું ધ્યાન કરવું નહિ અને તે સમે તો એમ જાણવું જે, હું તો સંકલ્પ થકી જુદો છું, ને આત્મા છું. ને સંકલ્પનો જાણનારો છું. તે મારે વિષે અંતર્યામીરૂપે પુરુષોત્તમ ભગવાન સદાકાળ વિરાજે છે.’’ અને જ્યારે રજોગુણનો વેગ મટી જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને રજોગુણ વર્તતો હોય ત્યારે સંકલ્પ ઘણા થાય તે સંકલ્પને જોઇને મુંઝાવું નહિ, કેમ જે, અંતઃકરણ તો જેવું નાનું છોકરું તથા વાનરું તથા કૂતરું તથા બાળકનો રમાડનાર તેવું છે. અને એ અંતઃકરણનો એવો સ્વભાવ છે તે વિના પ્રયોજન ચાળા કર્યા કરે, માટે જેને ભગવાનનું ધ્યાન કરવું તેને અંતઃકરણના ઘાટને જોઈને કચવાઈ જાવું નહિ ને અંતઃકરણના ઘાટને માનવા પણ નહિ ને પોતાને ને અંતઃકરણને જુદું માનવું અને પોતાના આત્માને જુદો માનીને ભગવાનનું ભજન કરવું.’’ ઈતિ વચનામૃતમ્ ॥૩૨॥

અને જ્ઞાન જ્ઞાનમાં પણ ઘણા ભેદ છે. કેની પેઠે ? જે એક ગુજરાતનું ઘોડું હોય તેની સામી લાકડી ઉગામીએ તો ભાગી જાય, ને એક તો કાઠિયાવાડનું પળોટેલ[1] ઘોડું હોય તે તો તરવારો, બરછીઓ, બંદૂકોનો વરસાદ થાતો હોય તેમાં પણ સામું ચાલે, એ રીતે જ્ઞાન જ્ઞાનમાં ભેદ છે.

અને આગળ જે ભક્ત થઈ ગયા તે કોઈની આજ સત્સંગમાં ઉપમા દેવાય નહિ; કેમ જે આગળ થયા તે કોઈ અક્ષરધામના નિવાસી નથી; ને આજ તો પુરુષોત્તમના આશ્રિત છે તે સર્વે અક્ષરધામના અધિકારી છે.

અને કથા કરે, કીર્તન કરે, ને વાતો કરે; પણ **'આ દેહ હું નહિ'** એમ માને નહિ. માટે આઠે પહોર ભજન કરવું : જે **હું દેહ નહિ ને દેહમાં રહ્યો એવો જે હું તે આત્મા છું. બ્રહ્મ છું, અક્ષર છું.** ને મારે વિષે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે. તે કેવા છે તો સર્વ અવતારના અવતારી છે, ને સર્વ કારણના કારણ છે, ને સર્વ થકી પર છે; તે પ્રગટ પ્રમાણ આ મને મળ્યા છે. આ વાતમાં સાંખ્ય ને યોગ બેય આવી રહ્યા.

અને મુક્તાનંદ સ્વામીને નિશ્ચય થાતો નહોતો ત્યારે રામાનંદ સ્વામીએ આવીને કહ્યું કે જે, ''સહજાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન છે ને અમે પણ એમના જ દાસ છીએ' એવી રીતે પ્રત્યક્ષના ભક્તની અતિશે મોટપ્ય છે ને લગારેક એના સંબંધે કરીને મોટું કામ થઈ જાય છે.

અને વક્તા જો મુમુક્ષુને ઓળખીને ભગવદ્વાર્તા કરે તો સમાસ થાય છે કેમકે કોઈકને તો ભક્તિનું અંગ હોય ને કોઈકને જ્ઞાનનું ને કોઈકને વૈરાગ્યનું ને કોઈકને સ્વરુપનિષ્ઠાનું ને કોઈકને મહિમાનું એવી જાતનાં અનેક પ્રકારનાં અંગ હોય છે તે તે અંગનું સ્થાપન કરીને જો જ્ઞાનાદિકની વાર્તા હળવે રહીને સમજાવે તો સમજે.

શ્રી ધોરાજીમાં લાલવડ હેઠે મહારાજે એકાદશીનો મહોત્સવ



કર્યો, તે સમયને વિષે મહારાજે પોતાનો પ્રતાપ સહુને જણાવીને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. પછી આત્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે 'સત્સંગ બહુ થયો' ત્યારે મહારાજે કહ્યું : જે **'એક એક સાધુ વાંસે લાખો મનુષ્ય ફરે ત્યારે સત્સંગ થયો એમ જાણવું.'** એમ કહીને કહ્યું જે અમે તો **સો કરોડ મનવારો** લઈને આવ્યા છીએ; એટલા જીવનો ઉદ્ધાર કરવો છે. તે પ્રથમ તો ચિંતામણિઓ ભરીશું, પછી પારસમણિઓ ભરીશું, પછી હીરા, પછી મોતી, પછી દાગીના, પછી સોનામહોરો, પછી રાળ, પછી રૂપિયા, ને પછી છેલ્લી બાકી ગારો, એ પ્રકારે પૂરણી કરવી છે.' એવી રીતે મુક્તોના અનંત પ્રકારના ભેદ છે ને કલ્યાણ પણ અનંત પ્રકારનાં છે; એવી રીતે બહુ વાર્તા કરી.

પછી વળી સ્વામીએ વાત કરી : જે એક દિવસ મહારાજ નર્મદામાં નાહીને ધ્યાન કરવા બેઠા તે ઊઠે નહિ. પછી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને બે ત્રણ વાર કહ્યુંઃ જે 'હે મહારાજ ! તમે ટીમણ કરો તો ઠીક, પછી મહારાજે કહ્યું જે 'ટીમણ તો કરવાં છે, પણ અમારે તો વાત કરવી છે.' પછી સ્વામીએ કહ્યુંઃ જે 'હે મહારાજ ! તમે વાત કરો' પછી મહારાજ બોલ્યાઃ જે 'આ પચાસ કરોડ યોજન પૃથ્વી છે, તેથી દશગણું જળ છે, તેથી દશગણું તેજ છે, તેથી દશગણો વાયુ છે, તેથી દશગણો આકાશ છે, તેથી દશગણો અહંકાર છે, તેથી દશગણું મહત્તત્ત્વ છે, તેથી દશગણા પ્રધાનપુરુષ છે, તેથી અનંતગણી પ્રકૃતિ છે, તેથી અનંતગણો પુરુષ છે, ને તેથી અનંતગણું પર અક્ષરધામ છે ને તે ધામને વિષે રહેનારા જે અનંતકોટિ મુક્ત છે, તેમને **પુરુષોત્તમનો સંબંધ** છે બીજાને નથી. કેટલાકને તો ઈન્દ્રાદિકનો સંબંધ છે; ને કેટલાકને તો બ્રહ્માદિકનો સંબંધ છે; ને કેટલાકને તો વૈરાટાદિકનો સંબંધ છે; કેટલાકને તો પ્રધાન પુરુષાદિકનો સંબંધ છે; ને કેટલાકને તો પ્રકૃતિપુરુષાદિકનો સંબંધ છે; પણ પુરુષોત્તમનો નથી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : જે 'આંહીં કોઈને પુરુષોત્તમનો સંબંધ હોય તો ?' ત્યારે મહારાજે કહ્યું : જે 'એટલી જ વાત સમજવાની છે; કેમજે

**અક્ષરના મુક્તને પુરુષોત્તમનો સંબંધ છે કાં તમારે છે;** પણ બીજા અવાંતર કોઈને નથી.'એવી રીતે પોતાના પુરુષોત્તમપણાના પ્રતાપની ઘણીક વાત કરી. તેમાંથી આ તો દિશ માત્ર લખી છે.

પછી વળી સ્વામીએ વાત કરી જે, ''મુક્તાનંદ સ્વામીને મહારાજે પૂછ્યું: જે અમે જે જે ધામમાં જઈએ છીએ ત્યાં તે તે ધામમાં તમારાં બહુ વખાણ થાય છે; તે તમારામાં એવી શી **મોટપ** છે તે સર્વે તમારાં વખાણ કરે છે ?' એમ કહીને બોલ્યા જે 'આ તૂંબડી ફૂટી જાય તો સાજી કરતાં આવડે ?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું; જે 'ના મહારાજ' ત્યારે મહારાજે કહ્યું: જે 'તમે તમારી મોટપને જાણતા નથી.' એમ કહીને બોલ્યાં જે 'લ્યો અમે જ કહીએ' એમ કહીને કહ્યું: જે 'આ પચાસ કોટિ યોજન પૃથ્વી છે; તેથી દશગણું જળ છે; તેથી દશગણું તેજ છે; તેથી દશગણો વાયુ છે; તેથી દશગણો આકાશ છે, તેથી દશગણો અહંકાર છે, તેથી દશગણું મહત્તત્ત્વ છે, તેથી દશગણા પ્રધાનપુરુષ છે, તેથી અનંત ગણા પ્રકૃતિપુરુષ છે ને તે પ્રકૃતિપુરુષ થકી પર અક્ષરધામ છે; તે ધામમાંથી **લાખ મણ લોઢાનો ગોળો** પડતો મૂકીએ, તો, **વાયુને લેરખે ઘસાતો ઘસાતો** પૃથ્વી ઉપર આવે ત્યારે **રજ ભેળો રજ** થઈ જાય; એટલું છેટું છે. પણ જો આંહી અલ્પ જેવો જીવ હોય ને તેને તમે એમ ધારો: જે આ જીવ આઠ આવરણ પાર અક્ષરધામમાં જાય, તો તત્કાળ જાય જેમ જંતરડામાં ઘાલીને પાણો ફગાવી નાખે, એવું તમારા કાંડાને વિષે બળ છે; પણ તેને તમે જાણતા નથી.' એમ કહીને કહ્યું: જે 'એવી મોટપ તમમાં આવી છે, તેનું **કારણ** કહું તે તમે સાંભળો : જે 'સર્વ થકી પર જે અક્ષરધામ તેને વિષે વિરાજમાન એવા જે ભગવાન તેનો તમારે **સાક્ષાત્કાર સંબંધ** થયો છે.' એવી રીતે ઘણી વાર્તા કરી.



## સભા - ૧૦

તે સમે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારનાં શાસ્ત્રમાં કહ્યાં છે, પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય? તે એવો એક ઉપાય કહો.'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એકજ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દૃઢ આશરો એજ એક સર્વે સાધનમાં મોટું સાધન છે, તેણે કરીને ભગવાન રાજી થાય છે અને તે આશરો અતિ દૃઢ જોઈએ જેને વિષે કાંઈ પોલ રહે નહિ. તે આશરાના ત્રણ ભેદ છે, એક મૂઢપણે કરીને ભગવાનનો આશ્રય થાય છે, તે અતિ મૂઢ હોય તેને બ્રહ્મા જેવો હોય તે આશ્રયમાં ડોલાવે તોયપણ ડોલે નહિ, અને બીજો પ્રકાર એ છે જે, ભગવાનમાં જે પ્રીતિ તેણે કરીને ભગવાનનો દૃઢ આશરો થાય છે, તે જેને દૃઢ પ્રીતિ હોય તે પરમેશ્વરને મુકીને બીજા પદાર્થમાં જોરાવરી પ્રીતિ કરે તોય પણ થતી નથી. એવી રીતે જેને દૃઢ પ્રીતિ હોય તે પ્રીતિએ કરીને ભગવાનનો દૃઢ આશરો કહેવાય અને ત્રીજો પ્રકાર એ છે જે, જેને બુદ્ધિ વિશાળ હોય તે ભગવાનનું સગુણ નિર્ગુણપણું તથા અન્વય વ્યતિરેકપણું તેને સમજતો હોય અને ભગવાનની માયા થકી જે જે સર્ગ થયો છે તેને સમજતો હોય અને ભગવાનના જે પૃથ્વીને વિષે અવતાર થાય છે તેની રીતને સમજતો હોય અને જગતની ઉત્પત્તિ કાળે ભગવાન જે પ્રકારે અક્ષરરૂપે વર્તે છે તથા પુરુષ પ્રકૃતિરૂપે વર્તે છે તથા વિરાટ પુરુષરૂપે વર્તે છે તથા બ્રહ્માદિકપ્રજાપતિ રૂપે વર્તે છે તથા જીવના કલ્યાણને અર્થે નારદ સનકાદિકરૂપે વર્તે છે એ સર્વે રીતને સમજી જાણે અને પુરુષોત્તમ ભગવાનને સર્વથી પર ને નિર્વિકાર સમજતો હોય, એવી રીતે જેની દૃષ્ટિ પહોંચતી હોય, તેને બુદ્ધિએ કરીને ભગવાનનો દૃઢ આશરો છે તે બીજાનો ટાળ્યો ટળે નહિ ને પોતાનો પણ ટાળ્યો ટળે નહિ. અને ભગવાન મનુષ્ય દેહને ગ્રહણ કરીને સમર્થ પણે અથવા અસમર્થ પણે વર્તતા હોય તો તેને દેખીને તેની બુદ્ધિને વિષે ભ્રાંતિ થાય નહિં'' એમ કહીને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ''કહો તો તમને એક પ્રશ્ન પૂછું''

ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે "પૂછો મહારાજ" પછી એમ પૂછ્યું જે. અમે કહ્યાં જે ત્રણ અંગ તેમાં તમારું કયું અંગ છે ? અને એ ત્રણ અંગ ભગવાનના ભક્તને મિશ્રિત હોય પણ તેમાં જે અંગ પ્રધાન હોય તેનું તે અંગ કહેવાય, માટે મૂઢપણું, પ્રીતિ અને સમજણ એ જે ત્રણ અંગ તેમાં તમારું કયું અંગ છે ?

**પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, "અમારે તો સમજણનું અંગ છે." અને બીજા સાધુએ પણ જેને જે અંગ હતાં તે કહ્યાં. ઈતિ વચનામૃતમ્ ॥૩૩॥**

ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગ તો કરે છે પણ ઉપરછલો કરે છે ને જીવમાં પ્રેવશ કરાવતા આવડતો નથી ને સત્પુરુષ પાસેથી એવી યુક્તિ પણ શીખતા નથી. તે ઉપરછલો સત્સંગ કેમ જાણવો ? તો **બાહ્યદૃષ્ટિએ કરીને શ્રીજી મહારાજની નવધા ભક્તિ કરે છે પણ હાણ વૃદ્ધિનો અંતરમાં તપાસ કરતા નથી, એને ઉપરછલો સત્સંગ જાણવો.** તેની વિગતિ જે કોઈકને પ્રાકૃત તથા સંસ્કૃત ગ્રંથ ભણવાને વિષે તથા લખવાને વિષે લગની છે ને કોઈકને તો ગાન વિદ્યાદિકને વિષે લગની છે. કોઈકને તો ગૃહસ્થને કથાવાર્તા કીર્તન સંભળાવવાને વિષે લગની છે અને કોઈકને તો ગૃહસ્થ હરિભક્ત સાથે ભાઈબંધાઈ રુપ સુવાણને વિષે લગની છે તથા કોઈકને ધર્મશાળાઓ તથા ફુલવાડી તથા કુવા, વાવ તથા ખેતી કરાવ્યાને વિષે લગની છે. ત્યારે એ સર્વે ભક્તિ તો ખરી, પણ ઉપરછલી કહેવાય છે. કહેતા દેહરૂપ થઈને અહંમમત્ત્વ સોતા કરાય છે. માટે સત્પુરુષને સંગે કરીને ધર્મજ્ઞાનાદિક જીવને વિષે પ્રવેશ કરાવીને સાધુ થતાં આવડતું નથી ને સાધુ તો, તો થવાય જો મનગમતા વિષયની પ્રાપ્તિયે કરીને મન ટાઢું ન થાય અને અપ્રાપ્તિયે કરીને ઉનું ન થાય તો. એ વાર્તા શ્રીજીએ વચનામૃતમાં પણ કહી છે જે, 'દેહરૂપ થઈને રૂપ કુરૂપને તથા બાળજોબન આદિક અનંત પદાર્થને જુએ છે ને શ્રોત્ર, ત્વક્, રસના ઘ્રાણે કરીને પણ વિષયસુખને ભોગવે છે ને જાણે છે પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો પણ નથી એજ સર્વે અજ્ઞાનીમાં અતિશે



અજ્ઞાની છે એજ ઘેલામાં અતિશે ઘેલો છે ને એજ મૂરખમાં અતિશે મૂરખ છે ને એજ સર્વે નીચમાં અતિશે નીચ છે,' જે અંતર સન્મુખ દૃષ્ટિ કરીને પોતાના રૂપને જોતો નથી ને સત્સંગનો જીવમાં પ્રવેશ કરાવતો નથી.

અને વિષયમાં રાગ છે તેતો ત્યારે ટળે, જ્યારે ઈંદ્રિયો અંતઃકરણ એ સર્વેનો નિષેધ કરીને **આત્મસત્તારૂપ થઈને જીવમાં ભગવાનની મૂર્તિ ધારે તો ધીરે ધીરે એ રાગ ટળી જાય પણ તે વિના ન ટળે.** તે ઉપર વિજ્ઞાનદાસજીની વાત કરી જે તે બાહેર ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા ત્યારે તેને વિષયમાં રાગ રહેતો ને જ્યારે જીવમાં ધ્યાન કરવા માંડ્યું ત્યારે રાગ માત્ર ટળી ગયા.

નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'પંચવિષયને કેમ ભોગવવા ?' ત્યારે સ્વામી બોલ્યા જે, જેમ કોઈક વૈરી મોટો મનુષ્ય હોય ને તે પોતાને ઘેર મેમાન થાય તો તેને સાકરનાં સિધાં આપવાં પડે છે પણ અભાવ સોતાં આપે છે. એમ વિષય ભોગવવાને વિષે દેહને પ્રવર્તાવવું.

અને વળી 'મળમૂત્રના ભર્યા થકા પૂજા ન કરવી ને નાહી ધોઈને પૂજા કરવી. એમ શ્રીજી મહારાજે વચનામૃતમાં[૩] કહ્યું છે માટે આત્મસત્તારૂપે થઈને લોભ, કામ, રસાસ્વાદ, માન, ક્રોધ, ઈર્ષ્યા, કપટ, હિંસા, મત્સર ઈત્યાદિક જે અધર્મસર્ગ તેને કાઢીને ધર્મસર્ગ જે જ્ઞાન, વૈરાગ્ય, શમ દમાદિક ગુણ તેને જીવને વિષે પ્રવેશ કરાવવાને અર્થે વારંવાર તપાસ કર્યા કરવો જે મારે વિષે સાધુના ગુણ કેટલા આવ્યા છે ને કેટલા આવ્યા નથી. ને શ્રીજીનો કેટલો વિશ્વાસ છે ને નૈષ્ઠિક ને અહિંસાધર્મ ને જ્ઞાન, વૈરાગ્ય ને શ્રીજીનું મહાત્મ્યે સહિત જ્ઞાન ને સત્પુરુષનો મહિમા કેટલો આવ્યો છે ને કેટલો નથી આવ્યો?' એમ તપાસ કરીને પાયો પાકો કરવો. કહેતાં અસદ્‌ભાવને અંતરમાંથી કાઢીને જીવને વિષે સત્સંગનો વેગ લગાડી દેવો. એમ નિરંતર વિચાર કર્યા કરવો ને એમાં વૈરાગ્ય પામવો નહિ. એવી રીતે તપાસ કર્યા

કરાવી ને એમ તપાસી ને જો ન વર્તે ને ઉપરછલો વર્ત્યા કરે ને તેને કોઈક કારસો આવે તો સત્સંગને વિષે પગ ટકે નહિ. ને એમ કહે જે 'આણે કારસો કર્યો' પણ પોતાની ભૂલ તો જુવે જ નહિ.

સ્વામીએ વાત કરી જે, બીજે જીવ કયાંય અટકતો નથી; ને મહારાજને પુરુષોત્તમ કહેવા તેમાં અટકે છે. પછી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યું : જે, ''**મહારાજના ચરિત્ર દીઠાં સાંભળ્યાં હોય, તોય કહેતાં લખતાં અટકે છે કેમ ?**'' પછી સ્વામી બોલ્યા જે, એક ઘોડાનો સ્વપ્નમાં પગ ભાંગ્યો, તે જ્યારે જાગ્યો ત્યારે તોળીને ઊભો પણ પગ માંડે નહિ; પછી વૈદ્યને દેખાડ્યો, ત્યારે વૈદ્યે કહ્યું : જે આ ઘોડાનો પગ ભાંગ્યો નથી,તેમ કાંઈ માંદો થયો નથી; એને તો સ્વપ્ન થયું છે તે પગ તોળીને ઊભો છે. ત્યારે પૂછ્યું જે એનું કેમ કરવું? ત્યારે તેણે કહ્યું, જે બસે ઘોડાં સાબદાં કરો, ને તોપોના ને બંદૂકોના ભડાકા કરવા માંડો, એટલે ચમકશે ત્યારે સ્વપ્ન થયું છે તે મૂકી દેશે. તેમ એને **શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ** પડી છે, તે આમને આમ નિરંતર ધડાકા ને પડકારા કરશું તો મૂકી દેશે; એટલી વાત કરીને પછી રઘુવીરજી મહારાજ ગાદી ઉપર **ચંપાના ત્રણ ફૂલ** મૂકીને બોલ્યા : જે ''કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે, ને કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતા નથી.'' એમ મર્મમાં વાત કરી. પછી સ્વામીએ **ત્રીજું ફૂલ** હતું તે અચિંત્યાનંદ બ્રહ્મચારીને દીધું. પછી રઘુવીરજી મહારાજે કહ્યું જે, 'સ્વામી ! પારસા આવ્યા કે ? (પારસી કરીને–ઈશારતથી સમજાવ્યા કે ?) એમ કહીને જમવા પધાર્યા.



## સભા - ૧૧

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અમે સાંખ્યાદિક શાસ્ત્રના વિચારે કરીને એમ નિશ્ચય કર્યો છે જે, માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકારમાત્ર તે સર્વે મિથ્યા છે. કેમ જે, એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે. અને ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે. તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે. અને તે અક્ષરધામને વિષે રહ્યા જે એ ભગવાન તે જે તે મુક્તપુરુષ તેમણે દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર તેણે કરીને સેવ્યા થકા ને તે મુક્તપુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે. અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે. ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વ કારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે, અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.''

અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, ''એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા ઊઠ્યાની વાસના, તથા રસને વિષે જિહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ. માટે જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા, ને નિવૃત્તિ પર થવું, ને બરોબરીયાની સોબત ન રાખવી, ને દેહાભિમાને રહિત ને

વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય, એવા જે ભગવદ્ ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન, કર્મ, વચને વર્તવું. ને વિષયના સંબંધથી તો છેટે જ રહેવું પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થવા દેવો નહિ. ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહિ એ સિદ્ધાંત વાર્તા છે.'' ઈતિ વચનામૃતમ્ ॥૩૮॥ ૨૭૨ ॥

વળી સ્વામીએ વાત કરી જે : શ્રીજી મહારાજે એક દિવસ આનંદસ્વામી, મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી એ ત્રણને પૂછ્યું : જે ''અમે તમને જે જે આજ્ઞા કરીએ જે આ **પ્રવૃત્તિની ક્રિયા** કરો; ત્યારે કેમ કરો ?'' ત્યારે પ્રથમ આનંદસ્વામીએ કહ્યું : જે ''જેમ તમે કહો તેમ કરીએ.'' ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : જે ''હૃદયમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢું ત્યારે ક્રિયા થાય; ને તે વૃત્તિ એક વેંત બહાર કાઢી હોય તેને હાથ પાછી વાળું ત્યારે સુખ થાય.'' ત્યારે સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું : જે 'તમે કેમ કરો ?' ત્યારે તે બોલ્યા જે 'જે ક્રિયા કરવાને જોવા જાઉં, તો તે પદાર્થ ટળી જાય ને તમારી મૂર્તિ દેખાય' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : જે **'પદાર્થ ટળી જાય ને મૂર્તિ દેખાય** એ સર્વેને માન્યામાં આવતું નથી.' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા : જે 'જેમ તીરમાં લીંબુ ખોસ્યું હોય ને તે તીરને જેમનું કરીએ તેમનું તે તીરમાં લીંબુ દેખાય; તેમ વૃત્તિમાં ભગવાન રહ્યા છે ને તે વૃત્તિને જેમની કરીએ તેમની કોરે ભગવાન દેખાય છે.' પછી શ્રીજી મહારાજે કહ્યું : જે 'ત્રણેનાં અંગ જુદાંજુદાં જણાય છે, માટે આનંદસ્વામીએ મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરવો; ને મુક્તાનંદ સ્વામીએ સ્વરૂપાનંદ સ્વામીનો સમાગમ કરવો. એમ કરે તો **એકબીજાની કસર ટળે**.' એમ ઉત્તમ મધ્યમ ને કનિષ્ટ ભેદ છે.

અને વળી સ્વામીએ વાત કરી જે, ભગવાનના અવતાર માત્રમાં ચમત્કાર તો **ચમકપાણ** જેવો છે. તેમાં કેટલાક મણ જેવા છે; ને કેટલાક તો દશ મણ જેવાં છે; ને કેટલાક તો સો મણ જેવા છે; ને કેટલાક તો લાખ મણ જેવા છે. તેમાં જે મણ ચમક હોય તે આ



મંદિરનું લોઢું હોય તેને તાણે; ને દશ મણ ચમક હોય તે તો આખા શહેરનાં લોઢાને તાણે; ને સો મણ ચમક હોય તો આખા દેશનાં લોઢાને તાણે, ને લાખ મણ ચમક હોય તો આખા પરગણાનાં લોઢાને તાણે, ને **આજ તો બધો ચમકનો પર્વત આવ્યો છે;** નહિ તો બધું બ્રહ્માંડ કેમ તણાઈ જાય ? એમ વાત કરીને બોલ્યા : જે પૂર્વના અવતારમાં જેવું ઐશ્વર્ય છે તેમાં તેટલા જીવ તણાણા છે, ને **આજ તો સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ એવા જે પુરુષોત્તમ તે જ પધાર્યા છે;** તેને જોઈને તો અનંત ધામના પતિ ને તે તે ધામના મુક્ત તે પોતાની મૂર્તિને વિષે તણાઈ ગયા ! જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ.

પછી એક હરિજન સામું જોઈને બોલ્યા : જે 'તમારે મૂર્તિ તો છે, પણ મંદિર વિના પધરાવશો ક્યાં ? માટે ભગવાન પધરાવવા હોય તો આમાં કહ્યું એવું મંદિર કરવા શીખો, તો ભગવાન રહે' એમ કહીને બોલ્યા જે, આ મંદિર સારુ મૂર્તિયું લેવા ગયા ત્યારે સલાટે કહ્યું જે, 'કેવી મૂર્તિઓ કાઢી આપું ?' ત્યારે સાધુએ કહ્યું જે 'આ નકશા પ્રમાણે કાઢી આપો' ત્યારે સલાટે કહ્યું જે, **'લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે એવી મૂર્તિઓ શોભે'** પછી સાધુએ કહ્યું જે, 'મંદિર પ્રમાણે જ મૂર્તિઓ લેવા આવ્યા છીએ' ત્યારે કહે : જે 'તો કાઢી આપું' પછી સલાટે મૂર્તિઓ કાઢી આપીયું[૨]. તેમ આપણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમ ભગવાન પધરાવશું ક્યાં ? માટે **પુરુષોત્તમ ભગવાન પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું.** એમ કહીને ઊઠ્યા. પછી એક હરિજનનું કાંડું ઝાલીને ચાલ્યા, પછી તેને કહ્યું : જે ખબરદાર સંકલ્પ કર્યા છે તો ! ત્યારે તે ભક્તના સંકલ્પ બંધ થઈ ગયા ! પછી તેને કહ્યું જે, આમ નિરંતર રહેવાય તો સંશયગ્રંથી, કર્મગ્રંથી, ઈચ્છાગ્રંથી, મમત્વગ્રંથી, ને અહંગ્રંથી આદિક અનેક પ્રકારની ગ્રંથીઓ નાશ પામી જાય છે ને નિરંતર ભગવાનમાં રહેવાય છે.

પછી વળી સ્વામીએ વાત કરી જે, પ્રભુ ભજવા દેહ તો ધર્યો છે, પણ **પંચવિષય છે તે દમઘોષના દીકરા જેવા છે;** તે **ભગવાનને વરવા દેતા નથી** એવા ભૂંડા છે. ત્યારે પૂછ્યું : જે રૂકમણિજી એકવાર ભગવાનના ગુણ સાંભળીને બોલ્યા જે 'વરૂં તો ભગવાનને વરૂં નીકર જીભ કરડીને મરૂં પણ દમઘોષનો દીકરો જે શિશુપાળ તેને ન વરૂં' એમ બોલ્યાં, ને આજ તો મહારાજ ને મોટા સાધુ નિરંતર કહે છે; તોય ભગવાનને મૂકીને બીજાને કેમ વરાય છે ? ત્યારે સ્વામી બોલ્યા; જે આપણે ભગવાન વરવા દેહ ધર્યો નથી; ને રૂકમણિએ તો ભગવાનને વરવા દેહ ધર્યો હતો, ને આપણને તો મહારાજનો ને મોટા સાધુનો યોગ થયો છે; તે **હમણા તો ભગવાનમાં રહેવું કઠણ પડે છે. પણ પછી તો નીસરવું કઠણ પડશે;** એવો **સત્સંગનો પ્રતાપ** છે. ત્યારે પૂછ્યું : જે, આ દેહ મૂક્યા પછી કેવું થવાશે ? ત્યારે સ્વામી બોલ્યાઃ જે, વ્યાપકાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી જેવા તો થવાશે; એવો મહારાજનો ને મોટા સાધુનો પ્રતાપ છે.

विद्याविद्ये मम तनू विद्धयुद्धव शरीरिणाम् ।
मोक्षबन्धकरी आद्ये मायया मे विनिर्मिते ॥

અને 'માની પ્રકૃતિ હોય ને વળી માન મળતું હોય તેનું માન કેમ ટળે?' તેનો ઉત્તર જે વૈરાટપુરુષની તથા પ્રધાનપુરુષની તથા મૂળપુરુષની સામર્થીને જુવે ને તપાસ કરે જે એમના જેવી સામર્થી મારામાં કેટલી છે જેથી હું માન રાખું છું ? એમ વિચાર કરે તો માન ટળી જાય, ને વળી શ્રીહરિ મહારાજના જે મોટા મોટા સાધુ શતાનંદમુનિ તથા સ્વરૂપાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી તથા હરિભક્ત પર્વતભાઈ, એમના જેવી સામર્થી હુંમાં કેટલી છે ? એમ વિચારે તો પણ માન રહે નહિ.



## સભા - ૧૨

તે સમે શ્રીજીમહારાજ સર્વે હરિભક્ત સામું જોઇને ઝાઝી વાર વિચારી રહ્યા અને પછી એમ બોલ્યા જે સાંભળો વાત કરીએ છીએ જે, જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, ''પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું, ને પછી આવું હતું, અને આટલી ભગવાનની વાસના હતીને આટલી જગતની હતી,'' એમ વર્ષો વર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઇ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી, અને એમ વિચારે નહિ ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહિ. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકવી દઇએ, તો તે દેતાં કઠણ ન પડે ને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે, તેમ નિરંતર વિચાર કરવો, અને મન છે તે જગતની વાસનાએ કરીને વાસિત છે, જેમ ફૂલે કરીને તિલ વસાય છે, તેમ મનને ભગવાનનાં જે ચરિત્ર તેનું જે મહિમાએ સહિત નિત્ય સ્મરણ તે રૂપ ફુલને વિષે વાસવું. અને ભગવાનનાં ચરિત્રરૂપ જાળાને વિષે મનને ઘુંચવી મેલવું અને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા એક સમ્યો ને બીજો કરવો, બીજો સમ્યો ને ત્રીજો કરવો, એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહિ.'' એમ કહીને ભૂતનું દૃષ્ટાંત વિસ્તારીને કહી દેખાડ્યું ને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, એવી રીતે ભગવાનનાં જે ચરિત્ર તથા વાર્તા તથા દર્શન તે એક દિવસનાં જો સંભારવા માંડે તો તેનો પાર ન આવે. તો સત્સંગ થયાં તો દશ, પંદર વર્ષ થયાં હોય તે એનો તો પાર જ ન આવે, અને તે એવી રીતે સંભારવાં, જે આ ગામમાં આવી રીતે મહારાજ તથા પરમહંસની સભા થઇ અને આવી રીતે મહારાજની પૂજા થઇ, ને આવી રીતે વાર્તા થઇ, ઈત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તેને વારંવાર સંભારવાં, અને જે ઝાઝું ન સમજતો હોય તેને તો એમ કરવું એજ શ્રેષ્ઠ ઉપાય છે, એ જેવો બીજો નથી, ત્યારે તમે કહેશો જે અન્ન થોડું ખાઇએ તથા ઘણા ઉપવાસ કરીએ તો તે અમે કહેતા નથી. એ તો જેમ જેના નિયમ કહ્યા છે તે પ્રમાણે સાધારણપણે રહેવું, અને કરવાનું તો આ અમે તમને કહ્યું તે છે. અને અમે તો એમ માન્યું છે જે, મન નિર્વાસનિક જોઇએ અને દેહે કરીને ગમે તેટલી

પ્રવૃત્તિ હોય ને તેનું મન જો શુદ્ધ છે તો તેનું અતિ ભુંડું થાય નહિ, અને બહાર લોકમાં તો તે પ્રવૃત્તિવાળાનું ભૂંડા જેવું જણાય, અને જેને મનમાં વાસના હોય ને તે બાહેર સારી પેઠે નિવૃત્તિપરાયણ વર્તતો હોય, તો તેનું બહાર લોકમાં તો સારું જણાય પણ તેના જીવનું અતિ ભૂંડું થાય, કેમ જે મુવા ટાણે તો જેવા મનમાં સંકલ્પ હોય તેવા સ્ફૂરી આવે. જેમ ભરતજીને અંતકાળમાં મૃગનું બાળક સ્ફૂરી આવ્યું ત્યારે તે મૃગને આકારે થઈ ગયા, અને પ્રથમ રાજ્ય મેલ્યું હતું અને ઋષભદેવ ભગવાન તો પોતાના બાપ હતા તો પણ એમ થયું. માટે મને કરીને નિર્વાસનિક રહેવું એ અમારો મત છે. અને જે ઉપવાસ કરવા તેણે કરીને દેહ દુર્બળ થાય ત્યારે મન દુર્બળ થાય તો ખરું, પણ જ્યારે દેહ પુષ્ટ થાય ત્યારે વળી મન પુષ્ટ થાય, માટે દેહે કરીને ત્યાગ ને મને કરીને ત્યાગ એ બે ભેળાં જોઈએ, અને જેને મનમાં ભગવાનના ઘાટ થતા હોય અને જગતના ઘાટ ન થતા હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે, અને એવો જે ન હોય તે નાનેરો છે. અને ગૃહસ્થ હોય તેને પણ દેહે કરીને વ્યવહાર કરવો, અને મને કરીને તો ત્યાગીની પેઠેજ નિર્વાસનિક રહેવું ને ભગવાનનું ચિંતવન કરવું, અને વ્યવહાર તો ભગવાનને વચને કરીને રાખવો, અને મનનો ત્યાગ સાચો ન હોય તો જનક જેવા રાજા હતા ને રાજ્ય કરતા ને મન તો મોટા યોગેશ્વરના જેવું હતું. તે માટે મને કરીને જે ત્યાગ તે જ ઠીક છે. અને જે પોતાના મનમાં ભુંડા ઘાટ થતા હોય તે કહેવા. પણ ''જેમ કૂતરાનું મુખ કૂતરો ચાટે'' તથા ''સર્પને ઘેર પરોણો સાપ, મુખ ચાટીને વળિયો આપ'' તથા રાંડીને પાસે સુવાસણી સ્ત્રી જાય ત્યારે તે કહે જે, આવ્ય બાઈ હું જેવી તું પણ થા, તેમ પોતાની પેઠે જેને ભુંડા ઘાટ થતા હોય તેની આગળ જે ઘાટ કહેવા તે તો આ દૃષ્ટાંત દીધાં એમ છે. માટે ઘાટ કેને કહેવો ? તો જેના મનમાં કોઈ દિવસ જગતનો ભુંડો ઘાટ ન થતો હોય એવો બળિયો હોય તેની આગળ કહેવો. અને એમ ઘાટ ન થાય એવા પણ ઘણા હોય તેમાંથી પણ એવાને ઘાટ કહેવો જે, તે ઘાટને સાંભળીને તે ઘાટ ઉપર વાત કરે, તે જ્યાં સુધી કહેનારાનો તે ઘાટ ટળી જાય ત્યાં સુધી બેસતો, ઉઠતો, ખાતો, પીતો, સર્વ ક્રિયામાં વાત કર્યા કરે અને તેના ઘાટ ટાળ્યામાં કેવી ચાડ હોય તો જેમ પોતાના ઘાટને ટાળ્યાની ચાડ હોય તેવી હોય એવા આગળ ઘાટ કહેવો. અને જેની



આગળ ઘાટ કહીએ ને તે આવી રીતે વાતતો ન કરે ને પોતે આળસુ હોય તો શો સમાસ થાય ? માટે એવી રીતે પોતાના મનનો ઘાટ કહીને તે ઘાટને ટાળી નાખીને પોતાના મનને વિષે કેવળ ભગવાનના ઘાટ કર્યા કરવા ને જગતના સુખથી નિર્વાસનિક થવું, અને એકાદશીનો ઉપવાસ કરવો તેનું શું લક્ષણ છે ? તો દશ ઈન્દ્રિયો ને અગિયારમું મન તેમને પોતપોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવાં તેને એકાદશીનું વ્રત કર્યું કહેવાય, અને એવું વ્રત તો ભગવાનના ભક્તને નિરંતર કરવું. અને એવી રીતે જેનું મન નિર્વાસનિક ન હોય, ને દેહે કરીને તો વ્રત, તપ કરે તોપણ તેનું અતિશે સારું થતું નથી, માટે જે ભગવાનનો ભક્ત હોય તેને પોતપોતાના ધર્મમાં રહીને, તે ભગવાનનું માહાત્મ્ય સમજીને પોતાના મનને નિર્વાસનિક કરવાનો નિત્યે અભ્યાસ રાખવો,'' એમ વાર્તા કરી.

એ શ્લોકને વિષે વિદ્યા ને અવિદ્યા એ બેયે કરીને બંધ મોક્ષ કહ્યા છે.' તે વિદ્યા ને અવિદ્યા તે શું ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'વિદ્યા જે ધર્મને વિષે વર્તવું, જ્ઞાન શીખવું, વૈરાગ્ય શીખવો ને શ્રીજી મહારાજનો ને મોટા સંતનો મહિમા શીખવો ને નવ પ્રકારની ભક્તિ કરતા શીખવી અને શમદમાદિક સાધન શીખવાં ઈત્યાદિક સર્વે વિદ્યાશક્તિ કહેવાય છે. ને પંચવિષયને વિષે રાગ રાખવો ને દેહાભિમાન સોતા વર્તવું ઈત્યાદિક સર્વે અવિદ્યાશક્તિ કહેવાય છે. અને અવિદ્યાને વિષે જે વિદ્યા જણાય છે તે પણ અવિદ્યાજ છે. ને તે અવિદ્યા પણ બે પ્રકારની છે. તે અજ્ઞાની જીવમાત્રને વિષે ને ઐશ્વર્યાર્થીને વિષે રહી છે. ને તે અજ્ઞાનીમાં જે વિદ્યા જણાય છે તે શું ? તો યજ્ઞ, દાન, પુણ્ય, વેદાધ્યયન, તીર્થ વ્રતાદિક જે જે શુભ ક્રિયા કરે છે તે સર્વે ફળ પામવાની ઈચ્છાએ સહિત કરે છે માટે એ વિદ્યા પણ અવિદ્યા જ છે, ને જે ઐશ્વર્યાર્થી છે તેને વિષે જે વિદ્યા જણાય છે તે પણ અવિદ્યા જ છે. કેમ જે એ સકામ ભક્ત છે માટે, ને તે ઐશ્વર્યાર્થી તો સનકાદિકથી લઈને પ્રધાનપુરુષ પર્યન્ત કહેવાય છે માટે જે ભક્તની ઈંદ્રિયોની વૃત્તિયું આત્મા કે પરમાત્માને સન્મુખ વર્તે છે ને વિષયને

વિષે દોષના ધ્યાને યુક્ત વર્તે છે તે ભક્ત જે તે વિદ્યાશક્તિએ યુક્ત કહેવાય છે ને જે ભક્તની ઈંદ્રિયોની વૃત્તિઓ બાહેર વર્તે છે ને વિષયને વિષે ગુણના ધ્યાને યુક્ત વર્તે છે તે ભક્ત જે તે અવિદ્યા શક્તિએ યુક્ત કહેવાય છે, ને જે હરિભક્ત એમ નથી સમજતા ને નિશ્ચયનું કે મહિમાનું બળ લઈને સ્વભાવને ટાળતા નથી. ને જે હરિભક્ત શ્રીજી મહારાજની કે સત્પુરુષની બીક રાખીને, ને ભગવાનને અંતર્યામી જાણીને પ્રકૃતિને ટાળે છે એ બેયને સરવાળે બહુ ફેર પડે છે ને હમણાં તો સરખા જણાય છે, **જેમ બે નાવ સમુદ્રમાં જાતાં હોય તેમાં સુકાનને લગાર લગાર મરડ્યા કરે તો આગળ જાતાં સો બસો ગાઉનો ફેર પડી જાય છે. તેમ જે સ્વભાવ ટાળતો હોય ને ટાળતો ન હોય તેમાં પણ એમ ફેર પડે છે.** ને કેવળ વિદ્યાશક્તિયે યુક્તતો શ્વેતદ્વીપના મુક્ત તથા બદરિકાશ્રમના મુક્ત વર્તે છે. ને તે કર્તા કર્મ ને ફળના સંગને વિષે આસક્તિયે રહિત વર્તે છે. અને જો કદાચિત્ દેશકાળાદિકના વિષમપણાયે કરીને એ મુક્તોને પણ પંચવિષયને વિષે સન્મુખપણું ને ગુણનું ધ્યાન થઈ જાય તો તેને પણ વિદ્યાને વિષે અવિદ્યા કહેવાય ને જે **અક્ષરધામના મુક્ત છે તેતો ગુણાતીત વર્તે છે માટે એ નિર્ગુણ કહેવાય છે.** ને જે આ વાર્તાને શ્રવણ, મનન અને નિદિધ્યાસ; તેણે કરીને યથાર્થ સમજ્યો હોય ને તે જો થોડાક દિવસનો હરિભક્ત હોય તોપણ તે સંગ કુસંગને ઓળખે છે ને તેમાં લેવાતો નથી.

અને **ધર્મજ્ઞાનાદિક ગુણને વિષે જ્યાં સુધી રુચિ નથી ત્યાં સુધી તે પાકો સત્સંગી ન કહેવાય.** માટે સત્પુરુષને સંગે કરીને એ ગુણને વિષે પક્વ રુચિ કરવી.



## સભા - ૧૩

તે કેડે શ્રીજી મહારાજ બોલ્યા જે, સર્વે સાવધાન થઈને સાંભળો, એક વાર્તા કરીએ છીએ. ત્યારે સર્વે મુનિ તથા હરિભક્ત બોલ્યા જે, હે મહારાજ! કહો. ? પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રીનરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું, તે પૂજજો, અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે. અને શ્રીમદ્‌ભાગવતને વિષે પણ અષ્ટ પ્રકારની મૂર્તિ કહી છે. માટે ચિત્રમૂર્તિ પણ અતિ પ્રમાણ છે, અને અમારી આજ્ઞા પણ છે. માટે હરિભક્ત માત્રને પ્રાતઃકાળમાં સ્નાન કરીને શ્રીનરનારાયણની પૂજા કરવી, અને પૂજા કર્યા પછી પ્રદક્ષિણા કરવી, અને સાષ્ટાંગ પ્રણામ કરવા, પછી ભગવાન પાસે એમ માગવું, જે હે મહારાજ ! અમારી કુસંગ થકી રક્ષા કરજો. તે કુસંગ ચાર પ્રકારનો છે. એક તો કુંડા પંથી, બીજા શક્તિપંથી, ત્રીજા શુષ્કવેદાંતી અને ચોથા નાસ્તિક, એ ચાર પ્રકારનો કુસંગ છે. તેમાં જો કુંડા પંથીનો સંગ થાય તો વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે. અને જો શક્તિપંથીનો સંગ થાય તો દારૂ માંસ ખવરાવીને સ્વધર્મ થકી ભ્રષ્ટ કરે. અને જો શુષ્કવેદાંતીનો સંગ થાય તો **ભગવાનનું ધામ તથા ભગવાનનો જે સદા દિવ્ય આકાર તથા ભગવાનના અવતારની મૂર્તિઓના જે આકાર તે સર્વને ખોટા કરીને ભગવાનની ભક્તિ ઉપાસના તે થકી ભ્રષ્ટ કરે.** અને જો નાસ્તિકનો સંગ થાય તો કર્મનેજ સાચાં કરીને પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમને ખોટા કરી દેખાડે, અને અનાદિ સત્શાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે. માટે ભગવાનની પાસે માગવું જે, એ ચાર પ્રકારના માણસનો કોઈ દિવસ સંગ થશો નહિ. અને વળી એમ પ્રાર્થના કરવી જે, હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજો. અને નિત્યે તમારા ભક્તનો સમાગમ દેજો. એવી રીતે નિત્યે ભગવાનની પ્રાર્થના કરવી''

અને તમે સર્વે હરિભક્ત એમ મનમાં લાવશોમાં, જે એ તો કાગળ ઉપર ચિત્રામણ છે તે આપણી કેમ કુસંગ થકી રક્ષા કરશે ? એવો ભાવ તો કોઈ દહાડો લાવશોજમાં. કાં જે અમે તો સત્પુરુષ છીએ તે અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખશો તો, અમારે અને નરનારાયણને તો સુધો

મનમેળાપ છે. તે અમે નરનારાયણને કહેશું જે, હે મહારાજ ! જે પંચ વર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે તેમાં તમે અખંડ વાસ કરીને રહેજો. માટે એ નરનારાયણ દેવ છે તેને અમે સ્નેહરૂપી પાસે બાંધીને અમે જોરાવરી રાખીશું. માટે તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે, એ મૂર્તિ તે શ્રીનરનારાયણ દેવ પંડે જ છે. એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશો માં અને પ્રાતઃકાળમાં સ્નાન કરીને ભગવાનની પૂજા કરવી અને પછી બીજો ધંધો કરવો. અને જ્યાં સુધી પંચવર્તમાનમાં રહીને એ નરનારાયણ દેવની પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિને વિષે શ્રીનરનારાયણ વિરાજમાન રહેશે. એ અમારી આજ્ઞા છે. તે સર્વે દૃઢ કરીને માનજો. એવી રીતે શ્રીજી મહારાજ બોલ્યા તે વચન સર્વે હરિભક્તે માથે ચઢાવ્યાં. ઈતિ વચનામૃતમ્ ॥૪૮॥

નૃસિહાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'આસ્તિક કેને કહીએ ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'જેને શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા તેમના અવતાર તથા તેમનાં ધામ તથા તેમના એકાંતિક સાધુ તથા વેદાદિક સત્શાસ્ત્ર એ સર્વેના સત્યપણાનો વિશ્વાસ હોય તેને આસ્તિક મતિવાળો ભક્ત કહીએ.

સ્વામીએ એક દિવસ શિવલાલને કહ્યું : જે 'આજ ક્યાં ગયા હતા?' પછી હાથ જોડીને કહ્યું : જે 'આજ તો શહેરમાં ગયો હતો, તે ત્યાંથી **એક રસોઈ** લઈ આવ્યો છું.' પછી સ્વામીએ કહ્યું : રસોઈ કેવી ? ત્યારે શિવલાલે કહ્યું : જે 'સોનું લઈને બીજે દીધું, તેમાંથી દોઢસો રૂપિયા રહ્યા તેની રસોઈ.' ત્યારે સ્વામી બોલ્યા : જે એ તો ઠીક, પણ સોનું લેવાનો સંકલ્પ થયો, પણ કોઈ દિવસ **સો કરોડ મણ ઠૂંસા લઈને કમાણી કરીએ એવો સંકલ્પ** થાય છે? ત્યારે કહ્યું : જે 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા : જે 'મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી તો ઠૂંસાં જ છે; પણ તેમાં કાંઈ માલ જણાતો નથી. ને તમે એટલી ઘડી આવા સાધુનું દર્શન અને વાતુ મૂકીને શી કમાણી કરી ?' એમ કહીને બુદ્ધિનો ડોડ ટાળી નાખ્યો.



અને જીવ કલ્યાણના માર્ગમાં ચાલે છે તો ખરો પણ તેને ઠેશું બહુ વાગે છે તેણે કરીને આડોઅવળો પડી જાય છે જેમ આંધળો મારગ ભૂલીને કુમાર્ગે ચાલે છે તેને જેમ ઠેશું વાગે છે ને તે પડી જાય છે. તેમ વિચાર અને વિવેક વિના સત્ અસત્ સંગને ઓળખતો નથી માટે સત્પુરુષને ઓળખીને તેમનો સમાગમ કરીને પંચવિષય સંબંધી સંકલ્પ વિકલ્પરૂપ જે ઠેશું છે ને દેહાભિમાન સંબંધી જે ભારે સર્વને સત્સંગને પ્રતાપે કરીને ઠેશું છે અને પ્રાણ સંબંધી જે ઠેશ છે તે કાઢીને અતિ શુદ્ધ થાવું જેમ ખેડુ છે તે ખેતરને સમાર દઈને ચોખ્ખું કરે છે તેમ જીવને ચોખ્ખો કરવો.

અને પ્રસાદીનું માહાત્મ્ય સમજતા હોઈએ, તો મોટાના ચરણની રજ લઈને માથે ચડાવવી; પણ રસેયુક્ત જે પ્રસાદી તે તો તેનો ગુણ જણાવે ને વિકાર પણ થાય છે.

એક હરિજને પ્રશ્ન પૂછ્યું : જે, ગોલોકને મધ્યે જે અક્ષરધામ છે એમ સંપ્રદાયના ગ્રંથમાં લખ્યું છે તે કેમ સમજવું ? એ પ્રશ્ન છે, પછી સ્વામી બોલ્યા જે, જેવી જેની સમજણ હોય ત્યાં તેણે અક્ષરધામ માન્યું હોય; તેમાં કેટલાકે તો બદરિકાશ્રમને અક્ષરધામ માન્યું હોય, કેટલાકે તો શ્વેતદ્વીપને અક્ષરધામ માન્યું હોય, કેટલાકે તો વૈકુંઠલોકને અક્ષરધામ માન્યું હોય; કેટલાકે તો ગોલોકને અક્ષરધામ માન્યું હોય પણ જેને મહારાજનો મહિમા જણાય છે તેને જેમ છે તેમ અક્ષરધામ સમજાય છે. તે ઉપર પ્રથમનું ६૩ ત્રેસઠમું વચનામૃત વંચાવીને કહ્યું : જે, જુઓને મહારાજ લખી ગયા છે જે 'જેમ ઝીણાં મચ્છર હોય તેને મધ્યે કીડી હોય તે મોટી દેખાય, ને કીડીને મધ્યે વીંછી હોય તે મોટો દેખાય. ને વીંછીને મધ્યે સાપ હોય તે મોટો દેખાય, ને સાપને મધ્યે સમળા હોય તે મોટી દેખાય; ને સમળાને મધ્યે પાડો હોય તે મોટો દેખાય ને પાડાને મધ્યે હાથી હોય તે મોટો દેખાય; ને હાથીને મધ્યે ગિરનાર જેવો પર્વત હોય તે મોટો દેખાય; ને તે પર્વતને મધ્યે મેરૂ પર્વત મોટો દેખાય ને

મેરૂ જેવા પર્વતને મધ્યે લોકાલોક પર્વત તે અતિશે મોટો જણાય છે, તેમ ગોલોકને મધ્યે અક્ષરધામ છે એમ સમજવું. પણ કાંઈ એક હાથીમાં ગિરનાર પર્વત આવી ગયો એમ નથી. અને બીજા અનંત પર્વતને મૂકીને ગિરનાર પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતને મૂકીને મેરૂ પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતને મૂકીને લોકાલોક પર્વતને ગણ્યો છે તેમ એવી જ રીતે અનંત ધામને મૂકીને અક્ષરધામને કહ્યું છે; પણ કાંઈ ગોલોકમાં અક્ષરધામ આવી ગયું એમ નથી; અને **બીજા ધામની અવધિ કહી છે. પણ અક્ષરધામની તો અવધિ કહી નથી એ સિદ્ધાંત વાત છે.**

અને 'ઉત્તમ વિષય છે તે અતિ કનિષ્ઠ કેમ થઈ જાય ?' એ પ્રશ્નનો ઉત્તર જે, 'એક તો શ્રીજી મહારાજનો મહિમા અતિશે સમજે ને આત્મનિષ્ઠા પણ અતિશે દૃઢ કરે તો જે ઉત્તમ વિષય હોય તે પણ ભગવાનના ભક્તને અતિશે કનિષ્ઠ થઈ જાય છે.'

'શિખર ચણીને મંદિર સંપૂર્ણ ક્યારે થાય ?' એ પ્રશ્નનો ઉત્તર જે, ધર્મજ્ઞાનાદિક ગુણને પુરુષ પ્રયત્ને કરીને જ્યારે અતિપક્વ કરે ને તેણે કરીને નિર્મૂળ વાસના થઈ જાય ત્યારે શિખર ચણીને મંદિર પૂરું થયું કહેવાય ને તે વિના તો અધૂરું જ કહેવાય.

અને શિષ્ય, વાહનાદિકે કરીને તથા ભોજન આચ્છાદનાદિકે કરીને જ આનંદ પામવું એતો બાહેરલું સુખ છે અને તે નાશવંત છે તે કહ્યું છે જે : योन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः તે વાસ્તે અંતરદષ્ટિએ કરીને આત્માને વિષે રહ્યા એવા જે પરમાત્મા શ્રીહરિજી મહારાજ; તેમના ધ્યાને કરીને સુખીયા થાવું અને **પંચ વિષયને વિષે જેવા રાગ ને તૃષ્ણા છે તેવા શ્રીજી મહારાજના મહિમાને વિષે તથા આત્મનિષ્ઠાને વિષે રાખવાં.** ને પંચવિષયમાંથી તો જરૂર ઉખેડવાં ને માયાને વિષે તો એવું વિચિત્રપણું રહ્યું છે તેથી તેમાં દેવ મનુષ્યાદિક સર્વ લોભાઈ રહ્યાં છે પણ અંતે જાતાં તો તે ગોડિયાની બાજી જેવું જ છે એમાં સંશય નથી.



## સભા - ૧૪

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રશ્ન ઉત્તર કરો. પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનને વિષે વૃત્તિ રાખીએ છીએ તેતો સુધી જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે, અને જગતના પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે. તેનું શું કારણ છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહિ. અને તેને તો એજ ફિકર રહે છે જે 'મારે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી તે તો ઘણું કઠણ પડશે.' માટે પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એજ કઠણ છે. અને જે જગતના જીવ છે તેને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી તે ઘણી કઠણ છે. માટે જેને પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહિ. અને તે સત્સંગમાં આવતો હોય તો એ ધીરે ધીરે સંતની વાર્તા સાંભળતાં સાંભળતાં પરમેશ્વરનો ભક્ત થશે.

પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, ''એવી રીતે ભગવાનમાં વૃત્તિ રાખ્યાનું શું સાધન છે.?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, એનું સાધન તો અંતર્દષ્ટિ છે, તે અંતર્દષ્ટિ તે શું ? તો જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઇ રહેવું એ અંતર્દૃષ્ટિ છે. અને તે મૂર્તિ વિના ષટ્ચક્ર દેખાય, અથવા ગોલોક, વૈકુંઠાદિક ભગવાનનાં ધામ દેખાય, તો પણ તે અંતર્દષ્ટિ નહિ. માટે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને, તે સામું જોઇ રહેવું, તેનું નામ અંતર્દષ્ટિ છે, અને તે મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃત્તિ રહે તે સર્વે બાહ્યદષ્ટિ છે. પછી વળી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, હવે તો બે બે જણ થઈને સામસામા પ્રશ્ન ઉત્તર કરો. પછી ઘણી વાર સુધી પરમહંસે પરસ્પર પ્રશ્ન ઉત્તર કર્યા તેને સાંભળતા થકા શ્રીજીમહારાજ તેમની બુદ્ધિની પરીક્ષા કરતા હવા. ઈતિ વચનામૃતમ્ ॥૪૯॥

અને સ્વામીએ નિર્ગુણ સગુણની વાર્તા કરી જે, આચાર્યજી મહારાજ તથા સંત સર્વે જેતે કલ્યાણરૂપ દિગ્વિજય કરવાને અર્થે બ્રહ્માંડમાં વિચરે છે તેમની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ છે કેમ જે તે

ક્રિયાને જે જે જીવ દેખે, સાંભળે ને ચિંતવન કરે વળી જે એમના કોઈક ઉપયોગમાં આવે તે સર્વેનું કલ્યાણ થાય છે માટે એ નિર્ગુણ છે ને સગુણપણું તો જે અહંમમત્વરૂપી માયા પરસ્પર હરિજનમાં રહી છે તે છે. માટે **'એકાંતિક સાધુના સંગે કરીને એ માયાને ટાળીને એકાંતિક થાવું એજ સત્સંગ કર્યાનું ફળ છે.**

અને સ્વામીએ વાત કરી જે, 'આ સર્વે ગરીબ જેવા જણાય છે પણ એક એક બ્રહ્માંડની ક્રિયા કરે એટલી એટલી પ્રવૃત્તિ એ સર્વેને વિષે રહી છે ને **જેને પંચવિષયની વાસના લગાર જો રહી હોય તો જ્યારે તેને સ્વતંત્રપણું આવે ત્યારે સર્વે બ્રહ્માંડના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને ભોગવે તો પણ પૂર્ણ થવાય નહિ.** માટે ધર્મજ્ઞાનાદિક ગુણને વિષે પક્વ રુચિ જો કરી હોય તો જ્યારે એને સ્વતંત્રપણું આવે ત્યારે તે દત્તાત્રેય કે કપિલજી કે શુકજી કે રામાનુજાચાર્ય જેવા થાય. માટે પુરુષપ્રયત્ને કરીને મહિમા પૂર્વક અંગે સહિત ભક્તિ કરવી ને એને વિષે અતિદૃઢ રુચિ રાખવી. એજ સત્સંગ કર્યાનું ફળ છે.

સ્વામીએ વાત કરી જે, અમે જે જે આજ્ઞા કરીએ તે મહારાજની મૂર્તિ આપીએ; પણ જેને જ્ઞાન નહિ તેને એ વાત સમજાય નહિ. ને મહારાજનો ને મોટા સાધુનો એક સિદ્ધાંત છે : તે **મહારાજને તો પોતાની મૂર્તિનું જ સુખ દેવું છે.** પણ ઐશ્વર્યનું સુખ આપવું નથી; કેમજે જીવ ઐશ્વર્યાર્થી થઈ જાય. તેમજ મોટા સાધુનો પણ એ જ મત છે : જે, મહારાજની મૂર્તિને વિષે જ જોડવા છે પણ વિષયને વિષે ને દેહને વિષે જોડવા નથી. અને જે **વિષયને વિષે જોડે છે તે એકાંતિક નહિ અને જે ઐશ્વર્યને વિષે જોડે છે તે પુરુષોત્તમ નહિ.** એ મર્મને તો પ્રહ્‌લાદે જાણ્યો : જે **'વિષયને આપે તે ભગવાન નહિ અને વિષયને માગે તે ભક્ત નહિ.'** તે માટે જેને ભગવન્નિષ્ઠ થાવું હોય તેને મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ ઈચ્છવું નહિ; એ સિદ્ધાંત વાત છે. એમ કહીને વળી બોલ્યા : જે, **આ ભગવાન ને આવા સાધુનું રૂપ તો સિદ્ધિઓ**



**પણ ધરી શકતી નથી;** કેમ જે એતો અકળ છે. ને બીજા વિભૂતિ અવતારનું રૂપ તો સિદ્ધિઓ ધરે છે, પણ આ પ્રત્યક્ષ મહારાજને આ પ્રત્યક્ષ સંત તેનું રૂપ સિદ્ધિઓ ધરતી જ નથી; જેમ જે રાજા ગાદીએ હોય, તેનો વેશ તરગાળો કાઢતો નથી તેમ.

અને એકાંતિક ભક્તની વૃત્તિમાં ભગવાન રહ્યા છે તે એવા ભક્તનું વર્તન કેવી જાતનું હોય ?' એ પ્રશ્નનો ઉત્તર જે, 'એવાની જે ક્રિયા તે આચાર્યજી મહારાજને અર્થે હોય કે મંદિરને અર્થે હોય પણ પોતાને અર્થે ન હોય અને જે એવા ગૃહસ્થ હરિભક્ત હોય તેને પણ

प्रसंगमजरं[१] पाशमात्मनः कवयो विदुः ।

स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

એ શ્લોકમાં કહ્યું છે, એવી રીતે સત્સંગને વિષે મમત્વ હોય.

વળી સ્વામીએ વાત કરી જે, જેવો સત્સંગ છે તેવો જણાય જ નહિ, ને કોઈકને જણાય તો સત્સંગ કરે નહિ, ને જો કોઈક કરે તો જેવો સત્સંગ છે તેવો થાય નહિ, ને જો થાય તો જાળવવો બહુ કઠણ પડે છે. તે કાં તો બહેકી[૨] જાય, ને કાં તો ગાંડો થઈ જાય, પણ જળવાય નહિ. અને તે **સત્સંગ કોણ જાળવે?** તો જેને મહારાજને વિષે ને આ મોટા સંતને વિષે મહાત્મ્યજ્ઞાને સહિત પ્રીતિ થાય તે જ જાળવે; પણ બીજાથી તો જળવાય નહિ. એમ કહીને વળી બોલ્યા; જે **આજ વર્તમાનકાળે જેણે દેહ ધર્યા છે, તેને તો એક પગલું અક્ષરધામમાં છે, ને જેને આવા સાધુની ઓળખાણ થઈ છે તેને તો બેય પગલાં અક્ષરધામમાં જ છે;** પણ જેને એ વાતનું જ્ઞાન નહિ તેને એ વાત સમજાય નહિ. ને આ સત્સંગમાં તો અનંત પ્રહ્‌લાદ, અનંત અંબરીષ ને પર્વતભાઈ જેવા અનંત છે; પણ સાધુના સમાગમ વિના જ્ઞાન થાય નહિ; ને જ્ઞાન થયા વિના એવો મહિમા જણાય નહિ; ને મહિમા જાણ્યા વિના સુખિયો થાય નહિ; એમાં કાંઈ સંશય નથી.

સ્વામીએ એમ વાત કરી જે 'સો કરોડ રાખનાં પડીકાં વાળીને

પટારામાં ભરી મૂકીએ ને તાળાં દઈ રાખીએ; ને જે દિવસ કાંઈક કામ પડે ને કાઢીએ તો કાંઈ સારું નીસરે ?' ત્યારે કહ્યું : જે 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા જે, મહારાજની મૂર્તિ વિના ને આવા સાધુ વિના પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં જ છે. તે ગમે તો મૂર્તિને મૂકીને દેવતાના લોકમાં જાઓ ને ગમે તો ઈશ્વરકોટિના લોકમાં જાઓ ને ગમે તો પુરુષકોટિના લોકમાં જાઓ; **પણ મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંય નથી.** એમ કહીને બોલ્યા : જે,

**સુરપુર, નરપુર, નાગપુર એ તીનમેં સુખ નાહીં ।**
**કાં સુખ હરિકે ચરનમેં, કાં સંતનકે માંહીં. ॥**

અને એક હરિજન સંસાર મૂકીને આવ્યા. તેને બોલાવીને સ્વામીએ વાત કરી જે : એક કઠિયારો હતો તે લાકડાના ભારા લાવીને વેચતો, પછી એક દિવસ **હેમગોપાળ**ની ઝાડીમાંથી **બાવના ચંદન**નું લાકડું આવી ગયું; તેને ખબર વિના ચૂલામાં સળગાવ્યું ને તેની સુગંધ કોઈક શાહુકાર હતો તેને આવી; પછી તે શાહુકારે પૂછ્યું : જે ''આ ગામમાં બાવના ચંદન બાળે એવો ધનાઢ્ય કોણ છે ?' પછી સર્વે એ કહ્યું : જે આ ગામમાં તો કઠિયારા રહે છે. પછી તે શાહુકારે ત્યાં જઈને બાળતાં થોડુંક રહ્યું હતું તે લાવીને વિષ્ણુ ભગવાનને ચડાવ્યું; તે એણે જ્યારે દેહ મૂક્યો ત્યારે વિષ્ણુના લોકમાં ગયો. એ તો **દૃષ્ટાંત** છે; એનો **સિદ્ધાંત** તો એ છેઃ જે હેમગોપાળને ઠેકાણે તો આ ભરતખંડ છે, ને બાવના ચંદનને ઠેકાણે તો મનુષ્ય દેહ છે; તે ખબર વિનાનું સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, લોક, ભોગ ને દેહ તેને વિષે બાળી દે છે. તેમ આપણે બાળવું નહિ; આપણે તો **''અર્થં સાધયામિ''** કે **''દેહં પાતયામિ''** એમ જ કરવું. એમ કહીને બોલ્યા જે :

**''કોટિ જન્મ લગ રગડ હમારી,વરું શંભુ કે રહું કુમારી''**

એટલી વાત કરીને ઊઠ્યા.



## સભા - ૧૫

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે ''હે મહારાજ ! શ્રીમદ્ ભાગવત-ના એકાદશ સ્કંધમાં જનકરાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ૧ભાગવતધર્મ, તેનું જે પોષણ તે કેમ થાય ? અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે ઉઘાડું કેમ થાય ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાન તેણે સહિત જે, ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે, **प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः । स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥** '' જેવો એ જીવને પોતાના સંબંધિને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવોજ પ્રસંગજો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો, એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.''

પછી શુકમુનિએ પૂછ્યું જે, ''ગમે તેવો આપત્કાળ પડે અને પોતાના ધર્મમાંથી ન ખસે તે કયે લક્ષણે કરીને ઓળખાય ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, જેને પરમેશ્વરના વચનની ખટક રહે, અને નાનું મોટું વચન લોપી શકે નહિ એવી રીતનો જેનો સ્વભાવ હોય, તેને ગમે તેવો આપત્કાળ આવે તોય પણ એ ધર્મ થકી પડેજ નહિ. માટે જેને વચનમાં દૃઢતા છે, તેનો જ ધર્મ દૃઢ રહે અને તેનો જ સત્સંગ પણ દૃઢ રહે.'' ઈતિ વચનામૃતમ્ ॥૫૪॥

એક દિવસ સ્વામીએ ઉપાસનાની વાત કરી જે, 'આપણે જેમ શ્રીજી મહારાજને પુરુષોત્તમ ભગવાન કહીએ છીએ તેમ રામચંદ્રજી આદિકના ઉપાસક તે પણ પોતપોતાના ઈષ્ટદેવને પુરુષોત્તમ કહે છે. એમજ આપણે કહી છીએ કે બીજી રીતે છે ? એમ પોતાનું મન શંકા કરે કે કોઈક પ્રતિપક્ષી પૂછે ત્યારે જો દૃઢ ઠરાવ ન કર્યો હોય તો પોતાને શંકા થાય ને ઉત્તર પણ નિઃશંકપણે યથાર્થ થાય નહિ. માટે પુરુષોત્તમપણાનો દૃઢ ઠેરાવ કરવો.' ત્યારે સંતે શંકા કરી જે, 'કેમ સમજે તો નિઃશંકપણે પુરુષોત્તમપણાનો દૃઢ ઠેરાવ થાય ?' ત્યારે

સ્વામી કહે, 'જ્યારે શ્રીજી મહારાજ પ્રગટ થયા ત્યારે જે જે અવતારના ઉપાસક શ્રીજી મહારાજને દર્શને આવતા તે સર્વેને મહારાજ ભજનમાં બેસારીને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવતા. એવી રીતે ચોવીશેય અવતારનાં દર્શન કરાવીને તથા મુસલમાનને અલ્લાનાં અને શ્રાવકને તીર્થંકરનાં[૨] દર્શન કરાવીને તે સર્વેને પોતાનો આશ્રય કરાવતા તથા પોતાને વિષે ચોવીશ અવતાર લીન કરીને વ્યાપકાનંદ સ્વામીને[૧] પોતાના પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવ્યો. તથા હરિભક્ત પર્વતભાઈએ[૨] એમ સંકલ્પ કર્યો જે, 'પરમેશ્વરના અવતાર કેવા હશે ?' ત્યારે તે ભક્તની આગળ આવીને ચોવીશેય અવતારોએ દર્શન આપ્યાં ને બ્રહ્મપુરને વિશે પોતાનાં દર્શન જેવા તેવા જીવને સહેજે કરાવતા. એવી જાતની અનેક પ્રકારની સામર્થી સત્સંગમાંથી સમજીને શ્રીજી મહારાજને વિશે પુરુષોત્તમપણાની ઉપાસના નિઃશંકપણે અતિ દૃઢ કરવી ને જે સ્વયં પુરુષોત્તમ ભગવાન છે તેતો આ ફેરેજ[૩] આવ્યા છે એ વાર્તા પરમ સત્ય છે ને વળી પરમેશ્વરની મરજીને જાણે એવા જે પરમ ભાગવત ભક્ત તેમણે કહી છે.

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે ઈન્દ્રિયોમાં, અંતઃકરણમાં ને કારણદેહમાં ધ્યાન સર્વે કરીએ છીએ પણ સત્ અસત્નો વિચાર કરીને ત્રણ શરીરથી જુદા પડીને જીવમાં ધ્યાન કરે તો શુદ્ધ થાય છે. તે શ્રીજીએ વચનામૃતમાં૧ કહ્યું છે જે, 'નાહિ ધોઈને પૂજા કરવી, અને વળી જેમ શાહુકાર અન્ન જળ દેવારુપ સદાવ્રતની પેઢી કરી જાય છે. તેમ **શ્રીજી મહારાજ કલ્યાણરુપ સદાવ્રતની પેઢી કરી ગયા છે** ને જે ધર્મને વિષે દૃઢપણે વર્તતો હોય ને સત્પુરુષનો અતિદૃઢ વિશ્વાસ હોય તો તેને ગમે તેવું કઠણ પ્રારબ્ધ હોય તો પણ તે ટળી જાય છે.

અને 'આત્માને ને ભગવાનના મહિમાને કેમ જાણવો ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે, **આત્માને એમ જાણવો જે ચોરાશી લાખ જાત્યના દેહ ધર્યા પણ તે ક્યાંય મર્યો નથી ને જેવો છે તેવો ને તેવો જ રહ્યો છે માટે અજર-અમર છે ને અછેદ્ય-અભેદ્ય આદિક લક્ષણો કરીને**



**તે જીવને સત્તારૂપ જાણવો** ને પુરુષોત્તમ ભગવાનનો મહિમા તો એમ સમજવો જે, જેની બીકે કરીને સમુદ્ર **ચોસઠ ગાઉ ઉંચે જળને ધરી રહ્યો છે ને જેની બીકે કરીને વાયુ પણ નિરંતર વાય છે ને જે ભગવાન જળના બિંદુમાંથી આવી કાયા કરી આપે છે. એવી જાતનો મહિમા અપાર** રહ્યો છે.' એમ પુરુષોત્તમ ભગવાનનો મહિમા સમજવો.

અને આજ તો સત્સંગમાં ભગવાન પ્રગટ બિરાજે છે. નહિ તો વીશ વીશ વર્ષના સંસાર મૂકીને કેમ ચાલ્યા આવે ? ને કામ ક્રોધાદિક તો એવા બળિયા છે, જે શિવ બ્રહ્માદિકની પણ લાજ લીધી છે. અને એ કામાદિક જેને વિષે આવે છે તેને ગળી જાય છે. તે આજ તો મહારાજે ને મોટા સાધુએ ઠોઈ રાખ્યા છે જેમ બ્રહ્માંડથી પર **મહાજળ** છે તેમાં મોટા મોટા મચ્છ છે તે બ્રહ્માંડની સમીપે આવે તો આખા બ્રહ્માંડને પણ ગળી જાય એવડા મોટા છે પણ પ્રદ્યુમ્નને ચોકીમાં રાખ્યા છે તે જો બ્રહ્માંડની સમીપે ગળવા આવે તો માથામાં ગદા મારે તે કરોડું યોજન જાતા રહે. તેમ કામ ક્રોધાદિકને તો મહારાજે ને મોટા સાધુએ ઠોઈ રાખ્યા છે નહિ તો આમાં રહેવાય નહિ. એમ કહીને બોલ્યા જે આ ગિરનાર છે તેને ઉડાડવાનો મનસૂબો થાય છે ? ત્યારે કહ્યું જે ના મહારાજ! પછી સ્વામી બોલ્યા જે મનમાં ધાર્યું નથી; નહી તો ઉડાડી મૂકીએ કેમજે પૃથ્વીના મનુષ્ય સર્વેને ભેગાં કરીએ ને લુવાર માત્ર માંડે લોઢાં ઘડવા, ને આપણે માંડીએ સુરંગો દઈને ઉડાડવા; તો ચાર પાંચ વર્ષમાં ચૂરેચૂરા કરીને ઉડાડી મૂકીએ તે કામ ક્રોધાદિક ગમે તેવા બળિયા હોય પણ જો મનમાં ધારીએ તો ઉડાડી મૂકીએ એમાં કાંઈ સંશય નથી.

સ્વામીએ એમ વાત કરી જે સતયુગમાં મનુષ્યને લાખ વર્ષની આવરદા ને હજાર વર્ષનો ખાટલો ને સો વર્ષ સુધી ડચકાં ખાય ત્યારે જીવ જાય; ને આજ તો આ જ્ઞાને કરીને ત્રીજે ડચકે અક્ષરધામમાં જવાય છે એવું સુગમ કરી નાખ્યું છે, પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં

સુધી સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, મેડી, હવેલી, રાજસમૃદ્ધિ, ને રાજ્યલક્ષ્મીને વિષે માલ મનાય છે ને સુખ મનાય છે. જેમ છોકરાં ધૂળની ઘોલકીઓ કરે છે, ને ઠીકરાની ગાયો કરે છે ને ચૈયાનાં ને કાચલીઓના ઘોડા કરે છે ને સુખ માને છે; તેમ એ પણ સુખ માને છે; પણ **જ્યારે જ્ઞાન થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય.** જેમ ભાલ દેશમાં બ્રાહ્મણ ચાલ્યો જતો હતો, તેને સામો રબારી મળ્યો તેણે પૂછ્યું; જે મહારાજ રાજી કેમ થયા છો ?' ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, રાજી ન થઈએ ? દશ ગાઉ ચાલ્યા આવ્યા છીએ ને જળ પાસે આવ્યું છે,નાશું, ધોશું ને ટીમણ કરશું. ત્યારે તે રબારી બોલ્યો જે 'હેયું ફોડમાં, જોડા પહેરીને ચાલ્યો આવું છું, એ પાણી તો ઝાંઝવાનાં બળે છે !' ત્યારે તે બ્રાહ્મણના મનસૂબા સર્વે ખોટા થઈ ગયા ! તેમ જ્યારે જ્ઞાન થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય અને જે મૃગલાં જેવા જીવ છે તે તો વિષયને સાચા માનીને દોડ્યા કરે છે. જેમ ઝાંઝવાના જળને દેખીને મૃગલાં દોડે છે તેમ. અને મનુષ્ય છે તે દેખે છે પણ ખોટાં જાણે છે. અને સૂર્યના રથમાં બેઠા છે તેની દષ્ટિમાં તો ઝાંઝવાના પાણી નથી. તેમ **જે જ્ઞાની છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ આવતું નથી.**

અને 'સર્વે જીવનાં કર્મ તો એક સરખાં નથી ને ઉત્પત્તિ તથા પ્રલય એક કાળે કેમ થાય છે ?' ત્યારે સ્વામી કહે જે, 'એ ઉત્પત્તિ આદિક તો વૈરાજપુરુષને લઈને થાય છે. જેમ આપણે જુનાગઢ જાઈએ છીએ ત્યારે મંડળના સાધુને ગમે ન ગમે પણ આવવું પડે છે એમ ઉત્પત્તિ પ્રલયની રીત છે. પછી ફરી પૂછ્યું જે, 'મહત્તત્વાદિક ચોવિશ તત્ત્વ ભિન્ન ભિન્ન ઉપજે છે કે એક કાળે ઉપજે છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'એતો જેમ બાળક ઉત્પન્ન થાય છે તે સર્વે અવયવે સહિત જ થાય છે તેમ સર્વે તત્ત્વ એક કાળેજ ઉપજે છે.'



## સભા - ૧૬

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા જે શુભ ગુણ તેને યોગે કરીને માન આવે, તે માનને કયા ઉપાયે કરીને ટાળવું ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને તેમને નમસ્કાર કરે, તથા તેમની સેવાચાકરી કરે અને જો હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખે ને વિચારનું બળ રાખે તો માન ટળી જાય. અને અતિશે પ્રેમલક્ષણા ભક્તિ હોય અને તે ભક્તિએ કરીને ભગવાન તેને વશ્ય વર્તતા હોય અને જો તે ભક્તિનું ભક્તના હૃદયમાં માન આવે તોય પણ એને અતિ ખોટ છે, અને આત્મજ્ઞાનનું માન હોય અથવા વૈરાગ્યનું માન હોય પણ તે અભિમાન તો દેહાત્મ બુદ્ધિનેજ દૃઢ કરાવે. માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ પ્રકારે અભિમાન રાખવું નહિ. એજ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે. અને અંતર્દષ્ટિવાળા જે ભગવાનના ભક્ત હોય તે જો તપાસીને પોતાના હૃદય સામું જુએ તો જ્યારે લગારે માન આવતું હશે, ત્યારે હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી દેખાતી હશે અને જ્યારે નિર્માનીપણે વર્તાતું હશે, ત્યારે પોતાના હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ અતિ પ્રસન્ન જણાતી હશે. માટે ભગવાનનો ભક્ત હોય તેને વિચારનું બળ રાખીને કોઈ પ્રકારનું માન ઉદય થવા દેવું નહિ અને જો માન સહિત જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ હોય તો, જેમ સોનું હોય અને તેમાં ભેગભળે ત્યારે તે સોનું પનરવલું કહેવાય અને તેથી વધતો ભેગ ભળે તો બારવલું કહેવાય અને તેથી વધતો ભેગ ભળે તો આઠવલું કહેવાય. તેમ એ ભક્તને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં જેમ જેમ અહંકારનો ભેગ ભળતો આવે, તેમ તેમ એ ત્રણે ઓછાં થતાં જાય છે માટે માન રહિત જે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે તો સોળવલા સોના જેવાં છે. અને માન સહિત હોય તે ઉપરથી તો એને ઘણો શોભાડે, પણ એના અંતરમાં ઝાઝું બળ હોય નહિ. ત્યાં દષ્ટાંત છે. જેમ "પચાસ કોટિ યોજન પૃથ્વી, તે સમુદ્ર, પર્વત અને સર્વ ભૂતપ્રાણીમાત્ર તેનો આધાર છે માટે ઘણી બળવાન જણાય છે અને તે થકી જળ વળી ઘણું બળવાન જણાય છે, જે જળને વિષે પૃથ્વી છાણાની પેઠે તરે છે અને જળ થકી તેજમાં ઘણું બળ જણાય છે. અને

તેજ થકી વાયુમાં ઘણું બળ જણાય છે. અને આકાશનું તો કાંઇ બળ જણાતું નથી પણ આકાશ સર્વેથી બળવાન છે કાં જે એ ચારેનો આકાશ આધારરૂપ છે.'' તેમ માનરહિત જે એ ભક્તનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે આકાશ સરખાં બળવાન છે. માટે ઉપરથી તો જણાય નહિ પણ નિર્માની ભક્ત તે સર્વેથી શ્રેષ્ઠ છે. અને જેમ બાળક હોય તે દિવસ કાંઇ માનનો ઘાટ સંકલ્પ હોય નહિ. તેમજ સાધુને તો ગમે તેટલી પૂજા પ્રતિષ્ઠા થતી હોય, પણ બાળકની પેઠે માનરહિત વર્તવું.

પછી વળી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ઇન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર એ સર્વ થકી જીવનું સ્વરૂપ ન્યારું છે, એવું સત્સંગમાંથી સાંભળીને દૃઢ નિશ્ચય કર્યો છે, તોય પણ ઇન્દ્રિયો, અંતઃકરણાદિક ભેળો ભળીને સુખરૂપ એવો જે જીવાત્મા તે પરમાત્માનું ભજનસ્મરણ કરતો થકો સંકલ્પને યોગે કરીને દુઃખિયો કેમ થઇ જાય છે?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કેટલાક સિદ્ધ થાય છે, ને કેટલાક સર્વજ્ઞ થાય છે, ને કેટલાક દેવતા થાય છે. ઇત્યાદિ અનંત પ્રકારની મોટ્યપ પામેછે તથા પરમપદને પામેછે. એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે, પણ ઉપાસના વિના કોઇ વાત સિદ્ધ થતી નથી, માટે શાસ્ત્રમાંથી આત્મા અનાત્માની વિક્તિ સમજીને અથવા કોઇક મોટા સંતના મુખથી વાત સાંભળીને, જાણે જે ''હું આત્મા અનાત્માની વિક્તિ કરી લઉં'' પણ એમ વિક્તિ થતી નથી. એ તો એ જીવને જેટલી પોતાના ઇષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય, તેટલોજ આત્મા અનાત્માનો વિવેક થાય છે પણ ઇષ્ટદેવના બળ વિના તો કોઇ સાધન સિદ્ધ થતાં નથી. અને જેને ગોપીઓના જેવી પ્રેમલક્ષણા ભક્તિ છે, તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયાં છે અને જેને એવો પ્રેમ ન હોય તેને તો ભગવાનનો મહિમા સમજવો જે, 'ભગવાન તો ગોલોક, વૈકુંઠ,શ્વેતદ્વીપ, બ્રહ્મમહોલ તેના પતિ છે અને મનુષ્ય જેવા જણાય છે તે તો ભક્તના સુખને અર્થે જણાય છે પણ એની એ મૂર્તિ છે તે ગોલોકાદિક જે પોતાનાં ધામ તેને વિષે એક એક નખમાં કોટિ કોટિ સૂર્યના પ્રકાશે યુક્ત જણાય છે અને મૃત્યુલોકને વિષે ભગવાનની મનુષ્ય સેવા કરે છે અને દીવો કરે ત્યારે એને આગળ પ્રકાશ થાય છે પણ એ તો સૂર્ય ચંદ્રાદિક સર્વેને પ્રકાશના દાતા છે. અને



ગોલોકાદિક જે ધામ છે તેને વિષે તો રાધિકા, લક્ષ્મી આદિક જે પોતાના ભક્ત છે તેમણે નિરંતર સેવ્યા એવા એ ભગવાન છે અને જ્યારે બ્રહ્માંડોનો પ્રલય થઇ જાય છે, ત્યારે આ પ્રગટ ભગવાન છે તેજ એક રહે છે. અને પછી સૃષ્ટિ રચવાને સમે પણ પ્રકૃતિપુરુષદ્વારે કરીને અનંતકોટિ બ્રહ્માંડોને એજ ભગવાન ઉપજાવે છે, એવી રીતે ભગવાનનો મહિમા વિચારવો એજ આત્મા અનાત્માના વિવેકનું કારણ છે અને જેટલી એ ભક્તને ભગવાનના માહાત્મ્યે સહિત ભગવાનને વિષે નિષ્ઠા છે, તેટલોજ એ ભક્તના હૃદયમાં વૈરાગ્ય આવે છે. માટે બીજા સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે, ''ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છુટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે, તો જે એ ભગવાનનો આશ્રિત હોય તે એ ભગવાનના ધામને પામે એમાં શો સંશય છે?'' એમ માહાત્મ્ય સમજે તે સારૂં જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગ કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું. ઇતિ વચનામૃતમ્ ॥૫૬॥

સ્વામીએ એમ વાત કરી જે, વરતાલમાં ચાર પાટીદારે શ્રીજી મહારાજ સામું જોઈને કહ્યું જે 'હે મહારાજ ! તમારા ચરણારવિંદ સામું જોઈએ છીએ તો તમે **પુરૂષોત્તમ** જણાઓ છો ને તમારા શરીર સામું જોઈએ છીએ તો તમે મનુષ્ય જેવા જણાઓ છો.' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે **'વૈરાટ બ્રહ્મા છે તેણે તેના પચાસ વર્ષ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી આ ચરણારવિંદની સ્તુતિ કરી, ત્યારે આ બે ચરણારવિંદ પૃથ્વી ઉપર આવ્યા છે,** પછી તમારે તો સૂઝે એમ સમજાય' પછી વળી પૂછ્યું જે, ઘણે ઠેકાણે સભા દીઠી છે પણ આમ એક નજરે તમ સામું જોઈ રહ્યા છે તે કેમ સમજવું ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે 'હું સદ્‌ગુરુ રૂપી સૂર્ય પ્રગટ થયો છું ને આ સર્વ કમળ ખીલ્યાં છે; તે મારા સામું જોઈ રહ્યા છે' પછી તે સત્સંગ કરીને પોતાને ઘેર ગયા એમ મુમુક્ષુનાં લક્ષણ છે.

અને ‘માનસી પૂજાને વિષે તથા સ્થૂળ દેહે કરીને પૂજા કરીએ તેને વિષે રસના આદિક ઈંદ્રિયોની વૃત્તિ કેમ કરવી ?’ ત્યારે તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે; ‘પરમેશ્વરની મૂર્તિને આગળ ધારવી પછી તેને જીહ્વાદિક દ્વારાએ કરીને અંતરમાં ઉતારવી પછી સત્તારૂપ થઈને તે સામું જોઈ રહેવું. એમ ને એમ કર્યા કરે તો રાગ ઓછા થઈ જાય છે ને **જે સંકલ્પ વિકલ્પ કર્યાની વૃત્તિ છે તે વાસના લિંગ શરીર કહેવાય** ને જે અવ્યક્તપણે રહ્યું છે તે કારણ શરીર છે ને જ્યારે અતિ રાગ થઈ જાય છે ત્યારે તે સ્થૂળ થઈ આવે છે, જુઓને નેત્રની આગળ સર્વે સંકલ્પની ગાંઠ્યું રહી છે જે આ ઝાડની પંક્તિ છે ને આ મનુષ્યની પંક્તિ છે તે નેત્ર મીંચીને જુઓ તો પણ જણાય આવે અને સ્પર્શનાં સંકલ્પ થાય ત્યારે તે વૃત્તિને મસ્તકને વિષે રાખે તો તે સંકલ્પ ટળી જાય છે. તેમજ શબ્દની વૃત્તિને નેત્રમાં રાખે તો શ્રોત્રવૃત્તિ ઓછી થઈ જાય છે. એ યોગકળા છે અને સૌભરી ઋષિને યોગકળા એકલી જ આવડતી હતી. પણ જ્ઞાનકળા આવડતી નહોતી તેથી યોગબળે કરીને જ સર્વે ક્રિયા કરી અને ભ્રમર જેમ કમળને વિષે સ્નેહે સોતો ચોંટી રહે છે તેમ ભગવાનના સ્વરૂપને વિષે પ્રીતિએ સોતા જોડાઈ જાવું અને કપિલજીએ દેવહુતિ પ્રત્યે વાર્તા કરી જે, મહિમાએ સહિત ભક્તિ ને ભક્તિએ સોતું જ્ઞાન ને જ્ઞાને સોતો વૈરાગ્ય, ઈત્યાદિકની પક્વતાએ કરીને મોહ ટળી જાય છે અને એ જ્ઞાનાદિકનું શ્રવણ, મનન ને નિદિધ્યાસ બહુ કરે ત્યારે સાક્ષાત્કાર થાય છે. પણ એ ઉતાવળે થાતું નથી. એમને એમ વૈરાગ્યે સહિત કર્યા કરે તો સિદ્ધિ થાય છે એમ કહીને સ્વામીએ હરજી ઠક્કર સામું જોઈને કહ્યું જે, તમને આંક મેળવતાં જેમ કઠણ પડતા નથી તેમ ધર્મજ્ઞાનાદિક અભ્યાસે કરીને સરળ થઈ જાય છે.



## સભા - ૧૭

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રશ્ન ઉત્તર કરો, પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, “હે મહારાજ ! ભગવાનને વિષે અસાધારણ પ્રેમ થાય તેનું શું કારણ છે ?” પછી શ્રીજીમહારાજ બોલ્યા જે ‘એક તો ભગવાનનો વિશ્વાસ હોય જે, આ મને મળ્યા છે તે નિશ્ચે જ ભગવાન છે’ તથા આસ્તિકપણું હોય તથા ભગવાનનાં જે ઐશ્વર્ય તેને જાણે જે ‘આ ભગવાન છે તે બ્રહ્મમહોલ, ગોલોક, શ્વેતદ્વિપ એ આદિક સર્વે ધામના પતિ છે તથા અનંતકોટી બ્રહ્માંડના પતિ છે તથા સર્વના કર્તા છે અને પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણ ગુણ, ચોવીશ તત્ત્વ, બ્રહ્માદિક દેવ એ કોઈને આ બ્રહ્માંડના કર્તા જાણે નહિ, એક ભગવાન પુરુષોત્તમને જ કર્તા જાણે અને સર્વના અંતર્યામી જાણે.’ એવી રીતની સમજણે સહિત જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિષે નિશ્ચય તેજ પરમેશ્વરને વિષે અસાધારણ સ્નેહનું કારણ છે.

પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, “એવો ભગવાનનો મહિમા પણ જાણતો હોય અને અસાધારણ હેત ન થાય તેનું શું કારણ છે?” પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જો એ ભગવાનનો આવો મહિમા જાણે છે, તો એને ભગવાનને વિષે અસાધારણ હેત છે પણ એ જાણતો નથી, ‘જેમ હનુમાનજીમાં અપાર બળ હતું પણ કોઈના જણાવ્યા વિના જણાણું નહિ’ અને જેમ પ્રલંબાસુર બળદેવજીને લઈ ચાલ્યો, ત્યારે પોતામાં બળ તો અપાર હતું પણ પોતે જાણતા ન હતા. પછી જ્યારે આકાશવાણીએ કહ્યું ત્યારે જાણ્યું.’ તેવી રીતે એ ભક્તને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ તો છે, પણ જણાતી નથી.”

અને ‘બદરિકાશ્રમના તથા શ્વેતદ્વીપના મુક્ત કેમ વર્તે છે ?’ એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, ‘બદરિકાશ્રમના મુક્ત તો જાણપણારૂપ થઈને ઈંદ્રિયો અંતઃકરણને જીતે છે ને શ્વેતદ્વીપના મુક્તો વાસુદેવ ભગવાનનું ધ્યાન કરે છે ને એતો નિરન્ન કહેવાય છે. કેમ જે ? બે શરીરની ભાવનાએ રહિત વર્તે છે ને આત્મસત્તારૂપ થઈ ભગવાનનું ધ્યાન કરીને કારણ શરીરના રાગને ટાળે છે માટે નિરન્ન કહેવાય છે

ને શ્રીજી મહારાજ દયાએ કરીને એકવાર તો સર્વે હરિભક્તને બ્રહ્મપુરમાં લઈ જાય છે ને પોતાને વિષે પ્રીતિ પણ અતિશે કરાવે છે ને પોતાનું અલૌકિક સુખ પણ અતિશય આપે છે તે પછી જેને જ્યાં મોકલવા ઘટે ત્યાં તેને મોકલે છે. પછી તે ભક્ત એ સુખને સંભારતો થકો બીજા રાગને ટાળીને પાછો શ્રીજી મહારાજ પાસે આવે છે.

અને વળી એક દિવસ સ્વામીએ વાત કરી જે **ડોળિયાં મનુષ્યનો સંગ કરવો નહિ તેણે કરીને અંતર મલિન થઈ જાય છે.** તે પાછો તપાસીને શુદ્ધ કરે તો થાય પણ એવી રીતે કરતાં મોટાને જ આવડે છે ને બીજાને તો શુદ્ધ અશુદ્ધની ખબર જ પડતી નથી. જેમ વહાણને વિષે અલ્પ ભાર હોય ત્યારે તે સરસ ચાલ્યું જતું હોય ને પછી તેને વિષે ઘણો ભાર ભરે તો તેમ ન ચાલે ને ધીરું પડી જાય છે એતો દૃષ્ટાંત છે તેનો સિદ્ધાંત જે તેમ ડોળિયા મનુષ્યના સંગે કરીને ઈંદ્રિયો અંતઃકરણને વિષે જ રજ તમના વેગ લાગે છે તે પાપરૂપ મેલ પેસે છે તેણે કરીને ભજન સ્મરણ મંદ પડી જાય છે ને જેમ પ્રથમ હેતે સહિત ભજન સ્મરણ થાતું હોય તેમ ન થાય. તે સારુ તો દત્તાત્રેયાદિક ભગવાન હતા તોપણ બીક રાખીને વર્ત્યા ને આપણે તો એકલું શાક જ ખાઈએ છીએ ને તેમાં કોઈક તો પેટ ભરીને ખાય છે ને લાડુ તો મુખવાસ જેટલો જ જમે છે ને કોઈ તો અરધો અને કોઈક તો પોણો ખાય છે ને પેટ ભરીને તો અન્ન કોઈક ખાતા હશે. એમ મર્મે કરીને વાત કરી.

'અને પુરુષોત્તમ ભગવાનના સ્વરુપને કેમ સમજવું ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, 'જેવી રામકૃષ્ણાદિક ભગવાનની મૂર્તિ છે તેવી જ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ હોય પણ સ્વરુપ, સ્વભાવ, ગુણ ને વિભૂતિ આદિકના ઐશ્વર્ય, તથા પ્રકાશ ને શક્તિ આદિકના અનવધિકાતિશયપણાએ કરીને અત્યંત વિલક્ષણપણું છે. ત્યાં દૃષ્ટાંત જે, જેમ ચિત્રામણનો સૂર્ય અને પ્રત્યક્ષ સૂર્ય તથા ચિત્રામણની હોળીનો અગ્નિ ને પ્રત્યક્ષ હોળીનો અગ્નિ તેમ પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપને સમજવું.



સ્વામીએ વાત કરી જે લાખ મણ લોઢાની લોઢી ધગી હોય, તેના ઉપર એક બે પાણીના ઘડા ઢોળીએ તેણે કરીને ઠરે નહિ; ને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ તો દશ પંદર દિવસ સુધી તો હવેલી જેવડી છોળું ઉછળે ત્યારે માંડ માંડ ઠરે તેમ **પંચ વિષયે કરીને તો જીવ ધગી જાય છે,** તેને એક બે દિવસ રહીને જાણે જે ટાઢો કરી જાઉં એમ ટાઢો થાય નહિ ને જેને ટાઢો કરવો હોય તેને તો દશ પંદર દિવસ સુધી તો ફેર ચડ્યો હોય તે ઊતરે ત્યારે વાત માંહી પેસે, પછી ટાઢું થાય છે. અને સાધુ પાસે કોણ આવે છે ? ને જે સાધુ પાસે આવે છે તેને તો કોઈ વાતની કસર રહે જ નહિ. એમ કહીને બોલ્યા જે :

**તીન તાપકી ઝાલ ઝર્યો, પ્રાની કોઈ આવે,**
**તાકું શીતલ કરત તુરત, દિલ દાહ મિટાવે;**
**કહી કહી સુંદર બેન રેન, અજ્ઞાન નિકાસે,**
**પ્રગટ હોત પહિચાન, જ્ઞાન ઉર ભાનુ પ્રકાસે;**
**વૈરાગ ત્યાગ રાજત વિમલ, ભવ દુઃખ કાટત જંતકો,**
**કહે બ્રહ્મ મુનિ યહ જગતમેં, સંગ અનુપમ સંતકો.**

એવો સત્સંગ મળ્યો છે પણ સમાગમ વિના કોઈને ગમ પડતી નથી. ને જ્યાં સુધી સત્પુરુષનો સંગ નથી થયો ત્યાં સુધી કાંઈ નથી થયું, તે ઉપર બ્રહ્માનંદ સ્વામીનો સવૈયો બોલ્યા જે :

**રાજ ભયો કહા કાજ સર્યો, મહારાજ ભયો કહા લાજ બઢાઈ,**
**સાહ ભયો કહા બાત બઢી, પતસાહ ભયો કહા આન ફિરાઈ;**
**દેવ ભયે તોઉ કહા ભયો, અહમેવ બઢ્યો તૃષ્ણા અધિકાઈ,**
**બ્રહ્મમુનિ સત્સંગ બિના સબ, ઓર ભયો તો કહા ભયો ભાઈ.**

એમ સત્પુરુષનો સંગ નથી કર્યો ત્યાં સુધી કાંઈ કર્યું નથી.

સ્વામીએ સર્વે ધામોના મુક્ત સાથે પ્રશ્ન ઉત્તર કર્યા તે મુક્ત

જીત્યા નહિ; તે વાત પોતે કરી જે પ્રથમ તો જાણીએ હું બદરિકાશ્રમમાં ગયો; તે બદરિકાશ્રમના મુક્ત મને પ્રશ્ન ઉત્તરમાં જીત્યાં નહિ. પછી જાણીએ જે હું શ્વેતદ્વીપમાં ગયો; ત્યારે તે શ્વેતદ્વીપના મુક્ત પણ જીત્યા નહિ. પછી જાણીએ જે હું વૈકુંઠમાં ગયો ત્યારે તે વૈકુંઠના મુક્ત પણ જીત્યા નહિ, પછી જાણીએ જે હું ગોલોકમાં ગયો; ત્યારે તે ગોલોકના મુક્ત પણ જીત્યા નહિ. પછી જાણીએ જે હું અક્ષરધામમાં ગયો, ત્યારે તે મુક્ત સાથે મારે બરોબર પ્રશ્ન ઉત્તરમાં ઠીક પડ્યું. પછી ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે આજ તો આમ થયું. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે ''મહારાજે એમ જણાવ્યું; જે **બીજાં ધામોના મુક્તનું જ્ઞાન** આવું છે !'' માટે ભગવાનના સ્વરુપ સંબંધી જ્ઞાન તો અક્ષરધામના મુક્તમાં છે કે આંહી સાધુમાં છે, પણ બીજે નથી ને બીજે તો બીજું જ્ઞાન છે.

સ્વામીએ વાત કરી જે, બીજે ક્યાંય જીવ અટકતો નથી ને મહારાજને પુરુષોત્તમ સમજવા ત્યાં અટકે છે. જેમ ગુજરાતના ઘોડાં છે તે લાંબા બહુ ને કાંઠાળા બહુ, પણ જ્યારે ધોરિયો દેખે ત્યારે અટકે છે; તે કાપી નાંખે તોય ડગ દે નહિ; ને સામું ખાસડું ઉગામ્યું હોય તો ક્યાંય ને ક્યાંય ભાગી જાય! ને અલૈયાખાચરના ઘોડાને ચડાઉ કરવા હોય, તેને બસે છોકરાં ગોટા વાળીને ઊભા હોય તેમાં વચોવચ નાખીને ચડાઉ કર્યા હોય. તે ક્યાંય અટકે નહિ. જેમ સામત પતંગ પાંચસે બખતરિયા ઉભા હતા તેમાંથી મોટેરાના દીકરાને મારીને આવતા રહ્યા. એવી રીતના જે હોય તે ક્યાંય અટકે નહિ તે ઉપર છંદ બોલ્યા જે :-

**તુરી વેગવંતા જરીસા જઠાણં, દિયંતા ઉડાણં જેહિ મૃગડાણં;**
**સચે વાગરાગં નટાંજ્યું નચેરી, દિનં એક હોસે સબે ખાખ ઢેરી.**

એવી રીતના જે હોય તે ક્યાંય અટકે નહિ.



## સભા - ૧૮

પછી નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''ભગવાનના નિશ્ચયમાં કસર હોય તેને કેવા સંકલ્પ થાય ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, જેને નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાનમાં કાંઇ સામર્થી દેખાય ત્યારે અતિ આનંદ થાય અને જ્યારે સામર્થી ન દેખાય ત્યારે અંતર ઝાંખું થઇ જાય અને પોતાના હૃદયમાં ભૂંડા સંકલ્પ થતા હોય ને તેને ટાળે તોય પણ ટળે નહિ, ત્યારે ભગવાનમાં અવગુણ પરઠે જે 'હું આટલા દહાડાથી સત્સંગ કરી કરીને મરી ગયો તો પણ ભગવાન મારા ભૂંડા ઘાટ ટાળતા નથી.' એવી રીતે ભગવાનમાં દોષ પરઠે અને જે પદાર્થમાં પોતાને હેત હોય અને કોઇ પ્રકારે તે પદાર્થમાંથી મન પાછું ન વળતું હોય, ત્યારે તેવો ને તેવો દોષ ભગવાનને વિષે પરઠે જે 'જેમ મારે વિષે કામાદિક દોષ છે તેમ ભગવાનને વિષે પણ છે, પણ એ ભગવાન છે તે મોટા કહેવાય છે.' એવી રીતના જેને અંતરમાં ઘાટ થતા હોય તેના નિશ્ચયમાં કસર જાણવી. એનો પરિપક્વ નિશ્ચય ન કહેવાય.

પછી પરમચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય તેને કેવી જાતના ઘાટ થાય ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, જેને પરિપક્વ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે 'મારે સર્વે પ્રાપ્તિ થઇ રહી છે અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાંજ પરમધામ છે. અને આ સંત સર્વે તે નારદ, સનકાદિક જેવા છે અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ, અક્રૂર, વિદુર, સુદામા અને વૃંદાવનના ગોપ તેવા છે અને જે બાઇઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રુક્મિણી, લક્ષ્મી તથા પાર્વતી એવી છે અને હવે મારે કાંઇ કરવું રહ્યું નથી અને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું' એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે. એવી રીતે જેના અંતરમાં વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો.

સ્વામીએ વાત કરી જે 'एकोऽहं बहुस्याम्' એ શ્રુતિનો અર્થ શ્રીજી મહારાજે કર્યો છે જે, 'એક એવા જે પુરુષોત્તમ ભગવાન તે

અંતર્યામીપણે કરીને અક્ષરબ્રહ્મ તથા પ્રકૃતિપુરુષ આદિકને વિષે તારતમ્યપણે કરીને રહ્યા છે.' તે કાષ્ટમાં રહેલ અગ્નિને દૃષ્ટાંતે કરીને કહ્યું છે ને તે તેમજ છે. કેમ જે અંતર્યામી સ્વરૂપ જે પ્રકાશ તે રૂપે કરીને પુરુષોત્તમ ભગવાન સર્વેને વિષે રહ્યા છે એમ પુરુષોત્તમ ભગવાનનું વ્યાપકપણું સમજવું.

પુરુષોત્તમ ભગવાન, માયા અને જીવ; એ ત્રણેય અનાદિ છે એ વાત યથાર્થ છે પણ માયા અને જીવ તો ભગવાન આગળ અતિ અસમર્થ અને પશુ જેવાં જણાય છે. એને અનાદિપણું છે એટલું જ સરખાપણું છે પણ સર્વ ઐશ્વર્યેયુક્ત તો પુરુષોત્તમ ભગવાન એકલા જ છે. એમ સ્વામીએ મનુષ્ય ને પશુના દૃષ્ટાંતે કરીને બહુ વાત કરી.

એક હરિજને પ્રશ્ન પૂછ્યું જે ''બીજા અવતારે વર્તમાન પળાવ્યા નથી; ને કલ્યાણ તો કર્યા છે ને આજ વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે તેનો શો હેતુ છે ?'' પછી સ્વામી બોલ્યા જે **બીજાએ કલ્યાણ તો કર્યા છે પણ કારણ શરીરના ભાવને ટાળીને કલ્યાણ કર્યાં નથી** ને જો કારણ શરીરના ભાવને ટાળીને કલ્યાણ કર્યા હોય તો ગોલોક ને વૈકુંઠ લોકમાં કજીયા શા સારુ થાય? માટે ગોલોકમાં રાધિકાજીએ શ્રીદામા સાથે વઢવેડ કરી, ને વૈકુંઠ લોકમાં જયવિજયે સનકાદિક સાથે વઢવેડ કરી છે; તે એમ જાણવું જે ત્યાં કારણ શરીર નહિ ટળ્યું હોય, ને **મહારાજ તો કારણ શરીર ટાળવા સારુ સાધુ ને નિયમ તો અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે.** તે માટે સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે, ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે, તેણે કરીને કારણ શરીરનો નાશ થઈ જાય છે. તે ઉપર કારિયાણીનું બારમું વચનામૃત વંચાવીને કહ્યું જે આ વચનામૃતમાં મહારાજે **સિદ્ધાંત** કહ્યું છે; તે સારુ વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે; એ હેતુ છે.

'સદા સુખિયા કેમ રહેવાય ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, 'પોતાને કાંઈ જોઈએ જ નહિ એમ સમજીને વર્તે તો સદા સુખી



રહેવાય **ને જે પદાર્થ સત્સંગને અર્થે જોતાં હોય તે પોતાનાં ન કહેવાય.'**

અને પૂછ્યું જે, 'જેને ઈંદ્રિયોને વિષે, અંતઃકરણને વિષે ને જીવને વિષે ભગવાનનો નિશ્ચય હોય તે ત્રણેયની નોખી નોખી પ્રાપ્તિ કહો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'જેને ઈંદ્રિયોને વિષે ભગવાનનો નિશ્ચય હોય તેતો દેહ મૂક્યા પછી ઈંદ્ર જેવો થાય ને જેને અંતઃકરણને વિષે નિશ્ચય હોય તે બ્રહ્માદિક દેવ જેવો થાય અને જેને જીવને વિષે નિશ્ચય હોય તે તો અક્ષરના મુક્ત જેવો થાય ને શ્રવણ મનનાદિક સાધન કર્યા વિના ઉત્તમ થાતા નથી ને વિષયમાંથી રાગને ટાળતા નથી.'

અને 'ભગવાનના કેવા ભક્ત કેવા ધામને પામે છે ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, 'ભગવાનની દૃઢ ઉપાસના ને એકાંતિક ધર્મ; એ બેય જેમાં સંપૂર્ણ હોય તે તો અક્ષરધામને પામે છે ને ધર્મને વિષે કસર હોય તો મૂળ પુરુષને પામે ને એથી વધુ સવાસનિક હોય તો પ્રધાનપુરુષને તથા વૈરાજપુરુષાદિકને પામે ને જેને એ બેયને વિષે કસર હોય તે બ્રહ્માદિક દેવ જેવો થાય ને ગુણબુદ્ધિવાળો હોય ને સાધુની સેવા ચાકરી કરતો હોય તો તે ઈંદ્ર જેવો થાય તે વચનામૃતમાં શ્રીજીએ કહ્યું છે જે, 'પાંચ સાધન સંપૂર્ણ હોય તો અક્ષરધામને પામે; નહિ તો બીજા ધામને પામે ને અતિ સવાસનિક તો દેવલોકને પામે.'

અને વિષય તો બાંધે એવા છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી જણાય નહિ; કેમજે કેવા વૈરાગ્યવાન તેને પણ બાંધ્યા, તેનાં નામ **ગોવિંદ સ્વામી** તથા **પરમહંસાનંદ સ્વામી** તથા **મહાપ્રભુ** નામે સાધુ એ આદિક ઘણા ઘણાને બાંધ્યા. તેની વિક્તિ જે ગોવિંદ સ્વામીને કેવો વૈરાગ્ય ! તે સંસારનો ત્યાગ કરીને ચાલ્યા ને રસ્તામાં એક રાજાની બાની દશ હજાર રૂપિયાનું સોનું લઈને બેઠેલ. તે ગોવિંદ સ્વામીનું રૂપ જોઈને કહે જે ''આ સોનું ને હું તમારી છું'' ત્યારે સ્વામીને વિચાર થયો જે ''પ્રભુ ભજવા નીસરે છે તેને આડી સિદ્ધિઓ આવે છે, તે

મારે સિદ્ધિ આવી.'' પછી તો પોતાનું લૂગડું મૂકીને કહ્યું જે ''બેસ, ખત્રે જઈ આવું'' એમ કહીને ચાલ્યા ગયા. એવા વૈરાગ્યવાન; તે પણ **ગંગામાનાં દાળભાત** ને રોટલીઓમાં બંધાણા ! તેને મહારાજે ત્રણ રાત ને ત્રણ દિવસ સુધી ગામ જ આવવા દીધું નહિ. ત્યારે હાથ જોડી કહ્યું જે ''હે મહારાજ ! કેમ કરવું છે ? ત્યારે મહારાજ બોલ્યા જે ''રીંગણા ને ગાજરની માળા ગળામાં ઘાલીને જેતલપુરમાં જઈ ભિક્ષા માગો. પછી કોઈ કહેશે જે 'ગોવિંદ સ્વામી કાંઈ જોશે;' ત્યારે કહેવું જે 'હાઉ' અરે ! ગોવિંદ સ્વામી, ગાંડા થયા ?' ત્યારે કહેવું જે 'હાઉ' એમ કરીને સ્વભાવ મુકાવ્યા. ને પરમહંસાનંદ સ્વામીએ તો **ગાયોમાં બે વર્ષ આસન કર્યું તે પાછું સાધુમાં આસન થયું નહિ.** ને ત્રણ વૃત્તિ તો પોતે સારસ્વત ભણ્યા હતા ને ખોજાના ગુરુ કહેવાતા તેને પણ એમ થયું. ને એક સાધુ મહાપ્રભુ નામે હતો, તે ઝોળીમાં બંધાણો; તેને મહારાજે કહ્યું જે ''હવે **નરનારાયણની ઝોળી** રહેવા દિયો ને લક્ષ્મીનારાયણની ઝોળી માગો.'' પછી વરતાલ આવીને બે, ત્રણ દિવસ રહીને જાતો રહ્યો. એમ જીવ બંધાય છે.

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે, 'જીવને દેહને વિષે જેવી આત્મબુદ્ધિ અને પૂજ્યબુદ્ધિ છે તેવી આત્મબુદ્ધિ ને પૂજ્યબુદ્ધિ જો મોટા પુરુષને વિષે સમજીને આદરે સહિત રાખે તો તેને વિષે જ્ઞાનાદિક સર્વે સદ્‌ગુણ આવે છે એમાં કાંઈ સંશય નથી ને **પોતાની મેળે તો જીવ બહુ કરે છે પણ તે લેખે આવતું નથી. ને જો મોટા પુરુષની આજ્ઞા અને મરજી પ્રમાણે વર્તે તો અલ્પ કરે તો પણ બહુ થાય છે.** જેમ રસે યુક્ત અન્ન અલ્પ જમે તો પણ તૃપ્ત થાય છે ને ભાજી બશેર જમે તથા છાશ બે પતર પીએ તો પણ તેવો સંતોષ ન થાય.'



## સભા - ૧૯

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''કામ, ક્રોધ, લોભ તથા ભય એમને યોગે કરીને પણ ધીરજ ડગે નહિ તેનો શો ઉપાયછે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'હું દેહ નહિ, હું તો દેહથી નોખો ને સર્વનો જાણનારો એવો જે આત્મા તે છું.' એવી જે આત્મનિષ્ઠા તે જ્યારે અતિશે દૃઢ થાય, ત્યારે કોઇ રીતે કરીને ધીરજ ડગે નહિ, અને આત્મનિષ્ઠા વિના બીજા અનેક ઉપાય કરે તો પણ ધીરજ રહે નહિ.

પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જે આત્મનિષ્ઠા હોય તે અંત સમે કેટલીક સહાય કરે છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેમ નદી તરવી હોય ત્યાંતો જેને તરતાં આવડતું હોય તે તરી જાય ને જેને તરતાં ન આવડતું હોય તે તો ઉભો થઇ રહે, પણ જ્યારે સમુદ્ર તરવો હોય ત્યારે તો તે બેયને વહાણનું કામ પડે છે, તેમ ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુ:ખ તે રૂપી જે નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય. પણ મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે, માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે, માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે પણ અંતસમે આત્મનિષ્ઠા કાંઇ કામમાં આવતી નથી, તે સારું ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી.

વળી સ્વામીએ વાત કરી જે, એક દિવસ મહારાજે મને કહ્યું જે **''મંડળ બાંધો''** ત્યારે હું કાંઈ બોલ્યો નહિ. પછી સામું જોઈને કહ્યું જે ''સાધુ તો પાંચ રાખીએ, જેથી જીવનું કલ્યાણ થાય'' એમ કહીને કહેવા માંડ્યા જે ''સાધુ તો દશ રાખીએ, વીશ રાખીએ, પચાસ રાખીએ, સો રાખીએ, ને સાધુ તો બસે પણ રાખીએ'' પછી તો હું બોલ્યો નહિ પણ અંતે એમ કર્યું; એ વાતની દીર્ઘદર્શીને ખબર પડે, આપણે તો કાંઈ જાણીએ નહિ. અરે ! એક દિવસ મહારાજે મને પૂર્વાશ્રમમાં હતો, ત્યાં આવીને કહ્યું જે 'શું કરો છો ? ને શું કરવા

આવ્યા છીએ ! ને બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે !'' એમ કહીને દેખાણા નહિ, તે દિવસથી જીવોના કલ્યાણ થાય તેમજ કરીએ છીએ, અને એક દિવસ મહારાજને ચાર પ્રશ્ન પૂછાવ્યા, તેમાં એક તો **ધ્યાન કરવું,** બીજું **આત્માપણે વર્તવું,** ત્રીજું **માંદાની સેવા કરવી** ને ચોથું **ભગવાનની વાતો કરવી,** એ ચારેમાં અધિક કોણ છે તે કહો ? પછી મહારાજે કહ્યું જે **''વાતો જ અધિક છે.''** તે દિવસથી મેં વાતો કરવા માંડી છે, તે રાત દહાડો સોપો જ પડતો નથી.[1] જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.

અને 'સ્વયં, અંશ, કળા ને વિભૂતિ; એ ચાર પ્રકારના અવતારનાં ભેદ કેમ સમજવા ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, 'સગુણ અને નિર્ગુણ; એમ બે પ્રકારના ભગવાનના અવતાર છે. તે સગુણમાં પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ ને સંકર્ષણ; એ સ્વયં અવતાર છે ને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે અંશાવતાર છે ને કશ્યપાદિક કળાવતાર છે, અને નિર્ગુણમાં તો શ્રીકૃષ્ણાદિક સ્વયં અવતાર છે ને દત્ત કપિલાદિક અંશાવતાર છે ને મચ્છ કચ્છપાદિક કળાવતાર છે અને વિભૂતિ તો ઈંદ્રાદિકને જાણવા. તે વિભૂતિ તો ભગવાનની છડી છે ને ગીતામાં તો રાજાને પણ ભગવાનની વિભૂતિ કહેલ છે માટે છડી તો સર્વને માનવા યોગ્ય છે, તે જુઓને રાજા પરીક્ષિતનું ઋષિએ સન્માન ન કર્યું તો કેટલી ઉપાધિ થઈ ? ને તે રાજાઓને વિષે જે સ્વાભાવિક ગુણ રહે છે તે પોતાનો છે ને જે વિશેષ ઐશ્વર્ય જણાય છે તે પરમેશ્વરનું છે. અને પૂછ્યું જે 'ઉપાસના ને ધર્મ બેય સરસ હોય, ધર્મ ન્યૂન ને ઉપાસના સરસ હોય, ઉપાસના ન્યૂન ને ધર્મ સરસ હોય ને બેય ન્યૂન હોય એ ચાર પ્રકારના ભક્તની પ્રાપ્તિ કહો ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે **ઉપાસના અને ધર્મ જો સંપૂર્ણ હોય તો તે અક્ષરધામને પામે** ને ધર્મ ન્યૂન હોય તો પ્રકૃતિપુરુષના ધામની પ્રાપ્તિ થાય ને ધર્મનિષ્ઠા અધિક હોય તો ઋષિના લોકની પ્રાપ્તિ થાય. બેયમાં કસર હોય તો બ્રહ્માદિક ત્રણ દેવના ધામની પ્રાપ્તિ થાય અને જો ઉપાસના તો હોય પણ અક્ષરનો મહિમા અધિક સમજતો હોય તો તે



ભક્ત અક્ષરમાં લીન થાય છે. ૩૩૫

એક દિવસ સ્વામી ભગવાનની વાત કરતા હતા તે સાંભળવા ત્યાં મનોહરદાસ બેઠા હતા તેને તે વાત શ્રવણ કરતાં લક્ષ થઈ ગયો તે જોઈ શાંતાનંદ સ્વામીએ કહ્યું જે, 'આમને બહુ સુખ આવતું હશે ?' ત્યારે સ્વામી કહે તમારે સમાધિ જોઈએ છે ? ત્યારે તે કહે 'મહારાજનું દર્શન થાય તેતો શ્રેષ્ઠ જ છે તો ?' ત્યારે સ્વામી કહે ઈંદ્રિયોને **વિષયમાંથી રેતી જેવી લુખી કરી નાખે ને જીવસત્તાને અક્ષર સાથે એકપણાને પમાડીને પોતે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કર્યા કરે. એમ જે વર્તવું તેને અમે સમાધિ કરતાં પણ શ્રેષ્ઠ માનીએ છીએ.**

સ્વામીએ વાત કરી જે જીવ સામું જોઈએ તો મુમુક્ષુતા તો જાણીએ છે જ નહિ! કેમજે જે મુમુક્ષુ હોય તેને તો ભગવાન કે ભગવાનના સાધુ તે વિના સુખ કે શાંતિ થાય જ નહિ. જેમ સમુદ્રમાં છીપ રહે છે, પણ તેને સમુદ્રનું પાણી ખપતું નથી. તે તો જ્યારે સ્વાતિના બુંદ પડે છે, ત્યારે જે ઠેકીને તેનું ગ્રહણ કરે છે, તે મોતી લાખ રૂપિયાનું થાય છે; ને જે મંદ શ્રદ્ધાયે કરીને ગ્રહણ કરે છે, તે તો અધલાખનું થાય છે. ને જે પડ્યું પડ્યું ગ્રહણ કરે છે તે તો ફટકીયું થાય છે. તેમજ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ વચને સમાગમ કરે છે, તો તે બ્રહ્મરૂપ થાય છે એમ કહીને બોલ્યા જે —

श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति ॥

અને જેને એવી શ્રદ્ધા ન હોય તેને તો :

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम् ॥

સ્વામીએ વાત કરી જે, કૃપાનંદ સ્વામીનો એમ મત જે **''ગળામાં**

**ઊની કોશ ઘાલે એટલી પીડા થાય, તો પણ ભગવાનની આજ્ઞા લોપવી નહિ.''** ને વળી કૃપાનંદ સ્વામી એમ કહેતા જે ''સ્વપ્નનો ઉપવાસ તો પડે નહિ, ને જો પડે તો દેહ પડી જાય,'' એવો પોતાનો ઠેરાવ. ને વિષયની બીક તો કેવી રહે ? જે 'અલ્પ વચનમાં ફેર પડે તો મહત વચનમાં ફેર પડ્યો હોય એટલી બીક લાગે' તે મેં એક દિવસ નજરે દીઠું છે. એવા કૃપાનંદ સ્વામી તે તો ગંગાજીના જળ જેવા છે. તે જેમ ગંગાનો પ્રવાહ ચાર ગાઉમાં ચાલ્યો જાય છે તે કોઈનો હઠાવ્યો પાછો હઠે નહિ; તેમ તેમની વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ. તે એક દિવસ કૃપાનંદ સ્વામીની સમાધિ જોઈને સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું જે ''અમારે કૃપાનંદ સ્વામીના જેવું હેત નહિ. ને એવા હેતવાળા તે તો ગંગા જેવા, ને ગોપાળાનંદ સ્વામી તે તો દરિયા જેવા. તે તો અનંત જીવને સુખિયા કરી નાખે તેવા હતા. એમ કહીને બોલ્યા જે **જેવા રઘુવીરજી મહારાજ હતા ને જેવા ગોપાળાનંદ સ્વામી હતા તેવા તો જણાણા જ નહિ !** ને આજ સાધુ હશે તેને પણ જાણતા નથી, તેને બહુ ખોટ જાશે. કેમ જે એવા મોટા વિના મહારાજનો સિદ્ધાંત કોણ કહેશે ? ને બીજા તો પોતાની સમજણ પ્રમાણે સમજાવશે; પણ જેમ છે તેમ સમજાવતાં આવડશે નહિ; એ સિદ્ધાંત વાત છે.

એમ પણ કહ્યું છે. માટે સત્પુરુષનો સંગ તો મન, કર્મ વચને જ કરવો. ત્યારે પૂછ્યું જે મન, કર્મ વચને સંગ કેમ કરવો ? ત્યારે સ્વામી બોલ્યા જે, કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું. ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહિ, ત્યારે એમ જાણવું જે મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે. એટલી વાત કરીને બોલ્યા જે :–

**''સંત સમાગમ કીજે હો નિશદિન સંતસમાગમ કીજે''**

એ ગોડી બોલ્યા ત્યાં આરતી થઈ તે દર્શને પધાર્યા.



## સભા - ૨૦

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''હવે કીર્તન ભક્તિની સમાપ્તિ કરીને માંહોમાંહી પ્રશ્ન ઉત્તર કરો'' પછી સોમલાખાચરે પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાન પોતાના ભક્તના સર્વે અપરાધ માફ કરે છે, પણ એવો ક્યો અપરાધ છે જે ભગવાન માફ ન કરે ?'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે, એ અપરાધને ભગવાન માફ નથી કરતા. માટે ભગવાનના ભક્તનો કોઇ પ્રકારે દ્રોહ કરવો નહિ. અને વળી ભગવાનના સર્વે અપરાધ થકી ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે. તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહિ. અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે. અને ભગવાન તો સદા સાકાર મૂર્તિ છે તેને જે નિરાકાર સમજવા, એજ ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય છે. અને પુરુષોત્તમ એવા જે ભગવાન તે જે તે કોટિ સૂર્ય, ચંદ્ર સરખું તેજોમય એવું પોતાનું અક્ષરધામ તેને વિષે સદા દિવ્યાકાર થકા વિરાજમાન છે. અને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તેજ પોતે કૃપાકરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રકટ થાય છે, ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે, કાંજે રામકૃષ્ણાદિક અવતારને વિષે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ર અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે, તથા દશ ઈંદ્રિયો, પંચ પ્રાણ ઈત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે, પણ એ સર્વે બ્રહ્મ છે પણ માયિક નથી, તે માટે એ ભગવાનના આકારનું ખંડન કયારેય પણ ન કરવું.''

પછી માતરેધાધલે પ્રશ્ન પુછ્યો જે, ''ઈર્ષ્યાનું શું રૂપ છે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહિ અને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય, એ ઈર્ષ્યાનું લક્ષણ છે.''

પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિનો નિશ્ચય હોય અને ભજન કરતો હોય ને સત્સંગના નિયમ પ્રમાણે વર્તતો હોય, અને તેનું કલ્યાણ થાય એ તો સત્સંગની રીતિ છે; પણ શાસ્ત્રમાં

કલ્યાણની કેમ રીતિ છે ? અને વેદનો અર્થ તો અતિ કઠણ છે. માટે તેની કથા થતી નથી, અને શ્રીમદ્ ભાગવત પુરાણ અને મહાભારત એમાં વેદનોજ અર્થ છે ને સુગમ છે, માટે તેની જગતમાં કથા થાય છે, માટે શાસ્ત્રની રીતે કરીને કલ્યાણ થતું હોય તેમ કહો. અને શંકરાચાર્યે તો નિરાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે, અને રામાનુજાદિક જે આચાર્ય તેમણે તો સાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે. માટે એવી રીતે શાસ્ત્રનો મત લઈને ઉત્તર કરો.'' પછી મુનિએ શાસ્ત્રની રીતે નિરાકારનો પક્ષ ખોટો કરીને સાકાર ભગવાનને ભજને કરીને કલ્યાણ છે, એવી રીતે પ્રતિપાદન કર્યું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે પણ એજ પક્ષનું ગ્રહણ કરીએ છીએ, પણ તેમાં તમને એક પ્રશ્ન પૂછીએ છીએ જે, ''નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તેથી પર ને સદા સાકાર એવા જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી ઉપર પ્રકટ મળ્યા તે કેડે બ્રહ્મપુર તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ એ આદિક જે ભગવાનનાં ધામ તે ધામને દેખવાની જેને લાલચ રહે, ત્યારે એને નિશ્ચય છે કે નથી ?'' પછી મુનિ બોલ્યા જે, ભગવાન મળ્યા પછી જેના મનમાં એમ રહેતું હોય જે, 'જ્યારે અક્ષરાદિક ધામ દેખીશું અથવા કોટિ કોટિ સૂર્યનો પ્રકાશ દેખીશું, ત્યારે આપણું કલ્યાણ થયું' એવી સમજણવાળાને તો યથાર્થ ભગવાનનો નિશ્ચય નથી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એણે બ્રહ્મપુરાદિક ધામને તથા બ્રહ્મસ્વરૂપને દેખ્યાની લાલચ રાખી એતે શું એણે પાપ કર્યું જે, નિશ્ચયની ના પાડો છો ?'' પછી મુનિ બોલ્યા જે, ''જેણે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનને દર્શને કરીને કલ્યાણ માન્યું હોય તે બ્રહ્મપુર, ગોલોક આદિક જે ધામ છે તે પણ ભગવાનનાં જ છે, માટે તેની પણ અરુચિ શા સારુ રાખે ? પણ ભગવાન વિના એને ઈચ્છે નહિ.'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''તે ધામ ને તે ધામને વિષે રહ્યા જે પાર્ષદ તે તો ચૈતન્યમૂર્તિ છે ને માયા પર છે, માટે એમાં શું દૂષણ છે જે એને ઈચ્છે નહિ ? અને ભગવાન પૃથ્વી ઉપર પ્રકટ વિરાજતા હોય ને ત્યાં જે સેવક હોય તે પણ મરી જાય એવા હોય, અને ઘર હોય તે પણ પડી જાય એવાં હોય તે કેમ સમજો છો ? પછી મુનિ બોલ્યા જે, એ ઘરને તો અમે બ્રહ્મપુરાદિક ધામ સમજીએ છીએ, ને એ સેવકને તો અમે બ્રહ્મરૂપ



સમજીએઁ છીએ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''બ્રહ્મપુર અને બ્રહ્મપુરને વિષે રહ્યા જે ભગવાનના પાર્ષદ તે તો અખંડ છે ને અવિનાશી છે, તેને મૃત્યુ લોકનાં નાશવંત એવાં જે ઘર ને પાર્ષદ તે બે બરોબર કેમ કહો છો ?'' પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ ! એનો ઉત્તરતો તમે કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ. અને જ્યારે કોઈક ભક્તને સમાધિને વિષે અલૌકિક દૃષ્ટિ થાય છે ત્યારે તેને ભગવાનની મૂર્તિને વિષે કોટિ કોટિ સૂર્યના સરખો પ્રકાશ ભાસે છે, અને અનંતકોટી જે મુક્ત તે પણ મૂર્તિ ભેળા ભાસે છે અને અક્ષરધામ પણ એ ભગવાનની મૂર્તિ ભેળું જ ભાસે છે, માટે એ સર્વે ભગવાન ભેળુંજ છે, તોય પણ ભગવાન તે મનુષ્ય જે પોતાના ભક્ત હોય તેનીજ સેવાને અંગીકાર કરે છે, અને તે પોતાનાં ભક્તના ગાર્ય,માટી ને પાણાનાં જે ઘર તેને વિષે વિરાજમાન રહે છે. અને તે ભક્ત ધૂપ, દીપ, અન્ન, વસ્ત્રાદિક જે જે અર્પણ કરે છે, તેને ભગવાન પ્રીતિએ કરીને અંગીકાર કરે છે, તે એ મનુષ્ય સેવક છે તેને દિવ્યરૂપ પાર્ષદ ભેળા ભેળવવા વાસ્તે કરે છે અને જે ભક્તજન જે જે વસ્તુ ભગવાનને અર્પણ કરે છે તે તે વસ્તુ ભગવાનના ધામને વિષે દિવ્યરૂપ થાય છે. અને એ ભક્ત દિવ્યરૂપ થઈને તેને પામે છે, માટે એવું અચળ અખંડ સુખ ભક્તજનને પમાડવાને અર્થે ભગવાન જે તે મનુષ્ય એવા જે પોતાના ભક્તજન તેની સર્વે સેવાને અંગીકાર કરે છે. માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું, અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'' ઈતિ વચનામૃતમ્ ॥૭૧॥

અને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને એમ સમજે જે, મહારાજ તો કોઈને ક્યાંય જોડતા જ નથી. મહારાજ તો અક્ષરધામને વિષે પોતાના એકાંતિક ભક્તને નિરંતર દર્શન આપે છે પણ પોતાને બીજા પાસે કાંઈ કરાવવું નથી ને જે મહાપુરુષ તથા જે જે પ્રવૃત્તિ તથા નિવૃત્તિને વિષે જોડાય છે તેતો પોતાને રાગે કરીને જોડાય છે તેને

અક્ષર દ્વારે જોડે છે પણ પોતે તો કોઈને પ્રવૃત્તિને વિષે જોડતા નથી. તે ઉપર મહારાજે વાત કરી હતી જે પ્રથમ સૃષ્ટિ કરવાનો સમય થયો ત્યારે ભગવાને અક્ષર સામું જોયું ત્યારે અક્ષરમાં અનંતકોટિ મુક્ત બેઠા હતા તેમાંથી જેને સદ્ આશય હતો એવો જે પુરુષ તે આગળ આવીને ઉભો રહ્યો. તેને વૃત્તિએ કરીને માયાને વિષે જોડ્યો ત્યારે માયા થકી અનંતકોટિ મહાવિષ્ણુ થયા પછી એક એક મહાવિષ્ણુ થકી એક એક બ્રહ્માંડ ઉત્પન્ન થયું એવી રીતે અનંતકોટિ બ્રહ્માંડ ઉત્પન્ન થયાં. ત્યારે કેટલાકે તો એમ જાણ્યું જે, એને રાગ હતો તે જોડાણો ને કેટલાકે તો એમ જાણ્યું એને રાગ તો હતો અને મહારાજે આજ્ઞા કરી એટલે માયા સાથે જોડાણો ને કેટલાકે તો એમ જાણ્યું જે એને જોડાવું નહોતું પણ મહારાજે આજ્ઞા કરી તેથી માયા સાથે જોડાણો માટે એ બે કેડ્યેથી કહ્યા તેમણે એ કાચપ્ય ટાળી જોઈએ. એમ જે સમજે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.

અને મહારાજ તથા સાધુ તેડવા આવે ત્યારે કેના ભેગું જાવું ? કેમ જે, મહારાજ એમ કહે કે, 'તમારે આ સાધુ સાથે હેત છે ને અમે આમ ફરીને આવીએ છીએ તે તમારી નજરમાં આવે તો અમ ભેળા આવો કે તે સાધુ ભેળા જાઓ' ત્યારે કેના ભેગા જાવું ? તે વાસ્તે મહારાજના જેવું કોઈ મુક્તને વિષે હેત ન રાખવું ને જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેને તો એક ભગવાનને વિષે જ પ્રીતિ રાખવી પણ બીજા કોઈ મુક્તને વિષે ન રાખવી ને જેને ધર્મ, જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ; તે અતિ દૃઢ ન હોય તેણે તો કોઈ મોટા એકાંતિક સાધુ હોય તે સાથે હેત કરવું અને **સત્સંગીની સભા બેઠી હોય ત્યારે તો પર્વતભાઈ જેવા પાસે બેસવું ને સત્સંગી તથા સાધુની સભા બેઠી હોય ત્યારે તો મુક્તાનંદ સ્વામી જેવા સંત પાસે બેસવું ને મહારાજે સહિત સભા બેઠી હોય ત્યારે તો મહારાજની પાસે બેસવું** તથા હેત પણ મહારાજ સાથે રાખવું પણ બીજા કોઈને વિષે હેત તથા સંગ તે મહારાજના જેવું ન રાખવું.



## સભા - ૨૧

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વિપ, બ્રહ્મપુર એ સર્વે જે ભગવાનનાં ધામ તેને બાહ્ય દૃષ્ટિએ કરીને જોઈએ તો ઘણાં છેટે છે અને આત્મદૃષ્ટિએ કરીને જોઈએ તો એક અણું જેટલું પણ છેટું નથી, માટે બાહ્ય દૃષ્ટિવાળાની સમજણ છે તે મિથ્યા છે અને આત્મદૃષ્ટિવાળાની સમજણ છે તે સત્ય છે અને જે સાધુ એમ સમજતો હોય જે મારા ચૈતન્યને વિષે ભગવાન સદાય વિરાજમાન છે તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે, અને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ સમજે તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુંમાત્ર છેટે નથી અને એવી રીતનો જે સંત હોય તે તો જેવો શ્વેતદ્વીપમાં મુક્ત છે તે સરખો છે અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે 'મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું' ને એવી સમજણવાળો જે સંત તે તો કૃતાર્થ છે અને જેને આવી સમજણ તો આવી શકે નહિ ને જો તે સંતના સમાગમમાં પડ્યો રહે ને તે સંત નિત્ય પાંચ-પાંચ ખાસડાં મારે તો પણ તે અપમાનનું સહન કરે ને સંતનો સમાગમ મુકી શકે નહિ, જેમ અફીણનો બંધાણી હોય તે તેને મુકી શક્તો નથી તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહિ તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ તે સંતને થાય છે તેવીજ જે સંત સમાગમમાં પડ્યો રહે છે તેને પણ થાય છે. ઈતિ વચનામૃતમ્ ॥૧૦॥ ૮૮ ॥

અને જગત તે શું ? તો, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ. એ **જે પંચવિષય તે જગત છે. તેમાં પણ માન, સ્ત્રી અને ધન એ ત્રણ તો વિશેષે જગત છે.** માટે ત્યાગીને તો બાળકની પેઠે કોઈ માન કરે તથા કોઈ અપમાન કરે તથા પૂજા કરે તથા ધૂળ નાખે તે બેયને વિષે સમભાવ રહે તો જગતમાં ન લેવાણો ને જો હર્ષ શોકને પામે તો જગતમાં લેવાણો તેમજ ત્યાગીને ધન ને સ્ત્રી એ બે તો ન હોય પણ

જો કોઈક ભગવાનના મંદિરને વિષે ધૂળ નાખીને ખાડા પૂરે તથા પાણા ફેરવે તથા મંદિરમાં ગાર્ય કરે તથા સંતની સેવા કરે ને કોઈક તો રજોગુણી મનુષ્યને સત્સંગ કરાવીને ને તેને ઉપદેશ કરીને બે ત્રણ હજાર તથા ચાર હજાર રૂપિયા લાવે ત્યારે જો એ બેયની ઉપર સમભાવ રહે તો જાણવું જે એ જગતને વિષે ન લેવાણો ને જો ભગવાનના મંદિરની સેવા કરે, તેથી ધન લાવે તે ઉપર મનમાં બહુ રાજી થાય તો જાણવું જે એ જગતમાં લેવાણો. માટે ત્યાગીને તો કોઈ ભગવાનના મંદિરને વિષે ગાર્ય કરે તથા જગ્યામાં ખાડા પૂરે તથા પાણા ફેરવે તથા કોઈ રૂપિયા લાવે તે બેયને વિષે સમભાવ રાખવો ને જો એમ ન કરે ને અધિક ન્યૂનભાવ રખાય તો જાણવું જે એ જગતમાં લેવાણો.

સ્વામીએ વાત કરી જે મોરે તો મુમુક્ષુ ભગવાનને ખોળતા; ને હવે તો ભગવાન છે તે મુમુક્ષુને ખોળે છે. જેમ ધૂળધોયા ધૂળમાંથી ધાતુ ખોળે છે, તેમ પામર ને વિષયીમાંથી મુમુક્ષુને ખોળે છે. અને જે મુમુક્ષુ હોય તેને તો નિરંતર એમ વર્ત્યા કરે જે–

**‘‘કરું ઉપાય હવે એહનો, ડોળી દેશવિદેશજી;**
**કોઈ રે ઉગારે મુને કાળથી, સોપું તેને આ શીશજી’’**

એમ નિરંતર વર્ત્યા કરે. પછી વળી સ્વામીએ વાત કરી જે ધર્મપુરવાળા કુશળ કુંવરબાઈએ મહારાજને પ્રશ્ન પૂછ્યું, જે ‘‘હે મહારાજ ! તમે કાગળમાં લખ્યું છે જે, અનિર્દેશથી લિખાવીંત સ્વામીશ્રી સાત સહજાનંદજી મહારાજ; તે અનિર્દેશ તે શું ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે ‘‘આ તમારો દરબાર છે તે નિર્દેશ છે ને આ તમારું શહેર છે તે અનિર્દેશ છે, પૃથ્વી નિર્દેશ છે ને જળ અનિર્દેશ છે; જળ નિર્દેશ ને તેજ અનિર્દેશ છે તેજ નિર્દેશ છે ને વાયુ અનિર્દેશ છે; વાયુ નિર્દેશ છે ને આકાશ અનિર્દેશ છે; આકાશ નિર્દેશ છે ને અહંકાર અનિર્દેશ છે; અહંકાર નિર્દેશ ને મહત્તત્વ અનિર્દેશ છે; મહત્તત્વ નિર્દેશ ને પ્રધાનપુરુષ અનિર્દેશ છે; પ્રધાનપુરુષ નિર્દેશ ને પ્રકૃતિપુરુષ અનિર્દેશ



છે; પ્રકૃતિપુરુષ નિર્દેશ ને એ પ્રકૃતિપુરુષ થકી પર અક્ષરધામ તે અમારો અનિર્દેશ છે. ત્યાં રહીને અમે કાગળ લખાવીએ છીએ’’ એટલી વાત કરી ત્યાં સુધી મૂર્તિ સામું જોઈ રહ્યા ને વૃત્તિ પલટાવીને હૈયામાં ઉતારતાં ગયાં, તે આ વાત મહારાજે કહી હતી.

વળી સ્વામીએ વાત કરી જે, અમારી સમજણ તો કોઈને કહેવાય નહિ, પણ આજ થોડીક કહું, એમ કહીને બોલ્યા જે, કહ્યા વિના તો જ્ઞાન થાય જ નહિ. ને જ્ઞાન થયા વિના મોહ પણ ટળે નહિ. અને જેને **મોટાની સમજણ** આવી હોય તેને તો **મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર** દેખાતો હોય; તેમાં શાનો મોહ થાય ? તે એવું તો **સર્વનિવાસાનંદ સ્વામી**ને થઈ ગયું, જે પ્રકૃતિપુરુષનું કાર્ય તેમાં વૃત્તિ રહી જ નહિ. તે એક દહાડો મારી પાસે કહ્યું જે મહારાજની પૂજા સેવા શા વતે કરું ? ત્યારે મેં કહ્યું જે મૂર્તિ સામું જોઈ રહો. ત્યારે સર્વનિવાસાનંદ સ્વામીએ કહ્યું; જે ‘‘કરીએ છીએ તો એમજ, પણ જો આવી વાત કોઈકને કહીએ તો આ મારો ખાટલો લઈને વંડામાં નાખી આવે એવું કઠણ પડે પણ મહારાજની મૂર્તિ વિના તો ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે; પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ’’ એવી મોટાની સમજણ છે.

સ્વામીએ વાત કરી જે, આ જીવને **માખીમાંથી સૂર્ય** કરવો છે તે કર્યા વિના થાય જ નહિ. ત્યારે પૂછ્યું : જે ‘માખીમાંથી કેમ સૂર્ય થાય ?’ પછી સ્વામી બોલ્યા જે, આ સૂર્ય કોઈક કાળે માખીમાંથી થયો છે, તે પુરુષોત્તમની ઉપાસનાને બળે કરીને થયો છે. અને તે પુરુષોત્તમની ઉપાસનાએ કરીને તો ઈશ્વર કોટિમાં, પુરુષ કોટિમાં ને બ્રહ્મકોટિમાં ભળાય છે; અને તે ઉપાસના અને મહિમા વતે તો પોતાને વિષે પરિપૂર્ણપણું અને કૃતાર્થપણું મનાય છે. અને તે વિના તો પોતાને વિષે અપૂર્ણપણું ને કલ્પના એ બે રહે. તે ઉપર ગંગાજળિયા કૂવાનું

વચનામૃત (ગ.મ. ૬૭મું) વંચાવીને બોલ્યા જે, જેવા મહારાજને જાણે તેવો પોતે થાય છે ત્યારે તેને અપૂર્ણપણું ને કલ્પના કેમ રહે ? ન જ રહે. ને આવું ભગવાનના સ્વરૂપ સંબંધી જે જ્ઞાન છે તે તો કોઈ દિવસ નાશ થાય એવું નથી. તે જઠરાગ્નિએ કરીને, વીજળીના અગ્નિએ કરીને કે વડવાનળ અગ્નિએ કરીને કે પ્રલયકાળના અગ્નિએ કરીને કે મહાતેજના અગ્નિએ કરીને પણ આ જ્ઞાન નાશ થાય તેવું નથી; તે જ્ઞાન તો અખંડ ને અવિનાશી છે. તે જેમ પુરુષોત્તમ, અક્ષરધામ ને તેના મુક્ત સનાતન છે; તેમ પુરુષોત્તમનું જ્ઞાન પણ સનાતન છે એટલી વાત કરી ત્યાં 'વાસુદેવ હરે' થયા તે જમવા પધાર્યા.

સ્વામીએ વાત કરી જે, હજાર વર્ષનો ખીજડો હોય છે, તેને સાંગરિયું થાય છે, ને પાંચ વર્ષનો આંબો હોય તેને કેરીઓ થાય છે. તે તો **દૃષ્ટાંત** ને એનું **સિદ્ધાંત** તો એ છે : જે ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ જો પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે **ખીજડા જેવા** છે તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહિ. અને વિદ્યા પણ બહુ ન ભણ્યો હોય ને અવસ્થા પણ થોડી હોય ને કુળ પણ ઉંચુ ન હોય, પણ જો આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈ ને આવા સાધુની જેને ઓળખાણ થઈ તો તે **આંબા જેવા** છે, ને તેને સંગે તો ટાઢું થઈ ને સુખિયો થઈ જાય છે. માટે જે ખીજડા જેવા હોય તેનો સંગ ન કરવો. ને જે આંબા જેવા હોય તેનો સંગ કરવો. તે ઉપર શ્લોક બોલાવીને કહ્યું જે બાર ગુણે યુક્ત બ્રાહ્મણ હોય ને જો પ્રત્યક્ષ ભગવાન સાથે ઓળખાણ ન હોય, તો તે કરતાં તો ભગવાનનો ભક્ત શ્વપચ હોય તે શ્રેષ્ઠ છે, એમ કહ્યું છે. તે માટે ભગવાનના ભક્તને ઓળખીને તેનો સંગ કરવો, જેથી છેલ્લો જન્મ થઈ જાય; ને એવા ન મળે તો અનંત જન્મ ઉત્પન્ન કરે એવો કુસંગ છે.



## સભા - ૨૨

પછી પરમાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, " શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે, 'શ્રી નરનારાયણ ઋષિ જે તે બદરિકાશ્રમમાં રહ્યા થકા આ ભરતખંડના સર્વે મનુષ્યના કલ્યાણને અર્થે અને સુખને અર્થે તપને કરે છે.' ત્યારે સર્વે મનુષ્ય કલ્યાણના માર્ગને વિષે કેમ નથી પ્રવર્તતાં ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "એનો ઉત્તર તો તે શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધને વિષે જ છે જે, 'એ ભગવાન તપ કરે છે તે તો પોતાના ભક્તને અર્થે કરે છે પણ અભક્તને અર્થે નથી કરતા.' કેવી રીતે તો આ ભરતખંડને વિષે અતિશે દુર્લભ એવું જે મનુષ્ય દેહ તેને જાણીને જે જન ભગવાનના શરણને પામે છે ને ભગવાનની ભક્તિ કરે છે તે જનના અનુગ્રહને અર્થે તપસ્વીના જેવો છે વેષ જેનો એવા જે શ્રીનરનારાયણ ભગવાન તે જે તે કૃપાએ કરીને મોટું તપ કરે છે અને પોતાને વિષે નિરંતર અધિક પણે વર્તતા એવા જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઉપશમ, ઐશ્વર્ય આદિક ગુણ તેણે યુક્ત એવું જે તપ તેને કરતા થકા તે ભગવાન જે તે આ જગતનો રાત્રિપ્રલય થાય ત્યાં સુધી બદરીકાશ્રમને વિષે રહ્યા છે અને ભરતખંડને વિષે રહ્યા જે તે પોતાના ભક્તજન તેમના જે ધર્મ જ્ઞાનાદિક ગુણ તે જે તે અતિશે અલ્પ હોય તો પણ તે ભગવાનના ગુણે યુક્ત તપને પ્રતાપે કરીને થોડાક કાળમાં જ અતિશે વૃદ્ધિને પામે છે. અને તે પછી તે ભક્તજનના હૃદયને વિષે ભગવાનની ઈચ્છાએ કરીને જણાતું જે અક્ષર બ્રહ્મમય એવું તેજ તેને વિષે સાક્ષાત્ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું દર્શન થાય છે, એવી રીતે જે પોતાના ભક્ત છે તેમનું તે ભગવાનના તપે કરીને નિર્વિઘ્ન કલ્યાણ થાય છે પણ જે ભગવાનના ભક્ત નથી તેમનું કલ્યાણ થતું નથી, એવી રીતે એ પ્રશ્નનો ઉત્તર છે." ઈતિ વચનામૃતમ્ ॥૧૬॥ ॥૯૪॥

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "અમે એક પ્રશ્ન પૂછીએ છીએ. પછી મુનિ બોલ્યા જે, "પૂછો મહારાજ !" પછી શ્રીજી મહારાજે પૂછ્યું જે, "ભગવાન જીવના કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર અવતાર ધરેછે તે અવતાર ધર્યા વિના પોતાના ધામમાં રહ્યા થકા શું કલ્યાણ કરવાને સમર્થ નથી ? અને કલ્યાણ તો ભગવાન

જેમ ધારે તેમ કરે ત્યારે અવતાર ધર્યાનું શું પ્રયોજન છે.? અને જો અવતાર ધરે ત્યારે જ ભગવાનમાં કલ્યાણ કરવાની સામર્થી હોય અને અવતાર ધર્યા વિના જીવનાં કલ્યાણ ન કરી શકતા હોય તો ભગવાનને વિષે પણ એટલું અસમર્થપણું આવે, ત્યારે ભગવાન તો અવતાર ધરીને પણ કલ્યાણ કરે અને અવતાર ન ધરે તો પણ જીવનાં કલ્યાણ કરવા સમર્થ છે. માટે એવા જે ભગવાન તેને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે. ? એ પ્રશ્ન છે.'' પછી મોટા મોટા સંત હતા તેમણે જેની જેવી બુદ્ધિ તેણે તેવો ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું કોઈથી સમાધાન ન થયું અને શ્રીજીમહારાજે આશંકા કરી તે સર્વેના ઉત્તર ખોટા થઈ ગયા. પછી મુનિ સર્વે હાથ જોડીને બોલ્યા જે, ''હે મહારાજ ! એ પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરો તો થાય,'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ભગવાનને અવતાર ધર્યાનું એજ પ્રયોજન છે જે, ભગવાનને વિષે અતિશે પ્રીતિવાળા જે ભક્ત હોય તેની ભક્તિને આધિન થઈને તે ભક્તને સુખ દેવાને અર્થે જેવી ભક્તની ઈચ્છા હોય તેવા રૂપનું ધારણ કરે છે. પછી જેવા જેવા પોતાના ભક્તના મનોરથ હોય તે સર્વે પૂરા કરે છે. અને તે ભક્ત હોય તે સ્થૂલભાવે યુક્ત છે, અને દેહધારી છે, માટે ભગવાન પણ સ્થૂલભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે. અને તે પોતાના ભક્તને લાડ લડાવે છે, અને પોતાની સામર્થીને છપાડીને તે ભક્ત સંઘાથે પુત્રભાવે વર્તે છે, અથવા સખાભાવે વર્તે છે. અથવા મિત્રભાવે વર્તે છે, અથવા સગાસંબંધીને ભાવે વર્તે છે, તેણે કરીને એ ભક્તને ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી. પછી જેવી એ ભક્તને ઈચ્છા હોય તેવી રીતે લાડ લડાવે છે. માટે પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા, એજ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે. અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે  છે. ને ધર્મનું સ્થાપન પણ કરેછે. હવે એમાં આશંકા થતી હોય તો બોલો.'' પછી મુનિએ કહ્યું જે હે મહારાજ ! યથાર્થ ઉત્તર થયો. ઈતિ વચનામૃતમ્ ॥૫॥ ॥૧૦૧॥

અને મહારાજ આજ્ઞા કરે જે 'તમારી નજરમાં આવે ત્યાં અવતાર ધરીને જીવનાં કલ્યાણ કરી આવો' ત્યારે એવે ઠેકાણે દેહ ધરવો, 'જે ગરીબ બ્રાહ્મણ હોય ને માંગીને પેટ ભરતો હોય ને વેદનો ભણેલો ને ધર્મવાળો હોય તેને ઘેર દેહ ધરવો. તે કન્યા પણ ન મળે એટલે



તરત ઘરનો ત્યાગ કરીને ત્યાગી થવાય અને જો ભારે ધનાઢ્ય ગૃહસ્થને ઘેર જન્મ ધરે તો નાનો હોય ત્યાંથીજ એવા માર્ગમાં ચડાવી દીએ જે માન મોટપ, સ્ત્રી, ધન, અને લોકની આબરુ તથા પોતાનાં જે સંબંધી તેમાં સ્નેહ થાય પછી તે મૂકીને નીકળાય નહિ તે માટે દેહ ધરવો પડે તો એમ સમજી વિચારી તપાસ કરીને દેહ ધરવો, એ વાત અવશ્ય સમજવાની છે.

અને ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'દેશકાળાદિકે કરીને એક નિર્ધાર રહે એમ જણાતું નથી. માટે કેમ કરે તો મતિ ન ફરે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'એતો એક ભગવાનને વિષે મોટપ સમજે પણ બીજા કોઈનો ભાર ન આવે ને સત્સંગનો વધારો થાય તથા ઘટી જાય તો પણ એમ સમજે જે ભગવાન મળ્યા છે તેતો ક્યાંય જાતા રહે એમ નથી તથા કોઈ લઈ લે એમ પણ નથી ને જો સત્સંગનો વધારો થાશે ને લોક બહુ માનશે તો સામો ભગવાનને ભજતાં એટલો વિક્ષેપ થાશે ને જો રજોગુણી મનુષ્ય સત્સંગી થાશે ને બહુ માનશે તો સામા આપણને પણ રજોગુણી કરશે માટે એમ ચોખ્ખું સમજે, જે ભગવાન કરતા હશે તે ઠીક કરતા હશે. એમ સમજે તો કોઈ રીતે મતિ ન ફરે.'

પછી સંતે પૂછ્યું જે, 'ભગવાનનો અખંડ સંબંધ થયો તે કેમ જાણવો?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ભગવાનનો સંબંધ તો તેને કહીએ જે જેમાં અંતરાય ન રહે ને ભગવાનને સર્વોપરિ સમજે ને ભગવાન જે જે વચન કહે તે સત્ય માને જ્યાં મૂકે ત્યાં રાજી થકો જાય પણ મૂંઝાય નહિ. તથા કોઈ વિષયને વિષે બંધાય નહિ ને તે વિષયને વિષે રાગ પણ ન થાય ને નિરંતર વિષયને વિષે દોષને દેખે. એમ વર્તે ત્યારે જાણીયે જે તેને ભગવાનનો સંબંધ અખંડ થયો છે.

એક તો ત્યાગીને ત્યાગીનો ધર્મ દઢ પાળવો ને ગૃહસ્થને ગૃહસ્થનો ધર્મ દઢ પાળવો ને શ્વેતતેજને વિષે ભગવાન સદાય મૂર્તિમાન વિરાજમાન છે એમ જાણીને તે ભગવાનની ભક્તિ કરતો હોય ને પોતાને ને

અક્ષરને એક કરીને ભગવાન વિના બીજે એક અણુમાત્ર પણ પ્રીતિ રાખતો ન હોય એવી રીતનો પોતે થયો હોય તોપણ તેણે **ભગવાનનું માહાત્મ્ય જાણ્યાને અર્થે એકાંતિક સાધુનો મન, કર્મ, વચને કરીને સંગ નિરંતર રાખવો.**

અને ભગવાનનું ધ્યાન કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા ભક્તિ કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા જ્ઞાન કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા વૈરાગ્ય રાખે તે પણ દેખાડ્યાના અર્થે રાખે તથા ધર્મ પાળે તે પણ દેખાડ્યાને અર્થે પાળે તથા સેવા કરે તે પણ દેખાડ્યાના અર્થે કરે તથા કથા વાર્તા વગેરે જે જે ક્રિયા કરે તે લોક જાણે તથા પોતાની મોટપ વધે તથા માન વધે તેને અર્થે તથા દેખાડ્યાને અર્થે ઉપરથી કરે તેને કનિષ્ઠ ભક્ત જાણવો અને જે દેખાડ્યાને અર્થે તથા ભગવાન પ્રસન્ન થાય એ બેયને અર્થે કરે તેને મધ્યમ કહીએ. ને જે ધર્મ પાળે તથા તપ કરે તથા ત્યાગ કરે તથા જ્ઞાન કરે તથા વૈરાગ્ય રાખે તથા ભક્તિ કરે તથા ભગવાનમાં હેત કરે તથા સેવા કરે તથા ધ્યાન ધરે તથા કથા, વાર્તા, કીર્તન વગેરે જે જે કરે તે કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે ને ભગવાનને અર્પણ કરે પણ લોક વખાણે તથા માન આપે તથા અપમાન કરે તથા તિરસ્કાર કરે તોપણ હર્ષ શોકને ન પામે ને માન કરે તેમાં રાજી ન થાય તિરસ્કાર કરે તેમાં શોક ન કરે પણ રાજી રહે ને **જે જે કરે તે ભગવાનને અર્પણ કરે એવો જે હોય તેને ઉત્તમ ભક્ત જાણવો.** તે સારુ જે જે કરવું તે ભગવાનને રાજી કર્યાને અર્થે કરવું પણ કોઈક વખાણે તે સારુ ન કરવું.



## સભા - ૨૩

ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'એતો અમે અભક્તનાં મન ઈંદ્રિયોને કહ્યું છે પણ ભક્તનાં મન ઈંદ્રિયો તો ભગવાનને સાક્ષાત્કારપણે પામે છે, જેમ આકાશને વિષે રહી છે જે પૃથ્વી તે પ્રલયકાળને સમે આકાશરૂપ થઈ જાય છે, અને જળ પણ આકાશરૂપ થઈ જાય છે, અને તેજ પણ આકાશરૂપ થઈ જાય છે, અને વાયુ પણ આકાશરૂપ થઈ જાય છે. એમ જે ભગવાનના ભક્ત હોય તેનાં જે દેહ, ઈંદ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તે સર્વે ભગવાનને જ્ઞાને કરીને ભગવાનને આકારે થઈ જાય છે ને દિવ્ય થઈ જાય છે, કાં જે ભગવાન પોતે દિવ્ય મૂર્તિ છે તેનાં ઈંદ્રિયો અંતઃકરણ દેહ તેને આકારે એ ભક્તનાં દેહ ઈંદ્રિયો અંતઃકરણ થાય છે માટે દિવ્ય થઈ જાય છે. ત્યાં દૃષ્ટાંત છે જેમ ભમરી ઈયળને ઝાલી લાવે છે ને તેને ચટકો લઈને ઉપર ગુંજારવ કરે છે તેણે કરીને તે ઈયળ તેને તે દેહે કરીને તદાકાર થઈ જાય છે, પણ કોઈ અંગ ઈયળનું રહેતું નથી ભમરી જેવી જ ભમરી થઈ જાય છે તેમ ભગવાનનો ભક્તપણ એને એ દેહે કરીને ભગવાનને આકારે થઈ જાય છે. અને આ જે અમે વાર્તા કહી તેનું હાર્દ એ છે જે, આત્મજ્ઞાને સહિત જે ભક્તિનિષ્ઠાવાળો છે તથા કેવળ ભક્તિનિષ્ઠાવાળો છે તે બેયની એ ગતી કહી છે પણ કેવળ આત્મનિષ્ઠાવાળો જે કૈવલ્યાર્થી તેના દેહ, ઈંદ્રિયો અને અંતઃકરણ તેનું ભગવાનની મૂર્તિને તદાકારપણું નથી થતું એતો કેવળ [૧]બ્રહ્મસત્તાને પામે છે.'' એમ વાર્તા કરીને બોલ્યા જે, 'હવે એટલી વાર્તા રાખો અને સભા સર્વે શૂન્ય થઈ ગઈ છે માટે કોઈક સારાં સારાં કીર્તન બોલો.' એમ કહીને પોતે ધ્યાન કરવા માંડ્યા ને સંત કીર્તન ગાવા લાગ્યા. ઈતિ વચનામૃતમ્ ॥૧॥ ॥૯૭॥

અને ગોલોકમાં જે ભગવાનની સેવા કરે છે તેમાં કોઈક મુક્ત ઢોલિયો તથા તળાઈ તથા તકિયો તથા ચમર, ઝારી, વીંજણો, ચાંખડીયું તથા ઘોડો તથા પલાણ, છત્ર વિગેરે તે તે પદાર્થરૂપે તથા તે તે સેવકરૂપે થાય છે ને ભગવાન જ્યારે ચાલે છે ત્યારે મુક્ત છે તે આગળથી રસ્તાની બેય કોરે વૃક્ષ થઈને પુષ્પ તથા ફળે સહિત ભગવાનની ઉપર છાંયો કરે છે ને જ્યારે ભગવાન આગળ ચાલ્યા જાય

ત્યારે પાછા ઉઠીને આગળ જઈ છાંયો કરે છે. અને એ અક્ષરધામને ક્યારે પમાય ? તો જ્યારે પુરુષોત્તમ ભગવાન એવો સંકલ્પ ધારીને આંહી પધારે જે, 'મારી મૂર્તિનો સંબંધ જેને થઈને મારા સ્વરૂપનો નિશ્ચય જેને થાય તે સર્વેને મારા અક્ષરધામમાં લાવવા છે.' એવો સંકલ્પ ધારીને જ્યારે આંહી પધારીને જેને પોતે લઈ જાય છે તે થકી જ અક્ષરધામમાં જવાય છે પણ બીજા અવતારથી અક્ષરધામમાં ન લઈ જવાય તો સાધને તો ક્યાંથી પામે ?

અને ગોલોકના મુક્તને એમ ઓળખવો જે, તેને એવી જાતની ઈચ્છા હોય જે ભગવાનની ભક્તિ કરવી તથા ભગવાનને થાળ ધરવા તથા ભગવાનને અર્થે ભારે વસ્ત્ર તથા ઘરેણાં કરાવવાં તથા ભગવાનનાં મંદિર કરાવવાં તથા ભગવાનને અર્થે ભારે ભારે બાગબગીચા કરાવવા તથા ફરીને ગાવું ઈત્યાદિક ક્રિયાએ કરીને ભગવાનની ભક્તિ કરે ને જો એનું ભગવાન ખંડન કરીને એમ કહે જે 'તમારે હવે એ ક્રિયા ન કરવી ને આ અમે કહીએ છીએ એમ કરો.' ત્યારે તે ભગવાનનાં વચન પણ મનાય નહિ ને તે ભગવનનાં વચનનો ત્યાગ કરે પણ પોતાના અંગને ઘસારો ન લગાડે. એવાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે, 'આ ગોલોકનો મુક્ત છે અને બદરિકાશ્રમના મુક્તને એમ ઓળખવો જે, તેને કેવળ તપ કરવાને વિષે રુચિ હોય પણ તે તપને ઘસારો આવે એવી કોઈક ક્રિયા હોય ને તે તપને મોળું પાડીને પંડે ભગવાન કહે જે, 'આ પ્રવૃત્તિની ક્રિયા કરો' ત્યારે તે ભગવાનનું વચન પણ જો પોતાના અંગમાં મળતું આવે એવું હોય તો માને ને જો પોતાના અંગને ઘસારો આવે તો પોતાનું તપનું અંગ હોય તે રાખે પણ ભગવાનનું વચન મનાય નહિ; એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે, 'આ મુક્ત બદરિકાશ્રમનો છે અને શ્વેતદ્વીપના મુક્તને એમ ઓળખવો જે, તેને દેહ, ઈંદ્રિયો તથા અંતઃકરણ થકી પ્રતિલોમપણે વરતવું તથા મનમાં કોઈ વિષયના ઘાટ સંકલ્પ તથા કોઈ માયિક પદાર્થના ઘાટ સંકલ્પ ન થાવા દેવા તથા મનમાં સંકલ્પ



થાય તેને જીતવા સારુ નિરંતર જાણપણામાં વૃત્તિ રાખે ને જો તે પોતના અંગને મુકાવીને ભગવાન કહે જે, 'આ પ્રવૃત્તિની ક્રિયા કરો' ત્યારે તે પોતાના અંગમાં મળતું આવે એવું વચન હોય તો માને ને જો પોતાના અંગને ઘસારો આવતો હોય તો તે વચનને મૂકે પણ પોતાના અંગને મોળું ન પાડે. એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે તેને એમ જાણવું જે, આ મુક્ત શ્વેતદ્વીપનો છે. હવે અક્ષરના મુક્તને એમ ઓળખવો જે, સાધારણપણે તો પોતાના વિષે અતિદૃઢ ધર્મ હોય તથા ભગવાનના મહાત્મ્યે સહિત અતિ પરિપક્વ જ્ઞાન હોય તથા અતિ દૃઢ વૈરાગ્ય હોય તથા ભગવાના માહાત્મ્યે સહિત એકાંતિકી ભક્તિ પોતે કરતો હોય ને જો તેને પ્રગટ ભગવાન એમ આજ્ઞા કરે જે 'તમે ધર્મ તથા જ્ઞાન તથા વૈરાગ્ય તથા ભક્તિ ઈત્યાદિક જે સાધન તેને મોળાં પાડી આ અમે કહીએ છીએ એમ કરો. ત્યારે તે જેમ ભગવાન આજ્ઞા કરે એમ જ વર્તે ને વળી એમ કહે જે 'હે મહારાજ જેમ તમે કહેશો તેમજ હું કરીશ એમ કહીને તે ભગવાનનાં વચનને ઉત્સાહે સહિત થકો પાળે પણ તેમાં લેશમાત્ર સંશય ન કરે અને જ્યારે ભગવાનનું પરોક્ષપણું હોય ત્યારે તો જેમ ભગવાને આજ્ઞા કરી હોય તથા જેમ ભગવાને મર્યાદા બાંધી હોય તે ધર્મ મર્યાદા પ્રમાણે પોતે વર્તે પણ તેને મૂકીને લગારેય આડો અવળો ચાલે નહિ. આવી રીતનાં લક્ષણ જણાય ત્યારે જાણવું જે એ અક્ષરધામનો મુક્ત છે. આ સાત પ્રકારના મુક્તનાં લક્ષણ કહ્યાં તે પ્રગટ ભગવાનના મળેલા જે સાધુ તેમાં એ સાત પ્રકારના હોય. તે માટે જે મુમુક્ષુ હોય તેણે આ વાત વિચારીને હેત કરવું અને પૂર્વે કહ્યા જે છ પ્રકારના મુક્ત તેમાંથી જો કોઈકની હારે હેત થાય તો જેમ પોતે સંસારરૂપી સમુદ્રમાં તરે છે તેમ જે પોતા સાથે જોડાણો હોય તેને પણ સંસારને વિષે તારે છે પણ પૃથ્વીને દૃષ્ટાંતે જે ભગવાનની મૂર્તિ તેને વિષે ચોટવા દીએ નહિ ને જે અક્ષરના મુક્ત સાથે હેત કર્યું હોય તેતો કેમ ભગવાનમાં ચોટાડે ? તો જેમ હજાર મણનો પાણો હોય તે ભેળું મણનું લાકડું બાંધ્યું હોય

તે તત્કાળ પૃથ્વીમાં ચોટાડે તેમ અક્ષરના મુક્ત સાથે જે જોડાણો હોય તેતો સૂઝે એવું આવરણ હોય તોપણ તેને તોડીને ભગવાનની મૂર્તિમાં જોડે છે ને પૂર્વે કહ્યા જે છ પ્રકારના મુક્ત તેની સાથે જોડાણો હોય તો તે કેવી રીતે સંસારમાં તારે ? તો જેમ હજાર મણનું લાકડું હોય તે ભેળો મણનો પાણો બાંધ્યો હોય ને તે પાણાને તો ઘણોય બુડવાનો સ્વભાવ છે તોપણ તે લાકડું પાણાને તારે છે તેમ તેપણ સંસારરુપી સમુદ્રને વિષે તારે છે. પણ ભગવાનની મૂર્તિને વિષે ચોટવા દીએ નહિ. તે માટે મુમુક્ષુએ આ વાતને વિચારીને હેત કરવું.

શ્રીજી મહારાજ ગમે એટલી પ્રવૃત્તિ કરાવતા તો પણ એક પડખે પુસ્તક નિરંતર રાખતા, ને હરે ! હરે ! કરતાં; તે આપણને શીખવતા. અને શ્રીજી મહારાજે કહ્યું હતું : જે ‘‘કેટલાક મોટા મોટાને તો પ્રવૃત્તિમાં ન ભળવું, કેમજે પૂર્વે ઋષિ પ્રવૃત્તિમાં ભળ્યા તે આહ્નિક ભૂલી ગયા હતા, પછી વળી કોઈક વૃદ્ધ પાસેથી શીખ્યા, ને તે પછી શાસ્ત્ર કર્યાં.’’

શ્રીજી મહારાજ કહેતા જે, ‘‘ભેંસો, ગાયો, બકરાં આદિકના ટોળામાં એક ચારનારો હોય; તે પોતે એમ સમજે જે, આ સર્વે પશુ છે ને હું મનુષ્ય છું. એમ ભગવાનના ભક્તને સમજવું જે, વિમુખ સર્વે પશુ છે ને હું ભગવાનનો ભક્ત મનુષ્ય છું.’’

**ભગવાનને સંભારીને જે જે ક્રિયા કરે છે, તોપણ તે નથી કરતો ને તે અકર્તા છે;** ને તે વિના તો બેઠો છે તોપણ તે કર્તા છે. ને ભગવાનને સંભારીને ખાય છે, બોલે છે, જુએ છે, સૂએ છે, ચાલે છે ઈત્યાદિક જે જે ક્રિયા કરે છે તો પણ તે કાંઈ કરતો નથી ને તે તો અકર્તા છે.



## સભા - ૨૪

તે સમયને વિષે શ્રીજીમહારાજને ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ‘‘ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ?’’ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે, અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે. એમ કહીને પછી આ સર્વે હરિભક્તની વાર્તાઓ એક બીજા કેડે કરી, ગામ ડડુસરવાળા રજપૂત ગલુજી તથા ધર્મપુરવાળાં કુશળકુંવરબાઈ તથા પરવતભાઈ તથા રાજબાઈ તથા જીવુબાઈ તથા લાડુબાઈ તથા મોટાં રામબાઈ તથા દાદોખાચર તથા માંચોભક્ત તથા મુળજી બ્રહ્મચારી તથા ભુજવાળાં લાધીબાઈ ને માતાજી તથા મુક્તાનંદ સ્વામી તથા વાળાક દેશનો આહિર પટેલ સામત તથા ગામ માનકુવાના મુળજી તથા કૃષ્ણજી તથા વાળાક દેશમાં ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત ઈત્યાદિક જે સત્સંગી તેમણે ભગવાનને અર્થે ને સંતને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેતા હવા. અને વળી એમ કહ્યું જે, જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહિ ને જેમ કહે તેમ કરે. તે ઉપર પોતાની વાત કરી જે, અમારો સ્વભાવ કેવો હતો તો ગોદોહન માત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહિ’ એવા ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશે હતો ને શ્રી રામાનંદસ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું તો પણ સ્વામીએ ભુજનગરથી કહી મોકલ્યું જે, જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે.’ એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી. ત્યાર પછી તેમણે કહ્યું જે, ‘મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો,’ પછી અમે સ્વામીનાં દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. એવે લક્ષણે કરીને જેને સંતનો ને ભગવાનનો એવો નિશ્ચય હોય તેને જાણીએ. અને પછી સુંદરજી સુતાર ને ડોસા વાણિયાની વાત કરી. અને વળી જેને ભગવાનનો ને સંતનો

એવો નિશ્ચય હોય તેને તેની કોરનો કેફ વર્તે. એમ કહીને રાણા રાજગરની વાર્તા કરી, અને પ્રહ્‌લાદની વાર્તા કરી જે, પ્રહ્‌લાદ જે તે નૃસિંહજી પ્રત્યે બોલ્યા જે,' હે મહારાજ ! હું આ તમારા વિકરાળ રૂપથી નથી બીતો ને તમે જે મારી રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો, ને તમે જ્યારે મારા ઈંદ્રિયોરૂપ શત્રુના ગણ થકી રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ' માટે જે ભગવાનનો ભક્ત હોય, તે દૈહિક રક્ષા ભગવાન કરે તેણે કરીને હર્ષ ન પામે, રક્ષા ન કરે તેણે કરીને શોક ન કરે અને અલમસ્ત થકો ભગવાનને ભજે, અને ભગવાન ને સંત તેનું માહાત્મ્ય બહુ જાણે. તે ઉપર ગામ કઠલાલની ડોસીની વાત કરી. અને આવી રીતનો જે હરિભક્ત હોય તેનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય, સર્પ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં બૂડી જાય ઈત્યાદિક ગમે તેવી રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તો પણ એમ સમજે જે, ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ. એ તો ભગવાનના ધામને જ પામે. અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે ને ચંદનના લાકડામાં સંસ્કારે યુક્ત બળે તો પણ તે તો નિશ્ચય યમપુરીમાં જાય.'' એ બેની વિક્તિ સારી પેઠે સમજે, એ સર્વે પ્રકારની જેના હૃદયમાં દૃઢ ગાંઠ પડી જાય તેને ભગવાન ને સંતનો માહાત્મ્યે સહિત નિશ્ચય છે એમ જાણવું. અને એવો નિશ્ચયવાળો જે હોય તે જરૂર બ્રહ્મમહોલમાં જ પુગે પણ બીજે ક્યાંય કોઈ ધામમાં ઓરો રહે નહિ.'' ઈતિ વચનામૃતમ્ ॥૩॥ ૧૧૧

સ્વામીએ વણથળી જાતા વાત કરી જે, હવે તો સર્વે કામ થઈ રહ્યું છે: કેમ જે **સુખપાલમાં બેસીને પ્રભુ ભજી લ્યો એમ કરી મૂક્યું છે,** ને હવે તો ખોતરીને દુઃખ ઊભા કરો તો છે, જેમ એક વાંદરાનું આળું જોઈને બીજાં વાંદરા ખોતરીને દુઃખ કરે છે ! તેમ તમે પણ ભેગા થઈને ખોતરીને દુઃખ ઊભાં કરો તો છે, એમ કહીને બોલ્યા : જે 'જુઓને સર્વોપરી મહારાજ ને સર્વોપરી આવા સાધુ ને સર્વોપરી આ સ્થાન તેને વિષે દુઃખ રહેશે, ત્યારે કિયે ઠેકાણે દુઃખ ટળશે ? નહિ જ ટળે. માટે **જેને સુખિયા થાવું હોય તેને** આ બરોબર કોઈ નથી' એમ કહીને બોલ્યા : જે, **જ્યારે જ્યારે આ માર્ગે ચાલીએ છીએ ત્યારે ત્યારે ભગવાન સાંભરી આવે છે; કેમ જે મોટા મોટા સાધુ ને મહારાજ બહુ ચાલ્યા છે.** ત્યારે કાશીરામે પૂછ્યું : જે જેને મહારાજનાં દર્શન થયાં હોય તેને તો સાંભરે, પણ ''જેને મહારાજનાં દર્શન ન થયા હોય તેને શું સાંભરે ?'' ત્યારે સ્વામી બોલ્યા : જે આપણે ક્યાં પરોક્ષ છે ? આપણે તો મૂર્તિ દ્વારે ને સંત દ્વારે પ્રત્યક્ષ છે; તે દર્શન દે છે, વાતો કરે છે; એવી રીતે બહુ સુખ આપે છે. પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સમજાય નહિ; એ સિદ્ધાંત વાત છે.



અને જે નવ વાનાં રાખે તેને કલ્યાણના માર્ગમાં કોઈ રીતે વિઘ્ન ન આવે તે નવ વાનાં કયા ? જે, એક તો કોઈ રીતે ફરે નહિ એવી ભગવાનની દૃઢ **ઉપાસના** કરવી અને બીજું ભગવાનના જે જે **નિયમ** છે તેમાં દૃઢપણે રહેવું પણ કોઈ રીતે નિયમનો ભંગ ન કરવો, અને ત્રીજું **શુભ દેશ** સેવવો પણ અશુભ દેશ ન સેવવો અને ચોથુ **શુભ કાળ** સેવવો પણ ભૂંડો કાળ ન સેવવો અને પાંચમો **સત્પુરુષનો સંગ,** મન કર્મ વચને કરવો પણ તે સત્પુરુષનો સંગ કરતા જો કોઈક સ્વભાવ આડો આવે તો તે સ્વભાવનો ત્યાગ કરવો પણ સત્પુરુષના સંગનો ત્યાગ ન કરવો અને છઠ્ઠો તે પોતાને **ઉત્તમ શ્રદ્ધા** રાખવી પણ તેમાં પ્રમાદ ન રાખવો અને સાતમો આચાર્યજીનો તથા સાધુનો તથા બ્રહ્મચારીનો તથા પાળાનો તથા સત્સંગીનો ઈત્યાદિક કોઈ ભગવાનના ભક્તનો **અવગુણ ન લેવો** અને આઠમું **દેહાભિમાનનો ત્યાગ** કરવો અને નવમું તે કોઈ મંડળના તથા મંદિરના થઈને રહેવું પણ **અધરિયા ન રહેવું.** આ નવ વાનાંમાંથી જો એકેય ન હોય તો તેને સત્સંગમાં જરૂર વિઘ્ન પડે. માટે જેને પોતાનો સત્સંગ નિર્વિઘ્ન રાખવો હોય તેણે આ નવ વાનાં અતિશે દૃઢ કરીને રાખવાં.

અને સપ્ત પ્રકારના મુક્તનાં લક્ષણ કહીએ છીએ. તેમાં જો આલોકનો મુક્ત હોય તેને એમ ઓળખવો જે, તે આ લોકમાં વિખ્યાતિ થાય તથા માન વધે એવી ક્રિયા કરે તથા તપ કરવું તથા

ધર્મ પાળવો તથા જ્ઞાન શીખવું તથા વૈરાગ્ય શીખવો તથા સત્સંગ કરાવવો તથા વાર્તા કરવી વગેરે જે જે ક્રિયા કરે તે આ લોકમાં વિખ્યાતિ થાય તથા કીર્તિ થાય તેને અર્થે ને પોતાની મોટપ વધારવાને અર્થે કરે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ન કરે. જે હું આવી રીતે ધર્માદિકને દઢપણે પાળીશ તો ભગવાનનો મારી ઉપરનો રાજીપો થાશે ઈત્યાદિક ભગવત્પ્રસન્નતા વિના કેવળ આ લોકની વિખ્યાતિને અર્થે કરે, આવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ને તે પ્રગટ ભગવાનનો ઉપાસક હોય તોપણ તેને એમ જાણવો જે, એ આ લોકનો મુક્ત છે અને દેવલોકના મુક્તને એમ ઓળખવો જે, તેને એવી ક્રિયા ગમે જે સારા રમણિક પદાર્થ ભોગવવા તથા વાજીંત્ર વગાડવા ને ગાવણું શીખવું તથા ગવરાવીને સાંભળવું તથા ભારે ભારે કાવ્યો રચવાં તથા ભારે રાગવાળા શ્લોક રચવા તથા સૂક્ષ્મ વસ્ત્ર રાખવાં તથા છોકરાની અને બરોબરીયાની સોબત રાખવી તથા રજોગુણી મનુષ્યમાં માગ કરીને તે સાથે હેત કરવું  ઈત્યાદિક જે ક્રિયા તેનું મુખ્યપણું હોય ને ભગવાનનું ગૌણપણું હોય એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે તેને જાણવો જે આ દેવલોકનો મુક્ત છે અને વૈકુંઠના મુક્તને એમ ઓળખવો જે, કેવળ ધર્મ પાળવો તે ઉપરજ તેની દૃષ્ટિ હોય ને જો તેને ભગવાન કહે જે 'તમે એ ધર્મને મોળો પાડીને અમે કહીએ એમ વરતો' ત્યારે જો પોતાના અંગમાં મળતું આવે એવું વચન હોય તો માને અને જો ધર્મવિરુદ્ધ વચન હોય તો તે વચનનો ત્યાગ કરે પણ ધર્મને મોળો પાડીને ભગવાનનું વચન મનાય નહિ. એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે જાણવું જે, આ વૈકુંઠનો મુક્ત છે.



## સભા - ૨૫

પછી વળી અખંડાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "શ્રીકૃષ્ણ નારાયણ તો સદા મનુષ્યાકૃતિ છે ને તે ભગવાનનું સ્વરૂપ સર્વકાળે સત્ય છે અને તેજ ભગવાન ક્યારેક મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહાદિક અનંતરૂપે કરીને ભાસે છે તે કેમ સમજવું?" અને વળી બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે કલ્યાણની રીતિ તથા ભગવાનની મૂર્તિ તે એક સરખી છે કે જુદી જુદી છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભગવાનની મૂર્તિ તો સદા એક સરખી છે તો પણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે. અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. અને પોતે તો સદા દ્વિભુજ છે તો પણ પોતાની ઈચ્છાએ કરીને, ક્યાંઈ ચારભુજ, ક્યાંઈ અષ્ટભુજ, ક્યાંઈ અનંતભુજને દેખાડે છે. તથા મત્સ્ય કચ્છાદિક રૂપે કરીને ભાસે છે. એવી રીતે જ્યાં જેવું ઘટે ત્યાં તેવું રૂપ પ્રકાશે છે. અને પોતે તો સદા એકરૂપેજ વિરાજમાન રહે છે. અને વળી એક ઠેકાણે રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડને વિષે અંતર્યામીરૂપે વ્યાપીને રહે છે. જેમ વ્યાસજી એક હતા તેણે શુકજીને સાદ કર્યો ત્યારે સ્થાવર જંગમ સર્વે જીવમાં રહીને સાદ કર્યો અને શુકજીએ હુંકારો દીધો ત્યારે પણ સ્થાવર જંગમ સર્વે સૃષ્ટિમાં રહીને હુંકારો દીધો. એવી રીતે શુકજી જેવા મોટા સિદ્ધ હોય તે પણ જે સર્વ જગતમાં વ્યાપવાને સમર્થ થાય છે, તે તો ભગવાનના ભજનના પ્રતાપે કરીને એવી યોગકળાને પામ્યા છે. તો પોતે ભગવાન પુરુષોત્તમ તે તો યોગેશ્વર છે ને સર્વે યોગકળાના નિધિ છે, તે એક ઠેકાણે રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડમાં પોતાની ઈચ્છાએ કરીને જ્યાં જેમ ઘટે ત્યાં તેમ ભાસે તેમાં શું કહેવું ? અને એ ભગવાનમાં એમ હોય તેનું શું આશ્ચર્ય છે ? કેમ જે, કોઈક ગોડીઓ હોય તે તુચ્છ માયાને જાણે છે, તેમાં પણ લોકોને કેવું આશ્ચર્ય થાય છે. ને તેની યથાર્થ ખબર પડતી નથી, તો ભગવાનમાં તો સર્વે યોગકળાઓ રહી છે તે મહા આશ્ચર્યરૂપ છે. તેને જીવ કેમ જાણી શકે ? માટે ભાગવતમાં કહ્યું છે જે, 'આટલા ભગવાનની માયાને તર્યા છે.' અને વળી એમ કહ્યું જે, 'કોઈ ભગવાનની માયાના બળને પાર પામ્યા નથી' તેણે કરીને એમ જાણવું જે, એ ભગવાનની યોગકળામાં બ્રહ્માદિક જેવાને કુતર્ક થાય તો એ ભગવાનની

માયાના બળના પારને ન પામ્યા કહેવાય. તે કુતર્ક તે શું ? તો જે 'એ ભગવાન તે કેમ એમ કરતા હશે ?' અને ભગવાનને એમ સમજે જે, 'ભગવાન તો સમર્થ છે તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે' એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય. અને કલ્યાણની રીતિ તો એક સરખી છે, પણ ભજનારા જે પુરુષ તેને વિષે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભેદ છે, ને તેમની શ્રદ્ધા અનંત પ્રકારની છે, તેને યોગે કરીને કલ્યાણના માર્ગમાં પણ અનંત ભેદ થાય છે. અને વસ્તુગતે તો કલ્યાણનો માર્ગ એક છે અને ભગવાનનું સ્વરૂપ પણ એકજ છે. અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષર પર્યંત કોઈ સમર્થ થતો નથી. એ સિદ્ધાંત છે.''

એક દિવસ સ્વામીએ વાત કરી જે, **સર્વે સાધન કરતાં સંગ બળવાન છે.** કેમ જે સંગ થકી જ સર્વ વાત થાય છે; પણ સંગ વિના કોઈ કામ થાતું નથી; માટે સર્વમાં પ્રથમ સંગ મુખ્ય છે. મોક્ષનો માર્ગ પણ સંગ થકી સમજાય છે ને વ્યવહારમાર્ગ પણ સંગ થકી જ સમજાય છે ને આવડે છે; માટે સંગની બરોબર કોઈ સાધન નથી, ને દેશકાળાદિક આઠ[1] કહેવાય છે તેમાં પણ સંગને મુખ્ય કહે છે. તથા નવ પ્રકારની ભક્તિમાં પણ શ્રવણ ભક્તિને મુખ્ય કહી છે, તે પણ સંગ થકી આવે છે. ને શિક્ષાપત્રીમાં પણ 'નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો'' એમ કહ્યું છે ને વચનામૃતમાં પણ સંગનું અધિકપણું બહુ ઠેકાણે કહ્યું છે. માટે સર્વ શાસ્ત્ર તે સત્પુરુષનો સંગ કરવાનું પ્રતિપાદન કરે છે. તે સંગ કરવો તેમાં પણ **જેવા પુરુષનો સંગ થાય તે થકી તેવો સમાસ થાય છે.** ને સર્વદેશી પુરુષનો સંગ થાય તો તે થકી સર્વદેશી જ્ઞાન પ્રાપ્ત થાય છે. ને એકદેશી સંગ થકી સર્વ પ્રકારનું જ્ઞાન પમાય નહિ; કેમ જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, આદિકમાંથી જેને જે અંગ મુખ્ય હોય તેના સંગ થકી તે વાત સમજાય અને સર્વે અંગે સંપૂર્ણ હોય તેના સંગથી સર્વે વાત સમજાય છે; માટે સર્વદેશી સંગ મળવો બહુ દુર્લભ છે ને સંગ કરવો તેમાં ગુરુની શુદ્ધિ ત્રણ પ્રકારની જોવી. તેની વિક્તિ



જે એક તો તેનું પંડનું વર્તન હોય તેનો તપાસ કરવો. બીજું તેણે જેને સેવ્યા હોય તેનું સામર્થ્ય જોવું, ને ત્રીજું તેના સંગ થકી જે થયા હોય તેને જાણવા. એમ તપાસ કરવો.

સર્વ કરતાં ઉપાસના સમજવી એ મોટું સાધન છે, ને **સર્વમાં ઉપાસના મુખ્ય બળવાન છે.** તે સર્વોપરી, સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ મહારાજને સમજવા; એક તો એમ સમજવાનું છે. ને બીજું ભગવાનનું સ્વરૂપ સર્વ પ્રકારે નિર્દોષ સમજવું; તે સ્વરૂપનિર્ણયમાં કહ્યું છે એવી રીતે ભગવાનનું સ્વરૂપ સમજવું તે એ બે વાત મુખ્યપણે અવશ્ય સમજવાની છે. ને એ બે વાત મુખ્ય રાખવાની છે. બાકી ભગવાનનો મહિમા સમજવો તે તો સર્વમાં મુખ્ય છે, પણ મહિમા તો ઉપાસના તથા સ્વરૂપ સમજવામાં આવી જાય છે. ને મહિમા વતે સર્વ સાધન થાય છે ને મહિમા સર્વ કરતાં બળવાન છે. તે શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે, એમ સમજીને પોતાને બ્રહ્મરૂપ માનીને સ્મૃતિ રાખવી એ કરવાનું છે. ને ઉપાસનાની વિક્તિ **જે જેવા મહારાજને સમજે તેવો પોતે થાય;** મહારાજને શ્રીકૃષ્ણ જેવા સમજે તો ગોલોકને પામે. રામચંદ્રજી જેવા સમજે તો વૈકુંઠને પામે, વાસુદેવ જેવા જાણે તો શ્વેતદ્વીપને પામે ને નરનારાયણ જેવા જાણે તો બદરિકાશ્રમને પામે. તે જેવા જાણે તેવો થાય ને તેટલું ઐશ્વર્ય ને તેટલા સામર્થ્યને પામે. ને શ્રીજી મહારાજને સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ સમજે તો અક્ષરધામને પામે. તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે **''જેવા ભગવાનને સમજે તેવો પોતે થાય છે ને ભગવાન તો અપાર ને અપાર રહે છે''**

અને મોટાઈઓ તો ઘણા પ્રકારની છે, તેમાં પ્રભુને ભજવા તે માર્ગ જુદો છે. ને એકથી લાખ રૂપિયા ખરચે તો પણ **સમાગમ વિના અજ્ઞાન તો ટળે નહિ,** ને જે વાવરે તેનું તો ફળ થાય ને ઐશ્વર્યને પામે. ૫

અને એકલું જ્ઞાન કહેવું ને સાંભળવું તે કાંઈ કઠણ નથી; માટે બે ઘડી વૃત્તિઓ પાછી વાળીને ભગવાન સંભારવા ને ધ્યાન ન થાય તો ભજન કરવું; પણ રસોઈ કરીને જમવું નહિ તે શા કામનું ? **ને એકલું જ્ઞાન કરવાથી વિષય ઓછા થાવાના નથી; ને એ તો ભગવાન સંભારશું ત્યારે થાશે.** ને ભગવાનને સંભારવા માંડે, તો તેના ઉપર ભગવાનની ને મોટા સાધુની દૃષ્ટિ થાય; પણ એ માર્ગે તો ચાલે નહિ, ત્યારે તેના ઉપર શેની દૃષ્ટિ થાય ? માટે એ તો ભગવાનનો વિશ્વાસ રાખીને મંડવું. ને જેવો સંગ થાય તેવું થવાય છે, પણ જેમાં જે ગુણ નહિ હોય તેને સંગે તે ગુણ ક્યાંથી આવશે ? ને જે જે ભગવાનમાં વળગ્યા હશે ને જેના જે જે વિષય ઓછા થયા હશે તેના સંગમાંથી તે ગુણ આવશે. એ વાતમાં સંશય નથી. ને જેનું જે અંગ હોય તે વાતનું મુખ્ય પ્રતિપાદન કરે, એ વાત સમજી રાખવી. ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણે હોય તો તે જીવના સુખને અર્થે થાય છે; ને ભગવાન સંભારવા તે પણ છે તો જીવના સુખ સારુ પણ તેને મહારાજ પોતાને અર્થે કર્યું એમ માની લે છે.

**સર્વ ક્રિયા કરવામાં નાશવંતપણાનું અનુસંધાન રાખવું તો દુઃખ ન થાય.** ને સત્પુરૂષનો રાજીપો જેવો સત્સંગે કરીને થાય છે એવો પદાર્થે કરીને થાતો નથી. ને જે એક ચેલામાં બંધાય તે પાંચ દશમાં કેમ ન બંધાય ? ને જે ઘણાં માણસમાં પણ ન બંધાય એ તો અતિ સમર્થની વાત છે.

એક જણ એક મંદિરમાં પાંચસે રૂપિયા મૂકીને ચાલ્યો ગયો, પણ એટલા રૂપિયા બેઠાં બેઠાં ખાઈને સાધુનો સમાગમ કર્યો હોત તો બહુ સમાસ થાત.



## સભા - ૨૯

ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ‘‘એવી રીતે દેખાતું તો ન હોય ને અંતઃકરણમાં તો એવી રીતની દૃઢ ઉઆંટી હોય તેને પરિપૂર્ણ જ્ઞાન કહેવાય કે નહિ?’’ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘જેમ અંધારું ઘર હોય ને તેમાં કોઠી તથા થાંભલા રહ્યા હોય તેને દેખે છે, તો પણ યથાર્થ દેખ્યા ન કહેવાય, તેમ પુરુષોત્તમ ભગવાનને વિષે જડ ચિત્ પ્રકૃતિ રહી છે, ને એ પ્રકૃતિને વિષે પોતે રહ્યા છે, તેને અનુમાને કરીને જાણે છે પણ જો દેખ્યામાં નથી આવતું તો પરિપૂર્ણ જ્ઞાની ન કહેવાય. અને જો એને એવી આંટી ઠાવકી છે તો કાંઇક એને અલૌકિકપણું જણાયું જોઇએ, નહિ તો જણાશે. અને નિઃસંદેહ એવી આંટી છે ને જણાતું નથી તો એમ એ સમજે જે, ‘એ ભગવાનને વિષે તો સર્વ છે પણ મને દેખાડતા નથી, એવીજ એની ઇચ્છા છે.’ એમ સમજીને તે ભગવાનની ભક્તિ કરતો થકો પોતાને કૃતાર્થ માને છે, તો એ પરિપૂર્ણ જ્ઞાની છે. માટે ઇંદ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણે પ્રકારે કરીને જે ભગવાનને યથાર્થપણે જાણતો હોય તેને જ્ઞાની કહીએ. અને તેવા જ્ઞાનીને ભગવાને ગીતામાં શ્રેષ્ઠપણે કહ્યોછે—

‘‘आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ।
तेषां ज्ञानी नित्ययुकत एकभक्तिर्विशिष्यते ॥

એવો જે જ્ઞાની તે તો સદા સાકારમૂર્તિ એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને પ્રકૃતિપુરુષ, અક્ષર તેથકી પર ને સર્વના કારણ, સર્વના આધાર, જાણીને અનન્યપણે સેવે છે, એવી રીતે જે સમજવું તેને જ્ઞાન કહીએ. અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે. અને જે એમ નથી સમજતો ને કેવળ શાસ્ત્રે કરીને ‘‘अहं ब्रह्मास्मि’’ થઇ બેસે છે ને કહે છે જે, ‘રામકૃષ્ણાદિક તો બ્રહ્મરૂપ એવો જે હું તે મારી લહરી છે’ એવા જે બ્રહ્મકુદાળ આધુનિક વેદાંતિ તે તો અતિદુષ્ટ છે, ને મહાપાપી છે અને મરીને નરકમાં પડે છે, તે કોઇ દિવસ એનો છૂટકો થતો નથી.’’ ઇતિ વચનામૃતમ્ ॥૭॥ ૧૧૫ ॥

અને મુક્તની તારતમ્યતાના ભેદ કહ્યા છે જે અનંતકોટિ વૈરાજ પુરુષનું તેજ ભેળું કરીએ ત્યારે મહાવિષ્ણુના એક રોમના કોટિમાં

ભાગની બરોબર થાય અને એવા અનંતકોટિ મહાવિષ્ણુનું તેજ ભેળું કરીએ તે મહાપુરુષનું એક રોમના કોટિમા ભાગમાં લીન થાય છે અને એવા અનંતકોટિ મહાપુરુષનું તેજ ભેળું કરીએ તે અક્ષરના જે સાધારણ મુક્ત તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે અને એવા અનંતકોટિ મુક્તનું તેજ ભેળું કરીએ તે અક્ષરને વિષે રહ્યા જે મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા મુક્ત તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે અને એવા અનંતકોટિ મુક્તનું તેજ ભેળું કરીએ તે અક્ષરના જે મહા મુક્ત છે તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે અને એ સર્વે જે અક્ષરના મુક્ત તે સર્વેનું તેજ ભેળું કરીએ તે અક્ષરના એક રોમના કોટિમાં ભાગમાં લીન થઈ જાય છે અને એવા અનંતકોટિ અક્ષરનું તેજ ભેળું કરીએ તો પુરુષોત્તમ નારાયણના એક રોમના કોટિમાં ભાગમાં લીન થઈ જાય છે તે પુરુષોત્તમનારાયણ તે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણજી મહારાજ આ પ્રગટ પ્રમાણ છે એમ જાણવું. અને હવે તો ગૃહસ્થ ઘરમાં બંધાશે ને ત્યાગી ક્રિયામાં બંધાશે. ને કામી હોય તે જેમ સ્ત્રીઓને જોયા કરે છે, તેમ ભગવાન તો જીવ સામું જોઈ રહ્યા છે, જે મને કોઈ સંભારે છે ? પણ જીવ તો એવો અવળો છે જે બીજાં પદાર્થ સામું જુએ પણ ભગવાન સામું ન જુવે.

અને તે પુરુષોત્તમને કેમ ઓળખવા ? તો મહાપુરુષાદિક અવતાર ધરીને આવ્યા હોય ત્યારે પોતાનું ઐશ્વર્ય હોય તેટલું જ દેખાડે પણ અધિક ન દેખાડે કેમજે જેટલું પોતાનું હોય તેટલું દેખાડી શકે પણ વધુ ક્યાંથી દેખાડે ? ને પુરુષોત્તમ પોતે પધાર્યા હોય ત્યારે તે અક્ષરધામ તથા અનંતકોટિ બીજાં ધામ તથા અનંત પોતાનાં ઐશ્વર્ય તે સર્વે જેને જેને પોતાની મૂર્તિનો સંબંધ થયો હોય એવા જે સત્સંગી તથા કુસંગી તે સર્વેને દેખાડે છે પણ પાત્ર કુપાત્ર કાંઈ ગણે નહિ. અને હવે એ પુરુષોત્તમને મળેલા જે ભક્ત, તેને ભજ્યાની જે રીતિ તે કહીએ છીએ. જે એક ભક્ત ભગવાનને ભજે પણ તેને ઐશ્વર્ય પામવાની ઈચ્છા હોય ને બીજાને એમ જે પ્રથમ આત્માને જોઈને



પછી તે આત્માને વિષે ભગવાનની મૂર્તિને જોયાની ઈચ્છા હોય ને ત્રીજાને એમ વર્તે જે, ભગવાનની મૂર્તિને વિષે હેત કરવું તથા સ્પર્શ કરવો તથા ધ્યાન કરવું તેને વિષે ત્વરા વર્તે અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં આત્મા દેખાય તો પણ ભલે પણ કેવળ આત્માને જોવા ન ઈચ્છે. હવે જેને ઐશ્વર્યની ઈચ્છા હોય તે તો મહાપુરુષાદિકના ઐશ્વર્યમાં જોડાઈ જાય ને જેને આત્માને જોવાની ઈચ્છા હોય તેને તો અક્ષર લીન કરી નાખે અને **ભગવત્‌નિષ્ઠાને તો અક્ષર લીન કરે તો પણ અક્ષરનો લીન કર્યો લીન થાય નહિ ને તેતો ભગવાનની સેવામાં રહે છે.**

અને સંગનું રૂપ કહ્યું જે, ભેગા રહે પણ સંગ ન કરે; તેમાં ઊનાના શેઠિયાનું દૃષ્ટાંત દીધું : જે સાંઠ માણસ ભેગા રહેતાં પણ તેમાં સંગ તો પુરુષ, સ્ત્રી ને છોકરો એ ત્રણ ત્રણને હતો; ને ભગવાનની સ્મૃતિ વિના જે જે થાય છે તે ખડ ખવાય છે.[1] ને સત્સંગી પણ સ્મૃતિ ન કરાવે તો કુસંગી ભુલાવે એમાં શું કહેવું ? **ને કામમાંથી પરવારીને પ્રભુ ભજવા એવી તો કોઈને આશા જ રાખવી નહિ.** કેમજે કોઈનું કામ પૂરું થયું નથી ને થાશે પણ નહિ. ને આ જીવને વૃક્ષનો દેહ આવે તેમાં આવરદા તો ઘણી લાંબી, પણ તેમાં પ્રભુ ભજાય નહિ; ને પશુ, પક્ષી, આદિકના દેહ આવે તેમાં પણ ન ભજાય, ને મનુષ્ય દેહમાં ભજાય, તેમાં પણ મોટે ઠેકાણે ન ભજાય; ખાવા ન મળે તો ન ભજાય; ને રોગ થાય તો પણ ન ભજાય; ઈત્યાદિક વિઘ્ન છે. આ તો સર્વ વાતે સાનુકૂળ છે તેમાં પણ પ્રભુ નહિ ભજે તો પછી કયે દહાડે ભજાશે ?

અને **ભગવાનના ભક્તનો અવગુણ આવે ત્યારે તેમાં ગુણ હોય તે વિચારવા, તો તે અવગુણ ટળી જાય.** જેમ પાંચ લડવા આવ્યા હોય તે સામા પચાસ આવે, તો તેને હઠાવી દે; તેમ ગુણ તો ઘણાય હોય તે વિચારવા તો દોષ થોડા હોય તે ટળી જાય. ને જો દોષ ઝાઝા હોય તો સત્સંગમાં રહેવાય નહિ. ને **જીવને બળ પામવાનો હેતુ તો સત્સંગ જ**

**છે,** તે જેમ રખાય તેમ બળિયો થાય. તેમાં એક તો આ બધાયે મંદિર કરે ને સત્સંગમાં ન રહે, ને એક તો એક ઈંટ પણ ન લીધી હોય ને સત્સંગમાં રહે; એમ સમજણમાં રહ્યું છે. ને ઊતરતાને સંગે ઊતરતો ઊતરતો ઊતરી જાય. જેમ બ્રાહ્મણ હતો તે ઢેઢડી સારુ ઢેઢ થઈ ગયો તેમ થાય.

આ મેડીઓ મળી છે ને સારુ સારુ ખાવા મળે છે કે માન મળે છે ઈત્યાદિક મનુષ્યદેહનું ફળ નથી, તે તો વિમુખને પણ મળે છે. માટે **મનુષ્ય દેહનું ફળ તો સારાનો સંગ ને સ્વભાવ ટળે એટલું જ છે.**

અને એક કામમાં જીવ થાકી જાય માટે ફરતું ફરતું કરવું. તે શું ? જે કથાવાર્તા સાંભળવી, વાંચવું, ધ્યાન કરવું, નામ રટણ કરવું; એ આદિકમાં થાક લાગે, ત્યારે બીજું કરવું નીકર મૂંઝવણ થાય, **ને મન જીવને મૂંઝવે એવું છે.**

અને કેટલાક રસોઈ કરે છે, પાણી ભરે છે ને કેટલાક લખે છે ને ભણે છે, કેટલાક ખડ વાઢવા જાય છે ને કેટલાક ઢોર ચારવા જાય છે, ઈત્યાદિક ક્રિયાઓ કરે છે; તે તો એમ જાણવું જે એ સર્વે દેહનો વ્યવહાર છે તે કર્યું જોઈએ; **પણ કરવાનું તો બીજું છે. તે શું ? જે મહારાજની મૂર્તિની સ્મૃતિ રાખવી, ને ઉપાસના ને જ્ઞાન શીખવું ને સત્સંગ, કુસંગ ઓળખવો ને સત્સંગમાં રહેવાય એવો દૃઢ પાયો કરવો;** ઈત્યાદિક કરવાનું છે તે કરવું. ને મનુષ્યને જે જે ક્રિયા કરવાનું કહીએ તે તે કરવાને સૌ તૈયાર છે, પણ જે કરવાનું છે તે કહીએ તો તેમાં અટકે છે; પણ જ્ઞાન વિના સર્વે કાચું છે. ને **અંતરમાં ખોટા ઘાટ થાય તે પણ જ્ઞાનની કસર છે.** અને શ્રીજી મહારાજ પૂછતા : જે “એને કિયા સાધુ સાથે હેત છે ને કિયા સાધુ પાસે બેઠક ઊઠક છે?” એમ તપાસ કરવાનું કહેતા.



## સભા - ૨૭

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “હવે કીર્તન રાખો, હવે તો અમે વાર્તા કરીશું, અને અમે આ વાત કરીએ તેમાં જેને આશંકા ઉપજે તે પૂછજ્યો.” એમ કહીને બોલ્યા જે, “ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી મહા કઠણ છે. તે નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે માટે કહેતાં બીક લાગે છે જે, ‘શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઇને અવળું પડે ? ને તેણે જે પોતાના અંગની દૃઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને ત્રુટી જાય તો તે મૂળગેથી જાય,’ અને એ વાત કર્યા વિના પણ ચાલતું નથી. અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે, અને આ વાત સમજે નહિ ત્યાં લગણ તેના નિશ્ચયમાં પણ કાચ્યપ ઘણી રહે છે. તે સારુ વાત કરીએ છીએ જે, ભગવાને વરાહનો દેહ ધાર્યો તે ભૂંડનું રૂપ તે અતિ કુરૂપ કહેવાય, તથા મત્સ્ય અવતાર ધાર્યો ત્યારે માછલા જેવું જ રૂપ હતું, તથા કચ્છાવતાર ધાર્યો ત્યારે બીજા કાચબા જેવું જ રૂપ હતું, તથા નૃસિંહાવતાર ધાર્યો ત્યારે સિંહના જેવું ભયાનક રૂપ હતું. તથા વામનાવતાર ધાર્યો ત્યારે તે વામનરૂપના હાથપગ ટૂંકા ને કેડ ધીંગી, ને શરીર ધીંગુ એવા ટુકડા હતા, તથા વ્યાસાવતાર ધાર્યો ત્યારે તે વ્યાસ કાળા હતા ને શરીરમાં મુવાળા ઘણા હતા ને શરીર ગંધાતું હતું, ઈત્યાદિક જે ભગવાને આકૃતિયો ધારણ કરી હતી, ત્યારે તેને તે કાળે જે જે મળ્યા તેમણે તેવા તેવા રૂપનું ધ્યાન કર્યું છે. અને તે ધ્યાને કરીને તે તે ભગવાનના રૂપને પામ્યા છે. તેમાં જે વરાહને મળ્યા તે શું ધામને વિષે ભગવાનને વરાહરૂપ જ દેખે છે ? અને મત્સ્યને મળ્યા તે શું ધામને વિષે મત્સ્યજીરૂપ જ દેખે છે ? અને કૂર્મને મળ્યા તે શું ધામને વિષે કૂર્મરૂપ જ દેખે છે ? અને નૃસિંહને મળ્યા તે શું ધામને વિષે નૃસિંહરૂપ જ દેખે છે ? અને હયગ્રીવને મળ્યા તે શું ધામને વિષે ઘોડારૂપ જ દેખે છે ? જેણે વરાહને પતિભાવે ભજ્યા તે શું ભૂંડણ થઈ, ને સખાભાવે ભજ્યા તે શું ભૂંડ થયો ? અને મત્સ્યને પતિભાવે ભજ્યા તે શું માછલી થઈ, ને સખાભાવે ભજ્યા તે શું માછલો થયો ? અને કૂર્મને પતિભાવે ભજ્યા તે શું કાચબી થઈ, ને સખાભાવે ભજ્યા તે શું કાચબો થયો ? અને નૃસિંહને પતિભાવે ભજ્યા તે શું સિંહણ થઈ, ને સખાભાવે ભજ્યા તે શું સિંહ થયો ? અને હયગ્રીવને પતિભાવે ભજ્યા તે શું

ઘોડી થઈ, ને સખાભાવે ભજ્યા તે શું ઘોડો થયો ? માટે જો ભગવાનનું મૂળરૂપ વરાહાદિક જેવું જ હોય તો તો તે તે અવતારના ભક્તોને તેના ધ્યાને કરીને તદાકારપણું થાય. ત્યારે તો કહ્યું તેમ જ થયું જોઈએ. પણ એ વાત એમ નથી.

ત્યારે તમે કહેશો જે, 'તે ભગવાનનું કેવું રૂપ છે ? તો કહીએ છીએ જે, ભગવાન તો સચ્ચિદાનંદરૂપ છે, ને તેજોમય મૂર્તિ છે, અને જેના એક એક રોમને વિષે કોટિ કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે, ને કોટિ કામદેવને પણ લજ્જા પમાડે એવા તે ભગવાન રૂપાળા છે, અને અનંતકોટિ બ્રહ્માંડના પતિ છે, રાજાધિરાજ છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે, અને અતિશય સુખ સ્વરૂપ છે. અને જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીયોને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે, અને આલોક પરલોક સંબંધી જે પંચવિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિના સુખ આગળ તુચ્છ થઈ જાય છે, એવું ભગવાનનું સ્વરૂપ છે, તે સ્વરૂપ સદા દ્વિભુજ જ છે, ને પોતાની ઈચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજ પણ જણાય છે, અષ્ટભુજ પણ જણાય છે, અને સહસ્રભુજ પણ દેખાય છે. અને તેજ ભગવાન મત્સ્ય, કચ્છ, વરાહાદિક રૂપને તથા રામકૃષ્ણાદિક રૂપને કોઈક કાર્યને અર્થે ધારણ કરે છે, પણ જે એ પોતાનું મૂળ રૂપ છે તેને તજીને એ અવતારનું ધારણ નથી કરતા, તેજ ભગવાન પોતે અનંત ઐશ્વર્ય ને અનંત શક્તિ સહિત જે મત્સ્યકચ્છાદિક રૂપને ધારણ કરે છે. અને જે કાર્ય નિમિત્ત જે દેહનું ધારણ કર્યું હોય, તે કાર્ય થઈ રહે છે ત્યારે તે દેહનો ત્યાગ પણ કરે છે. તે ભાગવતમાં કહ્યું છે—

भूभारः क्षपितो येन तां तनूं विजहावजः ।
कण्टकं कण्टेनैव द्वयं चापिशितुः समम् ॥

જે જે દેહે કરીને ભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો તથા જીવોને દેહાભિમાનરૂપી જે ચૈતન્યમાં કાંટો ખૂંચી રહ્યો હતો તેને કાઢીને ને કાઢવાના કાંટારૂપ જે પોતાનો દેહ તેને પણ ત્યાગ કર્યો. અને રાક્ષસને મારવાને અર્થે ભગવાને નૃસિંહરૂપ ધાર્યું, ને પછી તે કાર્યને કરીને પછી તે દેહનો ત્યાગ કરવાને ઈચ્છ્યા પણ તે સિંહને કોણ મારે ? પછી પોતાની ઈચ્છાએ કરીને કાળરૂપ શિવ



તે શરભનું રૂપ ધારીને આવ્યા ને નૃસિંહને ને શરભને યુદ્ધ થયું. પછી બેય જણે દેહ મૂક્યો તેણે કરીને શિવ શરભેશ્વર મહાદેવ થયા અને નૃસિંહજીએ દેહ મૂક્યો તે નારસિંહી શિલા થઈ; માટે ચિત્રામણમાં જ્યાં જ્યાં મત્સ્યકૂર્માદિક ભગવાનના અવતારનાં ચિત્રામણ કરે છે ત્યાં ત્યાં થોડોક મત્સ્ય, કચ્છાદિકનો આકાર કરીને પછી તે ઉપર શંખ, ચક્ર, ગદા, પદ્મ, વૈજયંતી માળા, પીતાંબર વસ્ત્ર, કીરીટ-મુકુટ, શ્રીવત્સનું ચિહ્ન, ઈત્યાદિક ચિહ્ને સહિત ભગવાનની મૂર્તિને લેખે છે, તો જો ભગવાનનું રૂપ અનાદિ એવું જ છે. અને શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ જન્મસમયમાં વસુદેવ દેવકીને ચતુર્ભુજરૂપે દર્શન દીધું, અને અક્રૂરને ચતુર્ભુજરૂપે દર્શન જળને વિષે દીધું તથા રૂકિમણીને મૂર્છા આવી ત્યારે પણ ચતુર્ભુજરૂપે દર્શન દીધું, અને અર્જુને પણ એમ કહ્યું જે,

तेनैव रूपेण चतुर्भुजेन सहस्त्रवाहो ! भव विश्वमूर्ते !

માટે અર્જુન પણ ચતુર્ભુજરૂપે દેખતા અને યાદવાસ્થળી કરીને પીંપળાની હેઠે શ્રીકૃષ્ણભગવાન બેઠા હતા તે સમયમાં ઉદ્ધવજીએ તથા મૈત્રેયઋષિએ ભગવાનનું રૂપ ચતુર્ભુજ, શંખ, ચક્ર, ગદા, પદ્મ, પીતાંબર સહિત દીઠું અને શ્રીકૃષ્ણભગવાન તો શ્યામ હતા, ને તેનું રૂપ તો કોટિ કામને લજ્જા પમાડે એવું કહ્યું છે, માટે એવા મનુષ્ય જેવા જણાય છે તેને વિષેજ પૂર્વે કહ્યો એવો પ્રકાશ ને સુખ તે સર્વે રહ્યાં છે. તે જેને ધ્યાન-ધારણા, સમાધિનું અંગ હોય તેને એની એ મૂર્તિ છે તેજ કોટિ કોટિ સૂર્યના પ્રકાશે યુક્ત દેખાય છે, પણ મશાલ દીવાનું કામ પડતું નથી. અને એવો પ્રકાશ એ ભગવાનને વિષે છે, ને તે નથી દેખાતો તે તો એ ભગવાનની એવી ઈચ્છા છે, અને એ ભગવાન ઈચ્છે જે, 'એવો પ્રકાશવાન હું આ ભક્તને દેખાઉં, તો તે પ્રકાશે યુક્ત એવી એજ મૂર્તિને દેખે છે. માટે જેને ભગવાનનો નિશ્ચય હોય, તે તો એમ સમજે જે, 'ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ ધામનાં જે ઐશ્વર્ય, સમૃદ્ધિ તથા પાર્ષદ, તેણે સહિત એ ભગવાન છે. અને એમની સેવાના કરતલ તો રાધિકા લક્ષ્મી આદિક છે. એવા પરમભાવે સહિત ભગવાનને દેખે છે. અને જે મૂઢ છે તે માણસ જેવા દેખે છે. તે શ્રીકૃષ્ણભગવાને ગીતામાં કહ્યું છે—

अवजानन्ति मां मूढा मानूर्षीं तनुमाश्रितम् ।

परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।।

માટે જે મૂઢ છે તે ભગવાનના એવા પરમભાવને જાણ્યા વિના ભગવાનને વિષે પોતાના જેવા મનુષ્યભાવને પરઠે છે. તે મનુષ્યભાવ તે શું ? તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા ઈત્યાદિક અંતઃકરણના ભાવ છે. તથા હાડ, ચામ, મળ, મૂત્રાદિક તથા જન્મ, મરણ, બાળ, યૌવન, વૃદ્ધ એ સર્વે દેહના ભાવ છે ઈત્યાદિક જે મનુષ્યભાવ, તે સર્વે ભાવને ભગવાનને વિષે પરઠે છે. માટે એવા ભાવનો પરઠનારો જે હોય તેને ભગવાનના નિશ્ચય જેવું જણાય છે. તો પણ તેનો નિશ્ચય કાચો છે, અને એ જરૂર સત્સંગમાંથી પડશે. અને એ ભગવાન તો પરમ દિવ્યમૂર્તિ છે, ને ભગવાનને વિષે તો એ મનુષ્યભાવનો લેશ નથી. માટે એ ભગવાનમાંથી મનુષ્યભાવને ટાળીને દેવભાવ લાવવો, પછી બ્રહ્માદિકનો ભાવ લાવવો, પછી પ્રધાનપુરુષનો ભાવ આવે, પછી પ્રકૃત્તિપુરુષનો ભાવ આવે, પછી અક્ષરનો ભાવ આવે, પછી અક્ષરાતીત એવા પુરુષોત્તમ તેનો ભાવ આવે છે. જેમ વ્રજના ગોપને આશ્ચર્યરૂપ શ્રીકૃષ્ણભગવાનનાં ચરિત્ર દેખીને પ્રથમ તો દેવભાવ આવ્યો, પછી ગર્ગાચાર્યનાં વચનને સંભારીને નારાયણનો ભાવ આવ્યો, પછી એમ કહ્યું જે, 'તમે તો નારાયણ છો માટે અમને તમારૂં ધામ દેખાડો,' ત્યારે અક્ષરધામ દેખાડ્યું. એવી રીતે ભગવાનને વિષે જેને દિવ્યભાવ છે તેને પૂરો નિશ્ચય જાણવો. અને એમ કહે છે જે, 'આને પ્રથમ ભગવાનનો નિશ્ચય નહોતો ને હવે થયો' તે શું એ પ્રથમ ભગવાનને નહોતો દેખતો ? દેખતો તો હતો પણ મનુષ્યભાવે સહિત દેખતો હતો. અને પછી જ્યારે નિશ્ચય થયો ત્યારે દિવ્યભાવે સહિત દર્શન કર્યું ત્યારે એને નિશ્ચય થયો જાણવો. અને જ્યારે ભગવાનને વિષે એવો દિવ્યભાવ ન સમજે ત્યારે એને વાતે-વાતે ધોખો થાય ને ગુણ અવગુણ લીધા કરે છે જે, 'આનીકોરનો પક્ષ રાખે છે ને અમારો પક્ષ રાખતા નથી તથા આને વધુ બોલાવે છે



## સભા - ૨૮

ને અમને નથી બોલાવતા અને આને ઉપર વધુ હેત છે ને અમારી ઉપર નથી.' એવી રીતે ગુણ અવગુણ પરઠ્યા કરે છે તેણે કરીને એનું અંતર દિવસે દિવસે પાછું પડીને અંતે તે વિમુખ થાય છે. માટે ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો, અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો, કાં જે, દેહે કરીને તો ભગવાનના ભક્તમાં કોઈક આંધળો હોય, લૂલો હોય, કોઢિયો હોય, બહેરો હોય, વૃદ્ધ હોય, કુરૂપ હોય, અને તે જ્યારે દેહ મુકે છે ત્યારે શું ભગવાનના ધામમાં એવા આંધળા લૂલા જ રહે છે ? નથી રહેતા, એ તો સર્વ મનુષ્યપણાના ભાવ છે તેને મુકીને દિવ્યરૂપ થાય છે, બ્રહ્મરૂપ થાય છે. માટે હરિના ભક્તને વિષે મનુષ્ય ભાવ ન પરઠાય તો પરમેશ્વરને વિષે કેમ પરઠાય ? અને આ જે વાત છે તે સૂઝે તો આજ સમજો તો એટલી સમજવી છે અને સૂઝે તો સો વર્ષે કરીને સમજો તો પણ એટલી સમજવી છે. અને આ વાત સમજીને એની દ્રઢતાની ગાંઠ પાડ્યા વિના છુટકો નથી. માટે આ અમારી વાત છે તે સર્વે હરિભક્તને યાદ રાખીને પરસ્પર કરવી. અને જ્યારે કોઈને અણસમજણે કરીને ધોખો થાય ત્યારે તેને આવાતે કરીને ચેતાવી દેવો. અને આ જે અમારી વાર્તા છે તેને નિત્ય દિવસમાં એકવાર કરવી, એમ અમારી આજ્ઞા છે તેને ભૂલશો માં, જરૂર ભૂલશો માં.'' એમ કહીને શ્રીજીમહારાજ સર્વે હરિભક્તને 'જય શ્રીસ્વામિનારાયણ' કહીને હસતા થકા પોતાને ઉતારે પધાર્યા. એવી રીતે શ્રીજી મહારાજની વાર્તા સાંભળીને સર્વ સાધુ તથા સર્વે હરિભક્ત તે શ્રીજીમહારાજને સર્વે અવતારના કારણ અવતારી જાણીને દિવ્ય ભાવની અતિશય દ્રઢતા કરતા હવા. ઈતિ વચનામૃતમ્ ॥૧૮॥૧૨૬॥

અને મોટાની આજ્ઞાએ કરીને કરવું તે તો જેમ ગણપતિએ ગાયની પ્રદક્ષિણા[1] કરી એવું છે; ને મનનું ગમતું કરવું તે તો કાર્તિક સ્વામીની પેઠે પૃથ્વીની પ્રદક્ષિણા કરવા જેવું છે. માટે **આજ્ઞાએ જો થોડું કરે તો પણ ઘણું થાય છે, ને મનગમતું ઝાઝું કરે તો પણ થોડું થાય છે ને** જે આજ્ઞામાં ધર્મને ઘસારો આવતો હોય એવી

આજ્ઞામાં તો ઘટે એમ કરવું.

અને અક્ષરધામમાં સ્ત્રી પુરુષ એવો ભેદ નથી. કેમ જે સ્ત્રીના દેહનાં જે યોનિ આદિક ચિહ્ન તેણે રહિત સ્ત્રીનો દેહ છે ને પુરુષના દેહમાં જે શિશ્ન આદિક ચિહ્ન તેણે રહિત ત્યાં પુરુષનો દેહ છે. માટે એ અક્ષરધામને વિષે યોનિ, શિશ્ન ને ગુદા એ ત્રણે રહિત મુક્તનો દેહ છે. ને એ અક્ષરધામને વિષે તો એક પુરુષોત્તમની મૂર્તિને સંગાથે જ રમણ છે ને એક પુરુષોત્તમના બે ચરણારવિંદની જ ઉપાસના છે અને બીજા ધામમાં તો ચાર ચરણારવિંદની ઉપાસના છે માટે પુરુષ મુક્ત હોય ને જો તેને સ્ત્રીની ઈચ્છા હોય તો તે અક્ષરધામને સ્વપ્નમાં પણ ન દેખે તો બીજો તો ક્યાંથી દેખે ? ને સ્ત્રી પણ મુક્ત હોય તેને જો પુરુષને વિષે ભોગ બુદ્ધિ હોય તો તે પણ અક્ષરધામને તો સ્વપ્નમાં પણ ન દેખે તો બીજા તો ક્યાંથી પામે ? માટે આપણે પણ જો સ્ત્રી તથા ધનની વાસના રહી હોય તો અક્ષરધામને ન પમાય માટે સ્ત્રી અને ધન; એ બેનો રાગ દેહ થકી પર ઈંદ્રિયો, ને ઈંદ્રિયો થકી પર મન, ને મન થકી પર બુદ્ધિ, ને બુદ્ધિ થકી પર જે કારણ શરીર, તે શરીરે સહિત જે જીવ; તેમાં છે. તેને વારંવાર ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યના ડંખ લગાડીને તે સ્ત્રી ધનનાં મૂળ ઉખાડી નાખવાં ને વારંવાર દેહ ઈંદ્રિય ને અંતઃકરણનો નિષેધ કરીને આત્મસત્તારુપ થઈને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે તો ધીરે ધીરે સ્ત્રી ધનનો રાગ ટળે છે ને તે રાગને ટાળે ત્યારે અક્ષરધામમાં રહેવાય છે અને તેનાં મૂળ ઉખેડીને સત્તારૂપ થયો તોપણ ગાફલપણું ન રાખે તથા **ઉતરતાનો સંગ તથા પંચવિષય તથા વિષમ દેશકાળ તથા સૂક્ષ્મ વસ્ત્ર તથા છોકરાં સંગાથે ભાઈ બંધાઈ તેમના થકી તો હરણની પેઠે બીતો રહે ને સંગ તો પોતાથી ઉત્કૃષ્ટ અંગવાળા હોય તેનો કરવો ને આ વાત જેવા તેવા આગળ ન કહેવી.**

અને મહારાજે કહ્યું જે, ‘બીજા અવતાર કરતાં ઋષભદેવજી બહુ



ગમે છે’ તેનો શો હેતુ છે ? તો ઋષભદેવજી ભગવાન તો વાસુદેવ ભગવાન સંગાથે એકત્વને પામ્યા હતા તોપણ બીજા ત્યાગીની શિક્ષાને અર્થે તે સિદ્ધિયું ને ગ્રહણ કરતા હવા એવી રીતે અસંગીપણું છે તથા જે જીવ જેવો હોય તેને તેવી રીતે ધીરે રહીને સમજાવવું એવી રીતે દયાળુ સ્વભાવ છે એ હેતુ માટે કપિલ તથા દત્તાત્રેય તો ત્યાગી છે તથા એમને વિષે અસંગીપણું છે એ માટે એથી ઉતરતા ગમે છે અને ‘એથી કોટિગણું શ્રીકૃષ્ણને વિષે હેત છે’ તેનું કારણ એ છે જે શ્રીકૃષ્ણને વિષે જે જે ભાવે કરીને જે જોડાણા તે સર્વે જીવનો મોક્ષ કર્યો. તે માટે એવી રીતે મહારાજે પોતાની રુચિ કહી તેમાંથી આપણે એમ સમજવું જે, શ્રીકૃષ્ણ ભગવાને તો પોતાની મૂર્તિનો સંબંધ જેને થયો ને જે સ્નેહભાવ તથા દ્વેષભાવ આદિકથી પોતાના સંબંધને પામયા તેનું કલ્યાણ કર્યું. જેમ પારસમણિને લોઢું અડે ત્યારે સોનું થાય તેમ આ કહ્યા જે અવતાર તેના જોગમાં આવે ત્યારે તેનું કલ્યાણ થાય તથા વ્રજવાસીઓએ કહ્યું જે, ‘તમે ભગવન છો માટે અમને તમારું ધામ દેખાડો.’ ત્યારે તેને એક વાર પોતાનું ધામ દેખાડ્યું અને મહારાજે પોતાનું કીર્તન ગાયું તેનું તથા કોઈ સત્સંગીનો ગુણ લીધો તેનું તથા જે જે સંતના જોગમાં આવ્યા તે સર્વેનું કલ્યાણ કર્યું તો પોતાના સંબંધને પામ્યા તેના મોક્ષમાં તો શું કહેવું ? તથા સાધુ દ્વારે તથા સત્સંગી દ્વારે તથા સોટી અને લાકડી દ્વારે કરીને સમાધિ કરાવી તો પોતાને જોઈને સમાધિ થાય તેમાં શી મોટી વાત કહેવી ? એવી રીતે મહારાજની સામર્થી જોઈને વિચારીએ તો એ પૂર્વના અવતાર કરતાં લાખગણું હેત મહારાજને વિષે કર્યું જોઈએ, તથા પોતાના દર્શનમાત્રે કરીને હજારું ને લાખું સત્સંગી તથા કુસંગી તે સર્વેને સમાધિ થઈ ને બ્રહ્મપુરાદિક ધામ દેખાડ્યા. તે તો જેમ ચિંતામણિ હોય તેને વિષે જે ચિંતવે તે મળે તેમ મહારાજનો જેને સંબંધ થયો તથા સંતનો તથા સત્સંગીનો સંબંધ થયો તે સર્વેનું કલ્યાણ મહારાજે કર્યું તે એવું સમર્થપણું તો પુરુષોત્તમ વિના બીજા અવતારમાં ન હોય અને

શ્વેત તેજને વિષે ભગવાનની મૂર્તિ છે તે મૂર્તિને જોઈને આનંદ પામવો પણ તે મૂર્તિ વિના અક્ષરનું તેજ દેખાય તોપણ તેણે કરીને શાંતિ પામવી નહિ ને અતિશે તપી જવાય.

અને **અંતરમાં ભજન કરતા શીખવું, તેણે કરીને વિષયના રાગ ઓછા થાય છે.** જેના હૈયામાં જગત પ્રધાન હોય તે બીજાના હૈયામાંથી જગત શું કાઢશે? નહિ જ કાઢે. ને તે ત્યાગી હોય કે ગૃહસ્થ હોય પણ પોતાની સમજણ પ્રમાણે બીજાને સમજાવે; ને સૌને એમ છે જે મારા જેવું સમજે તો ઠીક.

અને સંગ કરવામાં ને સત્સંગ કરવામાં પણ બહુ ભેદ છે. કેમ જે મહારાજનો સંગ કેટલાક સાધુએ કર્યો ને ગૃહસ્થે પણ કર્યો, પણ સમજણમાં અનંત ભેદ પડ્યા છે. ને સમાગમ કરવો ને ભેળું રહેવું તેમાં પણ ઘણો ફેર છે, જેમ ગાયના આઉમાં ઈતરડી રહે છે પણ તેને દૂધનો સ્વાદ આવતો નથી; ને વાછરૂં છે તે છેટે રહે છે તોપણ તેને દૂધનો સ્વાદ આવે છે.

અને **નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળીને જોવું,** જે મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું.

અને સત્સંગ કરવામાં ને સમજણમાં ઘણી કસર રહી જાય છે; કેમજે શ્રીજી મહારાજ વિરાજતા ત્યારે દર્શન થાતાં હોય એટલી વાર દશ વીશ સાધુ તો ઘડી છેટે જાતા નહિ; ને ગમે એટલો થાક લાગ્યો હોય, પણ રાતે દર્શન થાતા હોય તો આખી રાત દર્શન કરતા; ને કેટલાક સુખે સૂઈ રહેતા. એમ સમજણમાં ઘણા ભેદ છે.



## સભા - ૨૯

પછી શ્રીજીમહારાજે પોતાના બે ભુજ ઉંચા ઉપાડીને સર્વેને છાના રાખ્યા ને પછી પોતાના મુખારવિંદની આગળ સ્તુતિ કરીને બેઠા એવા જે સંત તે પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલતા હવા જે, “ હે સંતો ! જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો, ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો. અને આ જે મારે વાત કરવી છે તે કાંઇ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટપ વધારવા સારુ નથી કરવી. એતો એમ જાણીએ છીએ જે, ‘આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય,’ તે સારુ કરીએ છીએ. અને આજે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે. અને તે એ વાત સભામાં કર્યા જેવી નથી તો પણ સભામાં કરીએ છીએ જે, મારે સહજ સ્વભાવે એમ વર્તે છે જે, આ સંસારને વિષે જે, અતિ રૂડો શબ્દ તથા અતિ રૂડો સ્પર્શ તથા અતિ રૂડો ગંધ તથા અતિ રૂડો રસ તથા અતિ રૂડું રૂપ એ જે પંચવિષય તેમાં હું મારા મનને બાંધવાને ઈચ્છું તો પણ નથી બંધાતું ને એમાં અતિશય ઉદાસ રહે છે. અને એ જે સારા પંચવિષય તથા નરસા પંચવિષય તે બેય સમ વર્તે છે. અને રાજા તથા રંક તે પણ સમ વર્તે છે, અને ત્રિલોકીનું રાજ્ય કરવું તથા ઠીકરું લઈને માગી ખાવું તે પણ સમ વર્તે છે. અને હાથીને હોદે બેસવું તથા પગપાળા ચાલવું તે પણ સમ વર્તે છે, અને કોઈક ચંદન તથા પુષ્પ તથા સારાં વસ્ત્ર તથા ઘરેણાં ચડાવે તથા ધૂળ નાખે તે બેય સમ વર્તે છે. અને કોઈક માન આપે તથા કોઈક અપમાન કરે તે બેય પણ સમ વર્તે છે, તથા સોનું, રૂપુ, હીરો તથા કચરો તે બેય સમ વર્તે છે. અને આ હરિભક્ત બહુ મોટો છે ને આ હરિભક્ત નાનો છે એમ પણ નથી જણાતું, બધાય હરિભક્ત સરખા જણાય છે. અને મારા અંતઃકરણને વિષે અતિ તીવ્ર વૈરાગ્ય વર્તે છે તેનો પણ ભાર નથી જણાતો. જેમ કોઈકે માથે પાણો ઉપાડ્યો હોય તથા રૂપિયા ને સોનામહોરની વાંસળી કેડે બાંધી હોય તેનો ભાર જણાય છે, તેમ ભાર નથી જણાતો, અને મારે વિષે સદ્ધર્મ છે તેનો પણ ભાર નથી જણાતો. તથા મારે વિષે જ્ઞાન છે જે ‘હું બ્રહ્મ છું’ તેનો પણ ભાર નથી

જણાતો, અને આ જે હું ઉપર થકી કોઈક પદાર્થને વખાણું છું ને કોઈક પદાર્થને કુવખાણું છું તે તો જાણી જાણીને કરું છું અને જે જે પદાર્થને વિષે ઈન્દ્રિયોની વૃત્તિને બળાત્કારે જોડું છું તે માંડ માંડ તે પદાર્થ સન્મુખ રહે છે, અને જ્યારે ઢીલી મેલું છું ત્યારે તરત પાછી વળી આવે છે. જેમ આકાશને વિષે પથરો ફગાવીએ તે જ્યાં સુધી હાથને જોરે કરીને ઠેલાય ત્યાં સુધીજ આકાશને વિષે રહે, ને પછી પાછો પૃથ્વીને વિષે આવીને પડે છે. અને જેમ પૂંછલેલ ઢોર હોય તેને માણસ બળાત્કારે કરીને જ્યાં સુધી ઉંચું ઝાલી રાખે ત્યાં સુધી રહે ને જ્યારે મૂકી દે, ત્યારે ધબ લઈને પડી જાય, અને જેમ કોઈક પુરુષ સૂઝે એટલો બળિયો હોય ને દાંતે કરીને આખી સોપારી ભાંગી નાખતો હોય અને તે પુરુષને દશવીશ કાગદી લીંબુ ચૂસાવ્યાં હોય, પછી તે શેકેલા ચણા પણ માંડમાંડ ચાવે. તેમ વિષય સન્મુખ બળાત્કારે વૃત્તિને જોડીએ છીએ તો માંડમાંડ જોડાય છે. તે આ જે એમ મને વર્તે છે તેનું શું કારણ છે ? તો મારી ઈન્દ્રિયોની જે વૃત્તિ છે તે પાછી વળીને સદા હૃદયને વિષે જે આકાશ છે તેને વિષે વર્તે છે અને તે હૃદયાકાશને વિષે અતિશે તેજ દેખાય છે. જેમ ચોમાસાને વિષે આકાશમાં વાદળાં છાઈ રહ્યાં હોય, તેમ મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે. અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે, તે અતિ પ્રકાશમય છે. અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશે તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશે શ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભુજ છે, અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશે મનોહર છે, પણ ચાર ભુજ કે અષ્ટ ભુજ કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે, ને કિશોર છે, તે એ મૂર્તિ કયારેક તો એ તેજમાં ઉભી દેખાય છે ને કયારેક બેઠી જણાય છે ને ક્યારેક હરતીફરતી દેખાય છે અને એ મૂર્તિને ચારે કોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે તે સર્વે મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે. તે મૂર્તિને અમે પ્રકટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોરે પણ દેખતા. અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાંજ બેઠા છો એમ હું દેખું છું, પણ આ



ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી. અને જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે, તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી, તેમ તે પુરુષને પણ કયાંઈ આસક્તિ રહે જ નહિ. અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાત સમજ્યામાં આવશે, ત્યારે પંચવિષય કે કામ ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહેજે જીતાઈ જશે. અને એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ. તે જ ભગવાન રામકૃષ્ણાદિકરૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રકટ થાય છે. તે ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી ને અક્ષરધામના પતિ છે. તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે:–

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥

માટે શ્રીકૃષ્ણભગવાન મનુષ્ય જેવા જણાતા હતા તોપણ અક્ષરાતીત કૈવલ્ય મૂર્તિ જ છે. અને ભગવાન જે મનુષ્ય દેહ ધરે છે તે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે ત્યારે એ ધ્યાનના કરનારાને એ મૂર્તિ તેજોમય એવી અક્ષરધામને વિષે કૈવલ્ય સ્વરૂપે ભાસે છે અને ધ્યાનના કરનારાનો જે જીવ તે માયાને તરે છે અને પરમપદને પામે છે. માટે ભગવાન તો મનુષ્યદેહ ધારણ કરે છે તો પણ કૈવલ્યરૂપે જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાનપાનાદિક જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે. એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેને અમારી પેઠે જ પંચવિષયમાં કયાંઈ પ્રીતિ રહેતી નથી, ને તે સ્વતંત્ર થાય છે.

અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે. અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રકટ થાય છે અને પાછા

પુરુષોત્તમને વિષે લીન થાય છે. તે જ્યારે ભગવાન મૂર્તિ ધરીને પાછા અંતર્ધાન થાય છે ત્યારે તે જે ભગવાનની મૂર્તિ તે ક્યારેક તો મનુષ્યની પેઠે આ પૃથ્વીને વિષે પડી રહે છે. તે જેમ શ્રીકૃષ્ણની મૂર્તિ ખોળામાં લઇને રુક્મિણીજી બળી મુવાં તથા ઋષભદેવનો દેહ હતો તે દાવાનળને વિષે બળી ગયો. એમ પણ થાય અને ક્યારેક તો હાડમાંસ સહિત દિવ્ય ભાવ પામીને કાંઇ રહે નહિ, અંતર્ધાન થઈ જાય. અને જ્યારે પ્રકટ થાય ત્યારે પણ કયારેક તો સ્ત્રી થકી જન્મ ધરે, ને ક્યારેક તો પોતાની ઈચ્છામાં આવે ત્યાં થકી પ્રકટ થઈ આવે છે; એમ એ ભગવાનના જન્મ ને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. અને જ્યારે એવું ભગવાનનું સ્વરૂપ છે તેને દઢ કરીને સમજશો, ત્યારે તમને કોઇ પ્રકારનું વિઘ્ન કલ્યાણના માર્ગને વિષે નહિ થાય, ને એ ભગવાનના સ્વરૂપની દઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો, ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઇ રીતે ખામી ભાંગશે નહિ. અને તમે એમ કહેશો જે, 'અમને તો એ સ્વરૂપની તમે જેમ કહો છો તેમ દઢતા છે, તો પણ પ્રાણ ઈન્દ્રિયો કેમ લીન નથી થતાં ?' તો એ તો પરમેશ્વરની ઈચ્છાએ એમ રહ્યું છે. એમ સમજવું. પણ તેને કાંઇ કરવું રહ્યું નથી, એ તો કૃતાર્થ છે, અને એ તો સર્વ સાધનના અંતને પામ્યો છે. અને જો ભગવાનના સ્વરૂપની આવી રીતે દઢતા હોય ને કદાચિત્ જો નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ એમાં કાંઇક થોડી ઘણી કાચ્યપ રહી જાય તો તેની કાંઇ ચિંતા નથી. પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઇ રીતની સમજ્યામાં કસર રહી તો કોઇ રીતે વાંધો ભાંગશે નહિ. માટે દેહ છતે જે પ્રકારે આવું રહસ્ય સમજાય તેવો ઉપાય કરવો.

અને આ વાર્તા યથાર્થ સમજાણી હોય ને કોઇક પ્રારબ્ધ કર્મને વશ થઈને જો કોઇક નીચ ઉચ્ચ દેહની પ્રાપ્તિ થાય તો પણ વૃત્રાસુરની પેઠે જ્ઞાન જાય નહિ તથા જેમ ભરતજીને મૃગનો દેહ આવ્યો તો પણ પૂર્વજન્મનું જ્ઞાન ટળ્યું નહિ, એવું આ જ્ઞાનનું અતિશે માહાત્મ્ય છે. અને નારદ, સનકાદિક ને બ્રહ્માદિક દેવ તેમની સભામાં પણ નિરંતર આજ વાર્તા થાય છે. અને આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ.



## સભા - ૩૦

અને સદ્ગ્રંથોમાં આવી વાર્તાતો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રકટ થાય છે, ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાની બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. અને જેને આવી રીતે યથાર્થ ભગવાનનું સ્વરૂપ સમજ્યામાં આવ્યું છે તેને જો ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણ કાળને વિષે દૃષ્ટિ પહોંચતી હોય તો પણ તેને એ વાતનો કાંઇ ગર્વ હોય નહિ. અને કોઇને વર કે શાપ દે નહિ અને કોઇ ઠેકાણે વર કે શાપ દે પણ ખરા. અને કોઇ ઠેકાણે નિર્ભય રહે અને કોઇ ઠેકાણે બીવે પણ ખરા. પણ તેણે કરીને પોતે કાંઇ હર્ષશોક મનમાં લાવે નહિ. અને જેને ભગવાનનો આ કહ્યો એવી રીતે દઢ આશ્રય હોય તે જાણીને તો ભૂંડું કર્મ કરે જ નહિ, પણ કદાચિત્ ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને જો કાંઇક અવળું કર્મ થઈ જાય તો પણ તે દઢ આશ્રયવાળો કલ્યાણના માર્ગ થકી પડી જાય નહિ. માટે એ જે ભગવાનનો દઢ આશ્રય છે એવો નિર્વિઘ્ન માર્ગ કોઇ નથી. અને એ વાત જેને સમજાણી હોય તેને તો અતિ મોટો આશય હોય, જુવોને અમારે પરમહંસ તથા સત્સંગી સમસ્ત પાસેથી કોઈ સ્વાર્થ સાધવો નથી. તો પણ કોઇને બોલાવીએ છીએ, કોઇકને વઢીએ છીએ, કોઇને કાઢી મૂકીએ છીએ તેનું એ જ પ્રયોજન છે જે, 'કોઇ રીતે આ વાત સમજાય તો બહુ સારું થાય.' માટે આ વાર્તા છે તે સર્વે દઢ કરીને રાખજ્યો અને જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો. અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજો જે, 'અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે. તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે. અને આ વાતને નિત્યે નવી ને નવી રાખજો, પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવીજ કાલ નવી રાખજ્યો, અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો. અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજો એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને

ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે અને આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે, ને અનુભવમાં પણ એમ જ દઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઇને તમને આ વાત કહી છે અને જો પ્રત્યક્ષ જોઇને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે.'' એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પરોક્ષપણે પોતાના પુરુષોત્તમપણાની વાર્તા કરી, તેને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે એમ જ માનતા હવા જે, 'જે તેજને વિષે મૂર્તિ કહી તેજ આ શ્રીજી મહારાજ પ્રત્યક્ષ પ્રમાણ છે.' ઇતિ વચનામૃતમ્ ॥૧૩॥ ૧૪૬ ॥

મોટા સંતનો સમાગમ તો ભગવાન ભેળું રહેવું તે કરતાં પણ અધિક છે. કેમ જે ભગવાન તો મનુષ્યચરિત્ર કરે, તેથી સમજણની કસર હોય તો સંશય થઈ જાય ને અવળું પડે; માટે સાધુનો સમાગમ અધિક છે ને દશ હજાર રૂપિયા ખરચે તે કરતાં મંદિરના રોટલા ખાઈને સાધુનો સમાગમ કરે ને સમજવા માંડે તે અધિક છે; કેમ જે ઓલ્યાને દેશકાળ લાગે પણ આને ન લાગે. તે મહારાજે પણ કહ્યું છે જે **'સત્સંગે કરીને વશ થાઉં છું એવો બીજે સાધને કરીને વશ થાતો નથી'** ને સત્સંગ કરે તો સંસારમાંથી પણ મુકાઈ જાય. ૩૯

અને લખવું, ભણવું, તે તો ઠીક છે; ને ભક્તિનું તો કાંઈ સરૂં આવતું નથી; પણ નિયમ રાખીને બબે ઘડી આત્મા અનાત્માનો વિચાર કરવા માંડે ને બબે ઘડી રટણ કરે ને બબે ઘડી વૃત્તિઓ રૂંધીને બંધ કરે ને બબે ઘડી ભક્તિ કરે; તો એમ જણાય જે જીવ વૃદ્ધિ પામે છે તો ખરો; ને નિયમ વિનાનું તો પાણીનો ઘડો ઢોળ્યા જેવું થાય છે.

સંસારમાં સુખ જેવું જણાય છે પણ તેમાં તો દુઃખ છે જેમ શેરડીના સાંઠામાં ઇયળ પડે તે સુખ માને છે, પણ ચિચોડામાં ભૂકા નીસરશે. તે જેમ કાગડાને શ્રાદ્ધના સોળ દિવસનું સુખ ને પછી બંદૂકોની ગોળીઓ ખાવાની છે તેમ.



અને ફીરંગી નિત્ય કવાયત કરાવે છે તેથી તેનાં માણસ બહુ ખબરદાર થાય છે તેમ જે કથા, વાર્તા, પ્રશ્ન, ઉત્તર કરવા સાંભળવાનો અભ્યાસ રાખે તેનો જીવ વૃદ્ધિને પામે ને તેમાં બળ આવે, પણ તે વિના બળ ન આવે, પણ જે આળસુ થઈને બેસી રહે તેને શું સમાસ થાય ?

અને ભગવાનનું મહાત્મ્ય જાણતો હોય તોપણ જો વૈરાગ્યનો વિચાર તે એને આવડતો ન હોય, તો એ મહાત્મ્ય એમાં ટકે નહિ. અને વૈરાગ્યને વિચારે કરીને માયિક સર્વે પદાર્થની તુચ્છતા ને નાશવંતપણું જાણ્યું હોય તો એનું મન કોઈ પદાર્થમાં અટકે નહિ ને એને તે માહાત્મ્યજ્ઞાન દઢ થાય. માટે ચાર પ્રકારના પ્રલયે કરીને વૈરાગ્યની દઢતા કરવી. ૯૦

અને હરિભક્તને આ ત્રણ વાતું અતિશે સિદ્ધ કરવી. તે કઈ તો એક તો ભગવાનનું સ્વરુપ યથાર્થ માહાત્મ્ય જ્ઞાનપૂર્વક જાણીને તે હરિમાં ને હરિના ખરેખરા ભક્તમાં હેત કરવું અથવા તે હરિ ને હરિભક્ત ભેળા રહેવે, લીધે, દીધે, બોલાવ્યે ચલાવ્યે સહેજે હેત કરવું. અને બીજું પોતાના જીવને શોધવો. કહેતાં કામ, ક્રોધ, લોભ, માન, દંભ, ઈર્ષ્યા, મત્સર, સ્નેહ આદિક જે આસુરી સંપત્તિરૂપ અધર્મનો સર્ગ તેણે કરીને તથા કોઈક માયિક ભાવે કરીને જીવ પરાભવ ન પામે ને દોષે રહિત થકો ને કેવળ સત્તાપણે રહ્યો થકો બ્રહ્મરુપ થઈને ભગવાનની સેવામાં રહે ને એવો બ્રહ્મરૂપ થાય ત્યારે હરિને વરણીય થાય માટે આતો અવશ્યપણે નિરંતર અનુસંધાન રાખીને ને સત્શાસ્ત્ર થકી જ્ઞાન, વૈરાગ્યનો વિચાર પામીને તથા સત્સંગ કરીને એ વાત દઢ કરવી અને ત્રીજી કોઈ ઉપર દયા કરીને તેના જીવનું પરલોક સંબંધી હિત કરવું ને તેના જીવ અન્ય વાસનાએ રહિત થઈને ભગવાનને પામે ને એવી દયા કરે તો એની ઉપર ભગવાનની પ્રસન્નતા થાય. કેમ જે પોતાના ધામથી અહીંયા શ્રીહરિ આવે છે તે જીવની ઉપર દયાયે કરીને તેમનાં કલ્યાણ કરવાને કાજે આવે છે. તે ભગવાનના સંકલ્પ

ભેળી એની ક્રિયા ભળી માટે ભગવાન પ્રસન્ન થાય તથા હરિમંદિર પોતે કરાવ્યાં છે તે બીજા જીવ ઉપર દયા કરીને તેના કલ્યાણને અર્થે કરાવ્યાં છે એમ ધારીને હરિપ્રસન્નતાને અર્થે મંદિરનો પક્ષ રાખીને તે સંબંધી કામકાજ કરવું ને **કોઈ જીવ ઉપર દયા કરીને કલ્યાણની વાત કરવી પણ તેના ગુણદોષમાં પોતાના જીવને બાધ પામવા દેવો નહીં વાત કરીને છેટે રહેવું પણ દયાએ કરીને તે ભેળું તેના ડોળમાં ભળવું નહિ.** એ ત્રણ વાત સિદ્ધ કરવી.

અને ખરેખરા સાધુ હોય તેને પોતાને કોઈ જાતનો સ્વાર્થ ન હોય ને પોતાથી જેની શ્રેષ્ઠ પ્રકૃતિ હોય તેની પાસે પોતાનો શિષ્ય જાય ત્યારે રાજી થાય. કેમ જે, તેને તો તેના જીવનું હિત કરવું હોય ને ઉતરતી પ્રકૃતિવાળા પાસે જાય તો તો કુરાજી થાય. કેમ જે, એનો જીવ બગડી જાશે એમ જાણે. અને સાધુ હોય તેને તો તેના જીવનું ભગવાનમાં હેત કરવાનું હોય ને સ્વાર્થી હોય તેને તો પોતાની ઉપર તેનું હેત કરવાનું હોય માટે સ્વાર્થી સાધુ હોય તેને તો ઈંદ્ર બ્રહ્માદિક દેવ જેવો ભગવદ્ ભક્ત જાણવો અને જે સ્વાર્થ રહિત હોય તેને નારદ, સનકાદિક, શુકદેવ ને જડભરતાદિક જેવો સાધુ જાણવો.

આ જીવને જેટલું અંતરે સુખ રહે છે કે અન્ન વસ્ત્ર મળે છે તે સર્વે મોટા સંતની દૃષ્ટિ વડે છે; પણ જીવ પોતામાં માલ માનીને આચાર્યને તથા મોટા સાધુને **ઓશિયાળા કરે છે;** પણ પોતે ઓશિયાળો થાતો નથી, પણ જો મોટા સાધુની દૃષ્ટિ જરાક ફરે, તો ચાંડાળ જેવું અંતકરણ થઈ જાય ને સુખ પણ રહે નહિ.

અને વડોદરાનો ચાંદલો કોઈકને આવે ત્યારે સર્વે તેનાં મોટા ભાગ્ય માને, તેમ આપણે તો **પુરુષોત્તમ નારાયણનો ચાંદલો** આવ્યો છે માટે આપણે તેનો કેફ રાખવો.



## સભા - ૩૧

“લિખાવિતં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજના સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી બાઈ ભાઈ નારાયણ વાંચજ્યો. બીજું અમારી આજ્ઞા એમ છે જે, શ્રીકૃષ્ણનારાયણ એવા જે પુરુષોત્તમ ભગવાન તેના જે અવતાર તે ધર્મના સ્થાપનને અર્થે તથા બ્રહ્મચર્ય, અહિંસાદિક ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિ એ ચારે ગુણે સંપન્ન એવા જે પોતાના એકાંતિક ભક્ત તેને દર્શન દેવાને અર્થે ને તેમની રક્ષા કરવાને અર્થે તથા અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે દેવમનુષ્યાદિકને વિષે થાય છે. તે અવતારને વિષે પતિવ્રતાના જેવી અનન્યપણે નિષ્ઠા રાખવી. જેમ સીતાજીને શ્રીરામચંદ્રને વિષે નિર્દોષપણે નિષ્ઠા હતી તેમ નિષ્ઠા રાખવી અને એવા જે ભગવાન તેની હેતે કરીને માનસીપૂજા કરવી, તથા દેહે કરીને નવ પ્રકારે ભક્તિ કરવી. અને જો એ શ્રીકૃષ્ણનારાયણના અવતાર પૃથ્વીને વિષે પ્રકટ ન હોય તો તેની જે પ્રતિમા તેની પૂજા મને કરીને તથા દેહે કરીને ચંદન, પુષ્પ, તુલસી આદિક સામગ્રી વતે કરવી પણ ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે, ને પતિવ્રતાપણું જાય છે, ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે, માટે ભગવાનને વિષે સીતા ને રુક્મિણીના જેવી ભક્તિ કરવી અને તે ભગવાનનું જ ધ્યાન કરવું. અને તે વિના બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું. બીજુ જે સાધુ સિદ્ધગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું. અને સર્વેને પોતપોતાના વર્ણાશ્રમ ધર્મને વિષે દૃઢપણે વર્તવું. બીજું આ જે અમારી આજ્ઞા છે તેને જે પુરુષ દૃઢપણે પાળશે, તેને શ્રીકૃષ્ણનારાયણને વિષે નારદના જેવી દૃઢ ભક્તિ થશે. અને આ અમારી આજ્ઞાને જે સ્ત્રી માનશે તેને શ્રીકૃષ્ણનારાયણને વિષે લક્ષ્મીજી તથા રાધિકાજી આદિક જે ગોપીઓ તેના જેવી ભક્તિ થશે. અને આ અમારા વચનને જે નહિ માને તેની ભક્તિ વેશ્યાના જેવી થશે. સંવત્ ૧૮૭૮ ના માગશર વદિ ૧૪ ને દિવસ લખ્યો છે.’ એવી રીતે કાગળ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલાવ્યો. ઈતિ વચનામૃતમ્ ॥૧૯॥ ૧૫૨ ॥

અને મોટા હોય તેણે બીજાને હિંમત દેવાને અર્થે એમ વાત કરવી, જે એક દિવસ મને પણ જીહ્‌વા ઈંદ્રિયે છેતર્યો ને એક દિવસ નેત્રે છેતર્યો તે રૂપને જોવાઈ ગયું, તેમજ સર્વે ઈંદ્રિયોનું કહેવું.

અને શ્રીહરિના ધ્યાન કરતાં પણ જ્ઞાન અધિક છે. તે જ્ઞાન તે શું જે, ભગવાન જેમ છે તેમ યથાર્થ જાણવા ને ભગવાનને અર્થે જેજે કરવાનું છે તેને જાણવું તથા જીવ, ઈશ્વર, પ્રકૃતિ, પુરુષ, અક્ષર એમના સ્વરૂપને અને ધર્મ, વૈરાગ્યના સ્વરૂપને જાણવું તથા ભગવાનના ભક્ત જેવા હોય જે આને તો સર્વથી ભગવાન જ અધિકપણે છે અને જે ભગવાનના ગમતાં પ્રમાણે જ વર્તતો હોય તથા વર્તવાનું હોય ને પોતાનું ગમતું કરવાનો સ્વભાવ ન હોય ને તે હોય તો તેને ટાળ્યાનો આગ્રહ હોય ને જેને ભગવાનમાં પ્રીતિ હોય ને કાંઈક પોતાનું મન ગમતું કરવાનું પણ હોય એવો હોય તેને પણ જાણવો, ઈત્યાદિક જ્ઞાન કહેવાય ને એવું જ્ઞાન હોય તો તેમાં સહેજે ભગવાનનું ધ્યાન થાશે, માટે એ સર્વે વાતને જાણવી ને જરૂર પોતાને મુખે કરીને કહેવી તે જેટલી યોગ્ય હોય તેટલી કહેવી અથવા ન કહેવી, તેમાં તો દેશકાળને અનુસાર જાણવું ને એ સર્વે વાતને ન જાણે તો ભગવાનનો શ્રેષ્ઠ ભક્ત હોય તેને મધ્યમ ને કનિષ્ઠ જેવો જાણે ને મધ્યમને ને કનિષ્ઠને શ્રેષ્ઠ જેવો જાણે પછી એ ભક્ત વૃદ્ધિને ન પામે. કેમ જે એ જાણે નહિ માટે **જેવા તેવાનો સંગ કરે પણ શ્રેષ્ઠનો સંગ ન કરે ને પોતે સારા જેવો હોય પણ ઉતરતાને સંગે ઉતરતો થાય ને ઉતરતાને હેતે કરીને પક્ષ લઈને મોટાનો અભાવ લે ને તેના પક્ષ તથા મોબતમાં દબાઈ રહે** એવી રીતે જાણવા ન જાણવામાં ગુણ દોષ છે.

અને **પોતાથકી થોડું થાય તો થોડું કરવું ને હાથ જોડવા પણ કપટ ન કરવું;** ને આડુંઅવળું તરી જાવું નહિ, અને મોટા આગળ જો જીવ સરલપણે વર્તે તો સહેજે જ મોટા તેની ખબર રાખે તેમાં કાંઈ કહેવું પડે નહિ. ને જગતમાં પણ એમ રીત છે, જે જેનો થઈ રહે તેની



ફીકર તેને રાખવી પડે છે. તેમ મોટા ખબર રાખે.

અને **અર્ધોઅર્ધ કથાવાર્તાનો જોગ રાખશે તેનું જ સારૂં રહેશે.** અને આ તો મોટાં કારખાનાં થયાં તે કાંઈ ખૂટે એમ તો છે નહિ.

અને **સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે ને મન ધાર્યું કરવું તે કનિષ્ઠ છે** મનગમતું કરતો હોય ને તે ત્યાગ રાખતો હોય ને આખા મંદિરનું કામ એકલો કરતો હોય ને ગમે એટલા માણસને સત્સંગ કરાવતો હોય તોપણ તે ન્યૂન છે; ને તેને કોઈક દિવસ વિઘ્ન છે. ને જે ત્રણ ટાણાં ખાતો હોય ને આળસુ હોય ને ઊંઘતો હોય એવી રીતના દોષે યુક્ત હોય,પણ જો તે પોતાનું મનગમતું મૂકીને સંત કહે તેમ કરે તો તે અધિક છે. ને **સંત કહે એમ કરવું એ નિર્ગુણ છે** ને **મનગમતું કરવું એ સગુણ છે,** ને આ ત્યાગી બેઠા છે તેમાં પણ અર્ધા તો મનગમતું કરતા હશે ને ગૃહસ્થ પણ કેટલાક મનનું ધાર્યું કરે છે. ને જેનું દશ જણ પ્રમાણ કરે તે ખરો કહેવાય; પણ એકનું કહ્યું પ્રમાણ નહિ.

અને **લાખનો ત્યાગ કરીને એકને રાખવા.** ને મહારાજ પણ એમ કહેતા જે **''પાંડવોએ સર્વેનો ત્યાગ કરીને એક શ્રીકૃષ્ણને રાખ્યા;''** એમ છે તે જાણવું.

અને કલ્યાણનો ખપ કેવો રાખ્યો જોઈએ ? જે ઓગણોતેરા કાળમાં ભીમનાથમાં રાંક માગવા આવતાં ને કરગરતાં, તે ધક્કા મારે પણ જાય નહિ; એવો ખપ રાખવો.

અને **મહારાજને ગમતી રુચિ કર્યા વિના જો ભગવાનનું સુખ મળશે તો પણ ભોગવાશે નહિ** જેમ માંદાને સારૂં મળે તો પણ ભોગવાય નહિ; તેમ પુરુષોત્તમનું જ્ઞાન થયું છે ને તેને વાસનાએ કરીને વિષય મળશે, તો તેમાંથી બહુ દુઃખ થાશે; પણ તેનું સુખ નહિ આવે. ને આવરદા લાંબી તે મરાય નહિ.

અને આ લોકનો આ જીવને ફેર ચડી ગયો છે. તે વાત સાંભળે ત્યારે જેમ પાણી ઉપર શેવાળમાં લાકડી મારે, તે નોખું થઈને પાછું

થોડું કરે છે તેની ઉપર ભગવાન રાજી થાય છે ને કોઈક ભક્ત ઝાઝું કરે છે પણ તેની ઉપર ભગવાન રાજી નથી થાતા. તેનો અભિપ્રાય છે જે થોડું કરે છે પણ તે ભગવાનની મરજી પ્રમાણે કરે છે માટે રાજી થાય છે ને ઝાઝું કરે છે પણ તે પોતાના મનગમતા પ્રમાણે કરે છે માટે તેની ઉપર ભગવાન રાજી થાતા નથી.

અને જગતમાં મોટા માણસને તથા રાજાને સત્સંગ થાય તથા ઘણા માણસને સત્સંગ થાય તથા મંદિરમાં ને આચાર્યના ઘરમાં ઘણી ઉપજ વધે તથા મોટી આબરુ થાય પણ જો પોતાનો કોઈક સ્વભાવ વધી જાય ને સત્સંગમાંથી પાછું પડી જવાય તો તે સર્વે આપણા જીવના કલ્યાણને અર્થે શા પ્રયોજનમાં આવ્યા ? એણે કરીને પોતાનું કાંઈ કલ્યાણરુપ કાર્ય સિદ્ધ ન થયું. જેમ કોઈક માંદો પડ્યો તેને સારાં સારાં ભોજન, દૂધ, સાકર, ઘી હોય તે શા કામમાં આવે ? તેમાંથી લગારેય પણ ખવાય નહિ તેમ તે સર્વે તેના કામમાં ન આવે તે માટે પ્રથમ તો પોતાનો સત્સંગમાં અચળ પાયો થાય ને દેશકાળાદિક વિષમ થાય તોપણ કોઈ રીતે પાછું પડાય નહિ એવો પોતાનો જીવ સાધના કરીને સિદ્ધ કરવો ને પોતાનો કોઈ અયોગ્ય સ્વભાવ હોય તેની ઉપર દોષદૃષ્ટિ રાખીને તેને ટાળવાનો નિરંતર આગ્રહ રાખવો ને એને ઘણો ખટકો રાખવો ને એમ કરતાં કરતાં સત્સંગ કરાવવો ને સત્સંગનો મમત્વ રાખવો ને ઉત્કર્ષ પણ યથાશક્તિ કરવો પણ સ્વભાવની ઉપરતો દૃષ્ટિ નહિ ને કેવળ સત્સંગ કરાવવા ઉપર તથા વધારવા ઉપર નજર ન રાખવી. આટલી વાત સમજ્યો ત્યારે જાણીએ જે એને સત્સંગના નોરની સમજણ આવી છે.



## સભા - ૩૨

પછી શ્રીજીમહારાજે પોતાના વૃત્તાંતની વાર્તા કરવા માંડી જે, ‘‘અમે અમદાવાદમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસનો મેળો ભરાયો હતો પછી જ્યારે શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ રહી અને અમદાવાદના બ્રાહ્મણો ચોરાશી જમી રહ્યા, પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા, તે જેતલપુરમાં જઈને રાત રહ્યા. પછી ત્યાં જઈને એવો વિચાર કરવા માંડ્યો જે, ‘જેટલાં માણસ દેખ્યાં છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે તેને ટાળી નાખવી.’ પછી તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશે દુઃખ થયું, તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા. પછી ત્યાં થકી ધોળકે જઈને રાત રહ્યા, અને ધોળકાના ચાલ્યા એને એ વિચારમાં ગામ કોઠને પાસે ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને રાત રહ્યા. તે વિચાર એવો કરવા માંડ્યો જે, દેહની સ્મૃતિ ન રહી. પછી વિચારતાં વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલી, ને જેવા અમે કાંકરીયે તળાવ ઉતર્યા નહોતા ને મેળો પણ ભરાયો નહોતો, ને ત્યારે કોઈ જાતનો ઘાટ નહોતો, તેવી રીતે સર્વે ઘાટ ટાળી નાખ્યા. અને જ્યારે લૌકિક ઘાટ મટી ગયા ત્યારે અંતર્દષ્ટિ રહેવા માંડી. પછી અલૌકિક આશ્ચર્ય દેખાવા માંડ્યાં, અને દેવતા સંબંધી જે ભોગ છે તે દેખાવા માંડ્યા, ને અનંત પ્રકારનાં વિમાન ને અનંત પ્રકારની અપ્સરા, ને અનંત પ્રકારનાં વસ્ત્ર, અનંત પ્રકારના અલંકાર, તે જેમ અહીં મૃત્યુલોકને વિષે છે તેમ જ ત્યાં દેખાવા લાગ્યાં. પણ અમારા અંતરમાંતો એક ભગવાન શ્રીનરનારાયણ વિના બીજું કાંઇ ગમ્યું નહિ, ને જેમ અહીંના પંચવિષય તે અમને તુચ્છ ભાસ્યા ને તેમાં અમારું મન લોભાયું નહિ, તેમ જ દેવલોક, બ્રહ્મલોક પર્યંત અમારું મન કયાંઇ લોભાયું નહિ. તેને દેખીને દેવતા સર્વે અમારાં વખાણ કરવા માંડ્યા જે, ‘તમે ભગવાન શ્રીનરનારાયણના એકાંતિક ભક્ત ખરા, કેમ જે તમારું મન ભગવાનને મુકીને ક્યાંય લોભાતું નથી.’ પછી તેમનાં વચન સાંભળીને અમારે હૈયાને વિષે સુધી હિંમત આવી. પછી અમે મનને કહ્યું જે તારું જેવું રૂપ છે તેવું હું જાણું છું. જો ભગવાન વિના બીજા પદાર્થનો ઘાટ ઘડ્યો તો તારા ભુકા કરી નાખીશ.

તેમજ બુદ્ધિને કહ્યું જે, ભગવાન વિના બીજો નિશ્ચય કર્યો તો તારી વાત છે. તેમ જ ચિત્તને કહ્યું જે, ભગવાન વિના બીજુ ચિંતવન કર્યું તો તારા પણ ભૂકા કરી નાખીશ. તેમજ અહંકારને કહ્યું જે, ભગવાનના દાસત્વપણા વિના બીજુ અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાખીશ. પછી તો અમારે જેમ આ લોકના પદાર્થની અત્યંત વિસ્મૃતિ થઈ હતી, તેમજ દેવલોક બ્રહ્મલોકના પદાર્થની પણ અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ. અને જ્યારે એ સર્વે સંકલ્પ ટળી ગયા ત્યારે સંકલ્પનો મંદવાડ હતો તે પણ ટળી ગયો. એવી રીતે ભગવાનનો ભક્ત હોય તેને વર્તવું. એમ શ્રીજીમહારાજે પોતાનું વૃત્તાંત ભક્તજનના કલ્યાણને અર્થે કહ્યું ને પોતે તો સાક્ષાત શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ છે.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''વાસુદેવમાહાત્મ્યને વિષે એકાંતિક ભક્તના ધર્મ કહ્યા છે જે, 'એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ, ને પોતાને ચૈતન્યરૂપ માને, અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય, તેણે સહિત ભગવાનની ભક્તિ કરે, ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ, અને એ જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય, અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે. માટે તુચ્છ એવાં જે સંસારનાં સુખ તે સાધુને ઈચ્છવાં નહિ. કાં જે એ સાધુ જ્યારે ભગવાનના ધામને પામે છે ત્યારે અનંત કોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક ઈશ્વર તે ભગવાનને અર્થે જેમ અનંત પ્રકારની ભેટ સામગ્રીઓ લાવે છે, તેમ સાધુને અર્થે પણ લાવે છે ને ભગવાનને પ્રતાપે કરીને એ સાધુ અલૌકિક ઐશ્વર્ય સામર્થીને પામે છે, એવો મોટો વિચાર હૈયામાં રાખીને એક ભગવાન વિના બીજુ કાંઈ પણ મનમાં ઈચ્છવું નહિ. અને જેમ હાથમાં ચિંતામણિ આવી ત્યારે તે ચિંતામણિને જતન કરીને રાખવી, કેમ જે, જો હાથમાં ચિંતામણિ છે તો જે પદાર્થને ઈચ્છશે તે પદાર્થને આપશે. તેમ ભગવાનના ભક્તને મૂર્તિરૂપી ચિંતામણિને ઝાલી રાખવી પણ તેને મૂકવીજ નહિ. તો એને સર્વે વાતની સિદ્ધિ થશે.'' ઈતિ વચનામૃતમ્ ॥૨૨॥ ૧૫૫ ॥



અને વિદ્યા, બુદ્ધિ, કળા, ચાતુરી, ગાવવું એ આદિક જે જે વ્યાવહારિક ગુણ છે તે કેને પોતાના કલ્યાણને અર્થે થાય છે ? તો જેને કેવળ પોતાનું કલ્યાણ કરવું હોય ને પોતાના દોષ ટાળીને ભગવાનના એકાંતિક ભક્ત થાવું હોય એવો જેનો સત્ આશય હોય તે તો એ પોતાના ગુણને સત્સંગના કામમાં વાવરે એટલે એને એ પોતાના ગુણ કલ્યાણને અર્થે થાય છે. અને જેને પંચ વિષયના સુખને દેહે કરીને ને મને કરીને પામવાની ઈચ્છા હોય એવા અસત્ આશયવાળાને એ ગુણ વિષય સુખ પામ્યાને અર્થે જ થાય છે પણ પોતાના કલ્યાણને અર્થે નથી થાતા.

અને ચાર અંતઃકરણને જીતવાના ઉપાય કહીએ છીએ. તેમાં બુદ્ધિને એમ જીતવી જે બુદ્ધિને વિષે માયિક પદાર્થ માત્રના આકારના નિશ્ચય થાય છે તે સર્વે પદાર્થના ચાર પ્રકારના પ્રલયે કરીને નાશવંતપણાનો નિશ્ચય થાય ને પોતાનો આત્મા તથા ભગવાન ને ભગવાનનું ધામ ને તે ધામના મુક્ત એમના અવિનાશીપણાનો નિશ્ચય થાય. એવી રીતે જો બુદ્ધિમાં એ બે પ્રકારના નિશ્ચયની દૃઢતા થઈ ત્યારે બુદ્ધિ જીતાઈ જાણવી અને મનને એમ જીતવું જે મન છે તે માયિક પદાર્થના સંકલ્પ કરવા એવો એનો સ્વભાવ છે. તે મનને તે પદાર્થના સંકલ્પ ન કરવા દેવા ને તે સંકલ્પથી પાછું વાળીને ને તે સંકલ્પને મૂકી દઈને ભગવાનની મૂર્તિના સંકલ્પ કરવા તથા ભગવાનના લીલા ચરિત્રના સંકલ્પ કરવા. એવી રીતે મનને જીતાય અને ચિત્તને એમ જીતવું જે ચિત્તને વિષે માયિક પદાર્થના આકાર તે ચિંતવને કરીને સ્ફુરી આવે છે તે ચિત્તનું આત્માકારપણે કરીને ઉપશમ થાય ત્યારે તે આકારની વિસ્મૃતિ થાય પછી એક ભગવાનના આકારનું ચિંતવન કરવું એવી રીતે ચિત્ત જીતાય અને અહંકારને એમ જીતવો જે અહંકાર છે તે વર્ણ, આશ્રમ, જાતિ, કુળ, રૂપ, ગુણ તેને વિષે અહંપણું ધરે ને પોતાને તેવે આકારે માને છે તે અહંપણાને મૂકીને આત્માને વિષે અહંપણું માનવું. જે હું તો જાણપણે યુક્ત એવો જે આત્મા તે છું પણ વર્ણાશ્રમાદિક

ધર્મવાળો જે દેહ તે હું નહીં એવો નિરંતર અભ્યાસ કરવો ત્યારે અહંકાર જીતાય.

અને કપાળમાં ચાંદલો કરીને દર્પણમાં જુએ, ત્યારે સામો પણ દેખાય; તેમ **જેટલું આજ સમજાય તેટલું દેહ મૂક્યા પછી કામમાં આવશે.**

અને **જીવનો સ્વભાવ બદ્ધ છે** તે ત્યાગીમાં બંધાય ને ગૃહસ્થમાં પણ બંધાય; પદાર્થમાં બંધાય ને દેશમાં ને ગામમાં બંધાય; આસનમાં બંધાય ને જ્યાં એક ઠેકાણે રહે ત્યાં બંધાય; ને નાત જાતમાં બંધાય; એવાં અનંત ઠેકાણાં બંધાવાનાં છે તે સારુ તો ટોપીવાળો કોઈને એક ઠેકાણે રહેવા દેતો નથી.

અને **ચોખ્ખું જ્ઞાન** થવાનું કહ્યું જે, બે, ચાર, પાંચ જણ એક રુચિવાળા, બે ચાર, પાંચ વર્ષ સુધી એકાંત સ્થળમાં **નિરંતર ગોષ્ટિ** કરે તો આત્મા પરમાત્માનું જ્ઞાન થાય.

મહારાજે તેરા ગામથી કાગળ લખાવ્યો : જે ‘‘**વર્ષ દહાડામાં એક મહિનો સર્વે સાધુ સત્સંગીને મુક્તાનંદ સ્વામીની વાત સાંભળવી, ને બાઈઓ સૌને મોટી ડોશીઓની વાતો સાંભળવી;** ને જે એમ નહિ કરે તેને વિઘ્ન થાશે,ને સંસારનું બંધન થાશે’’ ને સંસારનું બંધન તો શું? પણ તે કરતાં અનંતગણું બંધન કાપીને સર્વનિવાસાનંદ સ્વામીએ મોટાનો સમાગમ કર્યો.

અને સંસારમાં ચોંટ્યા વિના તો રહેવાય જ નહિ, પણ જો સારા સાધુનો નિરંતર સમાગમ રાખે તો ઉખડાય, નીકર ચોંટી જવાય.



## સભા - 33

પછી ભગવદાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, ‘‘હે મહારાજ ! ભગવાનના એક એક રોમને વિષે અનંત કોટિ બ્રહ્માંડ રહ્યાં છે તે કેવી રીતે રહ્યાં છે, અને બ્રહ્માંડમાં કયે કયે ઠેકાણે ભગવાનના અવતાર થાય છે ?’’ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘પુરુષોત્તમ ભગવાનનું જે અક્ષરધામ તેના બે ભેદ છે. એક સગુણપણું ને બીજું નિર્ગુણપણું અને પુરુષોત્તમનારાયણ છે તેને તો સગુણ ન કહેવાય, ને નિર્ગુણ પણ ન કહેવાય. અને સગુણ નિર્ગુણ ભેદ તો અક્ષરને વિષે છે. તે અક્ષર નિર્ગુણપણે તો અણુ થકી પણ અતિ સૂક્ષ્મસ્વરૂપે છે અને સગુણ સ્વરૂપે તો જેટલું મોટું પદાર્થ કહેવાય તે થકી પણ અતિશય મોટું છે. તે અક્ષરના એક એક રોમને વિષે અણુની પેઠે અનંત કોટિ બ્રહ્માંડ રહ્યાં છે, તે કાંઈ બ્રહ્માંડ અક્ષરને વિષે નાનાં થઈ જતાં નથી. એ તો અષ્ટાવરણે સહવર્તમાન હોય પણ અક્ષરની અતિશે મોટ્યપ છે તેની આગળ બ્રહ્માંડ અતિશે નાનાં દેખાય છે. જેમ ગિરનાર પર્વત છે. તે મેરુ આગળ અતિશે નાનો દેખાય અને લોકાલોક પર્વતની આગળ મેરુ પર્વત અતિશે નાનો દેખાય, તેમ બ્રહ્માંડ તો આવડાં ને આવડાં હોય પણ અક્ષરની અતિશે મોટપ છે તેની આગળ અતિ નાનાં દેખાય છે, માટે અણુ સરખાં કહેવાય છે. અને અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ છે તેમ છે, તે સૂર્ય જ્યારે માથે આવે ત્યારે સૂર્યને યોગે કરીને દશે દિશાઓ કલ્પાય છે. તેમ અક્ષરધામ છે. અને તે અક્ષરને ઉપર, હેઠે ને ચારે પડખે સર્વ દિશામાં બ્રહ્માંડની કોટિઓ છે. અને ભગવાન જે પુરુષોત્તમ તે તો અક્ષરધામને વિષે સદાય વિરાજમાન રહે છે ને તે સત્યસંકલ્પ છે, અને અક્ષરધામને વિષે રહ્યા થકાજ જે બ્રહ્માંડમાં જે જે રૂપ પ્રકાશ્યાં જોઈએ તેવા તેવા રૂપને પ્રકાશ કરે છે. જેમ એ શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડા કરી ત્યારે પોતે એક હતા, તે જેટલી ગોપાંગનાઓ હતી તેટલા રૂપે થયા, તેમ પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા પ્રકાશે છે, અને

પોતે તો સદાય અક્ષરધામમાં રહે છે. અને જ્યાં એ પુરુષોત્તમની મૂર્તિ છે, ત્યાંજ અક્ષરધામનું મધ્ય છે.'' ઈતિ વચનામૃતમ્ ॥૪૨॥ ૧૭૫ ॥

અને પ્રતિલોમપણે હૃદયમાં સંકલ્પ સામું જોવું, તથા પ્રતિલોમપણે ભગવાનનું ધ્યાન કરવું; ને તેમાં જ સુખ છે. પણ **પ્રતિલોમ જેવો બીજો સુખનો ઉપાય નથી, માટે પ્રતિલોમનો અભ્યાસ નિરંતર રાખવો; એ સિદ્ધાંત વાત છે.** તે વચનામૃતમાં મહારાજે બહુ ઠેકાણે કહ્યું છે. ને મોટા સંતનો એ આગ્રહ મુખ્ય છે; ને પ્રતિલોમ વિના યથાર્થ જ્ઞાન થાતું નથી.

અને બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દસ દસ મૂર્તિઓ છે, તેમાં છ સગુણ ને ચાર નિર્ગુણ. તે એવાં એવાં અનંત કોટિ બ્રહ્માંડ છે, **ને સર્વ બ્રહ્માંડોમાં અનંત કોટાન કોટિ ભગવાનની મૂર્તિઓ છે; એ સર્વના કારણ સ્વામિનારાયણ ભગવાન છે એમ સમજવું.**

અને ભગવાનમાં મન રાખે એવા થોડા, બાકી તો આખા મંદિરનો વ્યવહાર ચલાવે એવા પણ ખરા. ને **કદાપિ ભગવાનમાં મન ન રહે તોપણ નિરંતર કથા-વાર્તા કરવી,** ને તે કથા વાર્તામાં મન રાખવું; તે પણ નિરંતર એવો સંગ જોઈએ નીકર તો એવું ન થાય; તે સારુ આ ક્રિયા પ્રવર્તાવી છે. તે જે કરે તેમાં ભગવાનનો સંબંધ એ પણ માર્ગ છે. બાકી **સિદ્ધાંત તો ભગવાનમાં મન રાખવું એ કરવાનું છે.** તે તો મરણિયો થાય ત્યારે એ વાત થાય છે.

અને દેહ પડી ગયો એટલે શું થયું ? પણ જીવ ક્યાં મરે છે ? એ તો **સાધુ થવું ને સાધુતા શીખવી ને સ્વભાવ મૂકવા એ કરવાનું છે.** પણ મરી ગયા એટલે થઈ રહ્યું, ને કરવું બાકી ન રહ્યું એમ ન સમજવું.

કદાપિ માળા ફેરવતાં આવડી તેણે કરીને શું થયું ? પણ જ્ઞાન જેવો તો કોઈ માલ જ નથી; **ને જ્ઞાન વિના તો સર્વે કાચું છે.**

અને દ્રવ્ય ને આ દેહ એ બે ઉપર સર્વે વ્યવહાર છે; એ બેને ખોટું



ખોટું કરીએ છીએ તે ખોટું કેમ થાય ? એમ કહીને વળી કહે જે, છે તો એમજ, જે **દ્રવ્ય ને આ દેહ એ બેય ખોટાં છે;** ને વારંવાર એવા શબ્દને સાંભળવા તેણે કરીને અર્ધું તો ખોટું થઈ જાય, પછી તેને ધક્કો ન લાગે. ને ખોટું કહીએ છીએ ને વળી વચમાં આ કામ આવે તે કરતા જાઈએ છીએ તે પણ ખોટું છે.

અને ગાય છે તે વાછડાની મા કહેવાય, પણ તેને દૂધનું સુખ તો એક જ ઠેકાણે આંચળમાં આવે પણ બીજા અંગમાં ન આવે. તેમ ભક્તિ તો સર્વે કહેવાય, પણ ખરું **સુખ તો ભગવાનની મૂર્તિમાંથી આવે. એવું બીજેથી ન આવે.**

અને શ્રીજી મહારાજે કહ્યું જે, 'જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું તેવો તપ તથા દાન તથા તીર્થ તથા યજ્ઞ તથા અષ્ટાંગયોગ; તેણે કરીને નથી થાતો.' એવો જે સત્સંગ તેતો મોટા સંતના સમાગમ થકી સમજાય છે તે હેતુ માટે મન, કર્મ તથા વચને કરીને તેનો સંગ કરવો.

અને શ્રીજી મહારાજ કહેતા જે, 'સત્સંગ તો સર્વે કરે છે પણ સૌ આધારે કરીને સુખી રહે છે, કોઈ માન મોટાઈને આધારે ને કોઈ સારાં ખાધાને આધારે ને કોઈ સારાં વસ્ત્રને આધારે ને કોઈ ચેલાને આધારે સુખી રહે છે અને જે હરિના દાસ છે તેને તો ભગવાનની મૂર્તિ તે જ આધાર છે. જેમ હોય તેમ તે ભગવાન વતે જ સુખી રહે છે.

અને આપણને શ્રીજી મહારાજ મંદિર અધુરાં રહેશે તેનો ઠબકો નહીં દીએ ને હવેલી અધુરી રહેશે તેનો ઠબકો નહીં દીએ ને રૂપિયાનો નહીં દીએ. આપણને તો જેટલો ધર્મ લોપાશે તેનો ઠબકો દેશે માટે ધર્મમાં ખબડદાર રહેવું તો ભગવાન રાજી થાશે.

અને બે પ્રકારનું સત્ય જાણવું તેમાં એક તો એમ જે આ લોકમાં પોતાનું ને પારકું હિત થાય એવું સત્ય વચન બોલવું તેને લૌકિક સત્ય કહીએ. બીજું સત્ય જે, આ લોક તથા દેવલોક તથા બ્રહ્મલોક તથા અનંતકોટિ બ્રહ્માંડ તથા અનંતકોટિ પ્રધાન પુરુષ એ સર્વેને નાશવંત

જાણવાં. કેમ જે, એ સર્વને કાળ નાશ કરી નાખે છે ને પછી મૂળ પ્રકૃતિ પણ પુરુષને વિષે લીન થઈ જાય છે ને પુરુષ પણ અક્ષરને વિષે લીન થઈ જાય છે. એવી રીતે એ સર્વને નાશવંત જાણીને એ પ્રકૃતિના કાર્યને વિષે પ્રીતિ છે તે તોડીને ભગવાન સદા અક્ષરધામને વિષે બિરાજમાન છે તેને સત્ય જાણવા તથા તે ભગવાનના ધામને સત્ય જાણવા તથા ભગવાનના ભક્તને સત્ય જાણવા. એવી રીતે જે જાણવું તેને અલૌકિક સત્ય કહેવાય. **ભગવાનની મૂર્તિ, ભગવાનના સાધુ ને ભગવાનની આજ્ઞા એ ત્રણ વાતમાં જ માલ છે;** એવો બીજી કોઈ વાતમાં માલ નથી. ને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ તે તો જેમ કોદાળી, પાવડા ને દાતરડાં તેને ઠેકાણે છે; મોટાની તો એમ સમજણ છે. ને અમે તો એક ભગવાન રાખ્યા છે, ને બીજું રાખ્યું નથી.

અને ભગવાનનું ધ્યાન કરવું તેના ત્રણ ભેદ છે. તેમાં બહાર લીલાનું ચિંતવન કરીને ભગવાનનું ધ્યાન કરે તેણે કરીને સ્થૂળ દેહને ધક્કો લગાડે અને મનન દ્વારા ભગવાનનું ધ્યાન કરે તેણે કરીને સૂક્ષ્મ અને સ્થૂળ એ બેયને ધક્કો લગાડે અને ઈંદ્રિયું અંતઃકરણ તથા માયિકભાવે રહિત કેવળ સત્તારૂપ થઈને પોતાને અક્ષરરૂપ માનીને હૃદયમાં ભગવાને પ્રતિલોમ વૃત્તિયે સન્મુખ રહીને ધ્યાન કરે તો એ ભક્તને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણનો ભાવ ટળી જાય છે કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ થઈ જાય છે. એ શ્રેષ્ઠ ધ્યાન છે.

અને સત્સંગમાંથી પડાય નહિ તે વાત શ્રીજી મહારાજે કહી હતી જે 'સર્વે સત્સંગીની સાથે જીવ બાંધે તો ન પડે એમ કહીને પછી તો ''ઓછા ઓછા'' કહેતાં છેલ્લી વારે કહે જે **''બે સારા સાધુ તથા ચાર સારા સત્સંગી સાથે જીવ બાંધ્યો હોય તો ન પડે ને તે વિના તો દેશકાળે પડે ખરો.''**



## સભા - ૩૪

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સંસારી જીવ છે તેને તો કોઈક ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે તો ત્યાં તરત પ્રતીતિ આવે, અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર, મંત્ર, નાટક, ચેટકમાં કયાંય પ્રતીતિ આવે જ નહિ. અને જે હરિભક્ત હોય ને જંત્ર મંત્રમાં પ્રતીતિ કરે, તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો. અને જે સાચા ભગવાનના ભક્ત હોય તે ઘણા હોય નહિ. યથાર્થ ભગવાનના ભક્ત તો કારિયાણી ગામમાં માંચો ભક્ત હતા. તે સત્સંગ થયા મોર માર્ગીના પંથમાં હતા તો પણ નિષ્કામી વર્તમાનમાં ફેર પડ્યો નહિ, અને પોતે બાળબ્રહ્મચારી રહ્યા. અને કોઈક કીમિયાવાળો પોતાને ઘેર આવીને ઉતર્યો હતો, તેણે ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું, ને પછી એ ભક્તને કહ્યું જે, 'તમે સદાવ્રતી છો માટે તમને આ બૂટી બતાવીને રૂપું કરવા શીખવું.' પછી એ ભક્તે લાકડી લઈને તેને ગામ બહાર કાઢી મૂક્યો, અને તેને એમ કહ્યું જે, 'અમારે તો ભગવાન વિના બીજા પદાર્થની ઈચ્છા નથી.' પછી એ ભક્તને સત્સંગ થયો ત્યારે ભગવાનના એકાંતિક ભક્ત થયા. માટે જે એકાંતિક ભક્ત હોય તેને એક તો આત્મનિષ્ઠા હોય, ને બીજો વૈરાગ્ય હોય, ને ત્રીજો પોતાનો ધર્મ દઢપણે હોય, ને ચોથી શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અત્યંત ભક્તિ હોય અને તે એકાંતિક ભક્ત જ્યારે દેહ મુકે ત્યારે તેનો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રવેશ થાય છે, અને જે એકાંતિક ન હોય તેનો તો બ્રહ્માદિકમાં પ્રવેશ થાય છે, અથવા સંકર્ષણાદિકને વિષે પ્રવેશ થાય છે, પણ એકાંતિક થયા વિના શ્રીકૃષ્ણવાસુદેવમાં પ્રવેશ થતો નથી. તે પ્રવેશ તે એમ સમજવો જે જેમ અતિશય લોભી હોય તેનો ધનમાં પ્રવેશ થાય છે, ને જેમ અતિ કામી હોય તેનો મનગમતી સ્ત્રીમાં પ્રવેશ થાય છે, ને જેમ ઘણીક દોલતવાળો હોય ને તે વાંઝિયો હોય ને તેને દીકરો આવે તો તેનો દીકરામાં પ્રવેશ થાય છે, તેમ એવી રીતે જેનો જીવ જે સંઘાથે બંધાયો હોય તેને વિષે તેનો પ્રવેશ જાણવો, પણ જેમ જળમાં જળ મળી જાય છે અને અગ્નિમાં અગ્નિ મળી જાય છે તેમ પ્રવેશ નથી થતો, એ તો જેનો જેને વિષે પ્રવેશ હોય તેને પોતાના ઈષ્ટદેવ વિના બીજા કોઈ પદાર્થને વિષે હેત ઉપજે નહિ,

ને એક તેની જ રટના લાગી રહે, ને તે વિના જીવે તે મહા દુઃખના દિવસ ભોગવીને જીવે, પણ સુખ ન થાય.'' ઈતિ વચનામૃતમ્ ॥૩૮॥ ૧૭૧ ॥

અને સ્વામી કહે જે, 'આ વાત પણ અતિ દૃઢ સમજવાની છે જે, ભગવાન તથા એકાંતિક સાધુ; એ બેયના સામાવડિયા ન થાવું. કેમ જે સમોવડિયાના પક્ષમાં ભળે તો જરુર ભગવાનનો તથા એકાંતિક ભક્તનો દ્રોહ થાય. માટે સૂઝે એવું વિઘ્ન હોય તો પણ તેને તોડીને ભગવાનના ને એકાંતિકના પક્ષમાં ભળવું અને સામાવડિયાનો પક્ષ મૂકી દેવો, પણ તેના પક્ષમાં ન ભળવું.

અને વળી પુરુષોત્તમ ભગવાને આચાર્યજી મહારાજને આજ પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરુ કરીને પોતાની ગાદી ઉપર બેસાર્યા છે, તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિયું પોતે પધરાવી છે તેમાં પણ પોતાના અવતાર જેટલું દૈવત પોતે મૂક્યું છે માટે તે આચાર્ય તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેને અવતારી જે પુરુષોત્તમ ભગવાન તેના અવતાર જેવા જાણવા ને જેમ અવતારને અર્થે કરે તેને પોતે અંગીકાર કરે છે તેમજ આચાર્યજીને અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે. તેમજ તેમને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભાંગી નાખે તથા એમ કહે જે 'આચાર્યને અને લક્ષ્મીનારાયણને ક્યાં ખોટ છે માટે કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખર્ચો. કેમ જે સંતને અર્થે જે જે કરે છે તે તત્કાળ ઉગી નિસરે છે.' એમ અવળો ઉપદેશ કરીને પોતાની શુશ્રૂષાને અર્થે બીજાને મોળા પાડે છે, તથા કોઈક સારું મનુષ્ય હોય ને તે દેવની તથા આચાર્યની સેવા કરતો હોય તેને પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ ઘાલીને તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને પંચ મહાપાપ જેવું પાપ થાય છે માટે આ કહ્યું એમ સમજે તોજ શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન પામ્યા કહેવાય, નહિ તો અશુદ્ધ સંપ્રદાયનું



જ્ઞાન કહેવાય ને આ વાત તો કેવી છે તો જેમ હીરો હોય ને તેને જતન કરીને રાખે તેમ આ વાતને હીરાની પેઠે નિત્ય નવી ને નવી રાખજો પણ ગાફલપણે કરીને ભુલશોમા, જરૂર ભુલશોમા. કેમ જે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે.

**શ્રી પુરુષોત્તમ ભગવાનનું ઐશ્વર્ય તથા સામર્થ્યનું મુખ્યપણું**

એક સમે શ્રીજી મહારાજે વ્યાપકાનંદ સ્વામીને **ગઢડા**માં અક્ષર ઓરડીમાં કહ્યું જે ''ઇંદ્રલોકમાં જઈ આવો.'' ત્યારે કહે : ''જઈ આવ્યો'' ત્યારે કહ્યું જે, ''ગોલોક તથા બ્રહ્મધામને વિષે જઈ આવો'' ત્યારે કહ્યું જે ''જઈ આવ્યો'' ત્યાર પછી ફરી આજ્ઞા કરી જે ''ભૂમાપુરુષ પાસે જઈ આવો'' ત્યારે તે વ્યાપકાનંદ સ્વામી કહે જે ''હજાર માથાનો દૈત્ય માર્ગ રોકીને રહ્યો છે.'' ત્યારે મહારાજે કહ્યું જે ''તમે પણ તેવું રૂપ ધરીને તેને જીતીને જાઓ.'' પછી તેમ કર્યું. પછી ફરીને કહ્યું જે ''બીજો દશ હજાર માથાનો દૈત્ય આગળ છે.'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે ''તમે પણ તેથી મોટું રૂપ ધરીને તેને જીતીને જાઓ. પછી તે તેમ કરીને ભૂમાપુરુષ પાસે ગયા. ત્યારે તે ભૂમાપુરુષે વ્યાપકાનંદ સ્વામીને કહ્યું જે ''પુરુષોત્તમનું પ્રગટપણું પૃથ્વીને વિષે થયું ?'' ત્યારે તે કહે જે 'થયું.' એ વાર્તા સાંભળીને ભૂમાપુરુષ અતિશે ગદ્‌ગદ્ કંઠ થઈને રાજી થઈ જતા હવા. ને સંતને પોતાના સિંહાસન ઉપર બેસારીને અતિશે સુગંધીમાન પુષ્પ ચંદનાદિકે કરીને તેની આરતિ પૂજા કરતા હવા; ને અતિશે આનંદથી શ્રીજી મહારાજના સમાચાર પૂછીને બોલ્યા જે **''મને પ્રથમ શ્રીજી મહારાજે કહ્યું હતું જે, ''અમો જ્યારે બ્રહ્માંડમાં પધારશું, ત્યારે તમ પાસે સંત મોકલશું''** તે આજ સત્ય કર્યું. એવી રીતે પરસ્પર બે જણે શ્રીજી મહારાજના મહિમાની વાર્તા સારી પેઠે કરી. તે પછી તે લોકમાં ચાર ભુજાવાળા મનુષ્ય હતાં, તેમને વ્યાપકાનંદ સ્વામીએ શ્રીજી મહારાજના મહિમાની વાર્તા કરીને નિશ્ચય કરાવીને તે સર્વે મુક્તને બ્રહ્મપુરને વિષે

મોકલી દીધા પછી સમાધિમાંથી પાછા આવીને શ્રીજી મહારાજને જેમ થયું તેમ વાત કરી દેખાડી. તે વાતને સાંભળી શ્રીજી મહારાજે વિચાર કર્યો જે **"જ્યારે બાદશાહ ગાદીએ બેસે ત્યારે બંદીવાન માત્રને છોડી મૂકે છે, તેમ અમારે પણ અગણિત જીવના કલ્યાણ કરવાં છે"** એમ વિચારીને સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, 'તમે જાઓ ને સર્વે નરકકુંડના જીવ માત્રને ચતુર્ભુજ રૂપ ધરાવીને ભૂમાપુરુષના લોકમાં મોકલો' ત્યારે તે સંતે તેમજ કર્યું, પછી તે સંત પાછા આવ્યા, ત્યારે તે સંત પ્રત્યે શ્રીજી મહારાજ બોલ્યા : જે **"હે સંતો ! અમો કોઈ દિવસ અક્ષરધામમાંથી આ બ્રહ્માંડમાં આવ્યા નથી ને આવશું પણ નહિ; માટે આજ તો અમારે અગણિત જીવનાં કલ્યાણ કરવાં છે** તે માટે અમો તથા અક્ષરધામ તથા અક્ષરના મુક્ત તથા બીજા ધામના ભગવાન તથા બીજા ઈશ્વરકોટિ તેણે સહિત અમે આંહી પધાર્યા છીએ; **માટે તે સર્વેને અક્ષરધામમાં લઈ જાવા છે"** એવી રીતે સંત આગળ મહારાજે પોતાના મહિમાની વાત કરી.

આપણે તો **બહુ મોટો લાભ** થયો છે, ને **બહુ મોટી પ્રાપ્તિ** થઈ છે; પણ આપણને સમજાતું નથી. તે જેમ પૃથ્વીનો રાજા હોય તેનો છોકરો અલ્પ પદાર્થ સારુ રૂવે, તેમજ આપણને મહારાજનો ને મોટા સંતનો સંબંધ થયો છે, પણ આ લોકનાં અલ્પ પદાર્થ ન મળે કે નાશ પામે તેનો શોક થાય, કે તે સારુ દિલગીર થવાય, તેને આ વાત સમજાતી નથી.

એક તો આખા દિવસમાં આખો કોટ ચણીને ઊભો કરે ને એક તો તે કોટમાં એક કાંકરી નાખે તે પડી જાય; એ બેમાં અંતે એ ચણનારો થાકશે; તેનો સિદ્ધાંત જે આખો દિવસ વ્યવહાર કરે ને એક ઘડી સત્પુરુષની વાત સાંભળે, તો તેથી સર્વે ખોટું થઈ જાય.



## સભા - ૩૫

દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી, ને ઝાંઝ મૃદંગ લઈને સંત કીર્તન ગાવતા હતા.

પછી કીર્તન ગાઈ રહ્યા ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "આ સંસારને વિષે જે સત્પુરુષ હોય, તેને તો કોઈક જીવને લૌકિક પદાર્થની હાણ વૃદ્ધિ થતી દેખીને તેની કોરનો હર્ષ શોક થાય નહિ, અને જ્યારે કોઈકનું મન ભગવાનના માર્ગમાંથી પાછું પડે ત્યારે ખરખરો થાય છે, કાં જે, થોડાક કાળ જીવવું ને એનો પરલોક બગડશે માટે એને મોટી હાણ થાય છે. અને ભગવાનના જે અવતાર પૃથ્વીને વિષે થાય છે તે ધર્મના સ્થાપનને અર્થે થાય છે, તે કેવળ વર્ણાશ્રમના ધર્મ સ્થાપન કરવાને અર્થે જ નથી થતા કેમ જે, વર્ણાશ્રમના ધર્મ તો સપ્તર્ષિ આદિક જે પ્રવૃત્તિધર્મના આચાર્ય છે તે પણ સ્થાપન કરે છે. માટે એટલા સારુ જ ભગવાનના અવતાર નથી થતા. ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ તેને પ્રવર્તાવવાને અર્થે થાય છે. અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી. એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે. તે જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૃદયમાં અભાવ આવ્યો ત્યારે એ ભક્ત એકાંતિકના ધર્મમાંથી પડ્યો જાણવો. અને તે જો ક્રોધે કરીને પડ્યો હોય તો તેને સર્પનો દેહ આવ્યો જાણવો, અને કામે કરીને પડ્યો હોય તો યક્ષ-રાક્ષસનો અવતાર આવ્યો જાણવો. માટે જે એકાંતિકના ધર્મમાંથી પડીને એવા દેહને પામ્યા છે, ને જો તે ધર્મવાળા હોય અથવા તપસ્વી હોય. તો પણ તે ધર્મે કરીને તથા તપે કરીને દેવલોકમાં જાય. પણ જેણે ભગવાનનો ને ભગવાનના સંતનો અભાવ લીધો, તે તો ભગવાનના ધામને તો ન જ પામે. અને વળી જે પંચ મહાપાપે યુક્ત હોય અને તેને જો ભગવાન ને ભગવાનના સંતને વિષે અવગુણ ન આવ્યો હોય, તો એનાં પાપ નાશ થઈ જાય, ને એનો ભગવાનના ધામમાં નિવાસ થાય. માટે પંચ મહાપાપ થકી પણ ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે." ઈતિ વચનામૃતમ્ ॥૪૬॥ ૧૭૯ ॥

અને જ્ઞાન વિના તો સુખ ન થાય, ને ભક્તિ કરે તેને મોટા હોય તે હાર આપે કે થાળ આપે, પણ તેણે કરીને સંકલ્પ ઓછા ન થાય; માટે સમજણ તો જોઈએ ખરી. એમ વાત કરી.

અને ભગવાન તો કેવા છે ? તો જે જીવ પોતાના સન્મુખ ચાલે તે સારુ તો બ્રહ્માંડ ફેરવી નાખે. તે જુઓને પ્રહ્‌લાદનો દેહ જ જીવ જેવો કરી મૂક્યો.

અને મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામીએ વાત કરી જે 'આ જીવને અવશ્ય કાર્ય કરવાનું છે તે વિચારવું જે, આ જીવને પંચવિષયને વિશે ખૂંતીને રહી જે પંચવિષયની અવ્યક્ત વાસના તેને પ્રકૃતિ પુરુષ પર્યંત દેહ, ગેહાદિક સર્વ અસત્ય છે. એવા વિચારે કરીને ધીરે ધીરે ટાળવી ને જીવને રાગે રહિત કરવો ને સત્તારૂપ કરવો ને પછી ભગવાનમાં પ્રીતિ કરવી, ને તે વિના દેહની ક્રિયામાં જે ભણવું તથા લખવું તથા બીજી જે જે ક્રિયા કરવી તે તો કેમ છે ? તો જેમ કોઈક અતિ મોટું કામ સિદ્ધ કરવું હોય ત્યારે તે કામ કરતા હોઈએ તેમાં સહેજે બીજાં કામ આવે તે કરવા પડે તેમ દેહક્રિયા તો છે ને અવશ્ય કરવું તો પોતે ધાર્યું હોય તે છે માટે જીવને શુદ્ધ કરીને પછી ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરવી એ અવશ્ય કરવાનું છે ને બીજું જે છે તે તો દેહના નિર્વાહને અર્થે છે પણ અવશ્ય કરવાનું નથી અને વળી કોઈક જાણે જે બહુ કરીને ભગવાનને રાજી કરું પણ તે **ભગવાન તો બહુ કર્યે પણ રાજી થાતા નથી તથા ન કર્યે પણ રાજી થતા નથી માટે જે જે કરવું તે સમજીને કરવું.** તેની વિક્તિ જે એક તો પોતાને વિષે ખૂંતીને રહી જે પંચવિષયની વાસના તેને જીવમાંથી ટાળીને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેની વિક્તિ જે, ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ અને શિક્ષાપત્રી; પ્રમાણે વર્તવું. અને તે ગ્રંથ પ્રમાણે વરતીને મંદિરની, દેવની તથા આચાર્ય મહારાજની સેવા કરવી. એ આદિક જે જે કરવું તે પૂર્વે કહ્યા જે ત્રણ ગ્રંથ તે પ્રમાણે વર્તતે થકે જેટલી સેવા થાય તેટલી કરવી. પણ



તે ધર્મનો ત્યાગ કરીને સેવા ન કરવી. એમ સમજીને જો થોડું જ કરે તો પણ ભગવાન બહુ માને ને તે વિના તો ઝાઝું કરે તો પણ તેવા ભગવાન પ્રસન્ન ન થાય.

અને સ્વામીએ એમ વાત કરી જે, જીવ જેજે કરે છે તે એમ કરે છે જે માન, મોટાઈ ને વિખ્યાતિ કરવી તથા પોતાની મોટપ જણાવવી તેને અર્થે શાસ્ત્ર ભણે છે તથા સારા અક્ષર લખવા શીખે છે. તથા સારી રસોઈ શીખવી તથા ગાવણું શીખવું તથા કીર્તન શીખવાં તથા વાતો શીખવી ને કોઈને ઉપદેશ કરવો એ આદિક ક્રિયાને ભામે-વેગે ચડી જાય છે. પણ કોઈ એવે ભામે નથી ચડતો જે, આ જીવનો મોક્ષ કરવો ને તેમાં અંતરાયરુપ એવો જે દેહ, તે રથ છે અને તેને ઈંદ્રિયુંરૂપ ઘોડા જોડ્યા છે ને મનરુપ રાસ છે ને બુદ્ધિરૂપ જે સારથી તે એ રથનો હાંકનારો છે અને રથી જે જીવ છે તેણે બુદ્ધિરૂપ સારથીને નિયમમાં કરીને મનરૂપ રાસડી[1] વતે તે ઈંદ્રિયુંરૂપ ઘોડાને વશ કરીને દેહને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તાવવો. ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને અતિ દૃઢ કરીને, મનના સંકલ્પને જીતીને અને અતિ ઉત્તમ ઉપશમને સિદ્ધ કરીને પછી તે ઉપશમ અને ભગવાનનું ધ્યાન તેણે કરીને વાસના જે અવ્યક્ત રાગ છે તેને ટાળી નાખીને ભગવાન તથા ભગવનના ભક્તને વિષે જેવી દેહને વિષે આત્મબુદ્ધિ વર્તે છે તેવી આત્મબુદ્ધિ કરીને મહારાજનું નિરંતર ધ્યાન કરવું ને તેમાં જે અંતરાય કરે તેનો ત્યાગ કરવો. આ વાતનો આગ્રહ કોઈ નથી કરતા ને આટલી વાત કરીએ છીએ પણ કોઈને ચટકી નથી ચડતી.

એક પઠાણ **ઝીંઝાવદર**ની સીમમાં આવ્યો ત્યારે તેના મનના સંકલ્પ સર્વે બંધ થઈ ગયા ! ને અંતરમાં ટાઢું થઈ ગયું ! તેથી જાણ્યું જે, 'આ ગામમાં કોઈ મોટા પુરુષ છે.' પછી તેણે ગામમાં આવીને અલૈયા ખાચરને પૂછ્યું જે, ''આ ગામમાં કોઈ મોટા પુરુષ છે ? તેનાં દર્શન મને કરાવો; કેમ જે તે મોટા પુરુષે મારું મન ખેંચી લીધું છે.'

ત્યારે તે પઠાણને શ્રીજી મહારાજના દર્શન કરાવ્યાં તે દર્શનમાત્રે કરીને તે પઠાણને સમાધિ થઈ ગઈ. ને અક્ષરધામને વિષે અનંત મુક્તે સેવાતા એવા શ્રીજી મહારાજનું દર્શન થાતું હવું. પછી મહારાજ તેને પોતાની દૃષ્ટિમાત્રે કરીને જગાડતા હતા. પછી તે પઠાણે શ્રીજી મહારાજને પૂછ્યું જે 'હે મહારાજ ! તમે તો સર્વોપરિ ભગવાન છો, માટે તમારા સ્વરૂપનું જ્ઞાન બીજા કોઈકને કહું ?' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે 'તમ જેવા હોય તેને કહેજો' એવી રીતે શ્રીજી મહારાજે પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડ્યો.

વરતાલે **ઉગમણા બંગલાને વિષે** શ્રીજી મહારાજને ઝવેર ભક્તે પૂછ્યું જે 'હે મહારાજ અક્ષરધામને વિષે ભગવાનની મૂર્તિ કેવી હશે?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે 'આ પ્રત્યક્ષ અમે બેઠા છીએ તેવી જ અક્ષરધામને વિષે ભગવાનની મૂર્તિ છે.'' ત્યાર પછી તે ભક્તે ફરીને પૂછ્યું જે 'હે મહારાજ ! કૃપા કરીને જેવી અક્ષરધામને વિષે મૂર્તિ છે તેવી દેખાડો.' ત્યારે તે ભક્તને શ્રીજી મહારાજે સમાધિ કરાવીને અક્ષરધામને વિષે પોતાની મૂર્તિનું પ્રત્યક્ષ પ્રમાણ દર્શન કરાવ્યું; ને અનંતકોટિ મુક્ત તથા અનંત ઐશ્વર્ય તથા અનંત શક્તિઓ તેનું દર્શન કરાવીને પોતાના સ્વરૂપનો પ્રત્યક્ષપણે સર્વોપરિ નિશ્ચય કરાવ્યો. એવી રીતે શ્રીજી મહારાજે ઝવેર ભક્તને પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું.

અને સ્વામીએ એમ વાત કરી જે, 'કોઈક હરિભક્ત તો કાંઈ પાકો સત્સંગી ન હોય ને દેહ મૂકે ત્યારે બોલતો બોલતો દેહ મૂકે છે ને કોઈક તો પાકો હરિભક્ત હોય તો પણ તે કાંઈ સામર્થી ન જણાવે ને એમને એમ ઘેનમાં ને ઘેનમાં દેહ મૂકે છે. તેનું તો એમ છે જે, આ દેહરૂપી તો દરવાજો છે તે જ્યારે મહારાજના દર્શન થાય છે ત્યારે દેહ મૂકીને તે ભક્ત મહારાજની મૂર્તિ ભેળો ચાલ્યો જાય છે, ને જેને જે વાતની ઈચ્છા હોય તે તેવા લોકમાં રહે છે.



## સભા - ૩૬

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''તમે સર્વે મુનિ મંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી એ તમે સર્વે મારા કહેવાઓ છો, તે જો હું ખટકો રાખીને તમને વર્તાવું નહિ, અને તમે કાંઈક ગાફલપણે વર્તો, તે અમારા થકી દેખાય નહિ. માટે જે જે મારા કહેવાયા છો, તેમાં મારે એક તલ માત્ર કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સુધા સાવધાન રહેજ્યો જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ, અને મારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી. અને માયાના ત્રણ ગુણ, દશ ઈન્દ્રિયો, દશ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય અને ચૌદ ઈન્દ્રિયોના દેવતા, એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી. ને એ સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે, પણ કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી. અને આ જન્મમાં સર્વે કસર ન ટળી તો બદરીકાશ્રમમાં જઈને તપ કરીને સમગ્ર વાસના બાળીને ભસ્મ કરવી છે, તથા શ્વેતદ્વિપમાં જઈને નિરન્નમુક્ત ભેળા તપ કરીને સમગ્ર વાસના બાળીને ભસ્મ કરી નાખવી છે, પણ ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ રહે એવું રહેવા દેવું નથી. માટે સર્વે હરિભક્ત તથા સર્વે મુનિમંડળ સાવધાન રહેજ્યો.'' એટલી વાર્તા કરીને શ્રીજીમહારાજ પોતાના ઉતારામાં પધાર્યા.

દામોદરે **(અમદાવાદમાં)** નથુ ભટ્ટને શ્રીજી મહારાજના નિશ્ચયની વાત કરી જે, 'શ્રીજી મહારાજ સર્વ અવતારના અવતારી છે ને રામાનંદ સ્વામી તે પણ ઉદ્ધવનો અવતાર છે.' તે વાત સાંભળીને તે નથુ ભટ્ટ અતિશે આકળા થઈ ગયા. પછી તે બે જણ વરતાલે શ્રીજી મહારાજ પાસે આવ્યા, ને કહ્યું જે, 'હે મહારાજ ! આ દામોદર રામાનંદ સ્વામીને ઉદ્ધવ કેમ કહે છે ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''તમે રામાનંદ સ્વામીનું ધ્યાન કરો, એટલે જેમ છે તેમ તમને જણાશે'' પછી

તે ભટ્ટ ધ્યાનમાં બેઠા, એટલે તેમને તરત સમાધિ થઈ; તે સમાધિને વિષે અનંત મુક્ત, અનંત અવતાર, અનંત ઐશ્વર્ય ને રામાનંદ સ્વામી તેમણે સહિત અક્ષરધામને વિષે પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન કરાવીને તે સર્વ અવતાર અને રામાનંદ સ્વામી પોતાની સેવામાં દેખાડ્યા; ને પોતાનો **સર્વોપરિ નિશ્ચય** તે ભટ્ટને કરાવ્યો. પછી તે ભટ્ટને સમાધિમાંથી જગાડ્યા ત્યારે તે નથુ ભટ્ટ ઊઠીને દામોદરને **સાષ્ટાંગ દંડવત** કરીને પછી બોલ્યા જે 'હે મહારાજ ! મને તો **આ દામોદરે તમારા સ્વરૂપના નિશ્ચયની વાત કરી ન હોત, તો મારા કલ્યાણમાં બહુ જ ફેર રહેત;** તે માટે હવેથી કોઈ રીતે તમારા સ્વરૂપના નિશ્ચયમાં કસર રહે નહિ એવી કૃપા કરીને વાત કરો,' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'અમે તો અક્ષરધામ થકી અગણિત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવાને અમારું જે અક્ષરધામ ને અનંતકોટિ પાર્ષદ ને બીજા ધામોના ઈશ્વર તેણે સહિત પધાર્યા છીએ.' તેવી રીતે શ્રીજી મહારાજે નથુ ભટ્ટને પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું.

**જાળિયામાં હીરાભાઈને ઘેર** શ્રીજી મહારાજે શરીરે મંદવાડ જણાવ્યો; ને પછી મુક્તાનંદ સ્વામી આદિક પરમહંસ ત્યાં આવ્યા; પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે 'હે મહારાજ તમારે શરીરે કસર થઈ હતી ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે ''અમારે શરીરે કસર નહોતી થઈ, પણ **અમો તો તમોએ બહુ તપ કર્યું તે તમારા સારૂ ધામ જોવા ગયા હતા;** એટલે આ લોકની વિસ્મૃતિ થઈ હતી; તેણે કરીને શરીરે કસર જેવું જણાણું : તે પ્રથમ તો અમે બદરિકાશ્રમમાં ગયા, ત્યારે તે આશ્રમના વાસી નરનારાયણ બોલ્યા જે, 'હે મહારાજ ! તમે દયા કરીને ભલે અમારા આશ્રમમાં પધાર્યા.' પછી તે સર્વેએ અમારી પૂજા, આરતિ, સ્તુતિ કરી ને બેઠા, પછી તેને અમે કહ્યું જે 'અમારા સાધુએ બહુ તપ કર્યું તે સારૂ ધામ જોવા આવ્યા છીએ.' ત્યારે તેમણે કહ્યું જે 'હે મહારાજ ! આ ધામ જ તમારૂં છે માટે આંહી સાધુને રાખો.' પછી અમને એમ વિચાર થયો જે આંહીના જેવું તો ત્યાં પણ તપ કરે છે.



પછી ત્યાંથી શ્વેતદ્વીપમાં ગયા, ત્યારે ત્યાંના વાસી જે વાસુદેવ તેણે અમને પધરાવીને પૂજા, આરતિ, સ્તુતિ કરીને બેઠા. પછી તે બોલ્યા જે 'હે મહારાજ ! બહુ દયા કરીને અમને દર્શન દીધાં.' ત્યારે તેને અમે કહ્યું જે ''અમે તો અમારા સાધુએ બહુજ તપ કર્યું તેના સારૂં ધામ જોવા આવ્યા છીએ; પછી તેણે કહ્યું જે 'હે મહારાજ આ ધામ જ તમારૂં છે માટે આંહી સાધુને રાખો.' પણ અમને એમ જણાણું જે સ્થાન તો તપ કરવાનું બહુ સારું છે, પણ પ્રભુ ભજવાનું સુખ બરાબર જણાણું નહિ; શા માટે જે ક્ષીર સમુદ્ર એક કોર હડૂડ્યા કરે છે.

પછી ત્યાંથી અમે અક્ષરધામમાં ગયા. પછી તે અક્ષરધામના મુક્તે અમારી બહુ પ્રકારના ઉપચારે કરીને પૂજા કરી, તથા સ્તુતિ કરીને બેઠા, પછી તે મુક્તને અમોએ કહ્યું જે અમે મૃત્યુ લોકને વિષે પધાર્યા હતા. ત્યારે ત્યાંના મનુષ્ય તથા સંતે બહુ જ તપ કરીને અમને રાજી કર્યા છે; તે માટે તેમના અર્થે અમે ધામ જોવા ગયા હતા; કે જે ધામમાં બહુ સુખ હોય તે ધામમાં તેને રાખીએ. તેથી અમે બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપ તથા વૈકુંઠ, ગોલોક એ આદિક ધામ જોયાં; પણ તે ધામને વિષે ઉપાધિએ રહિત એવું ભગવાનને ભજ્યાનું સંપૂર્ણ સુખ દીઠું નહિ; તેથી અમે આંહી પધાર્યા છીએ. ત્યારે તે મુક્તે કહ્યું જે **'આ ધામ તમારું છે ને અમો પણ તમારા છીએ; માટે તે સાધુને આંહીં લાવીને તમારી મૂર્તિનું સુખ આપો.'** એમ અક્ષરધામના મુક્ત બોલ્યા, ત્યાર પછી અમે અક્ષરધામમાંથી આંહી આવ્યા અને સર્વે સંતને કહ્યું જે તમારે અર્થે અક્ષરધામ જોઈને આંહીં આવ્યા છીએ; તે માટે આપણા પરમહંસ તથા સત્સંગી એ સર્વેને તો એમ નિશ્ચય કરવો જે 'આપણે તો એ અક્ષરરૂપ મુક્તની પંક્તિમાં ભળવું છે ને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજુર રહેવું છે; પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઈચ્છવું નથી; ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી.' એવો દઢ નિશ્ચય રાખીને સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ ભગવાન તે તમોને પ્રત્યક્ષ મળ્યા

છે, માટે તે પુરુષોત્તમ ભગવાનની એકાંતિકી ભક્તિ નિરંતર કરવી.

પછી પરમહંસે પૂછ્યું જે 'હે મહારાજ ! કેવા ભક્ત હોય તે કેવા ધામને પામે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, અક્ષરરૂપ પોતાના આત્માને માનીને પુરુષોત્તમ ભગવાનની મૂર્તિને અખંડ તેલધારાની પેઠે સંભારતા હોય, એવા જે એકાંતિક ભક્ત તે તો અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની સેવામાં હજૂર રહે છે; ને તે ભક્તને ભગવાન કેવું સુખ આપે છે ? તો જેવું ભગવાનને પોતાની મૂર્તિનું સુખ છે, તેવું તે ભક્તને પણ ભગવાન સુખ આપે છે. **ને સાચી ઉપાસના ને એકાંતિક ધર્મ એ બે સંપૂર્ણ હોય તો તે અક્ષરને પામે છે.** ને એકાંતિક ધર્મને વિષે કસર હોય તો મૂળ પુરુષને પામે છે, ને ઉપાસનામાં તથા નિર્વાસનિકપણામાં કસર હોય તો ભગવાનના ગોલોકાદિક ધામને પામે છે; ને બહુ સવાસનિક હોય, તો પ્રધાનપુરુષ તથા વૈરાટાદિકને પામે છે; ને ઉપાસના ને એકાંતિક ધર્મ એ બેમાં કસર હોય તો બ્રહ્માદિક જેવા થાય છે; ને ગુણબુદ્ધિવાળા હોય ને સાધુની સેવાચાકરી કરતા હોય તો ઈન્દ્ર જેવા થાય છે; ને થોડી સેવાચાકરી કરતા હોય તો દેવતા થાય છે; ને સંતનો ગુણ જ લે તો તેને જમપુરી આળસે. એવી રીતે સમજણમાં ભેદે કરીને પ્રાપ્તિમાં પણ બહુ જ ફેર રહે છે. એવી રીતે શ્રીજી મહારાજે પરમહંસ આગળ પોતાના પુરુષોત્તમપણાના મહિમાની બહુ પ્રકારની વાર્તા કરી.



## સભા - ૩૭

"અને સાધુ પ્રેમાનંદસ્વામી ભગવાનના ધ્યાનના અંગની ગરબીઓ જે, ''વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ'' એ ગાવતા હતા. પછી જ્યારે ગાઈ રહ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, 'આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.' અને જેને આવી રીતે અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થતું હોય, ને એવી વાસનાએ યુક્ત જો દેહ મુકે, તો તેને ફરીને ગર્ભવાસમાં જવું પડેજ નહિ. અને એવી રીતે ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તોપણ એ પરમપદને પામ્યો જ છે. અને જેવા શ્વેતદ્વીપમાં નિરન્નમુકત છે તેવો જ એ પણ નિરન્નમુક્ત થઈ રહ્યો છે. અને દેહક્રિયા તો યોગ્ય હોય એટલી સહેજે જ થાય છે, અને જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે તે તો કૃતાર્થ થયો છે, ને તેને કાંઇ કરવું બાકી રહ્યું નથી. અને જેને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન કરતે થકે દેહ પડશે, તેને કોટિ કલ્પે દુઃખનો અંત આવતો નથી. માટે આવો અવસર આવ્યો છે તેને પામીને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન મૂકીને એક ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરવું.

અને જો ભગવાનના સ્વરૂપનું ચિંતવન થઈ ન શકે તો પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત એવા જે આ સાધુ તેને મધ્યે પડી રહેવું અને અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે, આ દેહને મુકીશું પછી કોઇ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી, તોપણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, 'જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો.' એમજ ઈચ્છીએ છીએ. અને જેને એ કીર્તનમાં કહ્યું એવી રીતનું ચિંતવન થતું હોય તે તો કાળ, કર્મ ને માયાના પાશ થકી મૂકાયો છે. અને જેને ઘેર એવા પુરુષે જન્મ ધર્યો તેનાં માબાપ પણ કૃતાર્થ થયાં જાણવાં અને ભગવાન વિના બીજા વિષયનું જે ચિંતવન કરે છે, તે તો અતિશય ભૂલ્યો જાણવો. અને સ્ત્રી, પુત્ર ને ધનાદિક પદાર્થ તે તો જે જે યોનિમાં જાય છે તે સર્વેમાં મળે છે, પણ આવા બ્રહ્મવેત્તા

સંતનો સંગ ને શ્રીવાસુદેવ ભગવાનનું સાક્ષાત્કાર દર્શન ને ચિંતવન તે તો અતિશે દુર્લભ છે. માટે જેમ વિષયી જનને પંચવિષયનું ચિંતવન અંતઃકરણમાં થયા કરે છે, તેમ જેના અંતરમાં અખંડ ભગવાનનું ચિંતવન થયા કરે એથી ઉપરાંત મનુષ્ય દેહનો બીજો લાભ નથી, અને એ તો સર્વે હરિભક્તમાં મુખિયો છે. અને એ ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય હોય તોપણ ભગવાન સંબંધી જ હોય, અને તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઈચ્છે, અને ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવા ઈચ્છે, અને નેત્ર તે ભગવાન ને ભગવાનના સંતનાં દર્શન કરવા ઈચ્છે, અને રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઈચ્છે, અને નાસિકા તે ભગવાનને ચઢ્યાં જે પુષ્પ તુલસી તેના સુગંધને ઈચ્છે, પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહિ. એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય.'' ઈતિ વચનામૃતમ્ ॥૪૮॥ ૧૮૧ ॥

પછી ત્યાંથી અમે વૈકુંઠ લોકમાં ગયા. ત્યારે તે વૈકુંઠવાસી જે રામચંદ્રજી તેમણે અમને પધરાવીને અમારી પૂજા, આરતિ, સ્તુતિ કરી ને બેઠા, પછી તેમણે અમને કહ્યું જે 'હે મહારાજ બહુ દયા કરીને દર્શન દીધાં' ત્યારે તેને અમે કહ્યું જે અમારા સાધુએ બહુ તપ કર્યું તેને અર્થે અમે ધામ જોવા આવ્યા છીએ. ત્યારે તેણે કહ્યું જે 'હે મહારાજ ! આ ધામ તમારૂં છે, માટે આંહી સાધુને રાખો.' પણ અમને એમાં કાંઈ પ્રભુ ભજવાનું સુખ જણાણું નહિ; શા માટે જે ચાર ભુજા ને સ્ત્રીઓનો પ્રસંગ તે ઠીક નહિ. પછી અમે ત્યાંથી ગોલોકમાં ગયા, ત્યારે ત્યાંના વાસી જે શ્રીકૃષ્ણ તેમણે અમને સિંહાસન ઉપર પધરાવીને અમારી પૂજા, આરતિ, સ્તુતિ કરી ને બેઠા, પછી અમને કહ્યું જે 'હે મહારાજ ! બહુ દયા કરીને અમને દર્શન દીધા.' ત્યારે તેને અમે કહ્યું જે અમારા સાધુએ બહુ તપ કર્યું તેને અર્થે ધામ જોવા આવ્યા છીએ, ત્યારે તેમણે કહ્યું જે 'હે મહારાજ ! આ ધામ તમારું છે, માટે આંહી સાધુને રાખો' પણ અમને એમાં કાંઈ સુખે પ્રભુ ભજાય એવું જણાણું નહિ; કેમ જે ગોપ, ગોપીઓ,



ગાયો, વાછરડાં છાશું આદિક કેટલીક જાતના વિક્ષેપ, તેથી પ્રભુ ભજાય નહિ. પછી ત્યાંથી અમે પ્રકૃતિપુરુષના લોકમાં ગયા, ત્યારે પુરુષ અને પ્રકૃતિ તેમણે અમારી પૂજા, આરતિ, સ્તુતિ કરીને બેઠા, પછી તેણે કહ્યું જે, 'હે મહારાજ ! બહુ દયા કરીને દર્શન દીધાં' ત્યારે અમોએ તેને કહ્યું જે. અમે દર્શન દેવા નથી આવ્યા, અમે તો અમારા સાધુએ બહુ જ તપ કર્યું, તેને અર્થે ધામ જોવા આવ્યા છીએ; પછી તેમણે કહ્યું જે 'આ ધામ જ તમારૂં છે માટે આંહી સાધુને રાખો.' પછી અમને વિચાર થયો જે, આ પુરુષ કાળો કેમ હશે? તેથી અમે પ્રકૃતિને પૂછ્યું ત્યારે તે પ્રકૃતિએ કહ્યું જે 'પુરુષ મારી સાથે જોડાણો, તેણે કરીને મારી શ્યામતા હતી તે પુરુષમાં ગઈ ને પુરુષનો પ્રકાશ હતો તે મારામાં આવ્યો.' પછી અમને વિચાર થયો જે, 'આંહી સાધુને રાખવા તે પણ ઠીક નહિ, કેમ જે માયા કાળા કરી નાખે.'

ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે 'હે મહારાજ! ભગવાનનું **અક્ષરધામ** કેવું છે ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, ને સચ્ચિદાનંદ રૂપ છે, અને **એ ભગવાનનું જેવું ધામ છે તેવું સ્થાનક અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈ નથી**; જે જેની ઉપમા એને દઈએ. તથા ઈન્દ્ર, વરુણ, કુબેર તથા શિવ, બ્રહ્મા, વૈરાટ તથા પ્રધાનપુરુષ પ્રકૃતિપુરુષાદિક તેમનાં જે સ્થાનક તથા બીજાં ઘણાક ભગવાનનાં સ્થાનક છે, પણ એ માંહીલું એકે એવું સ્થાનક નથી જે જેને ભગવાનના અક્ષરધામની ઉપમા દઈએ. અને એ ભગવાનના અક્ષરધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તેને જેવું સુખ છે, તેવું અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈને સુખ છે જ નહિ; જે જેની એને ઉપમા દઈએ. ને એ ભગવાનનો જેવો આકાર છે તેવો અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈનો આકાર છે નહિ, જે જેની ઉપમા એને દઈએ. કેમ જે પુરુષપ્રકૃતિ થકી ઉત્પન્ન થયા જે

આકાર તે સર્વે માયિક છે ને ભગવાન છે તે અમાયિક છે; ને દિવ્ય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિષે સદાય વિરાજમાન છે. ને તે અક્ષરધામને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ; જે 'જેમ પર્વત, વૃક્ષ, પશુ, પક્ષી, મનુષ્યાદિક જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે બિલોરી કાચની હોય ને આકાશને વિષે જે સમગ્ર તારા છે તે સર્વે સૂર્ય હોય, પછી તેને તેજે કરીને સમગ્ર આકૃતિએ સહિત બિલોરી કાચની પૃથ્વી જેવી પ્રકાશમાન થાય છે ને શોભે છે, તેવી શોભાએ યુક્ત અક્ષરધામ છે. એવું જે ભગવાનનું અક્ષરધામ છે તેને ભગવાનના ભક્ત છે તે સમાધિને વિષે દેખે છે; ને તે અક્ષરધામને વિષે સદાય ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. તે મૂર્તિનું જ્યારે સમાધિને વિષે ભક્તને દર્શન થાય છે તે દર્શને કરીને એવું સુખ જણાય છે જે 'મેં હજાર વર્ષ પર્યંત સમાધિને વિષે સુખ ભોગવ્યું છે.' એવી રીતે ભગવાનના સ્વરૂપ સંબંધી સુખ તે સમાધિને વિષે અપાર જણાય છે.

ને વળી તે ભગવાનની મૂર્તિનું જે એક નિમેષ માત્રનું જે દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારી ફેરીને નાખી દઈએ; ને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ તો **અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ,** એવું અક્ષરધામને વિષે **ભગવાનની મૂર્તિનું** ભગવાનના ભક્તને **અખંડ સુખ** આવે છે. ને વળી અષ્ટ આવરણ થકી પર જે અક્ષરધામ ને તે અક્ષરધામના અનંત તેજને લીન કરી નાખે એવું એ પુરુષોત્તમના એક રોમનું તેજ છે; ને એ જે સાક્ષાત્કાર પુરુષોત્તમ તેની હે પરમહંસો ! આજ તમને સર્વેને સાક્ષાત્કાર પ્રાપ્તિ થઈ છે; ને તમોને દેહ ત્યાગ કર્યા કેડે એ ધામને હું મારા બળે કરીને સર્વેને પમાડીશ; પણ સાધને કરીને એ ધામ પમાતું નથી.



## સભા - ૩૮

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેમાં ત્રણ વાનાં હોય તે પાકો સત્સંગી કહેવાય. તે ત્રણવાનાં તે કયાં ?તો એક તો પોતાને ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યાં હોય તે પોતાના શિર સાટે દૃઢ કરીને પાળે, પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે. અને બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશે દ્રઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાખે તો સંશય પડે નહિ, ને પોતાનું મન સંશય નાખે તોય પણ સંશય પડે નહિ, એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય, અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. તે જેમ મા, બાપ, દીકરા, દિકરી તેનો પક્ષ રાખે છે, અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે. અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે. તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. એ ત્રણવાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય. અને હરિભક્તની સભામાં મોઢાં આગળ આવીને બેસતો હોય ત્યારે બીજાને એમ જણાય જે, 'એ મોટેરો સત્સંગી છે.' પણ મોટેરાની તો એમ પરીક્ષા છે જે, ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન અને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે, અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, 'તું પરમહંસ થા.' તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો. અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ પરદેશમાં જાય ને ત્યાં કનક કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહિ, અને પોતાના જે જે નિયમો હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય."

ને બીજું એ ધામને વિષે જે મુક્ત રહ્યા છે તેના દેહનો આકાર કેવો છે ? તો આ બ્રહ્માંડને વિષે જે સ્ત્રી ને પુરુષ તેનો જે આકાર છે તેના બે લિંગથી વિજાતીય તે મુક્તનો આકાર છે; પણ સ્ત્રીના જેવો કે પુરુષના જેવો આકાર નથી; એ બેય આકારે વર્જિત **બ્રહ્મમયતનું મુક્તનો આકાર** છે; ને તે મુક્તને એક પુરુષોત્તમના **બે ચરણારવિંદની**

**ઉપાસના** છે; ને તે સાથે જ રમણ છે; ને બીજાં ધામોને વિષે તો ચાર ચરણારવિંદની ઉપાસના છે, ને તે સાથે રમણ છે ને સ્ત્રી છે તે પોતાના પુરુષ સાથે પણ રમણ કરે છે; ને જે પુરુષોત્તમની જે મૂર્તિ છે તે સાથે પણ રમણ કરે છે; ને જે પુરુષ છે તે પણ પોતાની સ્ત્રીના ચરણારવિંદની સેવા તત્પર થઈને કરે છે; ને નવધા ભક્તિએ કરીને પુરુષોત્તમની સેવા પણ કરે છે; એવી જાતની જે ઉપાસના ને ભક્તિ તે અક્ષરધામને વિષે નથી; બીજાં ધામોને વિષે છે,ને તે અક્ષરધામ મારું છે. અને મુક્ત તે પણ જ્યાં લગી સ્ત્રીને સુખે કરીને યુક્ત વર્તે છે, ત્યાં લગી તે મુક્તને પણ અક્ષરધામને વિષે પરમેશ્વર રાખતા નથી ને તે મુક્તથી પણ અક્ષરધામને વિષે રહેવાતું નથી.’

**અને અનંત અપાર ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તેનું સમગ્ર સુખ ભેળું કરીએ તો પણ શ્રીહરિના એક રોમના સુખની બરોબર ન આવે એવો દૃઢ જ્ઞાની છે તેને શ્રીહરિનું ધ્યાન થાય છે.** ને આ લોક પરલોકને વિષે દુર્લભ તે શું છે ? તો શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન, ઉપાસના, આશરો, વિશ્વાસ, અનુવૃત્તિ ને પ્રીતિ એ અચળ થાય એ જ દુર્લભ ને સારમાં સાર છે. ને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, એ આદિક સાધુ ને સત્સંગી અનેક, શ્રીહરિની ઉપાસનાએ કરીને પરમપદને પામી ગયા. ને પ્રથમ ઉત્પત્તિકાળ સમે અનંત કોટિ બ્રહ્માંડના જે બ્રહ્માઓ તે જે તે મહા ઉગ્ર એવું જે તપ તેણે કરીને ભગવાનને રાજી કરીને પોતાનો મનોરથ સિદ્ધ કરે છે, તેમ શ્રી હરિનું જે મનુષ્યભાવ-દિવ્યભાવ, નિર્ગુણ-સગુણપણું, સાકાર-નિરાકારપણું, કર્તા-અકર્તાપણું, અન્વય-વ્યતિરેકપણું, સ્વભાવ, ગુણ ને નામ તે જેમ છે તેમ નિર્દોષપણે જાણીને તથા એમનું જે સ્વરૂપ છે તે પણ શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર વડે જેમ છે તેમ યથાર્થ જાણીને દઢ આશરો કરવો તે રૂપ જે તપ; તેણે કરીને ભગવાનને રાજી કરવા.



તેની વિક્તિ જે જેને અપસરાઉં તથા બીજા પંચવિષયની ઈચ્છા હોય તે દેવલોકમાં રહે ને મૂર્તિ આગળ ચાલી જાય ને જેને અમૃત પાનની ઈચ્છા હોય તે ચંદ્રલોકમાં રહે ને જેને ધનમાં રાગ હોય તે કુબેર થાય ને જેને કામભોગની ઈચ્છા હોય તે ઈલાવૃતખંડમાં જાય ને જેને બહુ રૂપની ઈચ્છા હોય તે કામદેવ થાય ને જેને પ્રજાની ઈચ્છા હોય તે બ્રહ્મા થાય ને જેને બ્રહ્માંડને જોયાની ઈચ્છા હોય તે પ્રધાન પુરુષ થાય, અને જેને સર્વનું નિયંતાપણું તથા સર્વ જીવનું અંતર્યામીપણું તથા અનંતકોટિ પ્રધાન પુરુષને ઉપજાવવા તથા સર્વને નિયમમાં રાખવા ને નાના પ્રકારના વિષય ભોગને ભોગવવા એ આદિકની જેને ઈચ્છા હોય તે મહાપુરુષ થાય છે અને જેને પ્રગટ ભગવાનની આજ્ઞા લોપીને ધર્મની ઈચ્છા હોય તેને મહારાજ વૈકુંઠમાં મૂકે છે ને જેને સર્વે ઈંદ્રિયું જીતીને તપ કરવાની ઈચ્છા હોય તેને બદરિકાશ્રમમાં મૂકે છે ને જેને નિરન્નમુક્ત થવાની ઈચ્છા હોય તેને શ્વેતદ્વીપમાં મૂકે છે ને જેને જે આજ્ઞા લોપીને નાનાં પ્રકારનાં વસ્ત્ર તથા ઘરેણાં વતે તથા ભગવાનને થાળ ધરવા તથા નાના પ્રકારના હાર કરીને ભગવાનને ચડાવવા ઈત્યાદિક પદાર્થ વતે ભક્તિ કર્યાની ઈચ્છા હોય તેને ગોલોકમાં મૂકે છે અને જેને મહારાજની સેવામાં રહેવું હોય તે અક્ષરધામમાં મહારાજની સેવામાં રહે.’ ત્યારે કોઈકને એમ સંકલ્પ થાય જે, ‘મહારાજ તે સર્વેને પોતાની સેવામાં કેમ નથી રાખતા ?’ તો એનુ તો એમ છે જે, ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે તે જે જેવી ઈચ્છાવાળો હોય તેને તેવા કામમાં રાખે છે ને તેવા તેને ભોગ આપે છે પછી તે ભોગને ભોગવીને જ્યારે થાકે ત્યારે તેને શ્વેતદ્વીપમાં વાસના ટળાવીને પછી અક્ષરધામમાં લઈ જાય છે પણ જો તે ભોગવાવ્યા વિના લઈ જાય તો તેનાથી ત્યાં ન રહેવાય અને વળી એમ પણ છે જે, જેને જેવા પુરુષ સાથે હેત હોય તે ત્યાં લઈ જાય છે. માટે પોતાને જેને વિષે હેત હોય તો તે પોતે જે લોકમાં રહ્યા હોય તે લોકમાં તેને પણ લઈ જાય ને એમ કહે જે ‘આપણે આંહીં હમણાં મોજ કરીને પછી

ધીરે ધીરે મહારાજ પાસે જાશું.' એમ કહીને એને પણ ત્યાં રાખે ને જો નિર્વાસનિક સાથે હેત થયું હોય તો પોતાને રાગ હોય તો પણ તે અક્ષરધામમાં લઈ જાય પણ તેને ક્યાંય બંધાવા ન દે ને જો ક્યાંય બંધાઈ તો તેને ધક્કો મારીને અક્ષરધામમાં લઈ જાય ને મહારાજની મૂર્તિમાં જોડે. માટે હેત કરવું તો એવા સાથે કરવું જે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, તપ, મહાત્મ્ય ને ભક્તિ ઈત્યાદિક કોઈ સાધને કરીને પોતા થકી અતિ સરસ હોય ને ક્યાંય બંધાય એવા ન હોય એવા સાથે કરવું. પણ **પોતા થકી ઉતરતો હોય અને રાગી હોય એવા સાથે તો સહેજે બેઠા ઉઠ્યાનો પણ પ્રસંગ ન રાખવો.**

**વરતાલ**માં શ્રીજી મહારાજે પરમહંસ આગળ પોતાના પુરુષોત્તમપણાના મહિમાની વાત પાંચ છ દિવસ કરી ને પછી શ્રીજી મહારાજે સંતને કહ્યું જે "**અમારી વાતનું રહસ્ય તો આ નિત્યાનંદ સ્વામી સમજે છે.**" પછી સર્વે સંતે કહ્યું જે 'હે મહારાજ ! એ કેમ સમજે છે ?" ત્યારે કહ્યું જે "તમે પૂછો," ત્યારે સર્વે સંતે પૂછ્યું. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે "**તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે, ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર ને રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી ને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજી મહારાજ છે.**" ત્યાર પછી સર્વે સંતે શ્રીજી મહારાજને કહ્યું જે "હે મહારાજ ! તમારા સ્વરૂપનો સર્વોપરિ નિશ્ચય થાય તેવી રીતે કૃપા કરીને કહો ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે "**જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે, ત્યાં ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમાઈ જાય છે; પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે** તે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય, તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દ સાંભળીને મતિ ભ્રમાવા દેવી નહિ. ને પુરુષોત્તમ તો **રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ હરિકૃષ્ણ** અમે છીએ; એમાં કિંચિત માત્ર સંશય નથી." એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પુરુષોત્તમપણાની સંત આગળ વાત કરી.



## સભા - ૩૯

સંવત્ ૧૮૮૧ના માગસર સુદી ૨ બીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા, અને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી, અને શ્વેત ચોફાળ ઓઢ્યો હતો, તથા શ્વેત ખેસ પહેર્યો હતો, અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે પોતાના ભત્રીજા જે અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજી તેમને બોલાવીને કહ્યું જે, 'તમે અમને પ્રશ્ન પૂછો.' પછી અયોધ્યાપ્રસાદજીએ પ્રશ્ન પૂછ્યો જે "આ સંસારને વિષે એવો પુરુષ હોય જે આઠો પહોર તો સંસારની વિટંબણામાં રહ્યો હોય અને ગમે એવું યોગ્ય અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય, ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે ?" એ પ્રશ્ન છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "સારો દિવસ પ્રવૃત્તિમાર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરી હોય ને ભગવાનનું ભજન કરવા બેસે, તે સમે એ ભજનના કરનારાનાં ઈન્દ્રિયો, અંતઃકરણ અને જીવ એ સર્વે એકાગ્ર થઈને જો ભજનમાં જોડાય, તે એવી રીતે એક ઘડી કે અર્ધી ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય, તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે. અને ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર થઈને જો ભગવાનના ભજનમાં ન જોડાય, તો તેના ભજન થકી તો ઘડી કે અર્ધ ઘડીમાં પાપ ન બળે, અને એનું જે કલ્યાણ તે તો ભગવાનને પ્રતાપે કરીને થાય. એનો એ જ ઉત્તર છે."

પછી રઘુવીરજીએ પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! "આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું દેહ, ધન, ધામ, કુટુંબ પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો. એવી રીતે જે ભગવાન પરાયણ વર્તે, તે ગૃહસ્થાશ્રમી

હોય તોય પણ મરે ત્યારે ભગવાનના ધામમાં નારદ સનકાદિકની પંક્તિમાં ભળે, અને પરમ મોક્ષને પામે, એનો એ જ ઉત્તર છે.

અને વળી આ જીવનો તો એવો સ્વભાવ દેખાય છે જે, 'જ્યારે ગૃહસ્થાશ્રમમાં હોય, ત્યારે સંસારનો ત્યાગ કરવો ગમે અને જ્યારે ત્યાગ કરે છે, ત્યારે પાછા સંસાર સંબંધી સુખના ઘાટ થયા કરે' એવી રીતે એ જીવનો અવળો સ્વભાવ જણાય છે. માટે જે ભગવાનના દૃઢ આશ્રિત હોય તેને તો એવા અવળા સ્વભાવનો ત્યાગ કરીને ને પોતાના મનનું ગમતું સર્વે મુકીને ભગવાનને ભજવા. અને ભગવાન વિના બીજી સર્વે વાસનાને ટાળીને મરવું તે જ ઠીક છે. અને જેને ભગવાનમાં અતિશે પ્રીતિ ન હોય તેને તો આત્મનિષ્ઠા જ વિચારે કરીને દૃઢ કરવી. કેમ જે, જે ભગવાનના ભક્ત હોય તેને કાંતો આત્મનિષ્ઠા દૃઢ જોઇએ, ને કાંતો ભગવાનને વિષે અતિશે દૃઢ પ્રીતિ જોઇએ. અને એ બે અંગમાંથી જેને એકે અંગની અતિશે દૃઢતા ન હોય તેને તો જે આ સત્સંગના નિયમ છે તેમાં દૃઢપણે કરીને રહેવું, તો જ સત્સંગી રહેવાય, નહિ તો સત્સંગ થકી બહાર પડી જવાય અને ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારનાં દુઃખ આવે છે તે દુઃખના દેનારા કાળ, કર્મ, માયા એમાંથી કોઇ નથી. એ તો પંડે ભગવાન જ પોતાના ભક્તની ધીરજ જોવાને અર્થે દુઃખને પ્રેરે છે. અને પછી જેમ કોઇક પુરુષ પડદામાં રહીને જુવે, તેમ ભક્તની ધીરજને ભગવાન ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે. પણ કાળ, કર્મ, માયાનો શો ભાર છે જે, 'ભગવાનના ભક્તને પીડી શકે ?' એતો ભગવાનની ઇચ્છા છે, એમ જાણીને ભગવાનનો ભક્ત હોય તેને મગ્ન રહેવું.''

એ વાર્તા સાંભળીને મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! એ ત્રણ જે અંગ તમે કહ્યાં, તે વાત તો અતિ ઝીણી છે, ને કઠણ છે. તે કોઇકના જ સમજ્યામાં આવે ને કોઇકના જ વર્ત્યામાં આવે, પણ સર્વેને ન આવે અને આ સત્સંગમાં તો લક્ષાવધિ મનુષ્ય છે, તે સર્વેને તો આ વાર્તા સમજવી કઠણ છે. માટે તે કેમ કરે ત્યારે તેનું રૂડું થાય ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, તે તો એ ત્રણ અંગવાળા માંહિલો જે હરિભક્ત હોય, તેનો દાસાનુદાસ થઇને તેની



આજ્ઞામાં રહે, તો તે કાંઇ ન સમજતો હોય, તો પણ એ છતે દેહે જ ભગવાનનો પાર્ષદ થઇ રહ્યો છે, ને કૃતાર્થ થઇ રહ્યો છે. અને આ સંસારને વિષે ભગવાન ને ભગવાનના ભક્તનો તો મહિમા અતિશય મોટો છે. તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન ને ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઇ જાય છે. એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે. માટે જેને ભગવાનના ભક્તની સેવા પ્રાપ્ત થઇ તેને તો નિધડક રહેવું. અને આ ત્રણ અંગની જે અમે વાર્તા કરી છે તે બહુધા તો આ મુક્તાનંદ સ્વામી સારુ કરી છે, અને મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે, ને એમને શરીરે મંદવાડ છે, તે રખે કોઇ વાતની સમજણમાં ખામી રહી જાય નહિ. એમ જાણીને આ વાર્તા કરી છે. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ ! મેં પણ જાણ્યું છે જે, હું સારુ જ આ વાર્તા કરી છે. ઇતિ વચનામૃતમ્ ॥૬૨॥ ૧૯૫ ॥

અને સ્વામીએ વાત કરી જે એક સમે લાધે ઠક્કરે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! અસત્ પદાર્થને વિષે વાસના બંધાણી છે તે કેમ ટળે ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'ભગવાનની મૂર્તિ મોઢા આગળ ધારીને ભજન કરે ત્યારે તેને વાસનાનું બળ મટે નહિ પણ જ્યારે ભજનનો કરનારો જે દૃષ્ટા તે વિષે મૂર્તિને ધારે ત્યારે વાસનાનું જોર નાશ થઈ જાય. જેમ પંખીનું કાચું ઈંડું હોય ફૂટે ત્યારે પાણી હોય ને કાંઈ આકાર રહે નહિ ને તે પાકું ઈંડું હોય ને તે ફૂટે ત્યારે તેમાંથી બચ્ચું નિસરે તેનો આકાર ટળે નહિ. તેમ જે દૃષ્ટામાં મૂર્તિ ધારે તેનો ઘાટ તે કાચા ઈંડા સરખો છે તેથી તેનો આકાર રહે નહિ ને જો બહાર મૂર્તિ ધારે ત્યારે તેનો ઘાટ પાકા ઈંડા સરખો છે, તેથી તેનો આકાર મટે નહિ. માટે એમ સમજવું જે, દૃષ્ટારુપ જે અક્ષરધામ તેમાં ભગવાન સદાય રહે છે અને બાહ્ય જે દર્શન આપે છે તેતો ભક્તના ઉપદેશને અર્થે છે એવી રીતે સમજે તેની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે. જેમ વરકન્યા હોય તેનાં માવતર તો જુદાં જુદા ગામમાં રહેતાં હોય પણ એ બે જણાની સુરતા પરસ્પર હેતે કરીને પ્રોવાઈ રહે છે. તે સર્વ ધંધો કરે પણ પુરુષને એમ સ્મૃતિ રહે જે, 'મારી સ્ત્રી

ફલાણે ગામ રહે છે' અને સ્ત્રીને એમ સ્મૃતિ રહે છે 'મારો પતિ ફલાણે ગામ રહે છે.' તેમ એ ભક્ત છે તે એમ જાણે જે 'મારા પતિ એવા જે ભગવાન તે દૃષ્ટાને વિષે રહ્યા છે' તો તે ભક્તની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે અને સર્વ વાસના નાશ થઈ જાય છે.' પછી શુકમુનિયે પૂછ્યું જે, 'બાહ્ય મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર બંધાય છે ને દૃષ્ટામાં મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર નથી બંધાતો, તેનું શું કારણ છે ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે 'બાહ્ય મૂર્તિ ધારે છે ત્યારે તો એ ભક્તને મનુષ્યપણાનો ભાવ છે ને દૃષ્ટાંતને વિષે મૂર્તિ ધારે છે ત્યારે મનુષ્યપણાનો ભાવ નથી આવતો, એ હેતુ છે.' પછી શુકમુનિએ પૂછ્યું જે, 'જેને દૃષ્ટાને વિષે ને બાહ્ય મનુષ્યપણાનો ભાવ આવતો ન હોય તેને કેમ કરવું ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જેને કોઈ રીતે ભગવાનમાં મનુષ્યભાવ ન આવતો હોય તે ભક્ત તો અતિશે બળિયો છે માટે તેતો બાહ્ય ધારે કે દૃષ્ટામાં ધારે તો બેય બરાબર છે.

અને પાંચ ઈન્દ્રિયો ને છઠ્ઠું મન તેને જીતીને વશ કરીને પિંડ બ્રહ્માંડ અને પંચ વિષય તેમને જડ, દુઃખરૂપ, તુચ્છ, નાશવંત ને વિષ્ટારૂપ જાણીને ત્યાગ કરીને સત્-ચિત્ત-આનંદ, સૂક્ષ્મ ને નિર્ગુણ એવું જે પોતાના જીવાત્માનું સ્વરૂપ તેને જાણીને, ને તે જીવાત્મારૂપ થઈને મુનિ થકા શ્રીહરિનું ધ્યાન કરવું. ને જાતિ, વર્ણ, આશ્રમ ને ગુણ તેનું જે માન તેનો ત્યાગ કરીને સમગ્ર સાધુ, સત્સંગી તેના દાસના દાસ થઈને રહે છે; તેને જ **શ્રીહરિનું ધ્યાન** થાય છે. ને શ્રીહરિનું સમગ્રપણે માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટિ સાધન કરે, પણ સર્વ ક્રિયાને વિષે અખંડ નામ-રટન ને મૂર્તિની અખંડ સ્મૃતિ રહે નહિ; ને અનંત કોટિ બ્રહ્માંડનાં વિષય સુખ ભેળાં કરીએ તો પણ શ્રીહરિની મૂર્તિના એક રોમના સુખની **કોટિમા ભાગની બરોબર** આવે નહિ. ને જે મહાપાતકી હોય, ને તે જો શ્રીહરિનું ભજન કરે તો તેના સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય; એવો અતિ **અલૌકિક મહિમા** છે.



## સભા - ૪૦

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! ભગવાનના જે અવતાર છે તે સર્વે સરખા જ છે, કે તેમાં અધિક ન્યૂન ભાવ છે?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમે વ્યાસજીના કરેલા જે સર્વે ગ્રંથ તે સાંભળ્યા ને પછી પૂર્વાપર વિચારીને જોયું, ત્યારે તેમાંથી અમને એમ સમજાયું છે જે, મત્સ્ય, કચ્છ, વારાહ, નૃસિંહાદિક જે ભગવાનના અવતાર છે, તે સર્વે અવતારના અવતારી તે શ્રીકૃષ્ણ ભગવાન છે, પણ બીજા અવતારની પેઠે શ્રીકૃષ્ણ ભગવાન તે અવતાર નથી, તે તો અવતારી જ છે. એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે આપણા ઈષ્ટદેવ છે અને તે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર શ્રીમદ્ભાગવત પુરાણના દશમસ્કંધને વિષે સંપૂર્ણ કહ્યાં છે, માટે આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે અમે દશમસ્કંધને અતિશે પ્રમાણ કર્યો છે અને બીજા જે સર્વે અવતાર તે પણ શ્રીકૃષ્ણ ભગવાનના જ છે, માટે એ અવતાર ને એ અવતારના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તે સર્વેને આપણે માનવા, પણ વિશેષે કરીને તો શ્રીકૃષ્ણ ભગવાન ને તેના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તેને જ માનવા.''

અને પોતાની આગળ સાધુ દૂકડ સરોદા લઈને વિષ્ણુપદ ગાવતા હતા. તે કીર્તન ભક્તિ થઈ રહ્યા પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમે સર્વે સંત પ્રત્યે પ્રશ્ન કરીએ છીએ જે, 'ભગવાનનો ભક્ત હોય તે દેહ મૂકીને બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે, પછી એમાં ને ભગવાનમાં શો અંતરાય રહે છે, જેણે કરીને સ્વામી સેવકપણાનો નાતો રહે છે ?' કેમ જે, એ ભગવાનનો ભક્ત છે તે પણ જેવા ભગવાન સ્વતંત્ર છે ને કાળ, કર્મ ને માયા તેને આવરણે કરીને રહિત છે તેવો જ થાય છે. માટે એમાં શો ભેદ રહે છે, જેણે કરીને સ્વામીસેવકપણું રહે છે ? એ પ્રશ્ન છે.'' પછી પરમહંસે જેને જેવું સમજાયું તેણે તેવો ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી સર્વે સંતે કહ્યું જે, ''હે મહારાજ ! તમારા પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરશો ત્યારે થશે.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એનો ઉત્તર એમ છે જે, 'ભગવાનનો ભક્ત હોય તેણે જેવા ભગવાનને જાણ્યા હોય જે, ભગવાન આટલી સામર્થિએ યુક્ત

છે અને આટલી શોભાએ યુક્ત છે. અને આવા સુખરૂપ છે, એવી રીતે એ ભક્તે જેટલો ભગવાનનો મહિમા જાણ્યો છે અને જેવા પ્રતાપે યુક્ત ભગવાનને જાણ્યા છે,' તે ભક્ત જ્યારે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે, ત્યારે રૂપ તથા સામર્થિ તે એ ભક્તની પણ તેવી જ થાય છે. તો પણ ભગવાનની સામર્થિ અને ભગવાનનું સુંદરપણું ઇત્યાદિક જે પ્રતાપ તે એ ભક્તને ભગવાનને વિષે અતિશે જણાય છે, ત્યારે એ ભકત એમ જાણે છે જે, મેં જેટલો પ્રતાપ જાણ્યો હતો ને સુંદરપણું જાણ્યું હતું, તેટલું ઐશ્વર્ય ને તેટલું સુંદરપણું તો મને પણ ભગવાને આપ્યું છે. તો પણ ભગવાનનું ઐશ્વર્ય ને ભગવાનનું સુંદરપણું તે તો અતિશે અપાર દેખાય છે. માટે મારા જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તો પણ ભગવાન જેવો કોઇ થવાને સમર્થ થતો નથી. શા માટે જે, ભગવાનનો મહિમા, ગુણ, કર્મ, જન્મ ને સામર્થિ તથા સુંદરતા, સુખદાયકપણું, એ આદિક જે અનંત કલ્યાણકારી ગુણ તેના પારને શેષ, શારદા, બ્રહ્માદિક દેવતા તથા ચાર વેદ એ પામતા નથી. અને ભગવાન પોતે પણ પોતાના મહિમાના પારને પામતા નથી. માટે ભગવાન તો સર્વે સામર્થિએ કરીને અપાર છે. અને એ ભગવાનને ભજીને અનંત કોટિ વૈષ્ણવ ભગવાન સરખા થાય છે, તોપણ ભગવાનમાંથી કોઈ જાતનો પ્રતાપ અણું જેટલો પણ ન્યૂન થયો નથી. જેમ મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય તેમાંથી મનુષ્ય, પશુ, પંખી સર્વે જેટલું ભાવે તેટલું જળ પીવે તથા પાત્ર ભરી લે તોપણ ઓછું થતું નથી. શા માટે જે, તે સમુદ્ર તો અગાધ છે, તેમજ ભગવાનનો મહિમા પણ અતિશે અપાર છે, માટે કોઇ રીતે કરીને વધે ઘટે એવો નથી. તે સારુ જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે તોપણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ સ્વામી સેવકપણું રહે છે, એ જ એ પ્રશ્નનો ઉત્તર છે.'' ઇતિ વચનામૃતમ્ ॥૬૭॥ ૨૦૦ ॥

**કારિયાણી**માં શ્રીજી મહારાજ સર્વ પરમહંસ સહિત સભા કરીને મંદિરમાં કૂવાના કાંઠા ઉપર વિરાજમાન હતા. પછી તે પરમહંસને શ્રીજી મહારાજે પોતાના સર્વોપરિ ઐશ્વર્ય દેખાડ્યાં, ત્યાર પછી પરમહંસ નોખા નોખા બોલ્યા; તેમાં કેટલાક સંત તે તો કહે જે ''હે મહારાજ



! આ સભા લઈને અક્ષરધામમાં જાઉં'' અને વળી એક સંત કહે જે ''હે મહારાજ ! મારે તો એક બ્રહ્માંડની ક્રિયા હસ્તામળ દેખાય છે.'' ત્યારે વ્યાપકાનંદ સ્વામી બોલ્યા જે ''તમારે તો એક બ્રહ્માંડ દેખાય છે. ને મારે તો અનંત આશ્ચર્ય ને અનંત ઐશ્વર્ય યુક્ત એવા જે અનંત કોટિ બ્રહ્માંડના ઈશ્વર તથા ગોલોક ને વૈકુંઠાદિક ધામ તે હસ્તામળ દેખાય છે ! **એ તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી એવા જે આ શ્રી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે.**'' ત્યાર પછી સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે 'આ અક્ષરધામના પતિ જે આ પુરુષોત્તમ ભગવાન તે પોતાની દયાયે કરીને અગણિત જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે પોતાનું જે સમગ્ર ઐશ્વર્ય અને પોતાના સર્વે પાર્ષદ તથા પોતાનું જે અક્ષરધામ તથા મહાપુરુષાદિક સર્વે ઈશ્વરકોટિ તથા ગોલોક, વૈકુંઠાદિક ધામના પતિ તેણે સહિત આ પૃથ્વી ઉપર પધાર્યા છે; ને આ સર્વે છે તે આ પ્રગટ પુરુષોત્તમની સભામાં બેઠા છે તેને હું દેખું છું. એવો આ શ્રીજી મહારાજની મૂર્તિનો પ્રતાપ છે.'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાની દૃષ્ટિમાત્રે કરીને પોતાનું ઐશ્વર્ય દેખાડીને પછી પોતાને પ્રતાપે કરીને તે સર્વે સંતનું ઐશ્વર્ય તાણી લેતા હવા. ત્યાર પછી શ્રીજી મહારાજે સંત પ્રત્યે કહ્યું જે **અમોએ તમારા સુખને અર્થે તમારું ઐશ્વર્ય ઢાંકી રાખ્યું છે પણ જો જેવા તમો છો તેવું તમારૂં ઐશ્વર્ય દેખાડું તો બ્રહ્માંડ પણ ગણતીમાં આવે નહિ. તો જીવની શી ગણતી !**'' એવી રીતે શ્રીજી મહારાજ પરમહંસને પોતાનું ઐશ્વર્ય દેખાડતા હવા.

**ધર્મપુર**માં કુશળકુંવરબાઈએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યું જે ''અનિર્દેશથી લિખીતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ એમ તમોએ કાગળમાં લખ્યું હતું; તે અનિર્દેશ તે તમારું ક્યાં ગામ છે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે ''તમારો દેશ છે તે નિર્દેશ છે ને આ તમારું શહેર છે તે અનિર્દેશ છે, ને આ તમારું શહેર છે તે નિર્દેશ છે ને તમારો દરબારગઢ તે અનિર્દેશ છે; ને તમારો રાજગઢ તે નિર્દેશ છે ને તમારો રહેવાનો જે મહોલ તે અનિર્દેશ છે. તેમ આ પૃથ્વી નિર્દેશ

છે, ને જળ તે અનિર્દેશ છે; ને જળ નિર્દેશ છે ને તેજ અનિર્દેશ છે; ને તેજ નિર્દેશ છે ને વાયુ અનિર્દેશ છે; ને તે વાયુ નિર્દેશ છે ને આકાશ અનિર્દેશ છે; ને તે આકાશ નિર્દેશ છે ને અહંકાર અનિર્દેશ છે; ને અહંકાર નિર્દેશ છે ને મહત્તત્ત્વ છે તે અનિર્દેશ છે; ને તે મહત્તત્ત્વ નિર્દેશ છે ને પ્રધાનપુરૂષ અનિર્દેશ છે; ને તે પ્રધાનપુરુષ નિર્દેશ છે ને પ્રકૃતિપુરુષ છે તે અનિર્દેશ છે; ને તે પ્રકૃતિપુરુષ નિર્દેશ છે; ને તે થકી પર અક્ષર રૂપી જે અમારો બ્રહ્મમહોલ તે અનિર્દેશ છે. ને અમે ત્યાં મુકતે સહિત અખંડ રહીએ છીએ ને અમે આંહી બેઠા છીએ; તોપણ ત્યાં જ બેઠા છીએ; અને ત્યાં જ બેઠા છીએ, તો પણ આંહી બેઠા છીએ; ને તે મૂર્તિ ને આ મૂર્તિ તે એક જ છે. તે માટે અમે ત્યાં રહીને પણ કાગળ લખીએ છીએ, ને ત્યાં બ્રહ્મમહોલમાં રહ્યા થકા જે ભક્તને દર્શન દેવું ઘટે તેને દર્શન દઈએ છીએ ને જે ભક્ત સાથે બોલવું ઘટે તે સાથે બોલીએ છીએ; પણ અમે નિરંતર અક્ષરધામ રૂપી તખતમાં રહ્યા છીએ.'' એવી રીતે કુશળ કુંવરબાઈને મહારાજે પોતાના મહિમાની વાત કરી.

અને **બાજરો ભેળો કરીને ભગવાન ભજવા,** બીજું કાંઈ ડોળ[1] કર્યે પાર નહિ પડે; અને રૂપિયા હશે તે મરી જાશું ત્યારે પડ્યા રહેશે, એ કંઈ ઝાઝા કામના નહિ; જેટલા અવશ્ય જોઈએ તેટલા ભેળા કરીને ભજન કરવું; ને ઝાઝા હશે તો ક્યાંયના ક્યાંય ઉડી જશે; ને મૂળગી વાસના રહેશે.

એક હરિજન પાસે કીર્તન બોલાવીને કહ્યું જે 'આજના કીર્તનમાં તો ચાર વેદ, ષટ્ શાસ્ત્ર ને અઢાર પુરાણ આવી જાય એવાં ચમત્કારી છે.'



## સભા - ૪૧

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''કાંઈક પ્રશ્ન ઉત્તર કરો'' પછી ગામ બુવાના પટેલ કાનદાસજીએ હાથ જોડીને પૂછ્યું જે, ''હે મહારાજ ! ભગવાન શે પ્રકારે રાજી થાય છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જો ભગવાનનો દ્રોહ ન કરીએ તો ભગવાન રાજી થાય. ત્યારે કહેશો જે દ્રોહ તે શું ? તો જે આ સર્વ જગતના કર્તા હર્તા ભગવાન છે તેને કર્તા હર્તા ન સમજીએ, ને વિશ્વના કર્તા હર્તા કાળને જાણીએ, અથવા માયાને જાણીએ અથવા કર્મને જાણીએ, અથવા સ્વભાવને જાણીએ, એ તે ભગવાનનો દ્રોહ છે. કેમ જે, ભગવાન સર્વના કર્તા હર્તા છે, તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયા, તેને જગતના કર્તા હર્તા કહે છે, માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે. ત્યાં દષ્ટાંત, જેમ તમે ગામના પટેલ છો, તે જે તમારી ગામમાં પટલાઈ ન રહેવા દે તે તમારો દ્રોહી કહેવાય અને વળી જેમ ચક્રવર્તી રાજા હોય તેનો હુકમ ખોટો કરીને જે રાજા ન હોય તેનો હુકમ ચલાવે, તો તે પુરુષ રાજાનો દ્રોહી કહેવાય અને વળી જેમ કોઈક એવા કાગળ લખી લખીને મેલે જે,'અમારો રાજા છે તે નાક કાન વિનાનો છે, અથવા હાથ પગ વિનાનો છે.' એવી રીતે રાજાનું રૂપ સંપૂર્ણ હોય તેને ખંડિત કરીને વર્ણવે તે રાજાનો દ્રોહી કહેવાય. તેમ ભગવાન છે તે કર ચરણાદિક સમગ્ર અંગે કરીને સંપૂર્ણ છે, અને લેશમાત્ર પણ કોઈ અંગે વિકળ નથી, અને સદા મૂર્તિમાન જ છે તેને અકર્તા કહેવા તથા અરૂપ કહેવા, ને ભગવાન વિના બીજા જે કાળાદિક તેને કર્તા કહેવા, એજ ભગવાનનો દ્રોહ છે. એવી જાતનો જે ભગવાનનો દ્રોહ તેને જે ન કરે, તેણે સંપૂર્ણ ભગવાનની પૂજા કરી, અને તે વિના તો ચંદન પુષ્પાદિકે કરીને પૂજે છે તો પણ ભગવાનનો દ્રોહી છે માટે ભગવાનને જગતના કર્તાહર્તા જાણે અને મૂર્તિમાન જાણે તે ઉપર જ ભગવાન રાજી થાય છે.

શ્રીજી મહારાજે સંતને પોતાનો **રહસ્ય અભિપ્રાય** કહ્યો : જે ''કોટિ સૂર્યના તેજથી કોટિગણું તેજ વૈકુંઠના મુક્તમાં છે, ને તેથી કોટિગણું તેજ તે ગોલોકના મુક્તમાં છે, ને તેથી અનંત કોટિગણું તેજ તે અક્ષરધામના મુક્તના રોમને વિષે છે; ને તેથી અનંત કોટિગણું તેજ

તે અક્ષરધામની જે ભૂમિ તેમાં એક સોપારી રહે એટલા દેશમાં લીન થાય છે, ને અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વેને ભેળો કરીએ, તો સર્વ અવતારના અવતારી જે શ્રીહરિકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ તેના એક રોમના કોટિમા ભાગની બરોબર નથી આવતો; એવી દિવ્ય મૂર્તિ તે તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ એવા અનેક દિવ્ય ગુણે યુક્ત, સ્વરાટ ને સત્યસંકલ્પ છે. ને દિવ્ય કર્તાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, લયશક્તિ, ધારકશક્તિ, પ્રેરકશક્તિ, નિત્યઅલુપ્ત શક્તિ, મહામનોહર શક્તિ, અચિંત્યશક્તિ, નિરંકુશશક્તિ, નિર્વિશેષશક્તિ, નિર્દોષશક્તિ, અજીતશક્તિ, શોભાશક્તિ, નિયંતાશક્તિ, સુંદરશક્તિ એ આદિક અનંત દિવ્ય શક્તિઓ ને અનેક મહા આશ્ચર્યકારી ગુણે યુક્ત દિવ્યમાં દિવ્ય મૂર્તિ પોતાના અક્ષરધામને વિષે સદા વિરાજમાન એવા હરિકૃષ્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે; ને જન્મ ધરતા થકા સદાય અજન્મા, અચ્યુત, અખંડ મૂર્તિ છે; ને દિવ્યાકૃતિ થકા મનુષ્યાકૃતિ છે; ને મનુષ્યાકૃતિ થકા દિવ્ય મૂર્તિ છે; ને અક્ષરધામમાં છે તો પણ આંહી છે; ને આંહિ છે તોપણ અક્ષરધામમાં જ છે. ને એ જ્યાં છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે. ને ઔદાર્ય, ગાંભીર્ય, માધુર્ય, વાત્સલ્ય, સૌશીલ્ય, જ્ઞાન, બળ, તેજ, રસ, ગંધ એ આદિક મહા આશ્ચર્યકારી દિવ્ય ગુણે યુક્ત સર્વોત્તમ શ્રી સહજાનંદ સ્વામી પુરુષોત્તમ છે, તે પોતાના અક્ષરધામને વિષે અનેક મુક્ત ને અનેક શક્તિઓ તેમણે સેવ્યા થકા સદાય વિરાજમાન છે, ને પોતે પોતાના સુખે કરીને સુખિયા છે; ને અક્ષરાદિક સર્વે ઉપર દયા કરીને એમની સેવાને અંગીકાર કરે છે, ને પોતે તો સર્વ પ્રકારે નિર્દોષ છે ને પૂર્ણકામ છે; ને અનંત અક્ષરાદિક મુક્ત ને અનંત શક્તિઓ ને અનેક વિભૂતિઓ અને અનેક ઐશ્વર્ય ને એ સર્વેએ સેવ્યા થકા અનાદિ નિત્યસિદ્ધ, અનવધિકાતિશય ને નિરંકુશ દિવ્ય એવું ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા જે **સ્વામિનારાયણ** તે જ અક્ષરાતીત **સર્વોપરિ પુરુષોત્તમ** છે. તેમાંથી સર્વ અવતાર પ્રગટ



થાય છે ને પાછા તેમને વિષે લીન થાય છે. તે માટે **દિવસે દિવસે શ્રદ્ધા, જ્ઞાન, માહાત્મ્ય, વિશ્વાસ, પ્રીતિ, આશ્રય ને અનુવૃત્તિ તે અધિક અધિક સમજાય એવો શાંતપણે ઉપાય કરવો.** ને તેવો જ સંગ ને શાસ્ત્ર રાખવાં'' એ સર્વે મોટા સંત ને શ્રીજી મહારાજનો **પરમ રહસ્ય અભિપ્રાય** છે તે કહ્યો.

અને એ હરિકૃષ્ણ પુરુષોત્તમ તે અક્ષર થકી અન્ય છે ને અતિશે સ્વરાટ છે; ને અતિશે શેષના શેષી છે, ને અતિશે કર્તું, અકર્તું, અન્યથાકર્તું સમર્થ છે, ને અનંત દિવ્ય કલ્યાણકારી ગુણના સમુદ્ર છે; ને અતિશે મહા મનોહર મૂર્તિ છે; ને સદા સાકાર મૂર્તિ છે; ને અતિશે પ્રકાશક છે; ને અનાદિ, અપરિમિત, નિરંકુશ દિવ્ય ઐશ્વર્ય સંપન્ન છે; ને અનંત દિવ્ય સુખના સમુદ્ર છે; ને અતિશે મહાજ્ઞાનમૂર્તિ છે. ને સર્વના નિયંતા છે; ને અદ્વિતીય મૂર્તિ છે; ને સદા અખંડિત છે; ને વિજ્ઞાન, જ્ઞાન, ઐશ્વર્યમય છે મૂર્તિ જેમની એવા છે; ને અનેક વિભૂતિઓ ને અનેક અક્ષરાદિક મુક્ત ને અનેક કાળ, માયા, પુરુષાદિક શક્તિઓ એ સર્વેના કારણ છે ને વાસુદેવાદિક ચતુર્વ્યૂહ તથા કેશવાદિક ચોવીશ મૂર્તિઓ તથા રામકૃષ્ણાદિક અવતાર એ સર્વેના ધરનારા છે; ને ઉત્પત્તિ, સ્થિતિ, ને પ્રલય એ સર્વ કાળને વિષે સદાય દિવ્યવિગ્રહ ને અજીત **મૂર્તિ છે; ને એક થકા અનેક રૂપ છે; ને અનેકરૂપ થકા એક છે;** ને અનેકના અગ્રજ છે; પરમાત્મા છે; પરમેશ્વર છે, પરમ કારુણિક છે; પુરુષોત્તમ છે; પૂર્ણકામ છે; પરાત્પર છે; પરબ્રહ્મ છે; ને સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય તેણે કરીને જેની કોઈને ઉપમા દેવાતી નથી એવા સર્વોપરિ પ્રસિદ્ધ છે; ને અત્યંત નિર્વિશેષ જ્ઞાન-બળ, તેજ-ઐશ્વર્ય ઈત્યાદિક પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમનો **અપરિમિત મહિમા** છે. તેને યથાર્થ કહેવા, જાણવા, દેખવા, સાંભળવા ને પામવાને કોણ સમર્થ છે? કોઈ નથી.

અને હે નાથ ! હે દયાસિંધો ! હે કૃપાસિંધો ! હે કલિદોષ

નિવારક ! હે ભક્તિધર્માત્મજ ! હે યોગકલાપ્રવર્તક ! હે વર્ણિવેશદર્શક! હે શાલગ્રામ-તૃષાહર ! હે બ્રહ્મવિદ્યાપ્રવર્તક ! હે અધમોધ્ધારણ ! હે પતિતપાવન ! હે અશરણશરણ ! હે શુદ્ધ એકાંતિકધર્મપ્રવર્તક ! હે હરિજનવલ્લભ ! હે નિષ્કામભક્તવલ્લભ ! હે નૈષ્ઠિકાગ્રણિ ! હે એકાંતિકધર્મપ્રવર્તક ! હે ભક્તવલ્લભ ! હે સ્વામિનારાયણ ! હે નીલકંઠ ! હે હરિકૃષ્ણ ! હે હરે ! હે નારાયણ ! હે ધર્મધુરંધર ! હે સર્વજનરક્ષક ! હે સહજાનંદસ્વામિ ! તમે મારી ઉપર રાજી થઈને મને પોતાનો એકાંતિક દાસ જાણીને મારા હૃદયને વિષે નિવાસ કરીને નિત્ય રહેજો, **આવી રીતે નિત્ય વહેલા ઊઠીને શ્રી પુરુષોત્તમ ભગવાન તેની મુમુક્ષુએ પ્રાર્થના કરવી.** ને આવી રીતે જે મુમુક્ષુ નિત્યે પ્રાર્થના કરે, તો તેના હૃદયમાં સાક્ષાત્ શ્રી પુરુષોત્તમ ભગવાન નિવાસ કરીને અખંડ રહે છે.

મહારાજે એમ કહ્યું : જે ‘જ્યારે ઈન્દ્ર કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય દેવતા જેવા થાય; અને બ્રહ્મા કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય ઈન્દ્ર જેવા થાય; અને વૈરાટ આવે ત્યારે એના શિષ્ય બ્રહ્મા જેવા થાય; ને પ્રધાન પુરુષ જ્યારે કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય વૈરાટ જેવા થાય ને પુરુષ જ્યારે કલ્યાણ કરવા આવે ત્યારે એના શિષ્ય પ્રધાનપુરુષ જેવા થાય ને અક્ષર આવે ત્યારે તેના શિષ્ય પુરુષ જેવા થાય; ને **પુરુષોત્તમ કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય અક્ષર જેવા થાય**; માટે અક્ષર આગળ તો કોઈ અવતારાદિકનું સમર્થપણું હોતું નથી.’ એમ કહ્યું.



## સભા - ૪૨

અને તે સમે શ્રીજીમહારાજ અંતર્દષ્ટિ કરીને બહુવાર સુધી વિરાજમાન થયા હતા. પછી નેત્રકમળને ઉઘાડીને સર્વે હરિભક્તની સભા સામું કરુણાકટાક્ષે કરી જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘આજ તો સર્વેને નિશ્ચયની વાત કરવી છે તે સર્વે સાવધાન થઈને સાંભળો જે અનંત કોટિ સૂર્ય,ચંદ્રમા ને અગ્નિ તે સરખું પ્રકાશમાન એવું જે અક્ષરધામ તેને વિષે શ્રી પુરુષોત્તમ ભગવાન સદા દિવ્ય મૂર્તિ થકા વિરાજમાન છે. અને તે જ ભગવાન જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે રામકૃષ્ણાદિક અવતારનું ધારણ કરે છે, ત્યારે તે ભગવાનના સ્વરૂપનો જેને સત્સમાગમે કરીને દ્રઢ નિશ્ચય થાયછે તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે, અને જેમ ચંદ્રમાને વિષે જેમ જેમ સૂર્યની કળા આવતી જાય, તેમ તેમ તે ચંદ્રમા વૃદ્ધિને પામતો જાય છે, તે જ્યારે પૂર્ણમાસી આવે ત્યારે ચંદ્રમા સંપૂર્ણ થાય છે. તેમ ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય થયા મોર તો એ જીવ અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે કળાએ રહિત ખદ્યોત જેવો હોય, પછી જેમ જેમ પરમેશ્વરના મહિમાએ સહિત નિશ્ચયને પામે છે તેમ તેમ વૃદ્ધિને પામીને પૂર્ણમાસીના ચંદ્ર જેવો એ જીવાત્મા થાય છે. પછી એને ઈન્દ્રિયો અંતઃકરણ નિશ્ચયમાંથી ડગાવવાને સમર્થ નથી થતાં, અને પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે તો પણ તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષ ભાસતો જ નથી. એવો જેને મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય હોય તે ભક્ત નિર્ભય થઈ ચૂક્યો, અને તે જ ભક્તને જો ક્યારેક અસત્ દેશ, અસત્ કાળ, અસત્ સંગ ને અસત્ શાસ્ત્રાદિકને યોગે કરીને અથવા દેહાભિમાને કરીને ભગવાનનાં ચરિત્રને વિષે સંદેહ થાય ને ભગવાનનો અભાવ આવે તો એ જીવ પૂર્ણમાસીના ચંદ્રમા જેવો હતો, પણ પાછો અમાવાસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે. માટે પોતામાં જે કાંઈક થોડી ઘણી ખોટ હોય તે એ જીવને ઝાઝી નડતી નથી પણ પરમેશ્વરનાં ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે. જેમ વૃક્ષનાં મૂળ કપાણાં ત્યારે તે વૃક્ષ એની મેળે જ સુકાઈ જાય, તેમ જેને ભગવાનને વિષે કોઈ રીતે દોષ બુદ્ધિ

થઈ એ જીવ કોઈ રીતે વિમુખ થયા વિના રહે નહિ, અને જેને નિશ્ચયનું અંગ દુર્બળ હોય ને તે સત્સંગમાં હોય તો પણ તેને એવા ઘાટ થાય જે, શું જાણીએ મારું તે કલ્યાણ થશે કે નહિ થાય., અને હું જ્યારે મરીશ ત્યારે દેવતા થઈશ, કે રાજા થઈશ કે ભૂત થઈશ?'' જેને ભગવાનના સ્વરૂપનો પરિપૂર્ણ નિશ્ચય ન હોય તેને એવા ઘાટ થાય, અને જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે મને તો ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે, અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપથકી મુકાઈને પરમપદને પામશે. માટે એવી રીતે ભગવાનનો મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિષે કૃતાર્થપણું માનવું એ વાત સર્વે ખબડદાર થઈને રાખજ્યો.'' પછી શ્રીજીમહારાજે કહ્યું જે, ''ધન્ય વૃંદાવનવાસી વટની છાયારે જ્યાં હરિ બેસતા, એ માહાત્મ્યનું કીર્તન ગાવો.'' પછી તે કીર્તન ગાયું. પછી શ્રીજીમહારાજ બોલ્યાજે, એવી રીતે શ્રીકૃષ્ણભગવાને પણ ભાગવતમાં કહ્યું છે જેઃ-

अहो अमी देववरामरार्चितं पादाम्बुजं ते सुमनःफलार्हणम् ।
नमज्युपादाय शिखाभिरात्मनस्तमोपहत्यै तरुजन्म यत्कृतम् ॥

એમ પરમેશ્વરના યોગને પામીને વૃક્ષનો જન્મ હોય તે પણ કૃતાર્થ થાય છે, માટે જે વૃક્ષ તળે ભગવાન બેઠા હોય તે વૃક્ષને પણ પરમપદનું અધિકારી જાણવું, અને જેના હૃદયમાં એવો ભગવાનનો મહિમા સહિત દ્રઢ નિશ્ચય ન હોય તેને તો નપુંસક જેવો જાણવો તે એને વચને કરીને કોઇ જીવનો ઉદ્ધાર થવાનો નહિ. જેમ રાજા હોય તે નપુંસક હોય ને તેનું રાજ્ય જતું હોય, ને વંશ જતો હોય, પણ એ થકી તેની સ્ત્રીને પુત્ર થાય નહિ, અને સર્વે મુલકમાંથી પોતા જેવા નપુંસકને તેડાવીને તે સ્ત્રીને સંગે રાખે તો પણ સ્ત્રીને પુત્ર થાય નહિ. તેમ જેને ભગવાનનો મહિમા સહિત નિશ્ચય નથી તો તેને મુખે ગીતા, ભાગવત જેવા સદ્‌ગ્રંથ સાંભળે પણ તેણે કરીને કોઈનું કલ્યાણ નથી થતું. અને વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી પછી એને જે કોઈ પીવે તેના પ્રાણ જાય. તેમ માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના



મુખ થકી ગીતા, ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે. ઈતિ વચનામૃતમ્ ॥૧૨॥ ૨૧૨ ॥

ને સાંખ્ય, યોગ, વેદાંત ને પંચરાત્ર છે એમનું **તત્ત્વ** તો એક **શ્રીહરિની મૂર્તિ** છે; એવી જેની અચળ મતિ હોય એવો, વિચક્ષણ તેને શ્રી હરિનું ધ્યાન થાય છે. ને સંપૂર્ણ ગુણ, સુખ ને સામર્થ્ય તો એક ભગવાનની મૂર્તિમાં જ છે; ને બીજે ઠેકાણે તો કિંચિત્ છે; ને અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે ભેળાં કરીએ, તો શ્રીહરિનું નિમેષ માત્રનું ધ્યાન કે દર્શન કર્યું હોય તેના કોટિમાં ભાગની બરોબર આવે નહિ; ને સાધુ, સત્સંગી ને અક્ષરાદિક એ સર્વેનું તત્ત્વ તો શ્રીહરિની મૂર્તિ છે; એવી આસ્તિક મતિએ સહિત જેની સમજણ છે, તેને જ શ્રીહરિનું **ધ્યાન** થાય છે. ને અક્ષિવિદ્યા, દહરવિદ્યા ને અક્ષરવિદ્યા એ આદિક સર્વે બ્રહ્મવિદ્યા તેમણે કરીને જાણવા યોગ્ય તો અક્ષરાદિક સર્વેના શરીરી ને કારણ, પરબ્રહ્મ પ્રગટ હરિકૃષ્ણ છે; એવી જેની અચળ મતિ છે, તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે. ને જેમ પાંચ મોઢાવાળી ચામડાની મશક હોય તેમાંથી એક મોઢું મોકળું મેલે, તો સર્વે જળ સ્રવી જાય છે; તેમ પંચ ઈન્દ્રિયો ને છઠું મન તેમાંથી જો એક મોકળું મૂકે, તો સર્વે ધ્યાન સ્રવી જાય છે. તે માટે સર્વેને નિયમમાં રાખે તો ધ્યાન થાય, નહિ તો ન થાય. ને સ્વસ્તિક આસને કરીને, નાસિકાગ્ર વૃત્તિ રાખીને ને દેહને સમ રાખીને ને નેત્રને મીચીને યુક્ત છે આહાર વિહારાદિક જેના એવો થકો શુદ્ધ જીવરૂપ થઈને અતિશે રોમાંચિતે કરીને, અતિ ગદ્‌ગદ્ કંઠે કરીને ને અતિ હર્ષાયમાન થકો, અતિ ત્વરાએ કરીને, અતિશે દાંત થકો, અતિશે શાંત થકો ને અતિશે સમાહિત થકો શ્રીહરિનું ધ્યાન કરે, ને શ્રીહરિનું સ્વરૂપ, સ્વભાવ ગુણ તેમને જે સદાય નિર્દોષ, સર્વોત્તમ, અનાદિ, નિત્યસિદ્ધ, સદા શુદ્ધ સમજે; ને સર્વકાળને વિષે દિવ્ય વિગ્રહ, સત્યસ્વરૂપ, ને કાળ-કર્મ - માયા ને પુરુષ તેના કર્તા, પ્રેરક ને નિયંતા તો એક શ્રીહરિ જ છે; એવી જેને અચળ મતિ છે તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે.

## સર્વદેશી સમજણનું મુખ્યપણું

સ્વામીએ એક દિવસ વાત કરી જે, જ્યારે હું **પૂર્વાશ્રમ**માં હતો, ત્યારે મને ખંભે એક મોટું ગૂમડું થયું હતું. તેની પીડા ઘણી થઈ; તે વખતે જાગ્રતમાં અર્ધ રાત્રીને સમે મહારાજ પધાર્યા ને મને **દર્શન** દીધાં, તે પીળું પિતાંબર પહેર્યું હતું; ને બીજું રાતું પિતાંબર ઓઢ્યું હતું; ને મસ્તક ઉપર દક્ષિણી પાઘ ધારી હતી; ને લલાટને વિષે કેસરચંદનની અર્ચા સહિત કુંકુમનો ચાંદલો શોભી રહ્યો હતો; ને ચાંખડીઓ ઉપર ચડ્યા હતા; એવી શોભાને જોઈને મારી વૃત્તિ તો તે મૂર્તિમાં પરોવાઈ ગઈ ! ને પછી ગૂમડું ફૂટી ગયું ને પીડા પણ ટળી ગઈ. પછી મહારાજ પણ હસીને અદૃશ્ય થઈ ગયા. પછી તે દહાડેથી તે મૂર્તિ અખંડ દેખાતી; પછી જ્યારે **અલૈયેમોડે** મહારાજનાં મેં **પ્રથમ દર્શન** કર્યાં; ત્યારે હૃદયમાં દેખાતી જે મૂર્તિ ને આ મૂર્તિ તે બેય એક થઈ ગઈ ! એવું જોઈને મહારાજને **સર્વ કારણના કારણ** ને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ સમજીને મેં મહારાજનો **સર્વોત્કૃષ્ટ નિશ્ચય** કર્યો.

અને સત્યુગ દ્વાપર, ત્રેતા ને કળિ એ ચાર યુગની એક ચોકડી, એવી એકોતેર ચોકડી એક ઈન્દ્ર રાજ કરે; એવા ચૌદ ઈન્દ્ર પડે ત્યારે એક દિવસ વૈરાટનો થાય, ને એવા ત્રીશ દિવસનો એક માસ, ને એવા બાર માસનું એક વર્ષ, **એવાં સો વર્ષ થાય ત્યારે તે વૈરાટ પડે ત્યારે પ્રધાન પુરુષનો એક દિવસ થાય ને એવાં સો વર્ષ થાય ત્યારે પ્રકૃતિપુરૂષનો એક દિવસ થાય**; ને એવાં સો વર્ષ પ્રકૃતિપુરુષ જીવે, તો પણ એક દિવસ તેનો કાળ નાશ કરી નાખે છે ત્યારે કહો તેની આગળ આપણું શું આયુષ ? એટલા સારૂ જીવ શું મારૂં મારૂં કરતા હશે ! માટે કંઈ છે જ નહિ માટે થોડાકમાં કામ સાધી લેવું; ને એવું મંડવું કે 'अर्थं साधयामि' કે 'देहं पातयामि' ॥



## સભા - ૪૩

પછી વડોદરાના વાઘમોડિયા રામચંદ્રે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જે કુપાત્ર જીવ જણાતો હોય ને તેને પણ સમાધિ થઈ જાય છે તેનું શું કારણ હશે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ધર્મશાસ્ત્રને વિષે જે વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તે થકી જે બાહ્ય વર્તતો હોય તેને સર્વે લોક એમ જાણે જે, 'આ કુપાત્ર માણસ છે.' અને તે કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે. અને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે, અને તે જીવ અતિશે પવિત્ર થઈ જાય છે. માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોટે છે ત્યારે સમાધિ થઈ જાય છે. અને જે પુરુષ ધર્મશાસ્ત્રે કહ્યા એવા જે વર્ણાશ્રમના ધર્મ તેને પાળતો હોય ત્યારે તેને સર્વે લોક ધર્મવાળો જાણે પણ ભગવાન ને ભગવાનના સાધુ તેનો જો દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લાગે છે જે, વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું જે પુન્ય તેને બાળીને ભસ્મ કરી નાખે છે. માટે સત્પુરુષના દ્રોહનો કરનારો તે તો પંચમહાપાપનો કરનારો તેથી પણ વધુ પાપી છે. શા માટે જે, પંચમહાપાપ કર્યાં હોય તે તો સત્પુરુષને આશરે જઈને છૂટાય છે, પણ સત્પુરુષનો દ્રોહ કરે તેનો તો કોઈ ઠેકાણે છૂટ્યાનો ઉપાય નથી, કેમ જે અન્ય ઠેકાણે પાપ કર્યું હોય તે તો તીર્થમાં જઈને છૂટાય છે અને તીર્થમાં જઈને પાપ કરે તે તો વજલેપ થાય છે, માટે સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તો પણ અતિ પવિત્ર થઈ જાય છે ને તેને સમાધિ થઈ જાય છે. અને સત્પુરુષનો દ્રોહી હોય ને તે ગમે તેવો ધર્મવાળો જણાતો હોય તો પણ મહાપાપી છે ને તેને કોઈ કાળે ભગવાનનાં દર્શન હૃદયને વિષે થાય જ નહિ. માટે જેને વિમુખ જીવ પાપી જાણે છે, તે પાપી નથી, અને જેને વિમુખ ધર્મી જાણે છે તે ધર્મી નથી." ઈતિ વચનામૃતમ્ ॥૧૪॥ ૨૧૪ ॥

આ સત્સંગમાં તો સુખ છે, ને ધર્મ, ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્ય જે જે સુકૃત છે તે સર્વે સત્સંગમાં છે; ને બીજે બધે સળગી ઊઠ્યું છે; ને કોઈક તો પશુ જેવા છે તે બોલતાં પણ આવડતું નથી; ને વિવેક

પણ કાંઈ નથી. માટે કુસંગનો જોગ થાય તો સત્સંગને ઘસારો આવી જાય; તે સારુ કુસંગ ન જ કરવો.

અને આ દેહ ધર્યો છે તેણે કરીને તો ભગવાન ભજી લેવા ને આ ભરતખંડમાં મનુષ્ય દેહ કાંઈ થોડા પુણ્યે આવતો નથી. તે દેવતા પણ કહે છે જે :—

अहो अमीषां किमकारि शोभनं प्रसन्न ह्येषां स्विदुत स्वयं हरिः ।
यैर्जन्म लब्धं नृषु भारताजिरे मुकुंद सेवौपयिकं स्पृहाहि नः ॥

એ શ્લોક બોલીને કહે જે, એમ દેવતા પણ ઈચ્છે છે તે મળ્યો. ને વળી ભગવાન ને ભગવાનના સંત મળ્યા, એ કાંઈ થોડી પ્રાપ્તિ નહિ; જુઓને દશ કે વીશ લાખ રૂપિયા હશે, તે કાંઈ ભેળા નહિ આવે; ને **રૂપિયાવાળાને પણ એક શેર ઉપરાંત ખવાતું નથી**; ને જેને રૂપિયા ન હોય તેને પણ તેટલું જ ખવાય, માટે જોઈએ તેટલું ને કામ આવે તેટલું પેદા કરવું એ ઠીક છે.

અને આપણને જે અલભ્ય લાભ મળ્યો છે. એ તો કાંઈ કહેવાય નહિ, માટે હવે તે જાળવી રાખવો.

એક દિવસ વચનામૃત વંચાવીને કહ્યું : જે '**આ વચનામૃતના ચોપડામાં તો ચાર વેદ, ષટ્શાસ્ત્ર ને અઢાર પુરાણનો સાર છે.** તેમાં મહારાજે **સિદ્ધાંત વાત** કરી છે. તેનો અભ્યાસ કરવો.' અહો ! આ તો કાંઈ આપણને લાભ થયો છે ! જુઓને ભગવાન કેટલે છેટેથી દયા કરીને આપણા સારૂ આવ્યા છે ! પણ આ જીવને તો કાંઈ ગરજ નથી; ને આ તો ઠેઠ અક્ષરધામથી આવ્યા છે. અને આ તો ઓલી સતીને જેમ લોંઠાયે (પરાણે) સતી કરી, તેમ આ જીવને પણ લોંઠાયે ભગવાન ભજાવીએ છીએ. અને **શાસ્ત્રમાં પણ ધર્મ, અર્થ ને કામ પર છે; ને મોક્ષ પર તો માંહી કોઈક શ્લોક છે.** તે માટે મોક્ષના કામમાં આવે તેનું ગ્રહણ કરવું. ને બીજાં સર્વે મંદિરોમાં પણ પાપ છે; ચારે કોરે પાપ છે; ને એક **સત્સંગમાં જ કલ્યાણ** છે; પણ બીજે ક્યાંય કલ્યાણ છે નહિ.



મહારાજે વરતાલમાં સર્વે હરિજન આગળ સભામાં કહ્યું : જે "આ ચરણારવિંદની વૈરાટ પુરુષે પચાસ વર્ષ ને દોઢ પહોર દિવસ સુધી સ્તુતિ કરી; ત્યારે આ બ્રહ્માંડમાં પધાર્યા છે" એવી ઘણી વાતો કરી તે ત્યાંના હોય તે જાણે, પણ બીજા ન જાણે.

આ તો ॥ **श्रेयांसि बहु विघ्नानि** ॥ અને લોકમાં પણ કહે છે : જે 'સારા કામમાં સો વિઘન' તે કાં તો ભક્તિ રૂપે માયાને પ્રેરે ને એકાંતમાં ધ્યાન કરાવે. એમ કરતે કરતે પાડી નાખે છે ! તે માટે વિચારવું, અને જીવમાં ખોટ શું શું કહેવાય ? એમ મમત્વ બંધાય છે.

વળી બીજું એ જે, **કોઈ મોટાનો અવગુણ લે તેનું બહુ ભૂંડું થાય.** ને પોતામાં તો અનેક અવગુણ હોય. તે એક સાધુ રોજ શાક વઘારે, ને એક દિવસ આત્માનંદ સ્વામી માંદા હતા, તેણે કહ્યું કે 'શાક કરો' ત્યારે ઓલ્યે સૌ આગળ હોહો કર્યું ! તે વાત મહારાજ પાસે ગઈ એટલે કહે 'ઓહો એણે એના જીવનું બહું ભૂંડું કર્યું, જે મોટા સાધુમાં અવગુણ પરઠ્યો !' ને મુક્તાનંદ સ્વામી જમતા હતા, તે એક જણે એમ ચિંતવ્યું જે 'આ આવા મોટા સાધુ આમ કેમ જમે છે ?' પછી એ જે અન્ન દેખે તે કીડા થઈ જાય ! તે પંદર દિવસ લગી એમ થયું; પછી દાંતે તરણાં લઈને પગે લાગ્યો ત્યારે સમું થયું તે માટે કોઈ સાધુનો અવગુણ ન લેવો. અરે ! કેટલાક તો 'ગોપાળાનંદ સ્વામીની વાત ખોટી' એમ કહેતા તે ગયા; તે પણ દીઠા.

અને ઝાઝી આવરદા એ પણ બહુ ભૂંડું છે. તે મોરે તો હજાર વર્ષનો ખાટલો ને સો વર્ષનાં ડચકાં ! આ તો ભગવાને અનુગ્રહ કર્યો છે; તે થોડા કાળમાં મોટું કામ સાધી લેવું ને ભગવાનના ધામમાં પુગાય તેમ કરવું. જ્યાં **અખાત્રીજના વા** જોવા નહિ; **પાંચમની વીજળી** જોવી નહિ; એક ભગવાનનું જ સુખ છે.

વળી મહારાજ કહેતા : જે "ઈન્દ્રે બ્રાહ્મણ માર્યો, તે વાંસે ચાર

બ્રહ્મહત્યા વળગી.'' પછી નારદજીને પૂછ્યું, ત્યારે કહે : ''તારા ભાઈ વામનજીને તું ભગવાન જાણીને ભજ તો છૂટશે'' પછી ભજ્યા એટલે છૂટી. એમ આ સ્થૂળ દેહનો તો નાશ થાય છે. પણ સૂક્ષ્મ ને કારણ એ બે તો બ્રહ્મહત્યા વળગી છે; તે સાધુને પૂછીને તથા આત્મવિચાર શીખીને મનન કરે તો નાશ થઈ જાય છે; નીકર જ્યાં જાય ત્યાં ભેળી રહે છે. અને આ **મહારાજનો અવતાર તો મૂળ અજ્ઞાનનો નાશ કરીને બ્રહ્મરૂપ કરવા થયો છે,** ને બીજે તો બધું ડોળી નાખ્યું છે.

આ સત્સંગમાંથી પડવાનો ઉપાય : **મંદિરનો, આચાર્યનો, સાધુનો, સત્સંગીનો એ ચારનો જેને દ્રોહ થાય તેનાં મૂળ કપાણાં જાણવા,** તે ઉપર ઘણી વાતો કરી.

સંવત ૧૯૧૯ના આસો માસમાં સાંખડાવદરને પાદર વાત કરી : જે **''લોક, ભોગ, દેહ ને પક્ષ એ ચાર તો જીવનું ભૂંડું કરે''** ને મહારાજ, આચાર્ય, સાધુ ને સત્સંગી એ ચારનો તો ગુણ જ લેવો એ તર્યાનો ઉપાય છે. **ને જો દ્રોહ કરે તો જીવનો નાશ થઈ જાય છે.**

અને આચાર્ય આદિક ચારનો અવગુણ આવે એ મોટું પાપ છે. બીજા તો અનેક સ્વભાવ હોય, પણ એ પાપનું મૂળ છે. તે પાપને વિષે પુણ્યની બુદ્ધિ થાય, ને સાધુને વિષે અસાધુની બુદ્ધિ થાય, પછી દ્રોહ થાય, પછી તેનો જીવ નાશ થાય; એવું એ છે, માટે વારંવાર કહેવાનું તાત્પર્ય શું છે ? તો એ કે 'વાત હૈયામાં રાખી ને કોઈ દિવસ એ માર્ગે ચડવું નહિ.' ને એની સેવા થાય તો કરવી નીકર હાથ જોડવા; પણ અવગુણ તો ન જ લેવો. એ અમારો સિદ્ધાંત હતો તે કહ્યો :-

**પીપા પાપ ન કીજિયે, તો ધર્મ કિયા સો વાર;**
**જો કિસિકા લિયા નહિ, તો દિયા વાર હજાર.**



## સભા - ૪૪

પછી ઠાકોરજીની સંધ્યા આરતી થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, સાંભળો, ભગવાનની વાર્તા કરીએ છીએ જે, આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય. તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. પછી એ ભગવાનનો ભક્ત થયો તેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ રાખવી ઘટે નહિ. શા માટે જે, ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે. અને જે નરકના કીડા છે તે તો નરકને વિષે પરમસુખ માને છે, પણ જે મનુષ્ય હોય તે તો તે નરકને પરમ દુઃખદાયી જાણે છે. તેમ જેને ભગવાનની ઓળખાણ થઈ તે તો ભગવાનનો પાર્ષદ થયો ને તેને ભગવાનનો પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક પંચવિષયનાં સુખને ઈચ્છવું નહિ. અને જે ભગવાનનો ભક્ત હોય તે તો જે જે મનોરથને કરે તે સર્વે સત્ય થાય છે. માટે ભગવાન વિના બીજા પદાર્થને અણસમજણે કરીને જે ઈચ્છે છે એ જ એને મોટો અવિવેક છે. તે સારુ જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદ લોકનાં જે ભોગસુખ છે તેને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ, અને મન-કર્મ-વચને કરીને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે જ દ્રઢ પ્રીતિ કરી જોઈએ. અને એમ સમજ્યું જોઈએ જે, ''જે ભગવાનનો ભક્ત હોય ને તેને જો કદાચિત્ ભગવાન વિના બીજી વાસના રહી ગઈ હોય, તો તે પણ ઈન્દ્ર પદવીને પામે, કાં બ્રહ્મલોકને પામે, પણ પ્રાકૃત જીવની પેઠે નરકચોરાશીમાં તો જાય જ નહિ. ત્યારે જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેનો જે મહિમા ને તેનું જે સુખ તે તો વર્ણવ્યામાં જ કેમ આવે ?'' માટે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનમાં જ દ્રઢ પ્રીતિ રાખવી. ઈતિ વચનામૃતમ્ ॥૧૯॥ ૨૧૯॥

આ સમાગમ મળ્યો છે તે કોઈક **પૂર્વનો સંસ્કાર** ભારે છે, તે સમાગમ કરવા સારું આવ્યા છો; ને જે નથી આવતા તેને ભારે પાપ છે. આનું ફળ તો આજ, કાલ, મહિને કે વર્ષે પણ મળશે. ને સમાસ

ઘણો કરશે. ને કોઈ જાણતા હશે જે કરીએ છીએ, ને કેમ કાંઈ થાતું નથી ? પણ આ તો મેળવણ નાખીએ છીએ, તે દહિં થઈને ઘી તો વલોવ્યા પછી નીકળશે; ને **આ વાત તો બહુ દુર્લભ છે.** ને આ સત્સંગ તો ઘણો થયો છે, ને પૃથ્વીના સર્વે માણસ કરશે, **પણ આવા કહેનારા ક્યાંથી મળશે** ? ને રૂપિયા તો ગાડે ગાડે આવશે; ને હવેલીઓ પણ થાશે; પણ આ નહિ મળે. ને હવે તો કોઈ વાતની કલ્પના રાખવી નહિ. ને આ જીવ સમજવા મંડ્યો તે દિવસથી આજ સુધી ખેડ કરી, વેપાર કર્યો, તોપણ રોટલા ને દાળ મળે છે, પણ રૂપિયાનો ઢગલો ભળાણો નહિ; માટે શા સારું ઝાઝું કરીએ ? અને કેદીક ઢગલો મળે તો શું થાય ? દુઃખ થાય. તે માટે **આપણને જે ભગવાન મળ્યા છે તે કરશે તે થાશે.** ને દાળ, રોટલા ને વસ્ત્ર તો ગળામાં લીધાં છે તે દેશે. ને મોરે તો કટક, ધાડાં, મિયાણા ને માળિયાના હાટી એવા કૈક લૂંટી લેતા; ને ખાવા અન્ન મળતું નહિ; ને કાળ પડતા; ને કાંતો ટીડડાં, ઉંદર ને રોગ એ પણ કૈક આવતાં. એવાં મહા દુઃખ આવતાં ને આવું સાનુકૂળ તો કોઈ દિવસ આવ્યું નહોતું એમ જણાય છે. માટે ભગવાન ભજ્યાનો લાગ તો આજ જ છે, અરે ! અમે બાવીશ વર્ષ વનમાં રહ્યા. તે ત્રણ દિવસે અન્ન મળે; ને ઝાડ તળે ટાઢ, તડકો વરસાદ ને હિમમાં પડ્યા રહેતા; ને ઓઘામાં રહેતા ને એક ગોદડીભર રહેતા એવાં દુઃખ સહન કર્યાં છે. અને અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ ત્રિવિધ તાપનું રૂપ કહ્યુંઃ **અધ્યાત્મ** તો એ જે, આ દેહમાં રોગ આવે; **અધિભૂત** જે સર્પ, સાવજ આદિક પરથી દુઃખ થાય; ને **અધિદૈવ** જે ટીડ, ઉંદર આદિ દેવતા સંબંધી દુઃખ થાય, તે એ ભગવાન ભજે તો મટે, ને ખરેખરૂં ભજે તો આમ આપણા સામું જોઈ રહે; એવા ભગવાન દયાળુ છે. તે ઉપર વાત કરી જે, શ્રીકૃષ્ણે તો કહ્યું છે જે ''છપ્પન કોટિ યાદવ, લક્ષ્મી આદિક પટરાણીઓ ને આ મારો દેહ, જેવો વહાલો નથી તેવા ઉદ્ધવજી પ્રિય છે.'' એમ દયા કરે છે માટે એવું થાવું.

વળી આ શરીર તો માટીનો ઢગલો છે તે સાજું હોય ત્યાં સુધી



કીર્તન કે ભજન થાય. ને ॥ **શનૈઃ શનૈઃ પંથા** ॥ જેમ રાજાના દીકરાને એક દિવસ ઝાઝું ખવરાવે તેમાં મોટો ન થાય; ને રોજ ભૂખ પ્રમાણે ખવરાવે તો વધે. એમ જ્ઞાન પણ ધીરે ધીરે સમાગમે થાય છે. ને જોગ વિના રસોઈ થાય નહિ, એમ જોગ વિના પ્રભુ ભજાય નહિ. ને જે વાતો સાંભળે તે વૃદ્ધિ પામે. નીકર તો ઝાઝું ખાય તો ઊંઘ ઝાઝી આવે. ને શું કાંઈ ખાઈ ખાઈને સૂઈ રહેવાને ભેળા થયા છીએ ? તે આજ, કાલ, મહિને કે છ મહિને સાધુનો સમાગમ કર્યે છૂટકો છે. ૬૯

વારંવાર અંતરદૃષ્ટિ કરવી : જે ''આ તે હું શું કરવા આવ્યો છું ને શું થાય છે ?'' ને દેહ ઉન્મત્ત છે, ઇન્દ્રિયો ઉન્મત્ત છે તે સારુ પ્રથમ ભક્તિ કરવી; કેમ જે મહારાજ ભક્તિવાળા ઉપર બહુ રાજી થાતા ને થાળ આપતા. અને ભક્તિએ કરીને, વ્રત ઉપવાસે કરીને, તપે કરીને નિર્દય થકા ઇન્દ્રિયોને ને દેહને દંડ દેવો; ત્યારે ભગવાન ભજવા દે છે; ને ભગવાન રાજી થાય છે. ને પ્રકૃતિપુરૂષ સુધી પંચવિષયરૂપી હોળી લાગી છે તે ફૂટે છે. મહારાજ કહે : ''પંચવિષયરૂપી પાતાળ ફાટયાં છે, તે પાણીએ ભરવા માંડે પણ ભરાય નહિ.'' **'વેરી ઘર માંહિ તેરે જાનત સ્નેહી મેરે'** તે માટે માયિક ધૂળ જેવાં પંચવિષય તેનો ત્યાગ કરી દેવો, ને આને આ દેહે ખોટા કરી નાખવા; ને મળવત્ કરીને સર્વને નાશવંત ને તુચ્છ જાણવા. એવી રીતે દેહ, લોક, ભોગ, દેવતાના લોક એ સર્વનો નિષેધ કરવો; તેણે કરીને વૈરાગ્યને પમાય છે, ને તેને પામીને અંતરદૃષ્ટિ કરવી. આ લોકમાં શો માલ છે ? ને આ વાડી લીધી છે તે શું પાણા ને કાંટા છે ! અમને તો કાંઈ માલ જણાણો નહિ; પણ આ બજારના કાંટા કરતાં એ સારા છે,અને શહેર સેવવે કરીને પણ બહુ જ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ને શહેર કરતાં ગામડું સારું, કેમ જે ગામડામાં એક વાર હોળી ને શહેરમાં બારે માસ હોળી ને બારેમાસ દીવાળી : ને ગામડામાં વિવાહ હોય ત્યારે વિવાહ ને શહેરમાં બારે માસ વિવાહ; પણ એમાં કાંઈ માલ નથી. વળી આ દેહે ભગવાનને ભજી લેવા. ને દેહ તો હમણાં પડશે, માટે આ તો

**વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું છે**; તેમ થોડાકમાં કામ કાઢી લેવું. ને કોઈ વાતનો મમત કે પક્ષપાત ન રાખવો; કાં જે એમાં બહુ ભૂંડું થાય છે.

વળી સંચિત ક્રિયમાણ ને પ્રારબ્ધ તે પણ જાણવું તે નિયમ ધર્યા તે દિવસથી સંચિત જે 'પૂર્વે કર્યાં પાપ' તે બળી જાય; ને ક્રિયમાણ કરવું નહિ; ને **પ્રારબ્ધ ભોગવવું પડે, તેમાં મૂંઝાવું નહિ**. ને જો તે પ્રારબ્ધ ન ભોગવાવે તો દેહ છૂટી જાય; કેમજે પ્રારબ્ધે કરીને તો દેહ બંધાણો છે, માટે ભોગવવાં. તે **શૂળીનું કષ્ટ કાંટે ઉગારે**. પછી સાધુ સર્વે તથા હરિભક્ત સર્વેએ કહ્યું જે, ઓહો ! બહુ વાતો થાય છે ! આ પ્રમાણે રહે તો કાંઈ દુઃખ જ આવે નહિ;'' પછી સ્વામી કહે જે, 'હું એકેય ધારતો નથી, આફૂરી (સહેજે) માંહેથી કહેવાય છે.' ત્યારે સાધુ કહે : ''ભગવાન પ્રવેશ કરીને બોલાવે છે.'' તો કહે : 'હા એમ જ.' તે જુઓને એમ જ થાય છે; તેમાંથી **મોટા હરિજનનો ને મોટા સાધુનો, આચાર્યનો ને મહારાજનો પણ અવગુણ આવે; પછી તેમાંથી મોડો વહેલો મરવા ટાણા સુધી પણ વિમુખ થઈ જાય**; માટે એ ન જ કરવું.

**સાધુની, મંદિરની, આચાર્યની ને સત્સંગીની સેવા કરવી તો વૃદ્ધિ પમાય. ને દ્રોહ થાય તો જીવનો નાશ થાય.** તે સેવા તે શું ? તો ॥ ભક્ત્યાનુવૃત્ત્યા ॥ **અનુવૃત્તિ એ જ સેવા છે** માટે તે પ્રમાણે રહેવું.

અને આવા સાધુને કાંઈ મનુષ્ય કે દેવ જેવા ન જાણવા. આ તો મહા મોટા છે. માટે સમાગમ કરવો, એ વાત રહી જાશે તો પછી શું કામ આવશે ? ઘોળ્યું, મંદિરના રોટલા ખાઈને પણ આનો જોગ કરી લેવો. ઘણોય બાજરો છે, તે આવો તો હું આપીશ, એમ દયા કરીને કેવળજ્ઞાન દેવું એ જ આગ્રહ ! ને વળી બોલ્યા : જે 'તમે સાકરની રસોઈ દેશો તેમાં શું ? આગળ એક મણની હજાર મણ દેશું, પણ તેણે કાંઈ કામાદિક શત્રુ ઓછા થાય નહિ. મૂળગા વધે તો ખરા ! તે માટે સમાગમ કરી લેવો એ જ સિદ્ધાંત છે.'



## સભા - ૪૫

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ તમે સર્વે મોટા મોટા પરમહંસ છો તે તમને અમે પ્રશ્ન પૂછીએ છીએ જે, 'સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ ? કેમજે, તેને કોઈક પૂછે અથવા પોતાના મનમાં કોઈક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું સમાધાન કેમ થાય ?'' એમ પ્રશ્ન પૂછીને પછી પોતેજ બોલ્યા જે, ''લ્યો એનો ઉત્તર અમે જ કરીએ છીએ જે, એક તો આપણો ઉદ્ધવ સંપ્રદાય છે તેની રીત જાણી જોઈએ તથા ગુરુ પરંપરા જાણી જોઈએ, તે કેવી રીતે તો ઉદ્ધવ તે રામાનંદસ્વામીરૂપે હતા, ને તે રામાનંદસ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે૧ છીએ એવી રીતે ૨ગુરુપરંપરા જાણવી. અને અમે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી. અને ત્રીજાં અમારા સંપ્રદાયમાં અતિપ્રમાણરૂપ જે શાસ્ત્ર છે, તેને જાણવાં. તે શાસ્ત્રનાં નામ-૧ વેદ, ૨ વ્યાસસૂત્ર, ૩ શ્રીમદ્ ભાગવત પુરાણ, ૪ મહાભારતને વિષે વિષ્ણુસહસ્રનામ, ૫ ભગવદ્ગીતા, ૬ વિદુરનીતિ, સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહિલું ૭ વાસુદેવમાહાત્મ્ય, અને ૮ યાજ્ઞવલ્કયસ્મૃતિ, એ જે આઠ શાસ્ત્ર તેને જાણવાં, અને ચોથા સર્વે સત્સંગીના જે જે નિયમ છે તેને જાણવા. અને પાંચમા આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણભગવાન તેને જાણવા, અને સ્થાનક, સેવક ને કાર્ય તેને ભેદે કરીને તે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિઓનું બહુપણું છે તેને જાણવું અને તે શ્રીકૃષ્ણ ભગવાનનાં પરોક્ષરૂપ ને પ્રત્યક્ષરૂપ તેને જાણવાં તેમાં પરોક્ષરૂપ તે કેવી રીતે તો માયાના તમથકી પર એવો જે ગોલોક તેને મધ્યે જે અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણભગવાન રહ્યા છે, તે દ્વિભુજ છે ને કોટિ કોટિ સૂર્ય સરખા પ્રકાશમાન છે ને શ્યામસુંદર છે ને રાધિકાજી ને લક્ષ્મીજીએ સહિત છે ને નંદ, સુનંદ ને શ્રીદામાદિક જે પાર્ષદ તેમણે સેવ્યા છે ને અનંતકોટિ બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે, ને મહારાજાધિરાજપણે વિરાજમાન છે. અને એવા જે એ ભગવાન તે ચતુર્ભુજ રૂપને ધારે છે, અષ્ટભુજ રૂપને ધારે છે ને સહસ્રભુજ રૂપને પણ ધારે છે. ને વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ ને પ્રદ્યુમ્ન એ જે ચતુર્વ્યૂહ ને કેશવાદિક જે ચોવિસ વ્યૂહ એ

સર્વે રૂપને ધારે છે, તથા વરાહ, નૃસિંહ, વામન, કપિલ, હયગ્રીવ એ આદિક જે અનેક અવતાર તેને ધારે છે ને પોતે તો સદા દ્વિભુજ છે. અને ઉપનિષદ્ તથા સાંખ્યશાસ્ત્ર ને યોગશાસ્ત્ર તથા પંચરાત્ર એમને વિષે એ જ સ્વરૂપનું વર્ણન કર્યું છે એવી રીતે પરોક્ષપણે ભગવાનનું સ્વરૂપ કહ્યું અને સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે ને તે વ્યાસજી જેવા તો શંકરાચાર્ય ન કહેવાય, રામાનુજાચાર્ય ન કહેવાય, મધ્વાચાર્ય ન કહેવાય, નિંબાર્ક ન કહેવાય, વિષ્ણુસ્વામી ન કહેવાય, વલ્લભાચાર્ય ન કહેવાય. કેમ જે, એ આચાર્ય જો વ્યાસજીના વચનને અનુસરે તો એ આચાર્યના વચનનું લોકમાં પ્રમાણ થાય. નહિ તો ન થાય, અને વ્યાસજીને તો બીજા કોઈની અપેક્ષા નથી કેમ જે, વ્યાસજી તો વેદના આચાર્ય છે ને પોતે ભગવાન છે. માટે આપણે તો વ્યાસજીના વચનને જ અનુસરવું. અને તે જે વ્યાસજી તેણે જીવના કલ્યાણને અર્થે વેદનો વિભાગ કર્યો ને સત્તર પુરાણ કર્યાં ને મહાભારત કર્યું તો પણ તે વ્યાસજીના મનમાં એમ થયું જે, જીવના કલ્યાણનો ઉપાય જેમ છે તેમ યથાર્થ ન કહેવાયો. ને તેણે કરીને પોતાના મનમાં સંતોષ ન થયો. તે પછી સમગ્ર વેદ, પુરાણ, ઈતિહાસ, પંચરાત્ર, યોગશાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર તેનું સાર એવું જે શ્રીમદ્ ભાગવતપુરાણ તેને વ્યાસજી કરતા હવા. તે ભાગવતને વિષે સર્વ અવતાર કરતાં શ્રીકૃષ્ણ-ભગવાનને જ અધિકપણે કહ્યા છે ને સર્વ અવતારના ધરનારા જે છે તે જ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન છે. અને એ શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવ પ્રત્યે ગુણવિભાગના અધ્યાયમાં કહ્યું છે જે, હું નિર્ગુણ છું ને મારા સંબંધને જે પામે છે તે પણ નિર્ગુણ થાય છે. માટે કામભાવ, દ્વેષભાવ, ભયભાવ, સંબંધભાવ, સ્નેહભાવ એમાંથી જે જે ભાવે કરીને એ શ્રીકૃષ્ણ-ભગવાનને જે જીવ આશર્યા તે નિર્ગુણ થઈ ગયા. માટે એ શ્રીકૃષ્ણ ભગવાન તે નિર્ગુણ છે. એવી રીતે વ્યાસજીએ શ્રીકૃષ્ણભગવાનને કહ્યા છે. અને તે વ્યાસજીએ એમ સિદ્ધાંત કર્યો છે જે, 'સર્વ અવતારના ધરતલ જે પરમેશ્વર તે જ સ્વયં શ્રીકૃષ્ણભગવાન છે ને બીજા જે અવતાર તે એના છે.' અને જો 'એ શ્રીકૃષ્ણભગવાનને નિર્ગુણ નહિ કહે ને શુદ્ધ સત્ત્વાત્મક કહેશે, તો તેને ભાગવતના પૂર્વાપર સંબંધની ખબર જ નથી ને તેને વિષે મોટો બાધ આવશે કેમજે, ગોપીઓ શ્રીકૃષ્ણને ભગવાન ન જાણ્યા. ને કામભાવે કરીને જ શ્રીકૃષ્ણભગવાનને ભજ્યા



તેણે કરીને તે ગોપીઓ નિર્ગુણ થઈ ગઈ, ત્યારે તે શ્રીકૃષ્ણભગવાનને શુદ્ધ સત્ત્વાત્મક કેમ કહેવાય ? માટે શ્રીકૃષ્ણભગવાન તો નિર્ગુણ જ છે.' તથા શ્રીકૃષ્ણભગવાને પોતે અર્જુન પ્રત્યે કહ્યું છે જે-

''जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।

त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ! ॥

અને એ શ્રીકૃષ્ણભગવાને પોતાના જન્મ સમયમાં વસુદેવ દેવકીને પરમેશ્વરપણાની પ્રતીતિને અર્થે જે ચતુર્ભુજરૂપ દેખાડ્યું, તથા બ્રહ્માને જે અનેક ચતુર્ભુજરૂપ દેખાડ્યાં તથા અક્રુરજીને જે શેષશાયી રૂપ દેખાડ્યું, તથા અર્જુનને વિશ્વરૂપ દેખાડ્યું, ઈત્યાદિક રૂપને ભેદે કરીને જે શ્રીકૃષ્ણભગવાનની ઉપાસનાના ભેદ કહેવા તે તો યોગ્ય છે, પણ એ શ્રીકૃષ્ણભગવાન વ્રજને વિષે બાળમુકુંદ કહેવાયા, મુરલીમનોહર કહેવાયા, રાધાકૃષ્ણ કહેવાયા, તથા વાછરડાં ચાર્યાં, ગાયો ચારી, ગોવર્ધન પર્વત ધાર્યો, ગોપીઓ સાથે રાસક્રીડા કરી તથા મથુરાપુરીમાં આવીને કંસને માર્યો, યાદવને સુખીયા કર્યા, તથા સાંદિપની બ્રાહ્મણને ઘેર વિદ્યા ભણ્યા, તથા કુબ્જા સંગાથે વિહાર કર્યો, તથા દ્વારિકા-પુરીમાં વસ્યા, ને રુક્મિણી આદિક અષ્ટ પટરાણીઓને પરણ્યા, તથા સોળહજાર સ્ત્રીઓને પરણ્યા તથા હસ્તિનાપુરમાં રહ્યા ને પાંડવની સર્વ કષ્ટથકી રક્ષા કરી ને દ્રૌપદીની લાજ રાખી, ને અર્જુનના સારથિ થયા, ઈત્યાદિક સ્થાનકને ભેદે કરીને જે શ્રીકૃષ્ણભગવાનની અનેક લીલા છે, તેણે કરીને એ શ્રીકૃષ્ણભગવાનના દ્વિભુજ સ્વરૂપને વિષે ઉપાસનાના ભેદ ન કરવા. અને જે કરશે તે વચનદ્રોહી, ગુરુદ્રોહી છે. અને એ શ્રીકૃષ્ણભગવાનનાં આચરણ જે ગોવાળિયાનું ઉચ્છિષ્ટ ખાધું તથા રાસરમણ કર્યું, ઈત્યાદિક અનેક પ્રકારનાં છે. તે આચરણ પ્રમાણે તે શ્રીકૃષ્ણ ભગવાનના ભક્તને આચરણ ન કરવું અને એ શ્રીકૃષ્ણભગવાને એકાદશસ્કંધમાં તથા ભગવદ્ગીતામાં તથા વાસુદેવમાહાત્મ્યમાં જેમ સાધુનાં લક્ષણ કહ્યાં છે તથા વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તથા પોતાની ભક્તિ કર્યાનું કહ્યું છે તે પ્રમાણે વર્તવું, પણ એ શ્રીકૃષ્ણભગવાનના આચરણ પ્રમાણે આચરણ ન કરવું અને જે કરશે તે વિમુખ છે; અમારો સત્સંગી નથી. અને આપણા ઈષ્ટદેવ એવા જે એ શ્રીકૃષ્ણભગવાન તેનાં આચરણ પ્રમાણે

જેમ ન કરવું, તેમજ તમારો સર્વેનો આચાર્ય ને ગુરુ ને ઉપદેષ્ટા એવો જે હું, તે મારા દેહનાં જે આચરણ તે પ્રમાણે પણ તમારે ન કરવું. અને અમારા સંપ્રદાયને વિષે જેમ જેના ધર્મ કહ્યા છે તે જે અમારાં વચન તે પ્રમાણે તમારે સર્વેને રહેવું પણ અમારાં આચરણ પ્રમાણે ન રહેવું. આ જે અમે વાર્તા કરી તેને સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી શિખી લેજો, ને એ પ્રમાણે સમજીને એમ જ વર્તજો. ને બીજા આગળ પણ એમ જ વાર્તા કરજો. એમ કહીને શ્રીજીમહારાજ ભોજન કરવા પધાર્યા. એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુ ને સત્સંગી તે એમ સમજતા હવા જે, એ પરોક્ષ જે શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા, તે જ આ ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજ છે, પણ એ થકી પર કોઈ નથી. અને એ જ આપણા ઈષ્ટદેવ છે ને ગુરુ પણ એ જ છે. ઈતિ વચનામૃતમ્ ॥૧૮॥ ૨૧૮ ॥

બીજું એ જે : **સારા સાથે જીવ બાંધવો** કેમ જે કહેનારા કોઈ ન મળે ત્યારે એ કરવું ને સુખિયા રહેવું. ને પોતાની ખોટ કહેવી; ને જે ન સૂઝતી હોય તે તેઓને કહેવું : જે 'હું માં જે જે વાતની ખોટ હોય તે દયા કરીને તમે કહેજો?' એમ રોજ કહેવું. કાં આઠ દિવસે, કાં મહિને તો જરૂર કહેવું. કાં જે મહિને તો જરૂર કોઈક ભેગાં થઈ જાય. તે ઉપર નામાના વચનામૃતનું (પ્રથમ પ્ર.નું ૩૮મું) કહ્યું જે : ''મહિને ન ચૂકવે તો ભેળું થઈ જાય'' આમ ભગવાનને ગમે છે, તે ગમતું તમને કહ્યું.

બીજું સાધારણ ભક્તનું તો ઠીક છે; ને જેને **ઉત્તમ થાવું હોય તેને કોઈ પદાર્થમાં જીવ બંધાવા દેવો નહિ;** ને હેત ન રાખવું તો નિર્વિઘ્ન ભગવાનના ધામમાં પહોંચાય. અને આ સભા તો અક્ષરધામની છે. અને ગોલોક વૈકુંઠના મુક્ત કસર ટાળવા આંહી આવે છે; ને અક્ષરધામના મુક્ત પણ આંહી ભગવાન ભેળા આવે છે; ત્યારે કસર ટળે છે. માટે આ તો પુરુષોત્તમ ભગવાન છે ને તેના સાધુ છે ત્યાં ખબરદાર થઈને મંડવું; કેમ જે તે વાત પછી નહિ મળે.



## સભા - ૪૬

પછી શ્રીજીમહારાજ મુનિમંડળ તથા હરિભક્ત પ્રત્યે એમ બોલ્યા જે, ''સર્વે સાંભળો એક વાત કરીએ છીએ જે, પ્રથમ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરવો તે ભગવાન કેવા છે તો પોતાની ઈચ્છાએ કરીને જીવના કલ્યાણને અર્થે જન્મ ધરે છે. ને જન્મને ધરતા થકા પણ અજન્મા છે, ને દેહને મૂક્તા થકા પણ અજર અમર છે, ને નિરંજન છે, કેતાં માયાના અંજને કરીને રહિત છે, ને મૂર્તિમાન છે, અને સ્વયંપ્રકાશ છે, પરબ્રહ્મ છે, અક્ષરાતીત છે, અંતર્યામી છે, અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે, અને મનુષ્ય દેહને જે ધરવું ને મુકવું તે તો નટની પેઠે ઈન્દ્રજાળ સરખું છે. અને અનંતકોટિ અક્ષરાદિક મુક્તના નિયંતા છે, ને સર્વેના સ્વામી છે, એવા જે શ્રીપુરુષોત્તમ નારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે શ્રીનરનારાયણ રૂપે પ્રગટ થઈને બદરીકાશ્રમને વિષે તપ કરે છે. અને વળી તે શ્રીનરનારાયણ તે પૃથ્વીને વિષે કોઈક કાર્યને અર્થે મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, રામ, કૃષ્ણાદિક જે દેહ તેને ગ્રહણ કરીને અને તે પોતાને દેહે કરીને અન્ય જીવના દેહાભિમાનનો ત્યાગ કરાવીને અને બ્રહ્મ અભિમાનને ગ્રહણ કરાવીને પોતાના દેહને અને અન્ય જીવના દેહને સમ દેખાડે છે. જેમ કાંટે કરીને કાંટાને કાઢીને બે કાંટાનો ત્યાગ કરે. તેમ ભગવાન પોતાના દેહનો અન્ય જીવના દેહને તુલ્યપણે ત્યાગ કરે છે. તે ભારતને વિષે આખ્યાન છે જે, 'નૃસિંહજીને જ્યારે દેહત્યાગ કર્યાની ઈચ્છા થઈ ત્યારે અંતર્યામીરૂપે કરીને શિવના હૃદયને વિષે પ્રેરીને શિવ પાસે શરભનો દેહ ધરાવ્યો. અને તે શરભને ને નૃસિંહજીને યુદ્ધ થયું ને પછી નૃસિંહજીએ પોતાનો દેહ મુકી દીધો.' એવી રીતે સ્વતંત્ર થકા પોતાની ઈચ્છાએ કરીને દેહને ગ્રહણ કરે છે ને દેહનો ત્યાગ કરે છે. તે જેમ ઋષભદેવનો દેહ દાવાનળને વિષે બળી ગયો, અને શ્રીકૃષ્ણભગવાનના પગમાં તીર લાગ્યો ને દેહનો ત્યાગ કર્યો, તે ચરિત્રને દેખીને જે નાસ્તિક મતિવાળા છે ને અભક્ત છે તેમની મતિ ભ્રમી જાય છે, અને પોતાની પેઠે ભગવાનને વિષે પણ જન્મ મૃત્યુનું આરોપણ કરે છે. અને તેમની મતિને વિષે એમ જણાય છે જે, ભગવાન પણ કર્મે કરીને દેહને ધરે છે અને કર્મે કરીને દેહને મૂકે છે. અને

જ્યારે નૈષ્કર્મ્ય કર્મને કરશે ત્યારે કર્મ ખપીને મુક્ત થશે. અને જે આસ્તિક બુદ્ધિવાળા છે અને હરિભક્ત છે તે એમ જાણે છે જે, નાસ્તિકની સમજણ છે તે ખોટી છે. ને ભગવાનનો દેહ તો નિત્ય છે, અને ભગવાનને વિષે જન્મ, બાલ્ય, યૌવન, વૃદ્ધપણું ને મૃત્યુ ઈત્યાદિક જે દેહના ભાવ તે તો ભગવાનની લીલા છે, અને કાળ ને માયા તે ભગવાનના દેહને વિષે ચેષ્ટા કરવાને અર્થે સમર્થ થતા નથી. અને ભગવાનના દેહને વિષે પરિણામપણું જણાય છે તે તો એ ભગવાનની યોગમાયાએ કરીને જણાય છે, અને તેને વિષે જે ભગવાનના ભક્ત છે, તે મોહ નથી પામતા ને જે અભકત છે તેની મતિ ભ્રમી જાય છે. જેમ નટનાં ચરિત્રને દેખીને જગતના જીવની મતિ ભ્રમી જાય છે. અને નટની વિદ્યાના જાણતલની મતિ નથી ભ્રમતી. તેમ પુરુષોત્તમ એવા જે શ્રીનરનારાયણ તે અનેક દેહ ધરીને નટની પેઠે ત્યાગ કરે છે ને એ શ્રીનરનારાયણ સર્વે અવતારના કારણ છે ને શ્રીનરનારાયણને વિષે જે મરણભાવ કલ્પે છે તેને અનેક દેહ ધરવા પડે છે. ને ચોરાશીના દુઃખનો ને યમપુરીના દુઃખનો તેને પાર આવતો નથી. અને જે શ્રીનરનારાયણને વિષે અજર અમરપણું સમજે છે તે કર્મ થકી અને ચોરાશી થકી મૂકાઈ જાય છે. માટે આપણા ઉદ્ધવ સંપ્રદાયના સર્વે સત્સંગી સાધુ ભગવાનની મૂર્તિયું જે થઈ ગઈ ને હમણાં છે ને આગળ થશે તેને વિષે મરણભાવ કોઈ કલ્પશો મા. અને આ વાર્તા સૌ લખી લેજો.'' એમ કહીને શ્રીજીમહારાજ પોતાનું પ્રગટપણું જણાવતા હવા. ને તે વાર્તા સાંભળીને સર્વે તેવી જ રીતે શ્રીજીમહારાજનો નિશ્ચય કરતા હવા. ઈતિ વચનામૃતમ્ ॥૪॥ ૨૨૪ ॥

આ તો તમને ઘડી ઘડી પોરો દઉં છું, નીકર રાત ને દિવસ એમને એમ કથાવાર્તા કર્યા કરું. પણ બીજાને મૂંઝવણ પડે તે સારું ઘડીક ભક્તિ, ઘડીક કીર્તન, કથા વાર્તા, ધ્યાન એ બધું ફરતું ફરતું કરવું, તેથી મૂંઝવણ થાય નહિ.

અને મહારાજ કહે : ''જડભરત ને શુકજીના જેવો વૈરાગ્ય, ગોપીઓના જેવો પ્રેમ, ઉદ્ધવ ને હનુમાનના જેવું દાસત્વપણું એવો થાય ત્યારે ખરો ભક્ત, નીકર કાચ્યપ કહેવાય.'' તે વિચારીને જોવું



જે એમાં કેટલી કસર છે.

અને જો રોટલા મળતા હોય, તો આઘો પાછો પગ જ ન ભરવો; ને જો ભરે તો દુઃખી થાય. ને રોટલા તો સુતા રહે તો પણ મહારાજ સોડમાં[૪] દઈ જાય; નીકર દીધા હોય તે લઈ જાય માટે દાળરોટલા ખાઈને ભજન કરી લેવું. **લોકના ફીતુરમાં ને વ્યસન જેટલામાં તો આપણા રોટલા છે;** એમ જાણવું ને ડોળ ન કરવો.

અને **અંતરનો કુસંગ, બહારનો કુસંગ ને સત્સંગમાં કુસંગ** એને ઓળખીને તેનો ત્યાગ કરવો. તે અંતરનો કુસંગ જે, 'મનમાં ભૂંડો ઘાટ થાય' ને સત્સંગમાં કુસંગ જેઃ લોક, ભોગ ને પક્ષ. તે પક્ષે કરીને આચાર્યનું, મંદિરનું, કોઠારનું ને મોટા સાધુનું ઘસાતું બોલે. ત્યારે કોઈકે પ્રશ્ન પૂછ્યું : જે 'એ થઈ ગયું હોય તે કેમ ટળે ? એટલે સ્વામી કહે : એ તો મોટા સાધુનો વિશ્વાસ હોય જે, ''એ ભગવાન જેવા છે ને ભગવાનની પેઠે અંતર્યામી છે, તે જાણે છે પણ કહેતા નથી.'' એમ જાણે તો ટળે.

નૃસિંહાનંદ સ્વામીને મહારાજે ભણાવવા માંડ્યા; તે પંચ સંધિ[૫] મહિના એકમાં કંઠે કરી પણ મૂર્તિ દેખાતી તે ન દેખાણી પછી રોયા ! તે મહારાજ કહેઃ ''ભણવું મૂકી દિયો.'' પછી મૂર્તિ અખંડ રાખ્યામાં દાખડો બહુ પડશે; કેમ જે આ જીવે પાપ ઘણાં કર્યા છે, તે પાપના કરોડ કોઠાર ભર્યા છે; તેમાંથી ભગવાને એક કોઠાર ફાડીને અર્ધાના ઈન્દ્રિયો, દેહ આદિ સમસ્ત કર્યું, ને અર્ધામાંથી તેનાં ભોગનાં સ્થાનક કર્યાં, માટે એ બધુંય પાપ છે. કોઈ ઈન્દ્રિય-અંતઃકરણ ભગવાન ભજવા દે એવાં નથી; ને જીવ તો એકલો છે, તે જો બળિયો થાય તો ભગવાન ભજાય; નીકર ભજવા દે એવાં નથી. પણ જે દી' તે દી' આ કર્યે છૂટકો છે. એ સિદ્ધાંત છે. ને અંતરદૃષ્ટિ કરવી તે ધીરે ધીરે કરવા માંડ્યે થાય; તે એમ કર્યા વિના છૂટકો નથી.

એકવાર શ્રીજી મહારાજે ઉભા થઈને કહ્યું હતું : જે 'કોઈ નિયમ

ભંગ કરશોમા; ને જેને કરવો હોય તો સત્સંગમાં રહેશોમા, ને આ જે સૂર્ય **સરખી અમારી ગોદડીયું તેમાં ભલા થઈને ડાઘ લાગવા દેશોમા.** ને મને ભગવાન જાણશે ને કુસંગમાં હશે, તો પણ કલ્યાણ થાશે; ને **સત્સંગમાં રહીને નિયમભંગ થાશે તેનું તો ભૂંડું જ થાશે.''** એમ મહારાજે કહ્યું હતું. ને એના સાધુ પણ રોજ કહે છે, તે માટે ન રહેવાય તો માગ દેજો. ને ઉંદર ને મીંદડી વહાણમાં બેઠાં, તે મીંદડી કહે ધૂળ ઉડાડમા ત્યારે ઉંદર કહેઃ મારનારી થઈ હો તો આમે જ મારને ! એમ જે જાનારા થયા હો તે જાજો પણ મીંદડીની પેઠે કરશોમા.

આ જીવ તો ઘરમાં, કુટુંબમાં, લોકમાં, ભોગમાં ને દેહમાં ગીરના આંધળાની[1] પેઠે વળગ્યો છે ! પણ અંતે રહેવું નથી, એ મૂકીને ચાલ્યું જવાશે. ૧૬૦

આ જીવને આજીવિકા હોય, તે તૂટે એ કેવું લાગે ? એમ આ દેહને વિષે **પંચવિષયની આજીવિકા** સત્સંગ કર્યા પછી તૂટી જાય છે. તે નેત્રને રૂપની, રસનાને રસની, નાસિકાને ગંધની, ત્વચાને સ્પર્શની, એ બધાયની આજીવિકા તૂટી જાય છે; પછી કેમ સુખ રહે ? એમ ચાર-પાંચ વાર કહીને બોલ્યા જે, આવી વાત કોઈ દિવસ કરી નથી.

અને કેટલાંક ઢોર સાથે જીવ જોડે છે ને સંભારે છે; તે ઢોર એને વશ થઈ રહે છે ને વાંસે ફરે છે. એમ ભગવાન સામું જોઈ રહે ને જીવ જોડે, તો એ વશ થયા વિના કેમ રહે ? એ તો પછી એની વાંસે જ ફરે છે; ને સામું જોઈ રહે; કેમ જે ભક્તવત્સલ છે. તે માટે ભગવાન સામું જોઈ રહેવું, ને બીજું ઝાડ આદિક કાંઈ જોવું નહિ; ને દેહને ઘસારો લગાડવો હોય તો રાત્રીમાં બે બે ઘડી ભજનમાં બેસવા માંડે.

અને **ભગવાનનાં કથા, કીર્તન, થતાં હોય, ત્યારે ધ્યાન મૂકી દેવું.** કેમ જે એમાંથી **જ્ઞાન થાય ત્યારે ધ્યાન ટકે.**



## સભા - ૪૭

પછી સંધ્યા આરતી થઈ રહી તે કેડે કુબેરસિંહે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જે પુરુષને ભગવાનનો નિશ્ચય પોતાના હૃદયમાં યથાર્થ થયો હોય તે નિશ્ચય ક્યારેય ન ડગે તે ઉપાય કહો.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ વાત તો સૌને સાંભળવા યોગ્ય છે, તે માટે સર્વે સાવધાન થઈને સાંભળો જે, પ્રત્યક્ષ એવા જે ભગવાન તેનું આવી રીતે માહાત્મ્ય જાણે તો નિશ્ચય ડગે નહિ. તે માહાત્મ્ય કહીએ છીએ જે, આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તેજ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે, ને પોતે તો અવતારી છે ને એ જ સર્વેના અંતર્યામી છે. એ જ અક્ષરધામને વિષે તેજોમય છે, ને સદા સાકારરૂપ છે, ને અનંત ઐશ્વર્ય યુક્ત છે, ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે, તે ભગવાન જ્યારે પ્રગટ થઈને ઋષભદેવની ક્રિયાને ગ્રહણ કરે ત્યારે જાણીયે જે ઋષભદેવ છે, ને જ્યારે રામાવતારનું ચરિત્ર કરે ત્યારે જાણીએ જે રામચંદ્રજી છે, ને જ્યારે શ્રીકૃષ્ણની લીલા આચરે ત્યારે જાણીએ જે શ્રીકૃષ્ણ છે એજ પ્રકારે જે જે અવતારની ક્રિયા જાણ્યામાં આવે ત્યારે એમ સમજવું જે, મોરે ભગવાનના જેટલા અવતાર થયા છે તે સર્વે આમાંથી થયા છે, ને એજ ભગવાન સર્વે અવતારના કારણ છે એમ સમજે તો તેનો નિશ્ચય ડગે નહિ ને એમ ન સમજે તો કાંઈક ડગમગાટ થાય ખરો. એનો એ ઉત્તર છે. ને તેજ શ્રીકૃષ્ણભગવાન પોતે શ્રીનરનારાયણ રૂપે કરીને ધર્મ થકી ભક્તિને વિષે પ્રગટ થયા છે. તે માટે આ શ્રીનરનારાયણને અમે અમારું રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રીનરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ. ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે.'' એવી રીતનાં શ્રીજીમહારાજનાં વચન સાંભળીને વળી કુબેરસિંહે પૂછ્યું જે, "હે મહારાજ! તે બ્રહ્મપુર કેવું છે તેનું રૂપ કહો ને તેને વિષે જે ભગવાનના ભક્ત છે તેનું રૂપ કહો.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અક્ષર રૂપ જે બ્રહ્મ છે તે જ શ્રીપુરુષોત્તમનારાયણને રહેવા સારુ ધામરૂપ થયું છે ને સર્વ અક્ષર બ્રહ્મ થકી ભગવાનના ધામરૂપ જે અક્ષર બ્રહ્મ તે

અનાદિ છે ને તે બ્રહ્મધામને વિષે બહુ પ્રકારના મહોલ છે. તે મહોલને વિષે બહુપ્રકારના ગોખ છે ને બહુ પ્રકારના ઝરૂખા છે, ને બહુ પ્રકારની તેને અગાસીયું છે, તેને વિષે બહુ ચિત્ર વિચિત્રપણું છે, ને બહુ પ્રકારના ફુંવારા છે. ને બહુ પ્રકારના બાગબગીચા છે, ને તેમાં ફુલ પણ અનંત જાતનાં છે, ને તેજોમય છે. ને અનંત છે, ને એને કોઈ ધામની ઉપમા ન દેવાય તેવું છે. અને ગોલોક પણ એને કહીએ ને અનંત અન્યધામની વિભૂતિયું તે થકી અસંખ્ય કોટિજાતની શોભાનું અધિકપણું છે ને અપાર છે. ત્યાં દૃષ્ટાંત છે જેમ આકાશ છે તેની ચારે કોરે જોઈએ તે કોઈ દિશામાં અંત આવતો નથી. તેમ એ ભગવાનના ધામનો હેઠે ઉપર ને ચારેકોર અંત નથી કેમજે એ અપાર છે. તેનો જો પાર લેવા માંડે તો પાર આવે નહિ એવું મોટું બ્રહ્મપુર છે. તે બ્રહ્મપુરને વિષે જે પદાર્થ છે તે સર્વે દિવ્ય ચૈતન્યમય છે, ને તે ધામને વિષે અસંખ્ય પાર્ષદ રહ્યા છે. તે કેવા છે તો દિવ્ય આકાર સહિત ને તેજોમય છે, ને સર્વભૂત પ્રાણી માત્રના અંતર્યામી છે. તે સર્વે ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહ્યા છે. ને તેજ ધામના જે પતિ અને અક્ષરાદિક મુક્તના સ્વામી ને પરબ્રહ્મ પુરુષોત્તમ જે છે તેજ આ સત્સંગને વિષે વિરાજમાન છે. આવો જેનો નિશ્ચય છે, તે જ બ્રહ્મધામને પામે છે.'' ઈતિ વચનામૃતમ્ ॥૬॥ ૨૨૬ ॥

**માંગરોળ**માં મહારાજ મૂળચંદભાઈને ત્યાં જમવા ગયા, તે રસ્તામાં એક કબો વાણિયો વેપારમાં ખોટ ગઈ તે ઘેલો થઈ ગયેલ; તે હાટમાં બેઠો બેઠો ત્રાજવામાં ધૂળ ને છાણ ને પાણા ભરી ભરીને તોળે ! પછી કહે : જે 'લીઓ સાકર, લીઓ એલચી' એમ કહે, પછી મહારાજ કહે : ''આ કોણ છે ?'' એટલે હરિજને કહ્યું : જે ''આ તો કબો ગાંડો છે'' ત્યારે મહારાજ કહે : ''હું તો **જે જીવ ભગવાનને નથી ભજતા, એ બધાય કબા ગાંડા છે** એમ જાણું છું.''

અને માન, કામ, ક્રોધમાં જીવ ભરાઈ રહ્યો છે, તેણે શું ભગવાન ભજાય છે ? ને **ગ્રામ્ય વાર્તા**નું કહ્યું : જે ગ્રામ્ય વાર્તા એક ત્રણ જણ હતા તે કરતા, તેને મહારાજ કહે : જે 'આને અમ પાસે આવવા



દેશોમા, એ ગ્રામ્ય વાર્તા કરે છે.' માટે પ્રયોજન માત્ર વાત કરવી, પણ બીજી રાજાની ને શાહુકારની તે શા સારુ કરવી જોઈએ ? **ભગવાન વિના વાત કરવી ને ભગવાનની સ્મૃતિ વિના ખાવું એ ધૂળ જેવું છે. માટે સાધુનો સમાગમ કરીને કામ, દેહાભિમાન ને ક્રોધ એ ટાળવાં.**

આ તો ભગવાને સહુનું સામર્થ્ય ઢાંકી રાખ્યું છે, નીકર તો શાપ દઈને બાળી મૂકે; નીકર ગાંડા થઈને ક્યાંયના ક્યાંય ચાલ્યા જાય; નીકર હાથે દેહ મૂકીને જાતા રહે, પણ આતો કોઈનું ચાલવા દેતા નથી.

હે પરમહંસો ! શાંતિ તો એક નારાયણના ચરણારવિંદમાં જ છે. તે માટે તે સામું જોઈ રહેવું. જેમાં નિદ્રા આવવી જોઈએ તેમાં નથી આવતી, આ ટોડાં સારે છે તેમાં નથી આવતી ને જો માળા ફેરવવા બેસે તો બધાયને આવે ! પણ ધીરે ધીરે ભગવાનને સંભારતા જાય ને ટોડાં[1] લાવતા જાય તો એમ જ થાય. મરને એક ટોડું ઓછું આવે, પણ એવા સ્વભાવ પાડેલ નહિઃ આવાં તો બ્રહ્માંડમાં એક લાખ-કરોડ કારખાનાં ચાલતાં હશે એમાં શું પાક્યું? આગ્રામાં અઢાર કરોડ રૂપિયાનું એક કબ્રસ્તાન છે, તેણે શું થયું ? માટે ભગવાન ભજ્યામાં સુખ છે.

અને આ ચાલ્યા, આ દેહમાં કાંઈ રહેવાશે ? આ દેહમાં તો નરક ભર્યું છે, જેને સારું ખવરાવો છો. ને જો સંબંધીને આપો તો સારું બોલે, બહેનને પણ જો હમણા એક રૂપિયો ન આપ્યો હોય, તો હેતની ખબર પડે ! આ બધું સ્વારથિયું છે. એ આદિક ઘણીક વાતો કહી.

કરોડો રૂપિયા ખરચતાં પણ આવા સાધુ મળે નહિ, ને કરોડો રૂપિયા દેતાં પણ આ વાતું મળે નહિ, ને કરોડો રૂપિયા આપતા પણ મનુષ્યદેહ મળે નહિ, ને આપણે પણ કરોડો જન્મ ધર્યાં છે, પણ કોઈ વખત આવો જોગ મળ્યો નથી, નીકર શું કરવા દેહ ધરવો પડે ?

ભગવાન છે તે કેટલાકને સમૃદ્ધિ આપે છે ને કેટલાકને નથી આપતા તેનું કેમ સમજવું ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર જે ઝાઝું ધન મળે

તો વધારે ફેલ[1] કરે, માટે થોડું મળે તે ઠીક છે.

વિષયનું જે સુખ છે તે કરતાં આત્માનું સુખ બહુ અધિક છે, ને તે કરતાં ભગવાનનું સુખ એ તો ચિંતામણિ છે.

સત્સંગ થાય પણ **સંગ વિના સત્સંગનું સુખ ન આવે;** કેની પેઠે? તો જેમ ખાધાનું મળે પણ ખાધા વિનાનું સુખ ન આવે. જેમ લુગડાં; ઘરેણાં મળે તોપણ પેર્યા વિના તેનું સુખ ન આવે; તેમ સંગ વિના સત્સંગનું સુખ આવે નહિ.

આ વાતુમાંથી તો બ્રહ્મરૂપ થવાશે; ને બાળ જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીયું તથા કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે; ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે. ત્યારે કહેશો જે વાતું સાંભળીએ છીએ ને કેમ થવાતું નથી ? તે તો આજ આંબો વાવો ને કાલ કેરી કેમ થાય ? પણ એ જ આંબો દશ વર્ષનો થાય ત્યારે એમાંથી કેરીયું થાય છે. એમ થાવાનું છે.

મહારાજે કહ્યું હતું જે અમે અલિયા ગામમાં એક વાર દૃષ્ટિ કરીને અનંત જીવને બ્રહ્મમહોલમાં મૂકી દીધાં; પણ ત્યાં કોઈ રહ્યા નહિ. માટે જ્ઞાન દઈને જેવું થાય એવું દૃષ્ટિએ કરીને થાતું નથી.

કોઈક લોભ મૂકે, સ્વાદ મૂકે, સ્નેહ મૂકે, અને માન મૂકે; પણ સ્ત્રી તો હૈયામાંથી નીકળે નહિ. ને રૂપ જેવું તો કોઈ બળવાન નથી; ને એ વિષય તો જીવ માત્રમાં રહ્યો છે; તે તો મોટા અનુગ્રહ કરે ત્યારે ટળે, પણ તે વિના ટળે નહિ.

વિષયનો તિરસ્કાર તો અક્ષરધામમાં છે, ને શ્વેતદ્વીપમાં છે, ને બદરિકાશ્રમમાં છે ને આ લોકમાં મોટા એકાંતિક પાસે છે, એ ચાર ઠેકાણા વિના બાકી સર્વે ઠેકાણે વિષયનો આદર છે.



## સભા - ૪૮

તે સમે પ્રાગજી દવે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! તમારે વિષે કીયે પ્રકારે મન સ્થિર થાય ને વ્યભિચારને કોઈ કાળે ન પામે તે કહો.'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''તમારા પ્રશ્નનો ઉત્તર કરીએ તેને તમે સાંભળો'' એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ભગવાનનું માહાત્મ્ય જાણવા થકી ભગવાનને વિષે મન સ્થિર થાય છે તે માહાત્મ્ય જાણવાની રીત કહીએ છીએ જે, પ્રથમ અમે પીપલાણામાં લાધા બ્રાહ્મણને ઘેર રામાનંદ સ્વામીને એમ પૂછ્યું હતું જે, તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો ? ત્યારે રામાનંદ સ્વામી તો બોલ્યા જ નહિ. ને ત્યાર પછી અગણોત્તરા કાળમાં અમે માંદા થયા હતા ત્યારે અમે ક્ષીરસાગરને વિષે શેષશય્યાને વિષે શેષશાયી નારાયણ સૂતા છે ત્યાં ગયા. ત્યારે ત્યાં અમે રામાનંદ સ્વામીને જોયા. તે ધોળી ધોતી પહેરી હતી ને પછેડી ઓઢી હતી. એવા બીજા પણ ઘણાક શેષશાયી નારાયણના ચરણારવિંદને સમીપે બેઠા હતા તે અમે જોયા. ત્યારે અમે નારાયણને પુછ્યું જે, 'આ રામાનંદ સ્વામી તે કોણ છે ?' પછી નારાયણે કહ્યું જે, 'એ તો બ્રહ્મવેત્તા છે.' એમ નારાયણને બોલતે સતે રામાનંદ સ્વામી તો તે નારાયણના શરીરને વિષે લીન થયા. ને ત્યાર પછી અમે દેહને વિષે આવ્યા, ને તે પછી અમે અંતર્દષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો. તે જોતાં જોતાં નંદીશ્વર પોઠીયો આવ્યો તે ઉપર બેસીને કૈલાસમાં શિવજી પાસે ગયા. ને ત્યાં ગરુડ આવ્યો તે ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મધામને વિષે જાતા હવા. ત્યાં ગરુડ પણ ઉડી શક્યો નહિ એટલે અમે એકલા જ તે સર્વ થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા અને પછી અમે દેહને વિષે આવ્યા, ને ફેર અંતર સામું જોયું ત્યારે એમ જણાણું જે, સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય, તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ, એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની

પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન સ્થિર થાય, ને કોઈ કાળે વ્યભિચારને પામે નહિ, ને જે જે જીવ મારે શરણે આવ્યા છે ને એમ સમજશે તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ, અને તે સર્વેને અંતર્યામી જેવા કરીશ, ને બ્રહ્માંડુંની ઉત્પત્યાદિકને કરે એવા સમર્થ કરીશ, પણ પછી સામર્થી પામીને એમ જાણે જે હું જ મોટો છું. એમ જાણીને ઋષિરૂપ એવા જે પ્રત્યક્ષ શ્રીનરનારાયણ તેને ગણવા જ નહિ એવો અહંકાર આવવા દેવો નહિ, ને એમ જાણવું, જે શ્રીનરનારાયણની કરુણાએ કરીને હું મોટ્યમ પામ્યો છું.'' એમ શ્રીજીમહારાજે એ પ્રશ્નનો ઉત્તર કર્યો. ઈતિ વચનામૃતમ્ ॥૭॥ ૨૨૭॥

આપણા દોષ તો મહારાજે ટાળી નાખ્યા છે; ને તે દોષનું દર્શન થાય છે એ તો આપણા રૂડાને અર્થે થાય છે; નીકર જીવ તો ઉન્મત્ત થઈ જાય એવો છે. ને હવે તો આપણે ભગવાન વશ કરવા છે ને તે ભગવાન જેવું સામર્થ્ય પામવું છે, તે સારુ મંડ્યા છીએ.

**'બ્રહ્મરૂપ માનીને ભક્તિ કરવી.'** એ જ સિદ્ધાંત છે; તે જેમ ઘણાં માણસ વટલે ને એક જણ નાતમાં રહે, પણ તેણે એમ સમજવું, જે 'હું વટલ્યો નથી' તેમ બ્રહ્મરૂપ માનવાની સમજણ છે. તમોગુણીને માન વધારે હોય ને રજોગુણીને કામ વધારે હોય ને સત્વગુણીને જ્ઞાન વધારે હોય.

જ્યારે દુર્યોધનને ને પાંડવને કજીયો થવાનો આદર થયો, ત્યારે દુર્યોધન પાસે દૈત્ય સર્વે આવીને કહે જે ''અમે કૃપાચાર્યમાં, દ્રોણાચાર્યમાં, અને ભીષ્મપિતા આદિકમાં પ્રવેશ કરશું માટે યુદ્ધ કર.'' એમ કહ્યું તેમાં કહેવાનું શું છે ? જે આપણામાં કામ ક્રોધાદિક માંહિલા દોષ આવીને પ્રવેશ કરે ત્યારે મોટાનો અવગુણ આવે ને ન કરવાનું પણ થાય; ત્યારે જાણવું જે **''મારામાં દૈત્યે પ્રવેશ કર્યો છે પણ હું એવો નથી.''** એમ સમજવું.



કેટલીક કસર ત્યાગ વૈરાગ્યે ટળશે, કેટલીક કસર જ્ઞાને કરીને ટળશે અને કેટલીક કસર ભક્તિ કરાવીને ટળાવશું. બાકી છેલ્લી વારે રોગ પ્રેરીને પણ શુદ્ધ કરવા છે; પણ કસર રહેવા દેવી નથી.

શરદ ઋતુમાં આકાશ નિર્મળ જોઈને બોલ્યા જે આવું અંતઃકરણ થાય ત્યારે જીવ સુખિયો થાય; તેમ સત્સંગ કરતાં કરતાં થાય છે.

સાધન કરી કરીને મરી જાય તો પણ વાસના ટળે નહિ; ને મોટા અનુગ્રહ કરે ત્યારે જ ટળે છે.

આપણું દર્શન કરશે તેનું પણ કલ્યાણ થાશે; પણ બહુ મહિમા કહીએ તો કોઈ વર્તમાન પાળે નહિ. ને આ તો મુક્તે દેહ ધર્યા છે; ને વાસના જેવું જણાય છે તે તો દેહ ધર્યો તેનો ભાવ જણાય છે; નીકર તો દેહ રહે નહિ.

અને આપણે તો ભગવાનનો ખપ નથી, પણ ભગવાન આવીને પરાણે આપણને વળગ્યા છે, તે મહારાજ કહે : 'ભૂત વળગે છે તે પણ નથી મૂકતું તો અમે કેમ મૂકશું ?'

ભગવાન જીવના અવગુણ સામું જોતા નથી. તે કોઈક જીવ ભગવાનની સ્તુતિ કરીને એમ બોલે જે 'હું ગુન્હેગાર છું' તેના ગુન્હા ભગવાન માફ કરે. ૭૮

અમને તો એક જન્મ મરણનો રોગ ટાળતાં આવડે છે. બીજું આવડતું નથી.

અને સર્વ પ્રકારની આસક્તિ ટળી જાય તો આલોક ને દેહ તે ગમે નહિ ને આ લોકમાં રહેવું પડે તે દુઃખ થાય એમ બોલ્યા; તે ઉપર પ્રશ્ન પૂછ્યું જે આસક્તિ રહે છે, તેનું દુઃખ થાય છે; તેનું કેમ સમજવું ? પછી તેનો ઉત્તર કર્યો જે એ દુઃખ સારું કરે છે; કેમ જે નિર્માની રહેવાય. તે ભગવાન કરતા હશે તે ઠીક કરતા હશે; ને દેહનું રૂપ તો ગામ ફણેણીમાં સુરાખાચરને કાન દેખાડ્યો તે ભેળી ઉલટી થઈ, તેમ બીજાને દેખાય તો એવું થાય.

અને જો માર માર કરતો કોઈ આવતો હોય તોપણ એમ સમજવું જે ‘‘મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે; પણ તે વિના કોઈનું હલાવ્યું પાંદડું પણ હલતું નથી.’’

જીવને ચોટવાનાં ઠેકાણાં બેજ છે, તે ભગવાનમાં ચોટે નીકર માયામાં ચોટે. પણ આધાર વિના કેમ રહેવાય ?

અને આખી પૃથ્વીમાં એક માણસ મરે તેનો કાંઈ ખરખરો થાય છે ? તેમ અક્ષરની દૃષ્ટિને જે પામે છે તેને આખા બ્રહ્માંડનો પ્રલય થાય તો પણ થડકો ન થાય; એવી પણ એક સમજણ છે.

જેમ નાતનો, નામનો અને ગામનો નિશ્ચય થયો છે; તેમજ એવો અભ્યાસ કરે જે, ‘હું આત્મા છું, બ્રહ્મ છું, સુખરૂપ છું, ભગવાનનો ભક્ત છું પણ દેહ તે હું નહિ, એમ કરે તો તે પણ થાય. ને આ દેહ આપણને નિત્ય નરક ચુંથાવે છે એથી ભૂંડું શું ? પણ જ્ઞાન વિના તેની ગમ નથી.

અને ભગવાનની સ્તુતિ કરવી, પણ પોતાને પતિત કે અધમ માનવું નહિ; કેમ જે એમ માને તો જીવમાં બળ રહે નહિ ને જીવ ગ્લાનિ પામી જાય; ને આપણને તો ભગવાન મળ્યા છે માટે પતિત શા સારુ માનીએ? આપણે તો કૃતાર્થ માનવું.

અને આજ તો મહારાજ કહે કે ‘સહુને ભીડામાં લેવા છે ને સહુને એકાંતિક કરવા છે; ને વાસના હશે તો સૂર્યના લોકમાં થઈને બાળીને લઈ જાશું.’

અને મોટા છે તે કોઈને તો વધુ સુખ આપે છે ને કોઈકને થોડું સુખ આપે છે, તેનું કેમ સમજવું ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે મોટા તો સમુદ્ર જેવા છે. તે સમુદ્રમાં પાણીની ખોટ નથી, તેમ કોઈને ઓછું સુખ આપતા નથી; પણ પાત્રને લઈને એમ જણાય છે. તે ઉપરથી તો મોટા માણસનું રાખવું પડે છે, એવું ગરીબનું ન રખાય, એ તો વ્યવહાર કહેવાય જે પર્વતભાઈ જેવા વાંસે બેસે ને મોટું માણસ હોય તે આગળ બેસે.



## સભા - ૪૯

તે સમે શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિક સાધુ સર્વે પ્રત્યે એમ બોલ્યા જે, ‘‘સર્વે સાંભળો એક વાત કરવી છે જે, ‘જે ભક્તને ભગવાનનું સ્વરૂપ જાણવાને વિષે કાંઈક ન્યૂનતા રહે છે તેને મોટી ખોટ આવે છે.’ ને ભગવાન જે પુરુષોત્તમ જેને શ્રીકૃષ્ણ કહીયે, જેને શ્રીવાસુદેવ કહીયે, જેને શ્રીનરનારાયણ કહીયે, જેને પરબ્રહ્મ કહીયે, જેને શ્રીનારાયણ કહીયે, તેનું યથાર્થ સુખ પણ આવતું નથી, ને એકાંતિક ભક્ત થવાતું નથી માટે એકાંતિક એવા જે ભગવાનના જ્ઞાની ભક્ત તેમનો સમાગમ કરીને જ્ઞાનની દૃઢતા કરવી, કેમ જે, ભગવાનના સ્વરૂપના જ્ઞાનની દૃઢતા વિના તો પ્રજાપતિ આદિ લઈને જે જગતના સૃષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે, ને પાછા અંતે માયાને વિષે જ લીન થાય છે, પણ શ્રીપુરુષોત્તમ ભગવાનના અક્ષરધામને તો એ પામતા જ નથી. તે શા સારુ તો તેમની સમજણમાં ભુલ છે.’’ ત્યારે સર્વે મુનિ બોલ્યા જે, ‘‘હે મહારાજ ! એમને વિષે શી જાતની ભુલ છે તે કહો,’’ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘લ્યો એમની ભૂલ કહીયે તે સાંભળો જે, એક તો પોતાની મુક્તિ થવી તેને વિષે પોતાની ક્રિયાનું જ બળ સમજે છે, પણ ભગવાનના આશરાનું બળ નથી સમજતા ને બીજું અક્ષરરૂપ થઈને જે શ્રીપુરુષોતમનારાયણની સેવા કરવી તેજ મુક્તિ છે, એમ નથી માનતા એ ભૂલ છે. અને ત્રીજું રામકૃષ્ણાદિક ભગવાનના અનંત અવતાર તેને તો એ સર્વે અંશ કરીને જાણે છે. એજ એમને વિષે મોટી ભૂલ છે. ને ચોથું એમ જે, આ બ્રહ્માંડની ઉત્પત્તિ કેમ થતી હશે ? એકવાર જોઈએ તો ખરા, એવો સંકલ્પ પોતાના મનમાં પૂર્વે મૃત્યુ સમે રહ્યો હતો. તે સંકલ્પ જોઇને ભગવાને તેમને બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિ કર્મને વિષે જોડ્યા છે તે જ્યારે ભગવાનના એકાંતિક ભક્તના સમાગમે કરીને સમ્યક્ પ્રકારે જ્ઞાનને પામશે ત્યારે જ બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામને પામશે ને મહા સુખીયા થાશે. માટે ભગવાનના જે ભક્ત તેમણે ભગવાનની સેવા વિના બીજી ઈચ્છા રાખવી નહિ, ને ભગવાનના ભક્ત પણ ત્રણ પ્રકારના છે તે લક્ષણે કરીને જાણવા. તેમાં જે ભગવાનને ભજીને વિશ્વની ઉત્પત્ત્યાદિક સામર્થ્યને ઈચ્છે

છે તે ભક્તને ઐશ્વર્યાર્થી જાણવો ને કનિષ્ઠ જાણવો ને જે કેવળ આત્માના સ્વરૂપને જાણવાને અર્થે ભગવાનને ભજે તેને કૈવલ્યાર્થી જાણવો. ને તે ભક્તને મધ્યમ જાણવો. ને ત્રીજો જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની નિરંતર અનન્યપણે કરીને સેવાને વિષે નિષ્ઠા રાખે છે તેને ભગવન્નિષ્ઠાર્થી જાણવો, ને તે ભક્તને સર્વથકી ઉત્તમ જાણવો, માટે આપણ તો સર્વે પ્રગટ પ્રમાણ શ્રીનરનારાયણ તેની નિષ્ઠાવાળા છીએ, માટે ઉત્તમ છીએ એમાં કાંઈ સંશય નથી,'' એવી રીતે શ્રીજીમહારાજનાં વચન સાંભળીને સર્વે પરમ આનંદને પામતા હવા. ઈતિ વચનામૃતમ્ ॥૧॥ ૨૨૯ ॥

કેટલેક રૂપિયે આંખ, કાન આદિક ઈન્દ્રિયો મળે નહિ; તે ભગવાને આપ્યાં છે; પણ જીવ કેવળ કૃતઘ્ની છે.

દુઃખ કોઈ માનશો નહિ, ને જે જોઈએ તે આપણને મળ્યું છે; ને ઝાઝા રૂપિયા આપે તો પ્રભુ ભજાય નહિ; તે સારુ આપતા નથી.

એક દિવસે રાજ દેવાય, પણ વિદ્યા ન દેવાય. ને રાજાનો કુંવર હોય તેને ગમે તેટલું ખવરાવે તો પણ એક દિવસે મોટો ન થાય; એ તો ધીરે ધીરે મોટો થાય. તેમ જ્ઞાન પણ સંગે કરીને ધીરે ધીરે થાય છે.

કદાપિ રાજી થઈને માથે હાથ મૂકીએ તો પણ જ્ઞાન કેમ થાય? એ તો વાતે કરીને થાય. ને રાજી થાય તો બુદ્ધિ આપે, તેથી વાત સમજાય.

અને સાધને કરીને કદાપિ નિર્વાસનિક થવાશે; તો પણ શું પાક્યું? ને તેણે કરીને શું ફળ છે ? એ તો ઝાડવાં જેવો છે ને ભગવાનની નિષ્ઠા છે, ને વાસના છે તોપણ તેની શી ફીકર છે ? ને તેનો શો ભાર છે ? ઈત્યાદિક બહુ બળની વાત કરી.

અને **ભગવાનનો આશરો થયો છે, એવી તો કોઈ વાત નથી.** તેને તો સર્વે વાત થઈ રહી છે, કાંઈ કરવું બાકી રહ્યું નથી ને ભગવાન તો અધમઉદ્ધારણ, પતિતપાવન ને શરણાગતવત્સલ છે, ને :-



**'જાકો જગમેં કોઈ નહિ તાકે તુમ હો મહારાજ'**

માટે પ્રગટના જેવી તો કોઈ વાત નથી. ને પ્રગટ સૂર્ય વતે અજવાળું થાય છે, માટે પ્રગટનો આશરો થયો છે તે બળ રાખવું.

અને લાકડાં, પાણા, ઈટાળા અને માણસ એમાં સૌને દેવની માયાનો મોહ થાય છે. ને ભગવાનની મૂર્તિ આગળ તો સર્વે કાળનું ભક્ષ છે; **ને કથા છે એ ભગવાનની મૂર્તિ છે,** તે થકી સમજણની દૃઢતા થાય છે; માટે એનો અભ્યાસ રાખવો.

અને અક્ષરધામમાંથી અહીં પોતે **પુરુષોત્તમ** જીવનાં કલ્યાણ કરવાને સ્વતંત્રપણે આવે ને અનંત જીવનો મોક્ષ કરીને ચાલ્યા જાય. ને મુક્ત તો આજ્ઞાએ કરીને આવે, ને બીજા મુક્ત તો વાસનાએ કરીને આવે; તે તો પ્રિયવ્રત જેવા, અંબરીષ[૧] જેવા કે ભરતજી જેવા થાય.

અને અલભ્ય લાભ મળ્યો છે ને આત્યંતિક મુક્તિને પામ્યા છીએ. ને આજ સત્સંગની ભરજુવાની છે; ને આજ તો શેરડીના સાંઠાનો વચલો ભાગ છે તે આપણને મળ્યો છે; તેમાં રસ ઘણો ને સુગમ પણ છે.

અને ભગવાન જ્યારે પૃથ્વી ઉપર આવે ત્યારે રાજસી, તામસી, સાત્ત્વિકી ને અધમ, તેનો પણ ઉદ્ધાર કરી નાખે છે. કાંઈ મેળ રહે નહિ.

અને જીવ માત્ર લઘુશંકાના છે; તે એનું ભજન કરે છે. ને એ વિના તો રહેવાય નહિ. તે ક્યાં સુધી ? જે વૈરાટ સુધી ન રહેવાય, ને એમાંથી તો એક સનકાદિક તર્યા. ને આ તો મહારાજે નવો ઉઠાવ કર્યો છે; ને આપણે તો કોઈક લોકમાંથી આવ્યા હશું તે અહીં બેસાય છે; ને આવો યોગ મળ્યો છે; નીકર મળે નહિ. ને વિષય વિના તો જીવથી રહેવાય નહિ. તે સારુ વેદે કરીને નિયમ બાંધીને વિષયની રજા આપી; તો પણ જીવ વેદ પ્રમાણે ચાલતા નથી. તે સારાં સારાં માણસ પણ નથી ચાલતાં, કેમ જે વિષયનું બહુ બળ છે એ પ્રકારે વાત કરી.

અને કોટિ સાધન કરે પણ આમ વાતો કરવી ને સાંભળવી તેની બરોબર થાય નહિ; ને બીજાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતું થાય નહિ.

અને પડછાયાને પહોંચાય નહિ. તેમ વિષય તથા સાધનને પણ પહોંચાય નહિ. ને તેનો પાર આવે તેમ નથી; માટે **જ્ઞાન થાય ત્યારે સુખ થાય છે.**

આ કારખાનામાં તો **બ્રહ્માંડ જેટલો વ્યવહાર કરવો ને ન બંધાવું,** એવા તો એક **સહજાનંદ સ્વામી** છે. ને આ કામ તો કેવું છે ? જે આઠ દોકડાભારની ઉંદરડી ને માથે હજાર મણનો પાટડો પડે, તે ઉંદરડી ક્યાંય દેખાય નહિ એવું છે. તે મહારાજે કહ્યું છે : જે 'ગોપાળાનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી તે પણ ઊતરતા જેવા રહે કે ન રહે' માટે આપણે તો ભગવાન ને સાધુ એ બે રાખવા. ને સોનું રાખીને ઉપર રૂપિયા દેવા તે ખોટ ન આવે; ને બીજા વેપારમાં તો ખોટ પણ આવે. માટે આત્મનિષ્ઠા આદિક ગુણ છે, પણ **ભગવાન અને સાધુ જેવું કાંઈ નથી.**

અને સર્વકર્તા તો ભગવાન છે. હમણાં આપણે ઊંઘમાં જાવું હોય તો જવાય નહિ; ને ઊંઘમાં ગયા હોઈએ ને પછી ચોર આવીને લૂંટીને લઈ જાય, પણ આપણાથી જગાય નહિ; માટે **સર્વકર્તા તો ભગવાન છે.**

અને મહારાજ કહે કે : ''અમને સંકલ્પ થાય છે જે **સર્વેને મુક્તાનંદ સ્વામી જેવા કરી મૂકીએ,** પછી સાચવવા ન પડે.'' કેમ જે મુક્તાનંદ સ્વામીને તો જ્ઞાન. તે જ્ઞાને કરીને સર્વે ટાળી નાંખે; ને મુક્તાનંદ સ્વામીને તો શબ્દ આકાશનો ભાગ છે એમ કાપતાં આવડે; ને બીજાને તો એવું જ્ઞાન નહિ તે સારુ આ નિયમ કર્યા છે : જે જોવું નહિ, સાંભળવું નહિ, એ પ્રકારે નિયમ બાંધ્યા છે.

અને ભગવાનને નિર્દોષ સમજવાથી મોક્ષ થઈ રહ્યો છે, ને દોષ ટાળવાનો અભ્યાસ કરે તો ટળી જાય, નીકર દેહ રહે ત્યાં સુધી દુઃખ રહે. ને દોષ જણાય છે તે સર્વે તત્ત્વના દોષ છે.



## સભા - ૫૦

પછી શ્રીજીમહારાજ સર્વસભા પ્રત્યે એમ બોલ્યા જે, ''આ લોકને વિષે જીવનું કલ્યાણ તો એટલા વડે જ છે જે, પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય ને તેમનાં દર્શન ને તેમની અખંડ સ્મૃતિ તેણે કરીને થાય છે, કાં જે, ભાગવતમાં એમ કહ્યું છે જે, કંસ, શિશુપાલ, દંતવક્ર આદિક જે નિંદાના કરનારા તેને ભગવાનની અખંડ સ્મૃતિ રહી તેણે કરીને તેમનું કલ્યાણ થયું છે. માટે ભગવાનની નિરંતર જે સ્મૃતિ તેણે કરીને કલ્યાણ થાય છે, એવી જે સ્મૃતિ તે તમારે સર્વેને છે, માટે તમારું કલ્યાણ થઈ જ રહ્યું છે તો પણ મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વપ્રકારે પાળવી. ત્યારે તમે કહેશો જે, ભગવાન તો મળ્યા છે ને તેની સ્મૃતિ પણ નિરંતર રહે છે તેને વર્તમાન પાળ્યાનું શું પ્રયોજન છે ? તો તેનું તો એમ છે જે, એક તો વર્તમાન દૃઢ રાખે છે, ને એક તો વર્તમાનમાં કસરવાળો છે, તે બેમાં ફેર કેટલો છે તે કહીએ છીએ જે, સ્મૃતિ તો બેયને છે, પણ જે નિયમ ધર્મે રહિત છે તે તો પોતાનુંજ કલ્યાણ કરે છે, પણ એનાથી બીજા જીવનું કલ્યાણ થાય નહિ, ને તે એકાંતિક ભક્ત પણ ન થાય. ને તે ભગવાનના નિર્ગુણ ધામને પણ ન પામે, ને જન્મ મરણથી રહિત તો થાય, ને તેથી સત્સંગમાં પણ ન બેસાય, અને તમે તો સર્વે ઉત્તમ ભક્ત છો, તે ધર્મ નિયમે યુક્ત એવા જે તમ જેવા સાધુ તેની તો વાત જ નોખી છે, તે હેતુ માટે તમને જે કોઈ ભાવે કરીને જમાડશે તેને કોટિ યજ્ઞનું પુણ્ય થાશે ને તે અંતે મોક્ષને પામશે. અને તમારા ચરણનો જે કોઈ સ્પર્શ કરશે તેનાં કોટિ જન્મનાં પાપ નાશ પામશે ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પણ પરમ કલ્યાણ થાશે. ને તમે જે જે નદી તળાવને વિષે પગ બોળોછો તે તે સર્વ તીર્થરૂપ થાય છે. અને તમે જે જે વૃક્ષતળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો તે તે સર્વનું રૂડુંજ થાય છે, ને તમારાં કોઈક ભાવે કરીને દર્શન કરે છે. કોઈક તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તેનાં સર્વ પાપનો ક્ષય થાય છે. ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો અને કોઈકને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે. ઈત્યાદિક ધર્મ નિયમવાળા તમારા જેવા સંતની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે. કેમ જે, જે

પ્રત્યક્ષ શ્રીનરનારાયણ ઋષિનો તમારે દૃઢ આશરો છે ને તે શ્રી નરનારાયણ ઋષિ તમારી સભામાં નિરંતર બીરાજે છે. એ બે વાતનો એ ઉત્તર છે. અને વળી તમે કહેશો જે, ભગવાનનો દૃઢ આશરો છે ને માયિકગુણ કેમ વ્યાપે છે ? તો તે કહીએ જે, ષડૂર્મિએ રહિત ને માયિક ગુણે રહિત સર્વેને કરવા તેમાં તો કાંઇ વાર નથી અને અસંખ્ય જન્મની સ્મૃતિ થઇ આવે ને અનંત બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિક ક્રિયાને કરે એવા સર્વેને કરવા તેમાં તો કાંઇ વાર નથી. પણ અમારી ઈચ્છાએ કરીને એમ તમને રાખ્યા છે. ને તમારા સામર્થ્યને રૂંધિ રાખ્યું છે તે પ્રત્યક્ષ ભગવાનના સુખની પ્રાપ્તિને અર્થે છે. ને શ્રીપુરુષોત્તમ તે જે તે આજ તમને સર્વને શ્રીનરનારાયણ ઋષિ રૂપ થઇને પ્રગટ મળ્યા છે. માટે નિઃસંશય થઇને આનંદમાં ભજન કરજો.'' એમ કહીને શ્રીજીમહારાજ મૌન રહ્યા.

આવી વાત તો ક્યાંય થાતી નથી; માટે વિષય તો ખોટા થઈ ગયા છે ને વાસના જેવું જણાય છે તે દેહધારીને એમ હોય; તેમાં સદાશિવની હવેલીનું દૃષ્ટાંત દીધું તથા ભગવાનની ઈચ્છા સમજવી.

આપણે પોતાના સ્વરૂપને અક્ષર માનવું તે ન મનાય તો પણ સ્થૂળ દેહને પોતાનું માનવું નહિ; ને મહારાજનો મત તો ત્રણે દેહને ન માનવાં ને અક્ષર માનવું. એ તો જેમ બ્રાહ્મણને ઘેર જન્મ થયો તે બ્રાહ્મણ; તેમ આપણને ભગવાન મળ્યા તે અક્ષર માનવું.

અને મધ્યનું નવમું વચનામૃત વંચાવીને બોલ્યા : જે, મહારાજને પુરુષોત્તમ જાણતો હોય, તે દેશકાળે સત્સંગમાંથી નીકળી જાય તો પણ અક્ષરધામને પામે; ને એમ ન જાણતો હોય તો બીજા ધામને પામે.

અને પંક્તિમાં બેસીને મેળાવીને લાડુ જમે તે નિઃસ્વાદી કહેવાય ને એકલો નોખો જો કાચો બાજરો ચાવે, તોય પણ તે સ્વાદિયો કહેવાય. તે માટે **જુદું પડ્યે જ બગડે છે,** અને નિઃસ્વાદી કેને કહીયે? એ પ્રશ્નનો ઉત્તર કર્યો; જે 'પંક્તિમાં જે મળે તે મેળાવીને ખાઈ લે, ને બીજું કાંઈએ ઉપાર્જન ન કરે ને ચાળા ચૂંથતો ન ફરે' એ નિઃસ્વાદી કહેવાય. ને ત્યારે જ ભગવાન એની ઉપર રાજી થાય છે. તે રાજી



કરવાના ઉપાય સાધુનો સમાગમ ને નિયમ એ બે છે. **''ગર્ભવાસમાં શું કહીને તું આવ્યો રે''** એ કીર્તન બોલાવીને કહે જે, તરવાર તો ખરી પણ ક્ષત્રિયના હાથમાં હોય ને વાણિયાના હાથમાં હોય; એમ આવાં **વચન પણ બ્રહ્મવેત્તાનાં લાગે, પણ બીજાનાં લાગે નહિ.**

અને જેવા ભગવાન અક્ષરધામમાં છે તેવા જ આંહી આવીને બેઠા હોય ને પછી તે **મનુષ્યચરિત્ર** કરે ત્યારે ભાવ ફરી જાય; પણ તે **ભાવ ફરવા દેવો નહિ.** જુઓને સુંદરજી સુતારની દીકરી મોટી થઈ, એટલે એના ભાઈને કહેઃ જે ''આને મહારાજને પરણાવશું ?'' ત્યારે કહે 'અરે ! બોલમા બોલમા.' ત્યારે ઓલ્યો કહેઃ કાં, સુતારથી તો આ ભગવાન છે ને ? એમ ભક્તમાં ભેદ છે. નીકર તો ભગવાન બેઉ જાણતા હતા. અરે ! આપણે પણ **જો કોઈકની બેન દીકરીને ભગવાન લઈ જાય, તો નિશ્ચય ન રહે.** એવી હજારો વાતો છે કેટલીક કહીએ ? એવે સમે ધીરજ રહે ને જાણે જે અહો બહુ લીલા કરી! તે ખરો. એ તો બ્રહ્માને પણ મોહ થઈ ગયોઃ કે ''નો'ય નો'ય પરબ્રહ્મ ગોવાળિયો'' એમ કહ્યું ને શ્રીકૃષ્ણ અવતર્યા ટાણે સ્તુતિ પણ પોતે જ કરી ગયા હતા; પણ ચરિત્ર  જોઈને એવું ન રહ્યું !

વળી બીજી વાત જુઓઃ ઓલ્યો કજિયો થયો ત્યારે મહારાજ ડોશીના લૂગડાં પહેરીને દરબારમાંથી ભાગ્યા; ને બીજે ઠેકાણે કહ્યું; જે ''મને ભારામાં બાંધીને કાઢો.'' એમ કહ્યું, ત્યારે શું થયું ? શ્રીકૃષ્ણ જરાસંધ આગળ ભાગ્યા હતા ને ! એ તો શૂરતા, કાયરતા, હારવું, જીતવું, પારકું, પોતાનું, ભૂખ, તરસ, પક્ષપાત એવા ચરિત્ર એને વિષે રહ્યાં છે.

અને વડોદરામાં દીવાનજી હાર્યે (સાથે) એટલું વેર ને તેના મનમાં એમ : જે 'જો કાંઈક સ્વામિનારાયણ વાંકમાં આવે, તો એને લાજહીણ કરીએ.' તે સારુ તો ત્યાં આવ્યા હતા; પછી સભા થઈ ત્યારે બોલ્યા; જે ''તમે તો કાઠીનું ખાઓ છો માટે વટલ્યા તે ઠીક નહિ.''

પછી મહારાજ કહેઃ ‘‘અમે એ નથી કર્યું: નીકર પણ અમે તો યજ્ઞાદિકે કરીને પણ શુદ્ધ થાશું; પણ તું તો બ્રહ્મબીજ જ નથી; તો શું યજ્ઞાદિકે કરીને પણ બ્રાહ્મણ થવાશે ?’’ એમ શિયાજી મહારાજ પગ દાબે ને ના કહે, તો પણ કહ્યું !

જેણે ભગવાનને અર્થે કર્યું હોય તેને ભગવાન પોતાના ધામમાં લઈ જાય, પણ તે ભગવાનમાં ચોટે નહિ. એ તો જેમ તરવાર સજે છે, તેમ સાધુ વાત કરીને સજે તે કેડે ભગવાનમાં ચોટે. માટે **જ્ઞાન શીખવું એ શ્રેષ્ઠ છે.**

અને સ્વરૂપનિષ્ઠા છે ને મહિમા છે એ તો વરને ઠેકાણે છે ને બીજાં સાધન તો જાનને ઠેકાણે છે. ને વળી સમજણ છે એ તો બસે બખતરિયાને[1] ઠેકાણે છે; ને વિષય છે એ તો એક બારવટિયાને ઠેકાણેછે.

અને અક્ષરધામમાં કેમ સુખ છે ? જે, જેમ રાજાનો છોકરો ગમે તેમ ફરતો ફરે પણ રાજનો ધણી છે; એમ સુખ છે. ને કેટલાક મુક્ત તો નિર્વિકલ્પપણે જોડાઈ રહ્યા છે ને કેટલાક મુક્ત તો વાતો, મહિમા કહે છે ને સાંભળે છે; જેમ અહીં છે તેમજ ત્યાં છે એમાં લગારે પણ ફેર નથી.

પ્રેમાનંદ સ્વામીને શ્રીજી મહારાજ રાજી થઈને કહે જે, ‘‘માગો’’ ત્યારે તેમણે માગ્યું જે, ‘‘તમારી મૂર્તિ અખંડ રહે’’ ત્યારે મહારાજ કહે ‘‘એતો રાજીપો જુદો છે, તે તો તેનાં સાધન કરો તો થાય તે વિના થાય નહિ.’’



## સભા - ૫૧

અને રાત દોઢ પહોર વીતી હતી. પછી શ્રીજીમહારાજ ઘડીક વિચારીને બોલ્યા જે, ‘‘સર્વે સાંભળો, આજ તો અમારે જેમ છે તેમ વાત કરવી છે જે, ‘ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી, કાં જે ભગવાનનું કર્યું સર્વે થાય છે અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે અને શ્રી નરનારાયણને પ્રતાપે કરીને અમારું કર્યું પણ થાય છે.’ તે લ્યો, કહીએ જે, જેવો અમે મનમાં ઘાટ કરીએ છીએ તેવો આ જગતને વિષે પ્રવર્તે છે અને જેમ ધારીએ છીએ તેમ પણ થાય છે ખરું, જે આને રાજ આવો તો તેને રાજ આવે છે અને આનું રાજ જાઓ તો તેનું જાય છે અને ધારીએ જે, આ પળે આટલો વરસાદ અહીં થાઓ તો ત્યાં જરૂર થાય છે અને અહીં ન થાઓ તો ત્યાં નથી થતો. અને વળી ધારીએ જે, આને ધન પ્રાપ્ત થાઓ તો તેને થાય છે અને આને ન થાઓ તો તેને થાતું જ નથી. ને આને દીકરો આવો તો તેને દીકરો આવે છે, અને ધારીએ જે આને દીકરો ન આવો તો તેને દીકરો આવતો જ નથી અને આને રોગ થાઓ તો તેને રોગ પણ થાય છે અને આને રોગ ન થાઓ તો તેને રોગ નથી થતો. એવી રીતે અમે ધારીએ છીએ. તેમ થાય છે ખરું. ત્યારે તમે કહેશો જે, સત્સંગીને સુખ દુઃખ આવે છે અને રોગાદિક પ્રાપ્ત થાય છે, ને કાંઈક ધન સમૃદ્ધિની હાની થાય છે અને મહેનત કરીને મરી જાય છે તો પણ એ દરિદ્રી જેવો રહે છે તો એનું તો એમ છે જે, એને ભગવાન ભજ્યામાં જેટલી કસર છે તેટલી એને સર્વે ક્રિયાને વિષે બરકત થાતી નથી. અને ભગવાનને તો એનું સારું જ કરવું છે. જે શૂળીનું દુઃખ હશે તે ભગવાન પોતાના આશ્રિતજનનું કાંટે કરીને ટાળતા હશે અને અમે તો એમ જાણીએ છીએ જે, સત્સંગીને તો એક વિંછીની પીડા થાતી હોય તો અમને હજાર ગણી થાઓ પણ તે પીડાથી તે હરિભક્ત રહિત થાઓ અને સુખીયા રહો એમ અમે રામાનંદ સ્વામી આગળ માગ્યું છે. માટે અમારી તો નજર એવી છે જે સર્વેનું સારું થાઓ. અને ભગવાનને વિષે જીવના મનની વૃત્તિને રાખવાનો ઉપાય નિરંતર કરીએ છીએ તે શા સારુ જે, હું તો ભૂત, ભવિષ્ય ને વર્તમાન, એ ત્રણ કાળને વિષે સર્વે ક્રિયાને જાણું છું અને આંહી બેઠા

સતા પણ સર્વેને જાણીએ છીએ, અને માતાના ઉદરને વિષે હતા તે દિવસ પણ જાણતા હતા. અને ઉદરને વિષે નહોતા આવ્યા તે દિવસ પણ જાણતા હતા. કેમ જે, અમે તો ભગવાન જે શ્રીનરનારાયણ ઋષિ તે છીએ. અને મહાપાપવાળો જીવ હશે ને અમારે આશરે આવશે, ને ધર્મ નિયમમાં રહેશે, તેને અમે અંતકાળે દર્શન દઈને ભગવાનનું જે અક્ષરધામ તેને પમાડીએ છીએ ને હવે તે અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ તે જે તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિ નામે દેવી જેને ભક્તિ કહીએ તેને વિષે શ્રીનરનારાયણ ઋષિરૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપને કરતા હવા. ને તે શ્રીનરનારાયણ ઋષિ આ કળિયુગને વિષે પાખંડી મત તેનું ખંડન કરવા અને અધર્મના વંશનો નાશ કરવા અને ધર્મના વંશને પુષ્ટ કરવા ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેણે સહિત જે ભક્તિ તેને પૃથ્વીને વિષે વિસ્તારવા સારુ, શ્રીધર્મદેવ થકી ભક્તિને વિષે નરનારાયણ મુનિરૂપે પ્રગટ થઈને આ સભાને વિષે વિરાજે છે.'' એમ કહીને પોતાના જનને અતિ મગ્ન કરતા હવા. અને વળી બોલ્યા જે અમે વારે વારે શ્રીનરનારાયણ દેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એજ હારદ છે જે, શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રીનરનારાયણ તે જ આ સભામાં નિત્ય વિરાજે છે, તે સારુ મુખ્યપણું લાવીએ છીએ અને તે સારુ અમે અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબંધ મંદિર શ્રીઅમદાવાદમાં કરાવીને શ્રીનરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે. અને એ શ્રી નરનારાયણ તો અનંત બ્રહ્માંડના રાજા છે અને તેમાં પણ, આ જે ભરતખંડ તેના તો વિશેષ રાજા છે. અને પ્રત્યક્ષ શ્રીનરનારાયણ તેને મેલીને આ ભરતખંડનાં મનુષ્ય બીજા દેવને ભજે છે, તે તો જેમ વ્યભિચારણી સ્ત્રીયું હોય તે પોતાના ધણીને મેલીને બીજા જારને ભજે તેમ છે. અને શ્રીનરનારાયણ ભરતખંડના રાજા છે, તે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે અને અમે આ સંત સહિત જીવુંના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ, તે માટે તમે જો અમારું વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું અને તમે પણ એમ જાણજો જે, અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો, તમને મહા કષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરશું.



અને કોઈ ઉગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું. જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો, અને નહિ રાખો તો મહાદુ:ખ પામશો, તેમાં અમારે લેણાદેણા નથી. ને અમે તો આ સમે કોઈ વાતનું કાચું રાખ્યું નથી. ને જુવોને, આ જેતલપુર ગામમાં અમે કેટલાક યજ્ઞ કર્યા અને કેટલાંક વરસ થયાં અહીં રહીએ છીએ. અને જુવોને આ તળાવને વિષે અમે સર્વે સંતે સહિત હજારો વાર નાહ્યા છીએ અને આ જયતલપુર ગામમાં અમે ઘેર ઘેર સો વાર ફર્યા છીએ, અને ઘેર ઘેર ભોજન કર્યાં છે, અને આ ગામની સીમ ને ગામ તે વૃન્દાવન કરતાં પણ વિશેષ રમણ સ્થળ કર્યું છે.'' એમ વાત મહારાજ કરે છે એટલામાં તો આકાશમાં એક મોટો તેજનો ગોળો દેખાણો, અને તે એક ગોળાના ત્રણ ગોળા થઈ ગયા, ને મહોલ ઉપર ઘડીક આકાશમાં દેખાઈને અદ્રશ્ય થઈ ગયા. ત્યારે સર્વેએ કહ્યું જે, ''હે મહારાજ ! એ શું હતું ?'' ત્યારે મહારાજે કહ્યું જે, ''બ્રહ્મા, વિષ્ણુ ને શિવ, એ ત્રણ દેવ નિત્ય સંતની સભાનાં ને અમારાં દર્શન કરવા આવે છે, પણ આજ તો વિમાને સહિત હરિ ઈચ્છાએ કરીને તમને દેખાણા.' ઈતિ વચનામૃતમ્ ॥૫॥ ૨૩૪ ॥

એક સાધુ રાઘવાનંદ તે પણ ભાગવત તાડપત્રમાં લખેલ વાંચતાં આંખમાંથી આંસુ પડતાં; ને મહાત્મ્ય પણ બહુ જાણતો; પણ મહારાજે એક ચોંટિયો લીધો એટલે વિમુખ થઈને ભાગી ગયો ! જુઓ એ ! ત્યારે એને કોઈ વાર ચીપટી નહિ આવી હોય ? ને માવતરે ચોંટિયો નહિ ભર્યો હોય ? પણ જ્ઞાન નહિ તેણે એમ થયું. માટે દિવ્યને વિષે તો સંશય ન જ થાય પણ **મનુષ્યચરિત્ર જે સગુણ ચરિત્ર તેને વિષે પણ દિવ્ય ભાવ જણાય ત્યારે ખરો ભક્ત કહેવાય.** કાં જે એ તો કર્તા, અકર્તા ને અન્યથા કર્તા છે; એના ઉપર વળી શંકા શી ? આમ સમજે ત્યારે ચોખ્ખી સ્વરૂપનિષ્ઠા કહેવાય. ને બીજી કસર હોય તો ટળે, પણ આ ખામી ભાંગે નહિ. ને મધ્યના તેરમાં વચનામૃતમાં કહ્યું છે તેમ સમજે ત્યારે છૂટકો છે. ને બીજું તો હાથ પગ કહેવાય, ને આ તો માથું કહેવાય. માટે આ કહ્યું છે તેમ સમજવું. તે સારુ એવી રુચિવાળા ગુરુ કરવા ને એવાં જ શાસ્ત્ર વાંચવા; એમ કરીને સિદ્ધ કરવું. દેશકાળ

આવે તો સત્સંગીના ગામડામાં પડ્યા રહીને ગુજરાન કરીએ; ને મરવાની તો બીક ન લાગે; ને **કલ્યાણ તો ત્યાગી ને ગૃહસ્થ એ બેયમાં છે.** અને મહારાજ કહેતા જે "અમારામાં જે **ગુણ** ને **અવગુણ** છે તે કહીએ છીએ જે, અમને આખા બ્રહ્માંડના જીવ માને પણ તેનું અમને માન ન આવે, એ અમારામાં ગુણ છે. ને અમે અનેક જીવને સમાધિ કરાવીએ, પણ મુક્તાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામીને સમાધિ કરાવીએ નહિ એ અમારામાં અવગુણ છે."

**મુમુક્ષુને તો નિરંતર હોકારા કરનારા જોઈએ;** તે હોય તો પ્રભુ ભજાય, નીકર તો જેમ વાડામાંથી વાઘ બકરૂં ઉપાડી જાય એમ થાય.

અને મોટા સંતનો **સમાગમ કરવાનો મહિમા** કહ્યો જે, રોટલા ખાવા મળે છે પણ કદાચને તે ન મળે તો રાંધેલુ અન્ન માગી ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ; નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ અથવા લીંમડો ખાઈને, નહિ તો **વાયુ ભક્ષણ કરીને પણ આ સમાગમ કર્યા જેવો છે.** જેને કોઈક કામનો કરનારો હોય કે જેને રોટલા ખાવા મળતા હોય, તે જો સમાગમ નહિ કરે તો તેને તો બહુ ખોટ જાશે; એમ ઘણીક વાર્તા કરી.

આ જીવે કરોડો કલ્પ થયાં મનગમતું જ કર્યું છે. તે એટલા કલ્પ પણ કહેવાય તો નહિ. પણ હવે તો આ દેહે કરીને ભગવાનનું ગમતું કરી લેવું. ને **આજ્ઞામાં યુક્તિ ન કરવી.** ને આવે એટલું ભોગવવું નહિ. ને ત્યાગ કરતા રહેજો એમ સર્વેને કહ્યું. અને સૌ કોઈ, કોઈક આધાર વડે સુખી રહે છે, પણ **ભગવાન ને આત્મા એ બે વતે સુખી થાવું.** બાકી અનેક પ્રકારના આધાર મૂકી દેવા.



## સભા - ૫૨

અને પોતાની આગળ સાધુ દૂકડ સરોદા બજાવીને કીર્તન ગાતા હતા. તે કીર્તન ભક્તિ જ્યારે કરી રહ્યા ત્યારે શ્રીજીમહારાજે એમ આજ્ઞા કરી જે, "અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ ભાઈ સર્વે તેમણે નિત્યે કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું , અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી. એવી રીતે અમે શિક્ષાપત્રીમાંજ લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો એમ અમારી આજ્ઞા છે." એવી રીતની જે શ્રીજીમહારાજની આજ્ઞા તેને પાળવાનો નિયમ એ સર્વેએ ધાર્યો જે, "હે મહારાજ ! જેમ તમે કહો છો તેમ અમે સર્વે પાળીશું." તેને સાંભળીને શ્રીજીમહારાજ અતિશે પ્રસન્ન થઈને સર્વે સાધુને ને સર્વે બ્રહ્મચારીને મળતા હવા, અને સર્વે સત્સંગીના હૃદયને વિષે પોતાનાં ચરણારવિંદ આપતા હવા." ઈતિ વચનામૃતમ્ ॥૧॥ ૨૩૫ ॥

અને જડભરત આ લોકના વ્યવહારમાં જોડાણા નહિ તે શા સારુ ? જે પરમેશ્વર ભજવામાં બંધન થાય તે સારુ ગાંડા કહેવાણા. ને બીજા આ લોકમાં લઈ મંડે તેને માણસ ડાહ્યા કહે છે; પણ પરમેશ્વર ભજવાના માર્ગમાં એ ડાહ્યા નથી.

પછી વળી સ્વામીએ વાત કરી : જે, મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછ્યું જે, **પુરુષોત્તમ કેમ જાણવા ને બ્રહ્મરૂપ કેમ થવાય ?** ત્યારે સ્વામીએ કહ્યું જે, મહારાજ તો સર્વોપરી છે ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ છે. તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું ૩૮મું વચનામૃત વંચાવીને કહ્યું જે, **આજ તો સત્સંગમાં આચાર્ય, મંદિર ને મૂર્તિઓ તે સર્વોપરી છે; તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ?** એ તો સર્વોપરી જ છે એમ સમજવું અને બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે,

આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે. તે ઉપર વડતાલનું ૧૧ અગિયારમું વચનામૃત વંચાવીને કહ્યું જે, આવા થાય ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય છે. એક હરિજને ચાર પાંચ વચનામૃત વાંચ્યા. તે વચનામૃતનાં નામ પ્રથમનું ૨૩ ત્રેવીશમું, ને મધ્યનું ૩૦ ત્રીશમું ને પીસ્તાલીશમું ને અમદાવાદનું બીજું ને ત્રીજું; ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા જે, આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં ! એમ કહીને બોલ્યા જે, ફેર વાંચો. ત્યારે ફેર વાંચ્યાં, ત્યારે સ્વામી બોલ્યા જે આ વચનામૃત સાંભળતાં એમ જાણ્યું; જે કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છુટકો નથી. તે આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના મોટા ભગવાનના અવતાર હોય, પણ એમ કર્યા વિના છુટકો નથી; કેમ જે એ પણ **મહારાજનો મત** છે તે ઉપર મહારાજનો કહેલો શ્લોક છે તે બોલ્યા : જે –

એવા એવા ઘણાક શ્લોક બોલીને કહ્યું : જે 'આવા થાય ત્યારે તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.' અને જેમ ગાય છે તે વાછરૂં સારૂ પારસો મૂકે છે; તેમ જે શિષ્ય હોય તે ગુરુને મન સોંપે તો અંતઃકરણનું અજ્ઞાન ટાળી નાખે;પણ તે વિના તો ટળે નહિ.

આગ્રામાં કરોડ રૂપિયાનું કબ્રસ્તાન છે, ને મુંબઈમાં મચ્છીમારના ઘરમાં કરોડો રૂપિયા છે, માટે ઝાઝું દ્રવ્ય થાય એ વાત કાંઈ મોટાની ગણતીમાં નથી; ને એમાં માલ ન માનવો.

અને જેમ જેમ વાત સાંભળે તેમ તેમ અંતઃકરણ શુદ્ધ થાય છે, ને જેમ જેમ અંતઃકરણ શુદ્ધ થાય તેમ તેમ વાત સમજાય ને સુખ પણ થાય.

અને મહારાજ બેઠા બેઠા વાત કરતા હોય ને કેટલાક સૂઈ રહેતા, તેના પશ્ચાત્તાપ સારું તો જે જાગતા હોય તેને મહારાજ કેટલીક વાર મળતા. એમ શ્રદ્ધાવાળાને સુખ આપતા.

સત્સંગમાં અનેક વાતો સમજવાની છે; તેમાં મુખ્ય ઉપાસના



બાકી ધર્મ રાખવો; **ને વચનામૃત આદિક શાસ્ત્રનો અભ્યાસ રાખવો.**

અને અંતરદષ્ટિ કરીને હૈયામાં જોવું, ને તે વિના તો ગુણ દોષ યથાર્થ ન સૂઝે. **ને અંતરદૃષ્ટિ કરવી એ જ નિર્ગુણપણું છે. ને બાહ્ય દૃષ્ટિમાં સગુણપણું છે.** વળી બાહ્ય દષ્ટિ દૈત્યની કહી છે ને અંતરદષ્ટિ રાખવાનો અભ્યાસ કરતાં સુખ પણ થાય; જેમ ચકમક ખરે તે ખેરતાં દેવતા કળીમાં લાગી જાય છે ! એમ કોઈક દિવસ પ્રકાશ થઈ જાય એ સિદ્ધાંત વાત છે.

લક્ષ્મીજીએ એક કીડીને ડાબલીમાં ઘાલી ને કહે ''આનું વિષ્ણુ કેમ પોષણ કરશે ?'' પછી ત્રીજે દહાડે તપાસી જોયું ત્યાં તો એ ડાબલીમાં લક્ષ્મીના ચાંદલાનો ચોખો પડી ગયેલ તે કીડીએ ખાધેલ; એમ ભગવાન તો પોષણ કરે.

અને **ગુણમાં દોષ** રહ્યા છે તે શું ? જે પોતે ત્યાગ રાખે ને બીજાનો દોષ આવે, ને પોતે ન સૂવે ને જે સૂવે તેનો અવગુણ લે; ઈત્યાદિક બહુ વાત છે, તે અવશ્ય સમજવાની છે.

અને **સ્વભાવનું બળ** સર્વ કરતાં અધિક છે તે કેમ ? જે વિષયના સંકલ્પ થાય એ તો વાસના કહેવાય; પણ ભગવાનની સ્મૃતિ કરતાં જે સંકલ્પ થાય તે સર્વ **સ્વભાવ** કહેવાય.

**ગઢડા**માં શ્રીજી મહારાજે એક ભક્તને કહ્યું જે, 'તમે અક્ષરધામમાં જઈ આવો.' ત્યારે તે ભક્ત સમાધિ કરીને પ્રથમ બદરિકાશ્રમમાં ગયો, ત્યાં આપણા સાધુ, પાળા, બ્રહ્મચારી, હરિભક્ત તેને દીઠા; ત્યારે તેને પૂછ્યું: જે, 'શ્રીજી મહારાજ ક્યાં છે ?' ત્યારે એ સર્વે બોલ્યા જે, 'આ નરનારાયણ છે તે જ મહારાજ છે' ત્યારે હરિભક્તે કહ્યું જે, 'હું મહારાજને ઓળખું છું.' પછી ત્યાંથી દર્શન કરીને શ્વેતદ્વીપમાં ગયો, ત્યાં પણ આપણા સાધુ બ્રહ્મચારી હતા. તેને કહ્યું જે ''શ્રીજી મહારાજ ક્યાં છે ?'' ત્યારે તે બોલ્યા જે ''આ વાસુદેવ છે તે જ મહારાજ છે.'' ત્યારે તેણે કહ્યું જે, ''હું મહારાજને ઓળખું છું.'' પછી ત્યાંથી

વૈકુંઠમાં ગયો, ત્યારે ત્યાં પણ આપણા સાધુ આદિક દીઠા; ત્યારે તેને કહ્યું જે, 'શ્રીજી મહારાજ ક્યાં છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'આ લક્ષ્મીનારાયણ છે તે જ મહારાજ છે.' ત્યારે તેણે કહ્યું જે, 'હું મહારાજને ઓળખું છું.' પછી ત્યાંથી તે ભક્ત ગોલોકમાં ગયો, ત્યારે ત્યાં પણ આપણા સાધુ આદિકને દીઠા. ત્યારે તેમને પૂછ્યું જે, 'મહારાજ ક્યાં છે ?' ત્યારે તે બોલ્યા જે 'આ શ્રીકૃષ્ણ છે તે જ મહારાજ છે.' ત્યારે તેણે કહ્યું જે, 'મહારાજને હું ઓળખું છું. માટે આ શ્રીજીમહારાજ નહિ' ત્યાર પછી તે ભક્ત અક્ષરધામમાં ગયો ને ત્યાં અનંત કોટિ મુક્ત તેમણે સેવ્યા એવા જે શ્રીજીમહારાજ તેમને દીઠા; ને ત્યાં આપણા સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તે સર્વેને શ્રીજીમહારાજની સેવામાં દીઠા. ત્યાર પછી તે ભક્તને શ્રીજીમહારાજે પૂછ્યું જે કયા કયા ધામ જોતા આવ્યા ? ત્યારે તે ભક્તે કહ્યું જે, '**હે મહારાજ !' આપણા બ્રહ્મચારી સાધુ પાળા, અને સત્સંગી તે બદરિકાશ્રમમાં, શ્વેતદ્વીપમાં, વૈકુંઠમાં તથા ગોલોકમાં ઘણા દીઠા તે પણ આંહી કેમ ન આવ્યા** ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું : જે **અમને તે તે ધામના પતિ જાણ્યા તે માટે ત્યાં જઈને રહ્યા છે.** ને આ સર્વેએ અમને **સર્વ અવતારના અવતારી જાણ્યા ને સર્વ ધામ થકી પર જે બ્રહ્મમહોલ તેના પતિ અમને જાણ્યા તે માટે એમને અમે અક્ષર જેવા કર્યા છે.** અને પૂર્વના અવતાર જેવા અમને જાણ્યા તે માટે એમને તે તે અવતાર જેટલું ઐશ્વર્ય આપ્યું છે. ને તે તે ધામના પતિ અમને જાણીને તે તે ધામમાં રહ્યા છે. ને તે **જો અમે પંડે જઈએ કહીને તોપણ ન માને** એવો એને નિશ્ચય છે.' પછી તે ભક્તને સમાધિમાંથી શ્રીજી મહારાજ જગાડતા હવા. પછી શ્રીજી મહારાજે તે ભક્તને કહ્યું જે, 'તમે સર્વે જેમ દીઠું હોય તેમ સર્વે આ સંતમંડળ આગળ કહો.' ત્યારે તે ભક્તે જેમ દીઠું હતું તેમ સંતમંડળ આગળ કહ્યું. પછી સર્વે પરમહંસે કહ્યું જે, 'હે મહારાજ ! તમે કૃપા કરીને તમારા સ્વરૂપનો જેમ અમને સર્વોપરિ નિશ્ચય થાય તેવી રીતે કહો.'



## સભા - ૫૩

સંવત્ ૧૮૮૩ના ભાદરવા વદી ૬ છઠ્ઠને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ગાદી તકિયા ઉપર વિરાજમાન હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, અને કંઠને વિષે મોગરાના પુષ્પના હાર પહેર્યા હતા, ને પાઘને વિષે મોગરાના પુષ્પના તોરા વિરાજમાન હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ સર્વ હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, "અમારા અંતરનો જે સિદ્ધાંત છે તે કહીએ છીએ જે, જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી, માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ. અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ ને એમનો અભાવ આવવા દેવો નહિ. અને ભગવાનના ભક્ત જેવા દેહ ને દેહનાં સગાંસંબંધીને વહાલાં રાખવાં નહિ. એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી. અને જે ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિમાન વિરાજમાન છે, અને ભગવાનના ભક્ત પણ એ ભગવાનના ધામમાં મૂર્તિમાન થકા ભગવાનની સેવાને વિષે રહે છે. તે ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે, હું રખે મરીને ભૂતપ્રેત થાઉં, કે રખે ઈન્દ્રલોકને જ પામું, કે રખે બ્રહ્મલોકને જ પામું.' એવી આશંકા મનમાં રાખવી નહિ. કેમજે, જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે પણ વચમાં ક્યાંય તેને ભગવાન રહેવા દે નહિ. અને એ ભક્તજન હોય તેને પણ પોતાનું જે મન છે તેને પરમેશ્વરના ચરણારવિંદને વિષે દૃઢ કરીને રાખવું. જેમ વજ્રની પૃથ્વી

હોય તેમાં વજની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઉખડે નહિ, તેમ ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું. અને એવી રીતે જે ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'' એમ વાર્તા કરીને 'જય સચ્ચિદાનંદ' કહીને સર્વ સભાને ઉઠવાની આજ્ઞા કરી. ઈતિ વચનામૃતમ્ ॥૭॥ ૨૪૧ ॥

**અગત્રાઈ**માં હાલ મંદિર છે ત્યાં શ્રીજી મહારાજે ભાઈ રામદાસજીને કહ્યું જે, 'તમારું અંગ કહો; પછી અમે **અમારું અંગ** છે તે કહેશું' પછી રામદાસભાઈએ પોતાનું અંગ કહ્યું જે, 'ત્રણ અવસ્થામાં જીવાત્માને વિષે તમારી મૂર્તિને તેજે સહિત અખંડ દેખું છું; એવું તમારી કૃપા થકી અખંડ વર્તે છે'' પછી શ્રીજી મહારાજે પોતાનું અંગ કહ્યું જે, ''અક્ષરાદિક મુક્ત તથા પુરુષ, કાળ, માયા, પ્રધાનપુરુષ તથા અનંત કોટિ બ્રહ્માંડના ઈશ્વર, તથા સર્વે વિભૂતિઓ, તથા સર્વે જીવ એ સર્વેનો નિયંતા ને એ સર્વેને કર્મફળપ્રદાતા તે હું એક જ છું; ને તે સર્વેના સ્વરૂપ, સ્વભાવ ને ગુણ તેને અખંડ અમે દેખીએ-જાણીએ છીએ; પણ **એ સર્વે જે અક્ષરાદિક તે મારી મૂર્તિનો મહિમા જેમ છે તેમ દેખવા-જાણવા સમર્થ નથી. ને હું પણ મારી મૂર્તિના મહિમાના અંતને નથી પામતો.** ને એ સર્વે સામર્થ્ય તે મારી મૂર્તિના એક રોમના કોટિમા ભાગની બરોબર પણ નથી આવતું. એવી અનવધિકાતિશય, મહા આશ્ચર્યમય ને સર્વોપરિ આ મૂર્તિ છે; એમાં કિંચિત્ માત્ર સંશય નથી એ **અમારું અંગ** છે તે કહ્યું.''

**અગત્રાઈ**માં પર્વતભાઈને શ્રીજી મહારાજની મૂર્તિ તો ત્રણે અવસ્થામાં અખંડ દેખાતી હતી. તોપણ એમ, **સંકલ્પ** થયો જે ''બીજા ભગવાનના અવતારનાં સ્વરૂપ કેવાં હશે ?'' ત્યારે તે સંકલ્પમાત્રે તે ચોવીશ ભગવાનની મૂર્તિઓ પર્વતભાઈ આગળ આવીને ઊભી રહી; ને પછી પર્વતભાઈએ દર્શન કર્યા પછી તે **ચોવીશ અવતારનાં સ્વરૂપ**



**શ્રીજી મહારાજની સ્તુતિ કરતે સતે શ્રીજી મહારાજની મૂર્તિમાં લીન થતાં હવાં.** એવી રીતે શ્રીજી મહારાજ પર્વતભાઈને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડતા હવા.

પછી **શ્રીજી મહારાજ** બોલ્યા જે, ''અક્ષરાતીત એવા જે આ પ્રગટ પુરુષોત્તમ ભગવાન તે અનંત અક્ષરમુક્તે સેવ્યા થકા પોતાના અક્ષરધામને વિષે સદાય વિરાજમાન છે. તેમણે સૃષ્ટિ સમે અક્ષર સામું જોયું; ત્યારે તે અક્ષરે અનંત કોટિ મુક્તો સામું જોયું; ત્યારે તે મુક્તોમાંથી એક **પુરુષ** ઊભો થયો; પછી તે પુરુષે માયા સામું જોયું; પછી માયામાંથી અનંત પ્રધાન પુરુષાદિક થયા; તે અક્ષર પુરુષ અનેક રૂપે કરીને તેમાં પ્રવેશ કરે છે, ને તે અનેક રૂપે કરીને સર્વેની રક્ષા કરે છે; અનંત પાર્ષદ, શક્તિઓ, ઐશ્વર્યે સેવ્યા થકા પોતાના ધામને વિષે જ રહે છે; ને બીજે રૂપે કરીને પુરુષોત્તમની સેવા કરે છે. એ પ્રકારે એને વિષે અનેક કળા રહી છે. એવા જે મહાપુરુષ તેનો મોટા કવિ પણ પાર પામતા નથી; ને આધુનિક સમજણવાળાની તો એટલે સુધી ગતિ છે, ને **એવા અનંત અક્ષર મુક્તે સેવ્યા એવા જે પ્રગટ પુરુષોત્તમ તેની તમારે સાક્ષાત્ પ્રાપ્તિ છે. ને એવા જે પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તે બીજા ધામમાં રહી જે મૂર્તિઓ તથા સર્વે અવતાર તેના કારણ છે;** ને અનંત મુક્તના સ્વામી છે; ને અપરિમિત, સર્વોપરિ, નિરંકુશ ઐશ્વર્યાદિકે કરીને સંપૂર્ણ છે. **એવા જે પ્રગટ પુરુષોત્તમ તેમની જેમ તમને ઉપાસના છે તેમ જેને ઉપાસના થાય તે જ પુરુષોત્તમને પામે છે; પણ બીજા તો કોટિ સાધન કરે તો પણ ન પામે.** ને અક્ષરાદિક સર્વ થકી પર ને અદ્વૈતમૂર્તિ એવા જે પ્રગટ પુરુષોત્તમ તેને વિષે ને બીજા વિભૂતિ અવતારને[1] વિષે કેમ ભેદ છે ? તો **જેમ તીર ને તીરનો નાખનારો તથા ચક્રવર્તી રાજા ને ખંડિયા[2] રાજામાં ભેદ છે;** ને જેમ સૂર્ય ને સૂર્યના મંડળમાં ભેદ છે; ને જેમ ચંદ્રમા ને તારામાં ભેદ છે; **તેમ આ પ્રગટ પુરુષોત્તમમાં ને બીજા રામકૃષ્ણાદિક અવતારમાં ભેદ છે.** એવી રીતે આ પ્રગટ પુરુષોત્તમને સર્વોપરિ જાણવા, એ સર્વે સત્પુરુષ ને

સર્વ શાસ્ત્રનો **પરમ રહસ્ય** અભિપ્રાય છે. એવા જે પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેની **દૃઢ ઉપાસના** કરવી એ અવશ્ય કરવાનું છે. ને અનંત એવું જે અક્ષરધામ ને અનંતકોટિ અક્ષરમુક્ત ને અક્ષરધામની અનંત દિવ્ય સમૃદ્ધિ ને અનંત વિભૂતિઓ ને અનંત માયાશબલિત બ્રહ્મ[૩] એ સર્વે પુરુષોત્તમનું શરીર છે. તેના મહિમાનો પાર ન આવે; તો એ સર્વેના શરીરી,કારણને એ સર્વેને વિષે અન્વય થકા વ્યતિરેક ને સર્વથી નિર્લેપ, નિર્વિકારી એવા જે આ પરબ્રહ્મ હરિકૃષ્ણ પ્રગટ પુરુષોત્તમ તેના મહિમાનો તો પાર આવે જ કેમ ? એ તો અનંત અપાર છે; ને જેવા આ પ્રગટ મૂર્તિ અમે બેઠા છીએ તેવા ને તેવા જ અક્ષરધામને વિષે પણ રહ્યા છીએ; અને તમે પણ સર્વે ત્યાં બેઠા છો એમ હું દેખું છું. ને જે આ સત્સંગમાં જે યોગ સમાધિવાળા છે તે પણ દેખે છે; પણ આ વાત તમારા સમજવામાં પરિપૂર્ણ આવતી નથી.

ને **જ્યારે એ વાર્તા પરિપૂર્ણ સમજવામાં આવશે, ત્યારે પંચવિષય કે કામક્રોધાદિક જીત્યામાં પ્રયાસ થાશે નહિ;** સહેજે જીતાઈ જાશે ને બ્રહ્માદિકને પણ દુર્લભ એવી આ સભા છે; ને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમ તેને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું, અને સર્વે હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું; એમાં જો લગારે મિથ્યા કહેતા હોઈએ તો આ **સંતસભાના સમ** છે. તે સમ શા સારુ ખાવા પડે છે ? જે 'આ તમારે સર્વેને અલૌકિક ને પરિપૂર્ણપણું સમજાતું નથી ને દેખવામાં પણ આવતું નથી; તે સારુ સમ ખાવા પડે છે.' એવી રીતે પોતાના એકાંતિક મોટા સાધુ બેઠા હતા, ત્યાં શ્રીજી મહારાજે કૃપા કરીને પોતાના પુરુષોત્તમપણાની વાત કરી.



## સભા - ૫૪

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''શ્રીમદ્‌ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે તેવી તો કોઈ કથા ચમત્કારી નથી. કેમ જે, ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા, ને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા. અને ત્યાં ભગવાનનું ભજન કરતાં થકાં મૃગલીના બચ્ચાને વિષે પોતાને હેત થયું ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ. પછી એવા મોટા હતા તો પણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો. માટે અનંત પ્રકારનાં પાપ છે પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે. માટે જે સમજુ હોય ને તે જો એ ભરતજીની વાત વિચારે તો અંતરમાં અતિ બીક લાગે જે, 'રખે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય.' એવી રીતની અતિશય બીક લાગે. અને ભરતજી જ્યારે મૃગના દેહનો ત્યાગ કરીને બ્રાહ્મણને ઘેર અવતર્યા, ત્યારે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય તેની બીકે કરીને સંસારના વ્યવહારમાં ચિત્ત દીધું જ નહિ, ને જાણીને ગાંડાની પેઠે વર્ત્યા અને જે પ્રકારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તેમ જ રહેતા હવા.'' એટલી વાત કરીને શ્રીજીમહારાજ ઠાકોરજીની આરતી થઈ ત્યાં પધાર્યા. ઈતિ વચનામૃતમ્ ॥૧૭॥ ૨૫૧ ॥

**જેતલપુરના મહોલ**માં મુક્તાનંદ સ્વામી આદિક પરમહંસને શ્રીજી મહારાજે પૂછ્યું જે ''અમે જે જે ધામમાં જઈએ છીએ તે તે ધામમાં તમારાં વખાણ થાય છે, ને જે જે શાસ્ત્ર સાંભળીએ છીએ તે તે શાસ્ત્રમાં પણ તમારાં વખાણ થાય છે; તે તમારામાં એવી શી મોટપ છે જે સર્વે ઠેકાણે તમારાં વખાણ કરે છે ?'' એમ કહીને શ્રીજી મહારાજ બોલ્યા જે 'તુંબડી ફુટી જાય, તો તમને સાજી કરતાં આવડે ?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે ''ના મહારાજ'', પછી મહારાજે કહ્યું જે ''તમે તમારી મોટપને જાણતા નથી.'' એમ કહીને બોલ્યા જે ''લ્યો અમે તમારી મોટપને કહીએ છીએ જે; આ પચાસ કોટિ યોજન પૃથ્વી છે, તેથી દશગણું જળ છે, તેથી દશ ગણું તેજ છે, તેથી

દશ ગણો વાયુ છે, તેથી દશ ગણો આકાશ છે, તેથી દશ ગણો અહંકાર છે, તેથી દશ ગણું મહત્તત્ત્વ છે, તેથી અનંત ગણી પ્રકૃતિ ને પુરુષ છે તેથી અનંત ગણું અક્ષરધામ છે. તે ધામમાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મૂકીએ તે વાયુને લેરખે ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર આવે, ત્યારે રજ ભેળો રજ થઈ જાય; એટલે છેટે અક્ષરધામ છે; પણ જો આંહી અલ્પ જેવો જીવ હોય ને તમે એમ ધારો જે 'આ જીવ અષ્ટ આવરણ પાર જે ॥

એવી રીતે આ જે સર્વે શ્રીજીમહારાજનાં વચનામૃત તે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિ એ પાંચ સાધુઓએ ભેળા થઈને જેમ સાંભળ્યું છે અને જેમ પોતાની બુદ્ધિ છે તે પ્રમાણે લખ્યાં છે. અને શ્રીજીમહારાજ જે તે દિવસ દિવસ પ્રત્યે આવી રીતની અનેક પ્રકારની વાર્તાને કરતા થકા ને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા શ્રીગઢડા, શ્રીનગર ને શ્રીવડતાલને વિષે વિરાજતા હવા.

જન્મ્યો ત્યાંથી જ જાતિના, નામના, ગામના, દેહાધ્યાસના, માનના અને મોટાઈના શબ્દો પડ્યા છે, તેથી તે રૂપ થઈ ગયો છે; તેને આત્મા રૂપના, બ્રહ્મજ્ઞાનના શબ્દો પાડવા માંડે તો ધીરે ધીરે અભ્યાસથી બ્રહ્મ તો થાય.

આ જીવોને જેવો સંસાર વ્યવહારમાં માલ મનાય છે, તેવો સત્સંગમાં માલ જણાતો નથી. જો એવો માલ જણાય તો સત્સંગ વિના રહેવાય નહિ.

જેને મોક્ષ સુધારવો હોય તેની બધી વાત છે. અને આજ કળિયુગમાં મહારાજે મહેરબાની કરી તે સહેજે મોક્ષ થાય છે. ઘર મુકવું નહિ. વનમાં જવું નહિ, આ તો ફેલ મુકાવ્યાં છે, સારું કાંઈ મુકાવ્યું નથી. તો પણ જીવને કઠણ પડે છે. તેમ મુમુક્ષુ વિના ભગવાનમાં કે સાધુમાં મન ચોંટતું નથી.

સંચિત પ્રારબ્ધને ક્રિયમાણ એ ત્રણ પ્રકારનાં કર્મ છે. તે નિયમ ધરાવ્યાં ત્યારે સંચિત બળ્યાં ને પ્રારબ્ધ તો ભોગવવું જોઈએ. અને પ્રારબ્ધનું દેહ બંધાણું છે. તે ભોગવવા પડે. ને ક્રિયમાણ સારા કરવા તો દુઃખ ન આવે ને મુક્ત હોય તો પણ પ્રારબ્ધ તો ભોગવવું જ જોઈએ. એક સંતને વીંછી કરડ્યો તે પીડા



ભોગવવી પડે તે માટે સમાધિમાં જતા રહ્યા ને મહારાજ પાસે ગયા મહારાજ કહે, અહીં કેમ આવ્યા ? પાછા જાઓ, ને ચોવીસ કલાક પીડા ભોગવો પછી અહીં આવજો. ચોવીસ કલાક તો નામ ન લેવું. માટે દેહના દંડ છે તે કોણ ભોગવી દે ? તે ગીતામાં કહ્યું છે કે પોતે કરેલા શુભાશુભ કર્મ અવશ્ય પોતાને જ ભોગવવા પડે.

કથા વાર્તામાં નહિ બેસે તેને ક્યાંથી જ્ઞાન થાય જીવ ઘણો સારો હોય પણ કથા વાર્તા વિના વૃદ્ધિ ન પામે અને જેવી ટેવ પાડે તેવી પડે તે આ જીવે બીજી બધી ટેવું પાડી છે પણ પરમેશ્વર ભજવાની ને કથા વાર્તા સાંભળવાની ટેવ પાડી નથી. માટે આ ટેવ પાડવી જે દિ' તે દિ' પણ પરમેશ્વર ભજ્યા વિના છૂટકો નથી.

સ્વામી વાત કરતા કે પાંડવો પાસા રમતા ત્યારે ભગવાનને સંભાર્યા 'નહિ તો' ભગવાન કહે, હું અમારા ભક્તોને હારવા દેત નહિ. ને 'દ્રૌપદીએ અમને સંભાર્યા તો અમે એની લાજ રાખી' તેમ જે ક્રિયા કરીએ તેમાં જો ભગવાનને સંભારીએ તો ભગવાન સહાય કરે. ને જો ન સંભારીએ તો ક્યાંથી સહાય કરે ?

પરમેશ્વર સહુને આપે છે પણ એમ ન જાણવું જે માણસ આપે છે, માણસમાં પરમેશ્વર રહીને જેટલું અપાવે તેટલું આપે છે. મુક્તાનંદ સ્વામી પાસે તરગાળા આવ્યા, ત્યારે સ્વામી કહે, 'તમે પેટ વાસ્તે રમો છો તેથી કોઈ રાજા કે શેઠ શાહુકાર કે કણબી કે કોઈ માણસ તમોને આપે છે તે તમારે એમ ન ધારવું જે અમુકે અમોને આપ્યું પણ પરમાત્માએ તેમાં રહીને અપાવ્યું છે, એમ ધારવું અને તેઓને પણ પરમાત્મા જ આપે છે.

આ જીવ એવો ઊંધો છે, જે પોતાનું સારું કરવું ત્યાં જ અવળો ચાલે એવો અવળો છે, અને દેવતા પણ ઈચ્છે એવો મનુષ્ય દેહ ભગવાને આપ્યો. દેવલોકમાં કલ્પવૃક્ષ ને અમૃતપાન છે. પણ તે એમ કહે છે કે, હે પ્રભો ! અમારાં પુણ્ય કાંઈ બાકી રહ્યા હોય તો મૃત્યુલોકમાં મનુષ્ય દેહ આપો. કારણ કે ત્યાં ભગવાનના સાધુને ભગવાનની ભક્તિ કરીને ભગવાનના પદને પમાય છે.

આ જીવ મોજશોખ અને હરવા-ફરવામાં નથી થાકતો. પણ મંદિરે આવતા, માળા ફેરવતાં, માનસી પૂજા કરતાં તથા કથા વાર્તામાં થાકી જાય છે. જેમાં નિદ્રા આવવી જોઈએ તેમાં નથી આવતી ને નથી જોઈતી તેમાં નિદ્રા આવે છે.

પ્રહલાદે ગર્ભમાં જ્ઞાન સાંભળ્યું તે રહ્યું ને આપણે પ્રત્યક્ષ જ્ઞાન સાંભળીએ છીએ તો પણ લાગતું નથી. ધ્રુવ પાંચ વર્ષના હતા ને જ્ઞાન લાગ્યું ને આપણે વીસ વર્ષના થયા તો પણ જ્ઞાન લાગતું નથી.

સ્વામીએ વાત કરી જે આ જીવને વ્યવહારિક કામ આવે તો દિવસને રાત્રી જાગે પણ પરમેશ્વર ભજવામાં એક રાત્રી પણ ન જગાય. અમે દાદરમાં હતા ત્યાં આખી રાત હથોડો બોલ્યો ને પહોર દિવસ ચડ્યો ત્યારે સોની દાતણ કરવા બહાર બેઠો, ત્યારે અમે કહ્યું જે, 'મહાજન ? આજ તો આખી રાત જાગ્યા' ત્યારે તે કહે, 'મહારાજ ! આજ તો શું પણ આ જ સાત રાતના ઉજાગરા થયા છે. તે ચૌદ દિવસનું કામ સાત દિવસમાં કર્યું, 'પણ, મહારાજ સાત દિવસમાં બાર મહિનાના રોટલા કરી લીધા.' તેમાં કહેવાનું એ છે જે એ સોની સાત રાત ન સૂતો તેમ આપણે એક રાત પણ પરમેશ્વર ભજવામાં ઉજાગરો ન થાય એવું છે, કોળી નદીઓમાં વાડા કરે છે તે આખી રાત જાગે છે કણબી વાસોપા કરે છે, ત્યાં કોણ પાડ માને છે. ને રબારી ભરવાડ વગડામાં આખી રાત જાગે છે પણ પરમેશ્વર અર્થે ન જગાય ને ભવાયા રમતા હોય તો આખી રાત જાગે. ને કથા સાંભળવા બેસે ત્યાં ઝોલાં આવે ને વહાણવાળા આખી રાત જાગે. નહિ તો વહાણ ક્યાંય ચાલ્યું જાય તે સ્વાર્થમાં આખી દુનિયા મંડી છે. પણ જ્યાં પોતાના જીવનું કરવું છે તેની કોઈને ખબર નથી. ત્યાં ઊંઘ ને આળસ આવીને ભરાય છે. તે આ જીવને પોતાનું સારું કરવું સુજતું નથી.



## સભા - ૫૫

પછી શ્રીજીમહારાજ કૃપા કરીને સર્વ હરિજન પ્રત્યે બોલ્યા જે, "જે ભગવાનનો ભક્ત હોય તે નિત્યે ભગવાનની માનસી પૂજા કરે. તે માનસી પૂજા કરવાની એમ વિક્તિ છે જે, ઉનાળો, શિયાળો ને ચોમાસું એ ત્રણ ઋતુને વિષે નોખી નોખી માનસી પૂજા કરવી. તેમાં ઉનાળાના ચાર મહિના સુધી તો એમ પૂજા કરવી જે સારુ ટાઢું સુગંધિમાન પવિત્ર જળ હોય તેણે કરીને ભગવાનને પ્રથમ નવરાવવા ને પછી ધોયેલો ધોળો ખેસ સુંદર ઝીણો ને ઘાટો હોય તે પહેરવા આપવો, ને પછી સુંદર આસન ઉપર વિરાજમાન એવા જે ભગવાન તેના અંગઅંગને વિષે સુંદર મળિયાગર ચંદન ઘસીને વાટકામાં ઉતારી રાખ્યું હોય તે ચર્ચવું. તે પ્રથમ તો લલાટને વિષે ચર્ચીને લલાટને સારી પેઠે નીરખવું. તથા હાથને વિષે ચર્ચીને હાથને સારી પેઠે નીરખવા, તથા હૃદય, ઉદર, સાથળ, પીંડી એ આદિક જે અંગ તેને વિષે ચંદનનું લેપન કરી કરીને તે તે અંગને નીરખવાં. તથા ચરણાવિંદની ઉપર ને તળે સુંદર કુંકુમ ચોપડવું, ને તે ચરણારવિંદને નીરખવાં, પછી મોગરા, ચમેલી, ગુલાબ, ચંપો એ આદિક જે સુગંધીમાન પુષ્પ તેના હાર તથા કંકણ, બાજુબંધ, ટોપી એ આદિક જે આભૂષણ તે તે પુષ્પનાં પહેરાવવાં, અને મોગરાના પુષ્પ જેવું ધોળું ને ઝીણું ને બહુ ભારે નહિ એવું વસ્ત્ર મસ્તકને વિષે ધરાવવું તથા ધોળી ઝીણી ને હલકી એવી જે સુંદર પછેડી તે ઓઢાડવી. પછી તે ભગવાનને મળવું. તે એક વાર મળવું, બે વાર મળવું, જેવું પોતાને હેત ઉપજે તેમ મળવું. તથા ભગવાનનાં ચરણારવિંદ પોતાની છાતીમાં લેવાં તથા મસ્તક ઉપર ધારવાં. અને તે મળવે કરીને જે ભગવાનના અંગનું ચંદન પોતાના અંગમાં વળગે તથા ભગવાનના ચરણારવિંદને પોતાની છાતીમાં ને મસ્તક ઉપર ધાર્યા હોય તેણે કરીને જે કુંકુમ વળગે તથા પુષ્પના હારનાં ચિન્હ ઈત્યાદિક જે જે પોતાના અંગમાં વળગે તેને ધારવું કહેતાં એમ જાણવું જે, ભગવાનનું પ્રસાદી ચંદન, કુંકુમ ને હાર તે મારા અંગમાં અડ્યાં છે." અને શિયાળાના ચાર મહિના સુધી તો એમ પૂજા કરવી જે, પ્રથમ તો ભગવાનને ઊને જળે કરીને નવરાવવા, ને પછી ધોળો ખેસ પહેરવા આપવો, ને પછી

ઢોલિયા ઉપર મખમલનું ગાદલું પાથરીને તે ઉપર ધોળો ઓછાડ ઓછાડીને તે ઉપર ભગવાનને વિરાજમાન કરવા. ને પછી સુરવાળ પહેરાવવો વાત કોઈ દિવસ અમે કરી નથી.'' પછી વળી નેત્રકમળને મીંચીને વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, કોટી કોટી ચંદ્રમા, સૂર્ય, અગ્નિ તેના જેવો તેજનો સમૂહ છે ને તે તેજનો સમૂહ સમુદ્ર જેવો જણાય છે એવું બ્રહ્મરૂપ તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે જે પુરુષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે ને તે આકૃતિમાંથી એ પોતે ભગવાન અવતાર ધારે છે. અને એ ભગવાન કેવા છે તો ક્ષર અક્ષર થકી પર છે ને સર્વ કારણના પણ કારણ છે ને અક્ષરરૂપ એવા જે અનંત કોટી મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવા છે, અને એવા જે એ ભગવાન તે જ પોતે દયાએ કરીને જીવોના પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રગટ પ્રમાણ થકા તમારી સર્વેની દૃષ્ટિગોચર સાક્ષાત્પણે વર્તે છે. માટે તે જે ધામમાં રહી મૂર્તિ ને આ પ્રકટ શ્રીકૃષ્ણની મૂર્તિ તેમાં અધિકપણે સાદૃશ્યપણું છે. તે શ્રીકૃષ્ણની જે મનુષ્યરૂપ મૂર્તિ તેના ધ્યાનનો કરતલ જે હોય તેની જે દૃષ્ટિ તે ભગવાનના રૂપ વિના બીજા રૂપ વિષયમાત્રમાં અતિશય વૈરાગ્યને પામીને તે ભગવાનના રૂપમાં જ લુબ્ધ થાય, ત્યારે તેને તે પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ ને ધામની મૂર્તિ તે બેયમાં લગાર પણ ભેદ ન જણાય અને તે મૂર્તિ ને આ મૂર્તિનાં રૂપ અવસ્થા તે બરાબર જણાય, તથા તે મૂર્તિ જેટલી ઉંચી છે ને જેટલી પુષ્ટ છે, તેવી ને તેવી જ આ મૂર્તિ પણ જણાય છે. પણ તેમાં ને આમાં એક રોમનો પણ ફેર ન જણાય, અતિશય એકપણું જણાય. એવી રીતે તેમાં ને આ મૂર્તિમાં ફેર લગાર પણ નથી, તે મૂર્તિ ને આ મૂર્તિ એક જ છે. એવી જે પ્રત્યક્ષ મૂર્તિ તેનું ધ્યાન નેત્રને આગળ બાહેર કરે ત્યારે તો તેમાં ને એમાં લગાર ફેર નથી. ને તે જ મૂર્તિને ધ્યાનનો કરતલ પ્રતિલોમપણે પોતાના નેત્રમાં જુવે ત્યારે તે જ મૂર્તિ પ્રથમ જણાતી તેવી ન જણાય તે નેત્રની કીકીમાં જેવડી મૂર્તિ છે તેવડી જણાય, પછી વળી એ ધ્યાનનો કરતલ પ્રતિલોમપણે કંઠથી હેઠે સુધી માંહિલીકોરે ધ્યાન કરીને જુવે ત્યારે એ જ મૂર્તિને મોરે બે પ્રકારે દેખતો તેમ ન દેખે ને તે જ મૂર્તિને બહુ જ મોટી, બહુ જ ઊંચી, બહુ જ જાડી, ને બહુ જ ભયંકર એવીને દેખે. જેમ મધ્યાહ્ન કાળનો સૂર્ય હોય ત્યારે છાયા પુરુષના શરીર બરોબર હોય ને તે જ



સૂર્યને આથમ્યા ટાણું થાય ત્યારે છાયા મોટી લાંબી થાય પણ પુરુષના શરીર પ્રમાણે નથી રહેતી, તેમ તે મૂર્તિ પણ પૂર્વે કહી તેવી મોટી થાય. પછી એ મૂર્તિને હૃદયને વિષે રહી જે બુદ્ધિ તે બુદ્ધિને વિષે જુવે તથા તે બુદ્ધિમાં રહ્યો જે પોતાનો જીવ તેને વિષે જુવે, ત્યારે તે જ મૂર્તિને અંગુષ્ઠમાત્ર પરિમાણે જુવે અને દ્વિભુજ જણાય કે ચતુર્ભુજ જણાય પણ મોરે ત્રણ પ્રકારે દેખી તેવી ન દેખાય. અને પછી વળી એ ધ્યાનના કરતલને પ્રતિલોમપણે પોતાના જીવથી પર કોટી કોટી સૂર્ય, ચંદ્ર, અગ્નિના તેજના સમૂહને વિષે એ મૂર્તિ જણાય છે, તે જેવી દૃષ્ટિ આગળ જણાતી હતી તેવી જ રીતની જણાય છે પણ લગાર ફેર નથી જણાતો. માટે ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિષે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે, એ બેમાં ફેર નથી. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમ જ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે. અને પૂર્વે જે મૂર્તિમાં ફેર પડ્યો તે તો ગુણમય એવાં જે સ્થાનક તેણે કરીને પડ્યો. તે નેત્રમાં સત્ત્વગુણ ને કંઠમાં રજોગુણ ને બુદ્ધિમાં રહ્યો જે જીવ તે પણ ગુણમય છે. એમ વાર્તા કરીને પછી બોલ્યા જે, ''મોરે ગાતા હતા તે કીર્તન ગાઓ.'' એવી રીતે શ્રીજીમહારાજે પોતાના પુરુષોત્તમસ્વરૂપના નિરૂપણની વાર્તા પરોક્ષપણે કરીને કહી. ઈતિ વચનામૃતમ્ ॥૩૧॥ ૨૬૫ ॥

સ. સ્વામી બાલમુકુંદદાસજી વાત કરતા કે, જેમ સુંદર ભોજન કર્યા હોય ને એક માંદાને જમવા બેસાર્યો હોય, ને એક જમીને ધરાયેલો હોય તેને બેસાર્યો હોય, ત્રીજા ભૂખ્યાને બેસાર્યો હોય, તેમાં ભોજન તો એને એ જ છે પણ જે માંદો છે તેને કડવું લાગશે, ધરાયેલાને મોળું લાગશે, ભૂખ્યાને અમૃત જેવું લાગશે. તેમ શાસ્ત્ર તથા સત્પુરુષોનો સમાગમ પણ વિષયી પામર અને ખપવાળાને જાણવો. વિષયી જીવને કડવો, પામરને મોળો, ને ખપવાળાને અમૃત સમાન લાગશે જેવો ખપ ને બુદ્ધિમાં અવકાશ તે પ્રમાણે ગ્રહણ કરે.

જીવ શું કરી શકે ? જીવ મનસુબા તો કરે પણ પુરાં ક્યાંથી થાય ? રાવણ જેવાના મનસુબા પુરા થયા નહિ, જીવનું ધાર્યું જો થતું હોય તો ગરીબ શું કરવા રહે. સહુને મોટું થાવું છે પણ કોના હાથમાં છે. માટે પરમેશ્વર ભજે તે ડાહ્યો.

આ જીવને જ્યારે વેગ લાગે છે. ત્યારે કોઈ સારી શિખામણ દે તો મનાય

નહિ. એક ભાભો રાફડો ખોદતો હતો ત્યાં સાધુ નીકળ્યા તે કહે, 'ભાભા રાફડો ખોદોમાં એમાં જીવાંત મરે ને વળી જો અંદરથી સર્પ નીકળશે તો કરડશે' ત્યારે ભાભો કહે, 'હવે ચાલ્યા જાવને લંગોટાવ ! આવા તો કંઈક રાફડા ખોદી નાખ્યા. ત્યાં શું વાટ જોઈને બેઠો હોય છે, આ ઠેકાણે તો બાર વરસ સુધી મોટો મોલનો ઘેરો થશે' પછી સાધુ તો ચાલ્યા ગયા ત્યાં રાફડામાંથી સર્પ નીકળ્યો ને કરડ્યો તે ઘેરો થઈ ગયો તે કહ્યું છે કે -

મત્ય દિધે માને નહિ, કુમતે મન કોળાય;
આવેલ અવળે અક્ષરે, તે સવળે કેમ સોહાય.

સાધુને દાળ રોટલા દેવા હોય તો ન દેવાય, ને સગા આવે તો ઘીનાં આંધણ મૂકવા પડે. અમે રામોદમાં હતા. ત્યાં માંડા કણબીને કહ્યું કે, 'તમે જાર બાજરાનો લોટને અડદની દાળ, દાળ ન હોય તો ભાજી લાવીને સાધુને રસોઈ આપો.' ત્યારે કહે, સ્વામી સાધુને એમ રસોઈ ન અપાય પોર દુજાણું થાશે. ત્યારે પાકી રસોઈ આપીશ ઓણ દુઝાણું નથી તે નથી આપવી' એમ વાતો કરતાં હતાં ત્યાં કોઈ કે આવીને કહ્યું કે, માંડાભાઈ ? તમારે ત્યાં ઢગ આવી ? ત્યારે કહે, 'હમણાં નોતી આવવાની ને ક્યાંથી આવી ?' તે ઊઠીને દુકાને જઈ અધમણ ઘીનું સાટું કરીને પછી ઘેર ગયા. પછી અમે કહ્યું કે, 'કેમ ?' તો કહે, મહારાજ ! સાધુને ન અપાય પણ આ તો પરાણે કરવું જોઈએ.

આ લોકમાં કોઈ સુખીયો થયો નથી. તે લોક જ એવો છે, શ્રીકૃષ્ણ ભગવાન કેવા હતા, પણ દેહ ક્યાં પડ્યો, ને પાંડવોને હિમાળે ગળવું પડ્યું. સીતાજી કેવા સતી હતાં પણ ભોંમાં સમાવું પડ્યું. ને માથે દર્ભ ઉગ્યો. લક્ષ્મણજી કેવા હતા અને ક્યાં જવું પડ્યું ને ત્યાં દેહ પડ્યો. રામચંદ્રજી ભગવાન હતા પણ માથે કેટલું થયું. ને હાલ પણ જુઓ તો કોઈનો અપમાન વિના દેહ પડ્યો નથી માટે જાણી રાખવું.



## સભા - ૫૬

અને ભગવાનનું માહાત્મ્ય કેમ જાણવું તો ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ છે અને જે બ્રહ્માંડના એ રાજા છે તે બ્રહ્માંડની પણ ગણતી નથી. તે કહ્યું છે જે, "द्युपतय एव ते न ययुरन्तमनन्ततया त्वमपि । यदन्तयाण्डनिचया ननु सावरणाः ॥"અને તે એક એક બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ હોય તથા સાત દ્વીપ, સાત સમુદ્ર, મેરુ, લોકાલોક આદિક પર્વત, તેણે યુક્ત પૃથ્વીની રચના હોય તથા ચૌદ લોકની રચના હોય, તથા અષ્ટ આવરણની રચના હોય, ઈત્યાદિક સામગ્રીએ સહિત જે અનેક બ્રહ્માંડ તેના રાજા ભગવાન છે, અને જેમ આ પૃથ્વીનો ચક્રવર્તી રાજા હોય ને તે રાજાનાં જે ગામડાં તે તો ગણાય એવાં હોય તો પણ તેની કેટલી મોટ્યપ જાણ્યામાં આવે છે.? અને ભગવાનને તો એવા બ્રહ્માંડની પણ ગણતી નથી. માટે ભગવાનની તો બહુ જ મોટપ છે. અને તે બ્રહ્માંડને વિષે આ જીવ છે તે ભગવાનની આગળ શા લેખામાં છે ? કાંઈ નથી, અતિ તુચ્છ છે. અને તે ભગવાને એ બ્રહ્માંડને વિષે પંચવિષય સંબંધી સુખ જીવોને આપ્યું છે. તે સુખ કેવું છે.? તો એ સુખને સારુ કેટલાક પોતાનાં માથાં કપાવે છે. એવું મહા દુર્લભ જેવું જણાય છે. ત્યારે પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે. અને પ્રાકૃત વિષયસુખ છે તે તો અન્ય પદાર્થને આશરીને રહ્યું છે, તથા પૃથક્ પૃથક્ છે, અને જે ભગવાન છે તે તો સર્વે સુખમાત્રના રાશિ છે, ને એ ભગવાન સંબંધી જે સુખ છે તે અવિનાશી છે ને મહા અલૌકિક છે. અને જેમ કોઈક ભારે ધનાઢ્ય ગૃહસ્થ હોય તે પોતાના ઘરમાં અનેક પ્રકારનાં ભોજન જમતો હોય ને તે જમીને ઉચ્છિષ્ટ કાંઈક બટકું રોટલો વધે તે કૂતરાને નાખે ત્યારે તે અતિશય તુચ્છ કહેવાય, ને પોતે જમતો હોય તે મહા સુખમય કહેવાય. તેમ ભગવાને બ્રહ્માંડને વિષે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે, ને પોતાને વિષે જે સુખ છે તે તો મહા મોટું છે. અને વળી સુષુપ્તિ અવસ્થાને વિષે એ જીવને ભગવાન મોટું સુખ પમાડે છે તે ગમે તેવી વેદના થઈ હોય ને સુષુપ્તિમાં જાય ત્યારે સુખિયો થઈ જાય છે.

અને વળી એ ભગવાનના ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવયોગેશ્વર એવા એવા મોટા છે તે પણ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે ને માનને મૂકીને એ ભગવાનની નિરંતર ભક્તિ કર્યા કરે છે. અને વળી એ ભગવાને જગતમાં વિચિત્ર સૃષ્ટિ કેવી કરી છે, ને તેમાં કેવું ડહાપણ કર્યું છે ? જે જુવોને, 'માણસમાંથી માણસ થાય છે, પશુમાંથી પશુ થાય છે, ઝાડમાંથી ઝાડ થાય છે. કીડામાંથી કીડો થાય છે, અને માણસના અંગમાંથી કોઈક અંગનો ભંગ થઈ ગયો હોય ને ગમે તેવો ડાહ્યો હોય તો પણ તે અંગને તેવું ને તેવું કરવાને સમર્થ કોઈ રીતે ન જ થાય.' ઈત્યાદિક અનેક કળા ભગવાનમાં રહી છે. એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણીને તથા ભગવાનને સુખમય મૂર્તિ જાણીને બીજા સર્વે પદાર્થમાં વૈરાગ્ય થાય છે ને એક ભગવાનમાં જ પ્રીતિ થાય છે. અને એવી રીતે પ્રથમ કહ્યું જે પોતાના જીવાત્માનું જ્ઞાન તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન એ બે જેને સિદ્ધ થયાં હોય ને તે જો ગમે તેવા પંચવિષય સંબંધી સુખમાં કદાચિત્ બંધાઈ ગયો હોય, તો પણ તેમાં બંધાઈ રહે નહિ, તેને તોડીને નીકળે જ રહે છે અને જે વિષયના સુખનો ત્યાગ કરીને વર્તતો હોય ને તે ન બંધાય એમાં તે શું કહેવું ? માટે એ બે પ્રકારના જ્ઞાનને સાંભળીને એનો પોતાના મનમાં વેગ લગાડી દેવો. જેમ કોઈક શૂરવીર ને આકરો માણસ હોય, ને તેનો કોઈક પ્રતિપક્ષી હોય, તેણે તેનો બાપ મારી નાખ્યો હોય, તો તેની તેને બહુ દાઝ થાય, ને તે દાઝ થતી હોય ને વળી તેનો દીકરો મારી નાખે ને વળી ભાઈને મારી નાખે ને વળી બાયડીને લઈ જાય ને વળી માને લઈને મુસલમાનને આપે ને વળી ગામગરાસ ઝૂંટી લે, એવી રીતે જેમ જેમ એનો પરાભવ કરે તેમ તેમ એને બહુ મનમાં દાઝ થાય, ને જાગ્રત સ્વપ્નમાં સર્વકાળે એને એ વાતનો જ આલોચ રહે તેમ જેને આ બે વાતનો નિરંતર આલોચ રહે ત્યારે એને એ જ્ઞાન સિદ્ધ થાય. અને એને ગમે તેવો આપત્કાળ પડે તો તેને વિષે એની સહાય કરે અને જેમ વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ રામચંદ્રને પીવાડી ત્યારે જે દેહમાં શલ્ય લાગ્યાં હતાં તે સર્વે એની મેળે દેહથી બાહેર નીકળી ગયાં, તેમ જેને આ બે વાત મનમાં લાગી ગઈ હોય તેને ઈન્દ્રિયોને વિષયભોગની ઈચ્છા રહી છે એ શલ્ય છે તે સર્વે નીકળી જાય, કહેતાં વિષયભોગમાંથી એની



ઈન્દ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે. અને સત્સંગી પણ એને જ કહીએ, કેમ જે, 'સત્યરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો જેને આવી રીતે સંગ થયો તેને સત્સંગી કહીએ,' અને આ બે પ્રકારે જે વાર્તા છે તેને દૈવી જીવ સાંભળે ત્યારે તેના હૃદયમાં લાગીને રગરગમાં પ્રવર્તી જાય, અને જે આસુરી હોય ને તે સાંભળે ત્યારે તેને તો કાનથી બાહેર જ નીકળી જાય, પણ હૃદયમાં ઉતરે નહિ. જેમ શ્વાન હોય ને તે ખીર ખાય તે તેના પેટમાં રહે જ નહિ, વમન થઈ જાય; ને ખીર જેવું કાંઈ ભોજન સરસ ન કહેવાય તો પણ તે શ્વાનના પેટમાં રહીને રગરગમાં પ્રવર્તે નહિ, ને તે ખીરને માણસ ખાય ત્યારે તેને પેટમાં રહે ને રગરગમાં પ્રવર્તે ને બહુ સુખ થાય. તેમ શ્વાન જેવો જે આસુરી જીવ તેના હૃદયમાં તો આ વાત પેસે જ નહિ ને માણસ જેવો જે દૈવી જીવ તેના હૃદયમાં ઉતરે ને રગરગમાં વ્યાપી જાય અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે. અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી, ને જો એ ભગવાન જેવા જ થાય તો તો ભગવાન ઘણાક થાય, ત્યારે તો જગતની સ્થિતિ તે એક જાતની જ ન રહે. કેમ જે, એક ભગવાન કહેશે હું જગતની ઉત્પત્તિ કરીશ, ને બીજો કહેશે હું જગતનો પ્રલય કરીશ, અને વળી એક ભગવાન કહેશે હું વરસાદ કરીશ, ને બીજો કહેશે હું નહિ કરું. ને એક કહેશે હું માણસના ધર્મ પશુમાં કરીશ, ને બીજો કહેશે હું પશુના ધર્મ માણસમાં કરીશ, એવી રીતે સ્થિતિ ન રહે. અને આ તો જુવોને ! જગતમાં કેવી રીતે બરોબર અદલ પ્રમાણે સર્વ ક્રિયાની પ્રવૃત્તિ થાય છે પણ તલભાર પણ ફેર પડતો નથી. માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વના સ્વામી એક જ ભગવાન છે તથા ભગવાન સંગાથે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી. માટે ભગવાન તે એક જ છે પણ બીજો એ જેવો થતો નથી. અને આ સર્વે વાત કરી તે થોડીક છે, પણ એમાં સર્વે વાત આવી ગઈ. અને આ વાતનું જે રહસ્ય છે તે જે ડાહ્યો હોય તેને સમજાય પણ બીજાને સમજાય નહિ. અને આટલી વાત સમજીને જેણે દૃઢ કરી તેને સર્વે વાત સંપૂર્ણ થઈ ગઈ, એને કાંઈ કરવું બાકી ન રહ્યું. અને આવી રીતે જે અમે વાત કરી તેને સાંભળીને, તે વાતની જે ભગવાનના ભક્તને દૃઢતા હોય

તેનો સંગ રાખવો. તો એને આ વાર્તાની દિવસે દિવસે દઢતા થતી જાય. અને આ વાત અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા, તથા સિદ્ધાઈ જણાવા સારુ નથી કરતા; આતો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ, કેમ જે, અમારે સ્ત્રી ધનાદિક પદાર્થનો ભારે યોગ છે, તથા પંચવિષયનો ભારે યોગ છે, તથા સુરત, અમદાવાદ, વડોદરા, વરતાલે જઈએ છીએ ત્યારે હજારો માણસ ભેગાં થાય છે ને તે માને છે, તથા વાજતે ગાજતે અતિ સન્માન કરીને પધરાવે છે, તથા ત્યાં ભારે ભારે જાયગાઓ જોયામાં આવે છે, તથા ભારે વસ્ત્ર વાહનાદિકનો યોગ થાય છે, એ સર્વે છે; તથાપિ પોતાના આત્મા સામી દૃષ્ટિ કરીએ છીએ તથા ભગવાનના માહાત્મ્ય સામી દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે એ સર્વેનું અતિ તુચ્છપણું થઈ જાય છે, ને એમાં કોઈ ઠેકાણે બંધાઈ જવાતું નથી, ને પૂર્વ દેહની જેમ વિસ્મૃતિ છે તેમ એ સર્વેની વિસ્મૃતિ થઈ જાય છે. માટે એ બે વાત અમારે સિદ્ધ થઈ છે તે સારુ એમ અમારે વર્તાય છે. અને બીજો પણ જો એ બે વાતને સિદ્ધ કરે તો તેને કદાચિત્ એવો કોઈક યોગ થઈ જાય તો પણ એને એમ વર્તાય, માટે આ વાત અવશ્ય સમજવાની છે.'' એવી રીતે શ્રીજીમહારાજે કૃપા કરીને બીજાને સમજાવવા સારુ પોતાનું વર્તન લઈને વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ શ્રીપુરુષોતમનારાયણ છે. ઈતિ વચનામૃતમ્ ॥૩૯॥ ૨૭૩ ॥

આ દેહ કોઈનો રહ્યો નથી ને રહેશે નહિ. ભગવાનના અવતાર હતા તે પણ રહ્યા નહિ. તો બીજો તો કોણ રહે ? આ જીવ છે, તે કોઈ મરી જાય તો કહે જે ફલાણો મરી ગયો પણ આપણે એક દિવસ મરી જશું એમ નથી જાણતો તે જેમ ખેડૂ હોય તે શેરડીને સીંચોડામાં પીલવાની હોય તેને આગલે દિવસે પાણી પાય ત્યારે તે રાજી થાય. જે આપણે કેવો મજો કરીએ છીએ. પણ એને કાપી નાખી પીલી નાખશે તે જાણતી નથી. તે કીર્તનમાં કહ્યું છે કે : ''કોઈક આજને કોઈક કાલ.



## સભા - ૫૭

અહીં રહ્યાની વાત જુઠીજી, તે વાર નહિ લાગે જાણે જન્મ્યો જ ન હતો. આ શરીર તો ક્ષણભંગુર કહ્યું છે માટે આવો સમય ફરી ફરી નહિ આવે બધી વાતે અનુકૂળ ક્યાંથી હોય,'' ઉત્તમ કુળમાં જન્મ, સ્વામિનારાયણ ભગવાનનો અવતાર, ને આવા સાધુ, તીથ માત્રમાં ફરી જુઓ આવો ધર્મ, આવા સાધુને આવા નિયમ ક્યાંય છે ? આ સમયમાં જે રહી ગયા તેને છુટવાનો આરો ક્યાંથી આવે.

સ્વામીએ વાત કરી જે આ જીવને માગ્યું મોત આવી ઊભું રહે તો પણ જવાય એવું નથી. એક જણ ભારા વેચતો તે ભારો ઉતારીને વિચાર કરવા માંડ્યો જે, 'આવા ભારા વેચીને પેટ ભરવું ને દુઃખ વેઠવું તે કરતાં તો મોત આવે તો સારું. ત્યાં તો મોત આવીને ઊભું રહ્યું. ત્યારે તે કહે, 'કોણ ?' ત્યારે કહે 'હું મોત છું, તું બોલાવતો હતો તે હું આવ્યો છું' ત્યારે કહે, 'હું ભારો ચડાવવા બોલાવતો હતો' તે જીવ જીવવા સારું અનેક પ્રપંચ કરે એવો છે પણ જીવ્યાની આશા ન મટે. બારપટોળીમાં આલો ભક્ત હતાં.

તેને તેડવા મહારાજ પાંખાળી ઘોડીએ ચડીને આવતાં હતાં. તે આવતાં જોઈને તેની સ્ત્રીને કહે, જે મુને મહારાજ તેડવા આવે છે. પણ મારે જવું નથી. ખડકી દૈ, દે. ને તું કહે જે કે, 'ભક્ત ઘેર નથી.' એમ કહી કોઠી આડા સંતાઈ ગયા ત્યાં મહારાજ આવ્યા. ને કહે, 'આલા ભગત ?' ત્યારે બાઈ કહે, 'ઘેર નથી.' તે મહારાજ ચાલ્યા ગયા. ભક્ત દેહે નરવા ને ભેસું મળે તે જાણે ખાશું પીશું ને મજા કરશું પણ પછી બધો તાલ વિખાણો, તે બહુ દુઃખી થયા માટે આ લોકમાં શો માલ છે, ને શું સુખ છે. 'જીવે જે સુખ માન્યું છે. એ તો કેવળ દુઃખ રૂપ જ છે. ને જો સુખ હોત તો શાસ્ત્રવાળા શું લખત.' માટે ભગવાનનાં ભક્ત હોય, તેને તો તૈયાર થઈ રહેવું. જે ક્યારે ભગવાન તેડવા આવે ને ક્યારે જઈએ.

આ જીવે જ્યાં જ્યાં જન્મ ધર્યા ત્યાં ત્યાં પાપે જ પેટ ભર્યા છે, ને વિષયના જ વ્યાપાર કર્યા છે, માટે હવે તો પુણ્યે જ પેટ ભરવા ને ભગવાન સંબંધી ક્રિયા

કરવી. ને જીવ તો કોઈ કાળાંતરનો રખડતો આવ્યો. ને કોઈ દિવસ પરમેશ્વર ભજ્યા નથી. ને આજે ખરે ખરો જોગ મળ્યો છે. માટે આવા જોગમાં રહી જાશો. તો પછી તેને રખડવાનું જ રહ્યું.

કહે તેમ કરવું બહુ કઠણ છે. તે ભગવાન કહે તો પણ ન મનાય મહારાજ સભા કરીને બેઠા હતા. તે એક જણને કહ્યું કે, ‘‘પેલી બાઈને તડકો આવશે. માટે કહો જે આ બાજુ બેસો.’’ ત્યારે તેને કહ્યું પણ તે બાઈ કહે, ‘આંહી ઠીક છે.’ તે ઘણું કહ્યું પણ ઊઠ્યા નહીં. પછી તડકો આવ્યો ત્યારે પોતાની મેળે ઉઠ્યા, ત્યારે મહારાજ કહે, તડકે ખુબ કુટાણાં ને બેઠાં. તે જીવ અનાદિથી પોતાનું ધાર્યું કરતો આવ્યો છે ને ધાર્યું કરવામાં આનંદ માને છે. માટે ઘણા દિવસ મન ધાર્યું કર્યું છે, તો હવે સાધુ કહે તેમ કરવું. ને મન ધાર્યું મૂકવું.

મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, ‘સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું. કારણ કે સાયંકાળે કામ ન હોય ને આરતી વખતે આ બ્રહ્માંડના અધિપતિ છે. તે પણ દર્શને આવે છે. તે ટાણે જો આપણે ન જઈએ ને છોકરાને રમાડ્યાં કરીએ ને ગપ્પામાં નવરા ન થઈએ તો દેવ જાણે કે આ શું કરે છે ? માટે દર્શને અવશ્ય જવું દેવ મંદિરમાં સંજવારી કાઢવી કે દીવો કરવો તેનું બહુ પુણ્ય છે. તે સમઢિયાળામાં નથુ શેઠ હતાં તે સ્વામી માધવચરણદાસજી પાસે આવીને કહે, ‘સ્વામી !’ ‘હું ત્રણ ગામમાં કોથળો ફેરવું છું તો પણ અન્ન-વસ્ત્રનું પૂરું થતું નથી’ ત્યારે સ્વામી કહે, આ મંદિરની સંજવારી કાઢતા જાવ ને હંમેશાં દીવો કરતા જાવ તો મહારાજ સારું કરશે. પછી હંમેશાં તેમ કરવા લાગ્યા. તે દશ હજાર રૂપિયાનો આસામી થયો. ને નગર શેઠ કહેવાયો તે માટે આપણે પણ તેમ કરવું.

સત્સંગી હોય ને મંદિરે ન આવે. તેનો સત્સંગ ક્યાંથી રહે ? તે અમે ગઢડે ગયા ત્યાં મનજી ઠક્કર કહે, અમે નાના હતા તે સવારે ઊઠીને કહીએ, જે ખાવું છે રોટલો લાવો. ત્યારે મારી માં કહે જે ‘ડામ દઈશ, ઘેલે જઈને નાહી આવો ને મહારાજનાં દર્શન કરી આવો તો ખાવા મળશે’ ઘણું નાહવું ન હોય, ને દર્શને જાવું ન હોય પણ ખાવા દે નહિ. તે જાતના ખોજા હતા પણ સત્સંગે કરીને નાહી પૂજા કરતાં ને બ્રાહ્મણના જેવા ધર્મ પાળે તે જોઈ કુસંગી કહે, ‘‘શું ભળીએ



સત્સંગમાં, નિત્ય ઊઠીને નાહવું. ભળિયે નહિ ભફાકિયામાં, તે દાતણ વિના ખાવું.’’ તે ખોજા હતાં પણ સત્સંગ થયો, તેથી પાણી, દૂધ ગળીને પીએ, ડુંગળી, લસણ ખાતા નહિ, તમાકું પીતા, સુંઘતા નહિ. એ કાંઈ થોડી વાત છે, તેને ઘેર શ્રીજી મહારાજ પધાર્યા તે વચનામૃતમાં લખ્યું છે.

સ્વામી સવારમાં વહેલા ભજન કરતાં પછી કોઈકે પૂછ્યું કે, સ્વામી ! આ ટાણે ભજન બહુ કેમ કરાવો છો ?’ સ્વામી કહે, ‘તમે ન જાણો આ તો ઝાડી કાપીએ છીએ. કાળરૂપી, ક્રોધરૂપી, લોભરૂપી, માનરૂપી, સ્નેહરૂપી, સ્વાદરૂપી, અહંમમતારૂપી, દેહાભિમાનરૂપી ઝાડિયો કાપીએ છીએ. કારણ કે આ જીવ છે તે માયારૂપી ઝાડીમાં ભૂલો પડી ગયો છે. તે તેમાં ને તેમાં ગોથા માર્યા કરે છે. ને ક્યાંય આ રસ્તો મળતો નથી. તેને રસ્તો બતાવી બહાર કાઢવો છે. પણ જીવને વિચાર વિના ગમ પડતી નથી. ગિરના આંધળાની પેઠે માયામાં આથડ્યાં કરે છે. તેને માયારૂપી ઝાડીમાંથી કાઢવા સારું રાત-દિવસ મંડ્યા છીએ. જીવને ગરજ હોય તો થાય.

આ જીવે જ્યાં જ્યાં જન્મ ધર્યા ત્યાં ત્યાં આહાર, નિદ્રા, ભય ને મૈથુનમાં એમ ને એમ આવરદા કાઢી નાખી અને એમ મનસુબા કરે, જે આટલું કામ અધૂરું છે તે પૂરું થઈ રહે પછી કાંઈ કરવું નથી. પણ કામ કોઈનું પૂરું થયું નથી ને થાશે નહિ. એ તો એક કરે ત્યાં બે ઊભા થાય. તે એમાંથી નવરો જ ન થાય. બાર મહિનાનું વરસ છે. પણ અધિક મહિનો આવે છે, ત્યારે પણ કોઈનું કામ પૂરું થયું છે ? એમાં ને એમાં આયુષ્ય ચાલ્યું જાય. ને મોત આવીને ઊભું રહે. તે કાંઈ એમ ન જાણે જે ભાઈ ને આટલું કામ અધૂરું છે. તે હમણાં રહેવા દઈએ, એ તો ઉપાડી જાય, વાર ન લાગે. વાઘરી નદીમાં ચીભડાના વાડા કરે છે. તે બે વખત આંટો જાય ને તપાસ્યા કરે. પાકે કે તરત ઉપાડે. તેમ કાળ આંટા દીધા જ કરે છે. તે નાનું, મોટું જેની આવરદા પૂરી થઈ તેને ઉપાડી જાય. તેને એમ ન થાય, જે આના માવતર બેઠાં છે ને આને ક્યાં ઉપાડી જાઉં !

ક્યાંય હજાર વરસનો માણસ જોયો ? માણસ તો ભૂલી જાય. પણ કાળ કોઈને ભૂલતો નથી. માટે પ્રભુ ભજી લેવા, પ્રભુ ભજવામાં જીવને લાજ આવે

છે, બીજે નથી આવતી. જેણે પ્રભુ ભજ્યા તેના નામ રહ્યાં. તે જૂનાગઢમાં નાગર ઘણા દીવાન થયા પણ તેનું નામ કોઈ જાણતું નથી. ને નરસિંહ મહેતાએ ભક્તિ કરી તો આખા જગતમાં તેને સૌ જાણે છે. વળી જગતને અને ભગતને વૈર છે. નરસિંહ મહેતો ભક્તિ કરવા માંડ્યા તો નાગરોએ નાત બહાર કાઢ્યાં. તે જુઓ એનું ઘર નાગરવાડામાં નથી પણ ભગવાન ભજ્યા તો આજ એને ઓટે નાગર માથાં ઘસવા જાય છે.

આ લોકનું દુઃખ માનવું નહિ. કારણ કે દુઃખરૂપ છે તેમાં દુઃખ શું માનવું ? કેમકે ઊંટના બેસણા જેવું છે. તે હલ્યા વિના રહે નહિ. તેમ આ લોક જ એવો છે. તે સુખ-દુઃખ આવ્યા જ કરે સુખમાં હર્ષ ન પામવો ને દુઃખમાં શોક ન કરવો.

સ્વામીએ વાત કરી જે આત્મ વિચાર વિના જીવને શાંતિ થાય નહિ. માટે નિત્યે આત્મવિચાર કરવો ને નિત્યે પ્રલયનો વિચાર કરવો કોઈ રહ્યું નથી, ને રહેશે નહિ. સંસારમાં સાર વસ્તુ પરમાત્મા છે. પરમાત્મા ભેગું આ જીવને રહેવું છે અને સ્વામી કહેતા કે અંતઃકરણનું અજ્ઞાન છે તે ઘડીકમાં ખસે તેવું નથી. એ તો ‘‘બહોત કાળ કરત સત્સંગા, તબ હોત સંશયકા ભંગા.’’

દેહનો ચાકર, સ્વભાવનો ચાકર, ઈન્દ્રિયોનો ચાકર, તે જીવનું સારું કરવું તેની ખબર નથી. અને જીવ છે તે આમ તેમ ડોટું કાઢે છે. સ્વામી કહેતા વગડામાં બોરડીના ગાળિયા હોય, તેને વાયરો લાગે તે આમથી તેમ દોટું કાઢે છે, ને દડો જેમ ડાંગ લાગે ને દોડે છે, તેમ આ જીવ છે. તે મોહમાં ને મોહમાં ગોથાં ખાય છે. પણ વિચાર કરે તો ખબર પડે, ‘‘દેવાનંદ કહે હરિ ભજ્યા વિના, ઘણે દુઃખે ઘેરાણો.’’

ભજન કરવું નહિ, સેવા કરવી નહિ, આજ્ઞા પાળવી નહિ, માળા ફેરવવી નહિ અને ધ્યાન કરવું નહિ. ને સારું ખાવા જોઈએ, મનગમતા પદાર્થો જોઈએ, ને મોજશોખ કરવા. તે ઉપર વાત છે કે - ‘‘ઉમા કામ કરેંગી તો કે મેરી કમર દુઃખેગી.’’ ‘‘પાણી ભરેંગી તો કે મેરી શીર દુઃખેગી ત્યારે કે કુછ ખાયેગી તો કે હાં, હાં બડી તગેરી મેરી.’’ એમ ન કરવું.



## સભા - ૫૮

સ્વામી હસાવતા કે રાંડી રૂવે, માંડી રૂવે, ને સાત ધણી વાળી તો માથું ન ઉઘાડે. તે દીકરા કામ કરનારા થાય, વ્યવહારે સાનુકૂળ થાય. તો પણ પ્રભુ ભજવા નવરો ન થાય ને વિચારીને જુઓ તો આમાં આપણું કાંઈ નથી. અને કેશે કાળપ મેલી. ત્યારે મનને કાળપ મેલાવવી. દાંત પડી ગયા પણ મનના દાંત પાડવા.

બુઢ્ઢાપનમે તન ઘટે, ઘટત રૂપ, બળ આહાર;
મુક્ત કહે નિત્ય નયી, તૃષ્ણા બઢત-બઢત અપાર.

આપણથી નાના ચાલ્યા ગયા. ત્યારે આપણે કેટલા દિવસ રહેશું. શેરડી પીલવા સીંચોડો માંડ્યો તે પાંચ દિવસ વેલા મોડી બધી પીલાશે એમાં એકેય રહેશે નહિ. ‘‘મરનારાને શીદ રડો છો રડનારાં નથી રહેવાના, તોપને મોઢે તુંબડાં તે બધાં ઊડી જવાના.’’

કાળ માથે આંટા દીધા જ કરે છે. પાંચ દિવસ વેલા મોડું કોઈ રહેવાનું નથી માટે આવો અવસર આવ્યો છે. તે પરમેશ્વર ભજી લેવા. તે સ્વામી કહેતાં કે ભારે પુણ્ય કર્યાં હશે ત્યારે આવો જોગ મળ્યો છે.

સ્વામી તો એમ કહેતાં કે એક બ્રહ્મચર્યવ્રત ખરેખરું પાળે, ને ભગવાનની ઉપાસના રાખે ને કોઈ ભક્તનો અવગુણ ન લીએ. તો તેને સૂતો રહે તો સોડમાં રોટલા દઈ જાય. મહારાજ કહે તેમ નિયમમાં રહેજો. ને સુખીયા રહેજો. નહિ તો, માયા માથા કચરી નાખશે. અખંડાનંદ, સુખાનંદ, સચ્ચિદાનંદ એવો જીવને કહ્યો છે. પણ સુખીયો થાય નહિ. હરણીયા જળ દેખે ત્યારે તરસ લાગે ન દેખે તો ન લાગે તે ઝાંઝવાના જળ દેખે ને દોડે. તેમ સંસારમાં સુખ દેખે ને મોહ થાય પણ સંસારમાં સુખ નથી.

જીવ માત્ર મોહને ઘોડે ચડ્યો છે. તે મોહમાં કાંઈ ખબર પડતી નથી. ને મોહમાં હેરાન થાય છે. એક પટેલની વાડીમાં શીયાળ હળેલી તે હંમેશાં શેરડી ખાઈને નરેડ જેવી થઈ. તે વાડામાં ગલકા એરડે અધર લટકે તેમાં જાળી પડી

ગયેલી પછી તેને જોઈને વિચાર થયો શેરડી તો હંમેશાં ખાઉં છું. પણ આ લટકણ ફળ કોઈ દિવસ ખાધું નથી, પછી ઠેકીને ગલકાંને બચકું ભર્યું, તે દાઢ ખુંચી ગઈ અને ટીંગાઈ રહી પછી પટેલનો સાથી આવ્યો. તે કોદાળીએ મારી નાખી ને કહ્યું કે, 'લે હવે શેરડી ખાવી છે ને ?' તેમ સંસારનાં સુખ લટકણ ફળ જેવા છે. તે જાણે સુખ લઈ જોઉં ત્યાં તો કાળ આવી જાય. તે અચાનક ગળે ફાંસો નાખીને લઈ જાય.

ગઢપુરમાં લક્ષ્મીવાડીએ આંબા નીચે ઓટે મહારાજે નાનાં-નાનાં સાધુઓને બોલાવીને કહ્યું કે, 'તમને હવે કાંઈ દુઃખ નથી, પણ મન દુઃખ દે એવું છે. માટે મનનો વિશ્વાસ કરશોમાં' એમ કહીને બોલ્યાં જે ક્યારેય યોગીએ મનનો વિશ્વાસ ન કરવો.

જીવને મરવાની તો બીક જ નથી. નહિ તો પરમેશ્વર ભજે નહિ. પરમેશ્વર ભજવા ભોંય પથારી કરી પણ પ્રભુ ભજે નહિ. મહારાજે પણ કહ્યું છે. જે અંત અવસ્થા જેવું વર્તે છે તે એમ થાય તો પ્રભુ ભજાય.

સ્વામી વાત કરતાં કે નાગા બાવા છે. તે સો ઘોડે ન લૂંટાય તેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણ છે તે સાચવવા નહિતર કામ, ક્રોધ ને લોભાદિક દોષ છે, તે લૂંટી જાય તેવા છે. પંચ વિષયમાંથી જીવને દુઃખ થાય છે. તે જોઈ સાંભળીને જીવ દુઃખિયો થાય છે -

સંત ધનવંતર વૈદ્ય સમ, જેસો રોગી જેહું;
મુક્ત બતાવત તાહીકું, તેસો ઔષધ તેહું.

તે જેને જેવો રાગ તેને તેવી વાત કરીને સુખિયો કરે છે. પણ જીવને આ લોકનું છે. અહીં વળગું, ને જાણે અહીં વળગું, પણ આ લોક તો દુઃખરૂપ છે. તે જ્યાં વળગવા જાય ત્યાં દુઃખ થાય.

સ્વામીએ વાત કરી જે બ્રહ્મચર્ય વ્રત પાળે તેના અનેક જન્મનાં પાપ બળી જાય. ને આયુષ્ય પણ વધે ને તેનાથી ભૂત ભૈરવ, વીર, વેતાળ બીએ, તેને મૂઠ, ઓટ લાગે નહિ, ને બ્રહ્મચર્ય વ્રત પાળે તેનામાં માણસ ખેંચાય ને તેને વચને સિદ્ધિ થાય. તે મહારાજને એ વ્રત બહુ જ વાલું છે તે પાળ્યું ને પળાવ્યું. બ્રહ્મચર્ય



છે - તે બ્રહ્મનું સ્વરૂપ છે. બ્રહ્મચર્ય વ્રત પાળે તે તેજસ્વી થાય છે. ને આ લોકમાં પણ તેની યશ કીર્તિ થાય છે. બ્રહ્મચર્ય વ્રત ન હોય તેની તરવાર પણ ન ચાલે. તે વ્રત પાળવાથી તીર્થ યાત્રાનું ફળ થાય છે. મનના સંકલ્પ સિદ્ધ થાય છે ને જે ધારે તે કરી શકે છે માટે બ્રહ્મચર્ય જેવું એકેય વ્રત નથી.

અને સત્સંગીનું ઘર હોય પણ ક્યારેય સ્વામિનારાયણનું નામ ન લેતા હોય તો બીજા શું જાણે જે આ સત્સંગીનું ઘર છે. માટે હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં 'સ્વામિનારાયણ', 'સ્વામિનારાયણ' ભજન કરવું. દાડમામાં નથુ મહારાજ હતાં તેણે બારસાંખ ઉપર 'સ્વામિનારાયણ' નામ લખ્યું ને મહેમાન આવે તેને પાંચ વાર 'સ્વામિનારાયણ'નું નામ લેવરાવે તે પછી ખાવા દે.

પરમેશ્વરે એવો દોરી સંચો કર્યો છે. તે જીવ પ્રાણી માત્ર દોડાદોડ મંડ્યા છે. થાકતા જ નથી પોતાના સ્વાર્થમાં આખી દુનિયા મંડી છે. પણ પરમાર્થ કરે એવા થોડા અને આ જૂઠો પ્રપંચ છે. તેમાં જીવ વળગ્યા છે. આ જીવને ભગવાનમાં હેત કરવું છે પણ બીજે વળગ્યા છે. અને જીવ એવા મનસુબા કરે તે કોઈ દિવસ પૂરા થાય નહિ અને જીવનું સારું કરી લેવું. અને ભગવાન ભજી લેવા. ભગવાનને એકાંતિક એ બે જીવના સાચાં સગાં છે. બીજું કોઈ સગું નથી.

ત્યારે કે 'ઠીક' પછી પરણ્યા થોડા દિવસ થયા ત્યારે માથે ઓઢીને રોવા બેઠા ત્યારે શ્રીકૃષ્ણ કહે, 'માં કેમ રૂવો છો ! ત્યારે કહે, 'આ હું કહું તેમ નથી કરતી માટે આને માથે બીજી લાવ.' પછી બીજી પરણ્યા તે પણ એવી તે વળી માથે ઓઢીને રોવા બેઠા. ત્યારે વળી કૃષ્ણે કહ્યું કે, 'માં હવે કેમ રૂવો છો ?' ત્યારે કહે આ તો વીંછીના આંકડા જેવી આને માથે ત્રીજી લાવ્ય. પછી ત્રીજી પરણ્યા ત્યારે વળી થોડા દિવસ થયા ત્યારે રોવા બેઠાં ને રાજાની દીકરિયું તે એનું કહ્યું કરે ? એમ આઠ કરીયું, પણ દેવકીજીને સુખનો સરડકો ન આવ્યો. પછી ભોમાસુર દૈત્યે સોળહજાર ને એકસો રાજાની કન્યાઓ ભેળી કરી હતી તે લાવ્યા પણ દેવકીજીને સુખ ન આવ્યું. તે આ લોકમાં સુખ નથી તે ક્યાંથી સુખ આવે ? આ લોકમાં પદાર્થે કરીને સુખ થાય તેમ નથી.આ લોકનો કોઈએ પાર લીધો નથી ને પાર આવે એવો નથી માટે ભજન કરી લેવું. કથા-વાર્તા કરી લેવી. માળા

ફેરવી લેવી. આ લોકના તાલ ઠીકઠાક કરવા જાય ત્યાં આવરદા તો થઈ રહે.

અને સ્વામી વાત કરતાં કે, કોઈ કહે તારે ખાવું હોય તેટલું ખાઈ લે તો કેટલું ખાઈ શકે ? કોઈ કહે તારે લેવું હોય તેટલું લઈ લે તો કેટલુંક લઈ શકે ? પણ કોઈ કહે કહે જે, 'માંગી લે તો તેની હદ નહિ. તેમ મોજ આપી છે તે મોજનું મૂલ્ય હોય નહિ.' ''જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ, આજ ધર્મવંશીને દ્વાર નરનારી'... જેને. તે આજ તો કલ્યાણ સોંઘું કર્યું છે નહિ તો આમ કલ્યાણ થાય નહિ. આગળ કેટલા કેટલા દાખડા કર્યા ત્યારે કલ્યાણ થયું છે. તે પણ આત્યંતિક નહિ. આત્યંતિક કલ્યાણ કરનારા આ વખતે આવ્યા તે વિના આત્યંતિક કલ્યાણ કોણ કરે ? જીવને ઘણા ખરાને તો આ લોકનું કે દેવલોકનું જોઈએ છે.

કુસંગીને જમ લેવા આવ્યા હોય ને સત્સંગી પાસે બેઠા હોય તો જમ લઈ ન શકે એવો સત્સંગનો પ્રતાપ છે. તે વાંકિયામાં શેઠ ભીમજીભાઈ સત્સંગી બહુ સારા હતા. તે ગામમાં એક કુસંગી માંદો થયો હતો તેને જોવા શેઠ ગયા ને બેઠાં ત્યાં કુસંગીને લેવા જમ આવ્યા. શેઠ મોદીખાનું રાખતા તે બે જમ પોલીસનો વેશ લઈને શેઠની દુકાને ગયા. કહે, 'ભીમજી શેઠ ક્યાં ગયા ? ફોજદાર આવ્યા છે. તે સીધું લેવું છે.' તે સાંભળી ભીમજીભાઈ ઊઠીને દુકાને ગયા ત્યાં તો કોઈ ન મળે ને પેલા કુસંગીને જમ લઈ ગયા. તે પોકારણ પડ્યું.

મહારાજે કળિયુગમાં સત્યુગ પ્રવર્તાવ્યો. સત્યુગમાં સૌને ઘેર કલ્પવૃક્ષ હતાં તે મનોવાંછિત ભોગ ભોગવતાં. ને સૌ પરમેશ્વરની ભક્તિ કરતા. પીપલાણાના હરિભક્તો મહારાજને દર્શને ગયા. ને પૂછ્યું કે, 'સત્યુગના ભક્તો તમને વહાલા હતા ને આજના ભક્તો તમને વહાલા નથી ? સત્યુગમાં ભક્તોની રક્ષા કરવા સુદર્શન ચક્ર મુકતા. ને આજ કેમ મુકતા નથી ?' ત્યારે મહારાજ કહે, 'આજના ભક્તો ઉપર અમારે ઘણું હેત છે, ને ચક્રનો વિશ્વાસ નહિ. ને આજ શિક્ષાપત્રી કરી છે. તે પ્રમાણે વર્તે તો અમે પંડે તેના હૈયામાં રહીએ તે ચારેય આયુધ આવી જાય' માટે શિક્ષાપત્રી પ્રમાણે વરતે તેની રક્ષામાં અમે છીએ. તેથી દુ:ખ આવે જ નહિ. માટે શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું.



## સભા - ૫૯

સ્વામીએ વાત કરી જે વ્યસન છે. તે એકેય સારાં નથી. ડુંગળી, લસણ, તમાકું તે પણ ખડ છે. પણ શાસ્ત્રમાં વિધિ નિષેધ કહ્યા છે તે વિધિ જે કરવું, નિષેધ જે ન કરવું, વ્યસનો બધા તમોગુણી છે. તે ભગવાન ન સાંભરે તે કહ્યું છે. જે -

''બજરના બે વાડા વાવીએ, ધુણી રાખીએ ધખતી;
આવ્યા ગયાને હોકો પાયે, તે આપણી ભક્તિ.''

તે એમાંથી ક્યારે નવરો થાય ને ભગવાનને ભજે. અને બજર છે તે કાળજું બાળી દે ને પાસે ન હોય તો હેરાન થાવું પડે. અને વલખાં કરવાં પડે. અમે પોરબંદર જતાં હતાં ત્યાં રસ્તામાં એક બાવો દોડીને અમારી વાંસે આવ્યો તે કહે, 'મહારાજ ! બજરકા ડાળખાં મેરેકું આપો.' અમે કહ્યું કે, 'અમારી પાસે નથી' બાવો કહે, 'અરે મહારાજ, તમે સારા સાધુ થઈને શું કરવા ખોટું બોલો છો ? આટલા બધા સાધુ છો તે કોઈની પાસે બજરનું ડાળખુંય નથી. મેરેકું તલપ આવી હૈ. તો આપો' ત્યારે અમે કહ્યું કે, 'અમારે બંધાણ ન હોય. અમે સ્વામિનારાયણના સાધુ છીએ અમે તો કંઈકના ડાળખાં કાઢી નાખ્યાં તે અમારી પાસે ક્યાંથી હોય ?' તે અરધી કલાક સુધી કરગરતો પાછળ આવ્યો. માટે એમાં સુખ હોય તો મોટા પુરુષ શા સારું ના પાડે.

સ્વામીએ વાત કરી જે ભગવાન દયાળુ છે. તે ભક્તના મનોરથ પૂરા કરે. પણ સંકલ્પ કરવો જોઈએ. તે ભૂજમાં એક બાઈને એમ સંકલ્પ થાય જે 'મોટીબાને લાડુબાએ શાં પુણ્ય કર્યા હશે ? જેથી મહારાજનાં દર્શનને સેવા મળી. મહારાજને થાળ કરી જમાડવા વગેરે સેવા કરે ને આપણે શાં પાપ કર્યા હશે તે કોઈ દિવસ મહારાજની સેવા તો નહિ પણ દર્શન પણ નહિ એમ કહીને રોયા કરે, એ વખતમાં રા'ને શરીરે ઠીક ન હોવાથી ફતેહમહમદ રાજ્ય કરતો પછી તે બાઈનો ધણી ગરાસિયાને એમ વિચાર થયો. જે રા'ને બંધીખાને રાખી ફતેહમહમદ રાજ્ય કરે છે. માટે તેને મારી નાખું તો, રા' રાજ્ય કરે. પછી કચેરીમાં જઈને

તલવારનો ઘા કર્યો પણ વાગ્યો નહિ. પછી તો બહુ દુઃખ થયું. કારણ કે માર્યો હોત તો મોજ મળત પછી તો ત્યાં રહેવાયું નહિ પછી તો તે બાઈને પંડે સામાન લઈને ગઢડે આવ્યા ને મહારાજને વાત કરી કે આમ થયું છે. ત્યારે મહારાજે દાદા ખાચરને કહ્યું કે આને એક વરસના દાણા આપજો. ને ત્રણ-ચાર વરસ ત્યાં રહેવાનું થયું. તેથી મહારાજની સેવા તે બાઈએ ખૂબ કરી. ને લાભ લીધો. પછી ફતેહમહમદ મરી ગયો ને રા' રાજ્ય કરવા માંડ્યા ત્યારે કોઈકે કહ્યું કે, 'તમારા સારું તમારા ભાયાતે ઘણો દાખડો કર્યો હતો તે સારું તેને અહીંથી જાવું પડ્યું ત્યારે કે, 'તે ક્યાં હશે ? તેને બોલાવો' ત્યારે કે તે તો સ્વામિનારાયણ પાસે ગઢડે છે.' પછી બોલાવ્યા ને કેટલાક ગામનો વહીવટ આપ્યો તે ભગવાન તો ભક્તના મનોરથ પુરા કરે.

કચ્છ દેશમાં એક બાઈ સત્સંગી પણ તેનો ધણી સત્સંગનો દ્વેષી તે બાઈને દુઃખ આપે. એક વખત બાઈએ કહ્યું કે, 'મારે એક નાળિયેર જોઈએ છીએ' તે ખોટું લાવીને આપ્યું મહારાજ કહે, આ સારું હોત તો તરત ખાઈ જાત' પછી નાળિયેર વધેરાવ્યું. તો તે ખોરું નીકળ્યું. મહારાજ કહે, 'એનો ઠાકોરજી આગળ ધૂપ કરો.' પછી ધૂપ કર્યો તેથી તેનાં ધણીનાં મનમાં એમ થયું જે મેં ખોટું કર્યું. પછી બે નાળિયેર લઈ મહારાજ પાસે આવ્યો ને કહે, 'મહારાજ ! મેં તમારો અપરાધ કર્યો છે. કાલે તમને ખોટું નાળિયેર આપ્યું. માટે આપ મારો અપરાધ માફ કરો.' મહારાજ કહે, 'સત્સંગી થા. તો માફ થાય' ત્યારે તે સત્સંગી થયો.

સ્વામીએ વાત કહી જે શ્રીજી મહારાજ કહે અમે આ લોકમાં આવ્યા તે ત્રણ ઠેકાણે ઐશ્વર્ય વાવર્યું. એક જૂનાગઢમાં મંદિર કર્યું ને અમદાવાદની ચોરાશી કરી ને વડોદરે પધાર્યા. એ ત્રણ ઠેકાણે ઐશ્વર્ય વાવરવું પડ્યું જૂનાગઢમાં નવાબનું રાજ્ય તે હિન્દુની નોબત ન વાગે તે અમારા નગારાં વાગે, નાગરોને દ્વેષ તે મંદિર ન થાવા દેવું તે અમે કર્યું. ને અમદાવાદની ચોરાશી કોઈથી થાય નહિ. તે એક દિવસમાં કરી. આગળ એક રાજાએ કાંકરિયું તળાવ બંધાવ્યું ચોરાશી કરવા છ મહિના સુધી સામાન ભેળો કર્યો હતો. પણ પૂરું થયું નહિ. તે મહારાજે એક દિવસમાં ચોરાશી કરી ને વડોદરાના દીવાનને બહુ દ્વેષ જે સ્વામિનારાયણ



હાથ આવે તો મારી નાખવા, તો પણ ત્યાં પધાર્યા.

આને આ જીવને કોઈ રીતે સુખ થાય તેમ નથી તે સ્વામી હસાવતાં કે દેવકીજી રોવા મંડ્યા, શ્રીકૃષ્ણે કહ્યું કે, 'મા હું જેવો દીકરો ને કેમ રૂવો છો ? તમારે જે દુઃખ હોય તે કહો.' ત્યારે કે, 'મારે તો ક્યારેય સુખનો સરડકો આવ્યો નહિ' ત્યારે કૃષ્ણ કહે કેમ કરું તો તમને સુખ થાય.' દેવકીજી કહે, 'દીકરા તું પરણ તો સુખ થાય.'

સંકલ્પમાં ને સંકલ્પમાં આયુષ્ય ચાલી જાય છે. જો વિચાર ન હોય તો અને સંકલ્પ પૂરો થવો એ શ્રીજી મહારાજના હાથમાં છે અને સંકલ્પ પણ શુભ કરવા અને વ્યવહારનું રહેશે તેવું સત્સંગનું રહેતું નથી પણ વ્યવહાર છે તે કાચના ઠામ જેવો છે ને સત્સંગ છે તે સોનાના ઠામ જેવો છે. કાચ ભાંગે તો કામ ન આવે. કટકા કોઈનું તન કાપે અને સોનાનું ઠામ ભાગે તો સોનાની કિંમત આવે. તેમ સત્સંગ છે તે આ જન્મે ફળે, ને પડી જાય તો બીજે જન્મે તેનું કલ્યાણ થાય.

ગઢપુરમાં મહારાજ મંદિર ચણાવતાં હતાં તે ટોપલા જોઈએ, તે સચ્ચિદાનંદ સ્વામી ગામમાં વાંસના ટોપલા માગવા ગયા તે કહે, 'મંદિર માટે ટોપલા આપે તેને ત્યાં (ધામમાં) સોનાના ટોપલા મળે' ત્યારે માણસો કહે, 'જ્યારે સોનાના ટોપલા દેવાની ત્રેવડ છે ત્યારે માગવા કેમ નીકળ્યા ? માટે વાત ખોટી છે.' ત્યારે સ્વામીએ સમાધિ કરાવી કેટલાંકને સોનાના ટોપલા દેખાડ્યા ત્યારે સાચું માન્યું ને ટોપલાં આપ્યાં તેમ જે પદાર્થ ભગવાન કે સંતના ઉપયોગમાં આવે તે દિવ્યરૂપ થઈ તેના ઉપયોગમાં આવે છે અને દ્રવ્ય છે તે જેમ સદ્‌માર્ગે વપરાય તો કેવું પુણ્ય થાય. તેમ કોઈને સારી બુદ્ધિ હોય ને જો મોક્ષના માર્ગમાં વપરાય તો કેવું સારું અને સંસાર વ્યવહારમાં બીજે બધે વપરાય પણ તેણે શું થાય ? માટે મોક્ષને અર્થે વપરાય તેમ કરવું અને કીમિયાગરે કોઈને પૈસા આપ્યા ? લઈ ગયા તે આપણે દેખ્યા અને એમ જો રૂપિયા થાય તો કીમિયાગરો શું કરવા રખડે ? મેડિયું કરીને ઘેર બેસી રહે નહિ ? પણ ભોળા લોકો ભરમાય ને કેટલાંક ફસાઈ પડે છે.

સ્વામીએ વાત કરી જે ગઢપુરના મંદિરનો પાયો શ્રીજી મહારાજ ખોદાવતા હતા. સાધુ પાયો ખોદે કોઈ ટોપલાં લે ને મહારાજ ઢોલીયા ઉપર બેઠા હતાં. ને લીલું પિતાંબર પહેરેલું ને માથે પાઘ બાંધેલી ને પાઘમાં ફૂલના તોરાં ખોસેલાં ને ખેસ ઓઢેલો. ત્યાં એક ડોસી પાણીની હેલ લઈને નીકળી. તે કહે, 'જો ને પોતે તો વરરાજા થઈ ને બેઠાં છે. ને બીજા પાસે પાયો ખોદાવે છે. તે એમ ગુણ લીધો ને મૂર્તિ જીવમાં ચોંટી ગઈ પછી મહારાજ કહે, સ્વામી અમારે એને અંતકાળે તેડવા જવું જોશે.



## સભા - ૬૦

દોહા — એમ અનેક પ્રકારનાં, બહુ બહુ ઉઘાડ્યાં બાર ।
કલ્યાણ કરવા કારણે, અલબેલે જાણો આ વાર ॥૧॥
આપ સંબન્ધે સંત સંબન્ધે, વર્ણી સંન્યાસી સંબન્ધે સોય ।
સાંખ્યજોગી સત્સંગી સંબન્ધે, શ્રેય પામ્યાં સહુ કોય ॥૨॥
મંદિર મૂર્તિ સંબન્ધે, કર્યા કલ્યાણના ઉપાય ।
એ માંહેલો પ્રસંગ પ્રાણીને, થાય તો ભવદુઃખ જાય ॥૩॥
જેમ અન્ન ધન આપી આપણું, કરે કંગાલને કોટિધ્વજ ।
એમ સમાજ દૈ તારે જીવને, એની સઈ આશ્ચરજ ॥૪॥
ચોપાઈ—એમ બહુ બહુ પરકારેરે, વાલે જીવ તાર્યા આ વારેરે ।
બહુ હરિ કરી પરમાર્થરે, તાર્યા જીવ વાવરી સામર્થ્યરે ॥૫॥
વળતો વિચાર કર્યો છે વાલેરે, આવું આવું ઘણું કેમ ચાલેરે ।
મોટાં મોટાં કરાવ્યાં મંદિરરે, તેમાં રાખિયા સંત સુધીરરે ॥૬॥
પણ તેતો સંત છે જો ત્યાગીરે, વસી કેમ સકશે વીતરાગીરે ।
મમત વિના મંદિર કેમ રે'શેરે, વાત બંધ એ કેમ બેસશેરે ॥૭॥
જેહ ત્યાગી છે ત્રિયા ધન તણારે, દેહ સુખથી નિરાશી ઘણારે ।
તેણે નહિ જળવાય જાગ્યરે, નથી વાત એ બનવા લાગ્યરે ॥૮॥
માટે એના કરું એક ધણીરે, તો રાખે ખબર એની ઘણીરે ।
પછી સરવાર દેશથી સંબંધીરે, તેને તેડાવી જાયગા દિધિરે ॥૯॥
સ્થાપ્યા દત્તપુત્ર પોતે સ્થિરરે, અવધપ્રસાદ ને રઘુવીરરે ।
તેને આપે કર્યા આચારજરે, કરવા બહુ જીવનાં કારજરે ॥૧૦॥
આપ્યાં વે'ચી મંદિર ને દેશરે, જેમાં કોઈને ન થાય ક્લેશરે ।
સાધુ સત્સંગીના ગુરુ કીધારે, દેશ ઉત્તર દક્ષિણ વે'ચી દીધારે ॥૧૧॥

કહે સહુ સહુને દેશે રે'જોરે, સારો સહુને ઉપદેશ દેજોરે ।
તમને માનશે પૂજશે જેહરે, મોટા સુખને પામશે તેહરે ॥૧૨॥
અન્ન ધન આપશે અંબરરે, પશુ વાહન ને વળી ઘરરે ।
ફળ ફુલ દલ જળ દેશેરે, તેતો અખંડ ધામને લેશેરે ॥૧૩॥
એહ આદિ જે આપશે વસ્તરે, એવા ઘર ધારી જે ગૃહસ્થરે ।
વળી પધરાવશે પોતાને ઘેરરે, કરશે સેવા વળી સારી પેરરે ॥૧૪॥
વળી કરશે સન્માન એનુંરે, મારે કરવું છે કલ્યાણ તેનુંરે ।
એમ આચારજથી કલ્યાણરે, થાશે સહુ જીવનું સુજાણરે ॥૧૫॥
માનો મોક્ષનો છેલ્લો ઉપાયરે, એહ ઉપરાંત નથી કાંયરે ।
મૂર્તિ આચારજ ધર્મપાળરે, રે'શે કલ્યાણ તે બહુ કાળરે ॥૧૬॥
જેજે એને કોઇ આશરશેરે, તેતો જરુર ભવજળ તરશેરે ।
કરશે દર્શનને ગુણ લેશેરે, વળી પો'ચ્ય પ્રમાણે કાંઇ દેશેરે ॥૧૭॥
શ્રદ્ધા સહિત સેવા કરે સોઈરે, વળી રાજી થાશે એને જોઈરે ।
એવા જન જેજે જગમાંયરે, તેની કરવી મારે સહાયરે ॥૧૮॥
મારી ઈચ્છા છે હમણાં એવીરે, પરમ પ્રાપતિ સહુને દેવીરે ।
માટે મોક્ષનું મોટું દ્વારરે, અમે ઉઘાડિયું છે આ વારરે ॥૧૯॥
આચારજથી બહુ ઉદ્ધરશેરે, જાણો બ્રહ્મનગર વાસ કરશેરે ।
એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયેરે, જન સૌ સત્ય માની લિજીયેરે ॥૨૦॥

ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણ કમળ સેવક નિષ્કુલાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે સપ્તત્રિંશઃ પ્રકારઃ ॥૩૭॥

દોહા — એમ મોટપ્ય આચારજની, ઘણી ઘણી કહી ઘનશ્યામ ।
એહ દ્વારે અનેકને, આપવું છે આજ નિજ ધામ ॥૧॥
ધામધણિયે એમ ધારિયું, જન ઉદ્ધારવા છે અપાર ।



પાર પમાડવા પ્રાણીને, એહ કર્યા આપે ઉપકાર ॥૨॥
આચારજથી અનેક જનનો, અવશ્ય સરશે અર્થ ।
એમ આપે આ સમે, વાવરી અતિ સામર્થ ॥૩॥
ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઇ નાર ।
પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર ॥૪॥

ચોપાઇ—આચારજ કર્યા છે જે અમેરે, તેની રીત સુણી લિયો તમેરે ।
નથી અન્ય આચારજ જેવારે, જાય શ્રદ્ધા કરતાં સેવારે ॥૫॥
લાવો લાવો એમ વળી કરેરે, ધન લેવા ધરણિએ ફરેરે ।
લિયે ધન ને તાકે ત્રિયનેરે, તે કેમ કરે જીવનાં પ્રિયનેરે ॥૬॥
માટે એવા આચારજ આ નહિરે, એપણ વાત સમઝવી સહિરે ।
આતો ત્રિયા ધનના તાકુ નથીરે, તેની વાત કહિયે છીએ કથીરે ॥૭॥
અમે બાંધી દિધી છે જે રીતરે, તેમાં રે'છે કરી અતિ પ્રીતરે ।
શિષ્ય શ્રદ્ધાએ કરશે સેવારે, ધન ધાન્યાદિ આવશે દેવારે ॥૮॥
તેતો સંતોષ સહિત લેશેરે, પણ કોઇને દુઃખ ન દેશેરે ।
એમ વરતશે એહ આપરે, પણ નહિ કરે કોઇને સંતાપરે ॥૯॥
નિજ સંબંધિ વિના બાઈયો સંગેરે, કેદિ ન બોલે ન અડે અંગેરે ।
કોઈ ઉપર રોષ ન રાખેરે, વળી કોઇને કલંક નહિ નાખેરે ॥૧૦॥
કેની જમાની પણ નહિ કરેરે, જુઠી સાખ્ય પણ નહિ ભરેરે ।
પડશે આપત તો માગી ખાશેરે, કરજ કેનું ન કાઢવા જાશેરે ॥૧૧॥
નહિ રાખે કોઇની થાપણરે, નહિ વેચે ધર્માદાના કણરે ।
સહુ ઉપર રાખશે દયારે, રે'શે એ ગુણે જે ગુણ કહ્યારે ॥૧૨॥
કળ છળ કપટ દગાઈરે, તેતો રાખશે નહિ ઉર માંઈરે ।
ઈરષા અદેખાઇ ને અમર્ષરે, રાખી નહિ ખુવે પોતાનો જશરે ॥૧૩॥

નહિ રાખે કોઈપર રોષરે, એમ વર્તશે સદા અદોષરે ।
એવા શુભ ગુણ જે અપારરે, આપ્યો એવાને અમે અધિકારરે ॥૧૪॥
સહુના ગુરુ કરી સોંપી ગાદીરે, રીત રાખશે એ રાયજાદીરે ।
ધર્મવંશી ધર્મ થાપશેરે, સારો ઉપદેશ સૌને આપશેરે ॥૧૫॥
એતો કર્યું છે કલ્યાણ સારુંરે, એમાં બહુ ગમતું છે અમારુંરે ।
કાંજે કરવું છે બહુનું કારજરે, નથી રાખવો ફેર એક રજરે ॥૧૬॥
એહ આચારજથી અપારરે, બહુ જીવનો થાશે ઉદ્ધારરે ।
એમાં નહિ પડે કાંઈ ફેરરે, શીદ કે'વરાવો વેર વેરરે ॥૧૭॥
એમ જન પર હેત કરીરે, આપ ઈચ્છાએ આવ્યા છે હરિરે ।
ગમે ત્યાંથી તારશે પ્રાણીરે, તેની ગતિ લેશે કોણ જાણિરે ॥૧૮॥
ધાર્યું ધર્મસુતે ધામ દેવારે, સહુ જનને શરણે લેવારે ।
અતિ અસમર્થ જીવ અંગેરે, પો'ચિ ન શકે સુરપુર લગેરે ॥૧૯॥
તેને તેડી જાવા અક્ષરધામરે, એવું ધાર્યુંછે જો ઘનશ્યામરે ।
તેહ સારુ આવ્યા છે આપેરે, જીવ તારવા નિજ પ્રતાપેરે ॥૨૦॥
ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણ કમળ સેવક નિષ્કુલાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે અષ્ટત્રિંશઃ પ્રકારઃ ॥૩૮॥



## સભા - ૬૧

દોહા – એમ કહી રીત કલ્યાણની, આ સમાની અગણિત ।
તે સૌએ શ્રવણે સાંભળી, અતિ ઉત્તમ પરમ પુનિત ॥૧॥
એહ રીતમાં જે આવી ગયા, તે થયા પૂરણકામ ।
તેતો તન જ્યારે તજશે, ત્યારે પામશે પ્રભુનું ધામ ॥૨॥
જેહ ધામને પામીને, પાછો ન પડે જન કોય ।
એવું અખંડ એ ધામ છે, ત્યાં સુખે વસે જન સોય ॥૩॥
તે ધામને ધામીયે ધારિયું, દેવા સ્વધામનું જો સુખ ।
જીવ જગતના જોઈને, દયા આણી ટાળવા દુઃખ ॥૪॥
ચોપાઈ–મારા ધામમાં આવવા સહુરે, એવા કર્યા ઉપાય મેં બહુરે ।
સર્વે ઉપાય કિધા છે સારારે, તેમાં તરશે જીવ અપારારે ॥૫॥
પણ છેલો છે આ જે ઉપાયરે, બહુ જીવ તરશે આ માંયરે ।
ધર્મવંશી આચારજ ધાર્યારે, ગુરુ કરી ગાદીએ બેસાર્યારે ॥૬॥
કામ કર્યું છે એહ સારુંરે, મન માન્યું છે બહુ અમારુંરે ।
કાંજે એ છે ધર્મનું કુળરે, માટે એ વાતનું ઉંડું મૂળરે ॥૭॥
જેવું અમારું કુળ મનાશેરે, તેને તુલ્ય બીજું કેમ થાશેરે ।
માટે વિચારીને વાત કીધીરે, ઘણું સમજીને ગાદી દીધીરે ॥૮॥
ધર્મવંશી તે ધર્મમાં રે'શેરે, અધર્મ વાતમાં પગ ન દેશેરે ।
ધર્મ પાળશે ને પળાવશેરે, અધર્મની રીત ટળાવશેરે ॥૯॥
આપ આપણે ધર્મ રાખશેરે, નર નારીનાં નિ'મ કૈ' દાખશેરે ।
ત્યાગી ગૃહીના ધર્મ સૂચવીરે, કે'શે જુજવા જુજવા ચવીરે ॥૧૦॥
કાંજે બેઠા છે ધર્મની ગાદીરે, કે'શે ધર્મની રીતિ જે અનાદિરે ।

તેને સૌ રહેશે ધર્મ ધારીરે, ત્યાગી ગૃહી નર ને જે નારીરે ।।૧૧।।
ધર્મ અમને છે બહુ વા'લોરે, એમ કહેછે ધર્મનો લાલોરે ।
ધર્મવાળા સાથે હેત મારેરે, એમ વાલો કહે વારે વારેરે ।।૧૨।।
અધર્મી સાથે મારે અદેખાઈરે, રે'છે રાત દિવસ મનમાંઈરે ।
અધર્મી જનની જેહ ભગતિરે, નથી ગમતિ મને જો રતિરે ।।૧૩।।
એના હાથનું અન્ન ન ભાવેરે, મર બહુ સારુ કરી લાવેરે ।
અધર્મીના હાથનું જે પાણીરે, નથી પિતા તે અશુદ્ધ જાણીરે ।।૧૪।।
એનું ચંદન પૂજા ને હારરે, નથી લેતા અમે કરી પ્યારરે ।
લાવે અઘવંત સેવા સાજરે, તેનો તર્ત કરુંછું હું ત્યાજરે ।।૧૫।।
ધર્મવાળા આપે અન્ન જળરે, બહુ સ્વાદુ લાગે એ સકળરે ।
ધર્મવાનનું ફળ દળ ફુલરે, જે દિયે તે જાણું છું અમુલરે ।।૧૬।।
માટે ધર્મવાળાની જે ભક્તિરે, તેતો મને ગમેછે જો અતિરે ।
માટે ધર્મવાળા જીવ જોઈરે, કર્યા છે મેં આચારજ દોઈરે ।।૧૭।।
એહ અધર્મ નહિ આચરશેરે, ઘણું અધર્મ સર્ગથી ડરશેરે ।
ધર્મવંશીની ગાદિયે બેશીરે, વળી કા'વશે ધર્મ ઉપદેશીરે ।।૧૮।।
માટે એથી તરશે અપારરે, નિશ્ચે જાણજો એ નિરધારરે ।
બહુ કાળ લગી કલ્યાણરે, થાશે નિશ્ચે જાણો નિરવાણરે ।।૧૯।।
એવી ઈચ્છા છે જો અમારીરે, એવું ધામથી આવ્યા અમે ધારીરે ।
એમ બોલ્યા શ્રીહરિ હરખીરે, સુણી વાત લીધી છે જો લખીરે ।।૨૦।।
ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણ કમળ સેવક નિષ્કુલાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકોનચત્વારિંશઃ પ્રકારઃ ।૩૯
દોહા – માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવ ।
અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ ।।૧।।



એક બ્રાહ્મણને જાણો ભક્ત અતિ, વળી કા'વે અમારું કુળ ।
એને સેવતાં સૌ જન તમો, પામશો સુખ અતુળ ।।૨।।
મનવાંછિત વાત મળશે, વળી સેવતાં એનાં ચરણ ।
એ છે અમારી આગન્યા, સર્વે કાળમાં સુખ કરણ ।।૩।।
મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર ।
એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર ।।૪।।
ચોપાઈ–માટે સૌ રે'જો એને વચનેરે, ત્યાગી ગૃહી સહુ એક મનેરે ।
રે'જો ધર્મવંશીને ગમતેરે, વર્તશો માં કોયે મન મતેરે ।।૫।।
એહ કહે તેમ સહુ કરજોરે, પૂછ્યા વિના તો પગ ન ભરજોરે ।
હાથ જોડીને રે'જો હજુરરે, કરી ડા'પણ પોતાનું દૂરરે ।।૬।।
વિદ્યા ગુણ બુદ્ધિને બળેરે, એને દબાવવા નહિ કોઈ પળેરે ।
ત્યાગી રાગી ને કવિ કોઈ હોયરે, તોય એને માનજો સહુ કોયરે ।।૭।।
વાદ વિવાદ કરી વદનેરે, એશું બોલશો માં કોઈ દનેરે ।
એની વાત ઉપર વાત આણીરે, કેદિ વદશો માં મુખે વાણીરે ।।૮।।
એને હોડયે હઠાવી હરવીરે, પોતાની સરસાઈ ન કરવીરે ।
પોતે સમઝી પોતાને પ્રવિણરે, એને સમઝશો માં ગુણે હીણરે ।।૯।।
જેમ એ વાળે તેમ વળજોરે, એના કામ કાજમાં ભળજોરે ।
એની માનજો સહુ આગન્યારે, વર્તશો માં કોયે વચન વિનારે ।।૧૦।।
એને રાજી રાખશો જો તમેરે, તો તમ પર રાજી છીએ અમેરે ।
એને રાજી રાખશે જે જનરે, તેણે અમને કર્યા પરસનરે ।।૧૧।।
કાંજે અમારે ઠેકાણે એ છેરે, તેતો પ્રવિણ હોય તે પ્રીછેરે ।
બીજા જન એ મર્મ ન લહેરે, ભોળા મનુષ્યને ભોળાઈ રહેરે ।।૧૨।।
પણ સમઝવી વાત સુધીરે, અતિ મતિ ન રાખવી ઉંધીરે ।

વચન દ્વારે વસ્યા અમે એમાંરે, તમે ફેર જાણશો માં તેમાંરે ।।૧૩।।
અમે એમાં એ છે અમમાંઈરે, એમ સમઝો સહુ બાઈ ભાઈરે ।
એથી અમે અળગા ન રૈ'યેરે, એમાં રહિને દર્શન દૈયેરે ।।૧૪।।
જેજે જનને થાય સમાસરે, તેતો અમે કરી રહ્યા વાસરે ।
શે'ર પાટણે સનમાન જડેરે, તેતો અમારી સામર્થી વડેરે ।।૧૫।।
દેશ પરદેશે પૂજાયે આપરે, તેતો જાણો અમારો પ્રતાપરે ।
જિયાં જાય તિયાં જય જિતરે, તેતો અમે રહ્યા રૂડી રીતરે ।।૧૬।।
એમ સમઝો સહુ સુજાણરે, અમ વિના ન હોય કલ્યાણરે ।
ધર્મવંશી આચારજ માંયરે, સદા રહ્યો છું મારી ઈચ્છાયરે ।।૧૭।।
અતિ ધર્મવાળા જોઈ જનરે, રે'વા માની ગયું મારું મનરે ।
માટે એને પૂજે હું પૂજાણોરે, તેતો જરૂર જન મન જાણોરે ।।૧૮।।
એનું જેણે કર્યું સનમાનરે, તેણે મારું કર્યું છે નિદાનરે ।
એમ જાણી લેજો સહુ જનરે, એમ બોલિયા શ્રી ભગવનરે ।।૧૯।।
સુણી જન મગન થયારે, ધન્ય ધન્ય સ્વામી કે'વા રહ્યારે ।
પછી સહુએ આચારજ સેવ્યારે, તેતો મોટા સુખને લેવારે ।।૨૦।।

ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણ કમળ સેવક નિષ્કુલાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચત્વારિંશઃ પ્રકારઃ ।।૪૦।।



## પદ - ૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ - ૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ - ૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર,
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર - ૩
આપ્યો મેંતો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર,
પૂછયા પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર - ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર - ૫
પહેરી પ્રીત શું રે, સુરંગી સૂંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ - ૬
ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોયા લાગ;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય - ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો ના'વે તેને તુલ્ય - ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નિરખી થયો નિહાલ - ૯

## પદ - ૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ - ૧

પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખિયા રે, તેવા વર્ણવું કરીને પ્યાર - ૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર - ૩
બાજુ બેરખા રે, બાંયે કપુરનાં શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત - ૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તાને રે, હસતાં કમળ નયણની કોર - ૫
હસતાં હેતમાં રે, સહુને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણા કંદ - ૬
અદ્‌ભૂત ઉપમા રે, કહેતા શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે જાણે આવ્યો રસ શૃંગાર - ૭
વાલપ વેણમાં રે, નેણા કરૂણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગિયા અગણિત સૂર - ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે જોતાં તૃપ્ત ન થાયે નેણ - ૯

## પદ - ૩

બોલ્યા શ્રી હરિ રે, સાંભળો નરનારી હરિજન,
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન - ૧
મારી મૂરતિ રે, મારાં લોક ભોગ ને મુક્ત,
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત - ૨
મારૂં ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;



સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ - ૩
અતિ તેજોમય રે, કવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય - ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર - ૫
જીવ ઈશ્વર તણોરે, માયા કાળ પુરૂષ પ્રધાન;
સહુને વશ કરૂં રે, સહુનો પ્રેરક હું ભગવાન - ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય - ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી - ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વાલો વરસ્યા અમૃત મેહ - ૯

## પદ - ૪

વળી સહુ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ - ૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ - ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મીથ્યા પંચ વિષયની આશ - ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જુઠાં જાણી કુટુંબ પરિવાર - ૪

સહુ તમે પાળજો રે, સર્વે દઢ કરી મારાં નેમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ - ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ - ૬
નિજ જન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણ ચંદ - ૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનનાં કાજ - ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર - ૯


## સંસ્કૃત પાઠશાળા

વાડીમાં આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી સંસ્થાપીત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં ધોરણ ૯ થી એમ.એ. સુધીનો અભ્યાસ કરતા ભૂદેવ બુટુકો એકસો જેટલા છાત્રાલયમાં રહીને વેદાક્ત જ્ઞાન તથા સંસ્કૃત માધ્યમની વિદ્યાલયમાં અભ્યાસ કરે છે.

જેટલો નિત્ય ત્રિકાળ સંધ્યા નિત્ય નિયમ પૂજાપાઠ સહિત કર્મકાંડ વિગરે શિખવાડમાં આવે છે. જેતલપુર મંદિરના આર્થીક સહયોગ તથા દાતાઓના દાનથી સદ્ વિધ્યાની પ્રવૃતિ કરવામાં આવે છે.

સંપ્રદાયમાં એક માત્ર ફ્રી શિક્ષણ અને છાત્રાલયની ફ્રી સુવિદ્યા આપતી સંસ્થા જેતલપુરમાં અક્ષરફુલવાડીમાં છે. જ્યાં વિદ્યાર્થી પાસેથી કોઈપણ પ્રકારની ફી અથવા ચાર્જ લેવામાં આવતો નથી.

આપના બાળકોને લાભ આપવો હોય તો જેતલપુર મંદિરમાં મહંત સ્વામીનો સંપર્ક કરવો.

## જેતલપુરમાં સંસ્કૃત પાઠશાળામાં વિદ્યાભ્યાસ કરતા ભૂદેવોની ચોરાશી ભોજનસેવા

| | |
|---|---|
| એક દિવસની રસોઈના | ૫,૦૦૦ |
| એક વિદ્યાર્થીને દત્તક | ૨૫,૦૦૦ |
| ભૂદેવોને વસ્ત્ર દાન | ૧૦,૦૦૦ |
| હરિયાગના (એક દિવસ) | ૨૧,૦૦૦ |
| મારુતીયજ્ઞ (એક દિવસ) | ૨૧,૦૦૦ |
| જનમંગલ પુરશ્ચરણ અગીયાર પાઠ | ૨૧,૦૦૦ |
| નારાયણ કવચ પાઠ પુરશ્ચર | ૨૧,૦૦૦ |

-: સંપર્ક :-

શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર ધામ,
મો. +૯૧ ૯૦૯૯૯૩૯૩૭૬